
મુક્તિના પંથે
આજ્ઞા
શ્રમણ ધર્મ જ્યોત

श्री वर्धमानस्वामिने नमः

શ્રમણ ધર્મ જ્યોત

યાને

મુક્તિના પંથે

પૂ૦ સાધુ-સાધ્વીજી મ. ના સંયમી જીવનના
ઘડતર માટે
મહત્ત્વપૂર્ણ શાસ્ત્રીય બાબતોનું
સુંદર સંકલન

श्रामण्यनिरतो हि संयमी

-: પ્રકાશક :-

* જૈન શ્રી સંઘ *
શીહોર

સંયમના ખપી સાધુ-સાધ્વીજી મ. ને
સાદર ભેટ.

વીર નિ. સં.	*	વિ. સં.	*	ચતુર્થ આવૃત્તિ
૨૫૦૮	*	૨૦૩૮	*	૧૦૦૦

* પુસ્તક-પ્રાપ્તિસ્થાન *

શ્રી સીમંધરસ્વામિ જૈન દેરાસર પે
નેશનલ હાઇવે,
મહેસાણા (ઉ. ગુ.)

મૂલ્ય :- પાંચ રૂપિયા

ખાસ વિનંતિ

જ્ઞાની-ગુરુના ચરણોમાં બેસી આ પુસ્તકનું વાંચન હિતાવહ છે.

* * *

જ્ઞાન-ભંડારો માટે બે રૂપીયાની પોષ્ટેજ ટિકિટો બીડવાથી ભેટ મળશે.

* મુદ્રક *
મહેતા ભાનુચંદ્ર નાનચંદ
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ
પાલીતાણા (ગુજરાત)

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

૦ સંપાદકીય વક્તવ્ય ૦

(પ્રથમાવૃત્તિનું)

વિ. સં. ૨૦૦૭ની સાલની વાત છે.

પૂ૦ શાસન-પ્રભાવક વ્યાખ્યાન-વાચસ્પતિ દાદાગુરુદેવ ી આચાર્યદેવ ચંદ્રસાગરસૂરિવરશ્રીના વરદ હસ્તે ાડ સુદ ૬ ને દિને પાલીતાણા ખુશાલ ભુવનમાં પૂ૦ રુદેવશ્રીને ગણિપદ-પ્રદાનનો શુભ અવસર હતો, તે અવસરે સાધુ-સાધ્વીઓને વિશિષ્ટ-વસ્તુની યાદગાર વિતરણા બત મનોમંથન થયું.

પરિણામે પરમોપકારી આરાધ્ય શ્રીગુરુદેવની સંયમનિષ્ઠા પર મન કેન્દ્રિત થયું, અને પૂ૦ ગુરુદેવશ્રીની પદવી પ્રસંગે ારાધક આત્માઓ સંયમ પાળવામાં વધુ સ્ફૂર્તિ મેળવે શુભ આશયથી વર્ષોથી સંગ્રહી રાખેલ જૂના સાધુમર્યાદા-ટ્ટકોમાંથી તથા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા (ભાવનગર) રફથી પ્રકાશિત ‘સાધુમર્યાદાપટ્ટક’ પુસ્તકમાં સંગ્રહાયેલ ાર પટ્ટકોમાંથી કેટલાક વર્ત્તમાનકાલે પાળી શકાય તેવા નિયમો તારવી લઘુ પુસ્તિકા તૈયાર કરવાનો વિચાર થયો.

પણ તે સંબંધી વધુ વિચાર કરતાં કેવળ નિયમો છાપી દેવાથી જોઈએ તેવી પ્રેરણા સંયમપાલન માટે મળવી દુઃશક્ય જણાઈ.

એટલે પૂર્વાચાર્ય–મહર્ષિઓએ એકાંત જગદ્વત્સલતાથી રચેલા હિતકર સંયમભાવના પોષક શ્લોક—સૂત્રો આદિનો વ્યવસ્થિત સંગ્રહ ગુજરાતી ભાષામાં આપવાનું ઉચિત જણાયું.

તેથી તદ્યોગ્ય સામગ્રી ઘણી–ખરી મારી સંગ્રહપોથીઓમાં હતી તે અને તેને અનુસરતી બીજી પણ સામગ્રી જુદા જુદા ગ્રંથોમાંથી તારવી કાઢવાની પ્રવૃત્તિના મંડાણ થયા.

આ રીતે શરૂ થએલી પ્રવૃત્તિનું વ્યવસ્થિત ફળ આ લઘુ પુસ્તિકા છે.

આ છે નાની પુસ્તિકાનો પૂર્વ–ઇતિહાસ.

આ પુસ્તિકામાં કંઇ પણ નવું નથી, તેમજ 'परोपदेशे पांडित्यम्' બતાવવાનો ક્ષુદ્ર આશય પણ નથી, પણ આત્માર્થી પૂ૦ સાધુ-સાધ્વીઓને પોતાના આત્માને જાગૃત રાખી સંયમની શક્ય આરાધનામાં છતું બલ–વીર્ય ફોરવી વીર્યાચારનું યથાર્થ પાલન કરવામાં શક્ય સહાય મળે, એ શુભ ઉદ્દેશથી આ આ અલ્પ પ્રયાસ છે.

સાથે આંતરિક એવી શુભનિષ્ઠા છે કે–અત્તરના વેપારીને બીજાને માલ બતાવવા નમૂનાનું અત્તર સુંઘાડતાં પોતાને પણ સુગંધ મળી રહે છે, તેમ પૂર્વના પ્રકૃષ્ટ-પુણ્યના ઉદયથી

મળી આવેલ વિશિષ્ટ-ક્ષયોપશમાદિના સદુપયોગરૂપે અનેક ધર્મારાધક મુમુક્ષુ સાધર્મિક સાધુ-સાધ્વીઓની સેવામાં અનેક શાસ્ત્ર-ગ્રંથોમાંથી તારવી કાઢેલ સંયમોપયોગી સામગ્રી ઉપસ્થિત કરી હું પોતે પણ તીર્થંકર-ભગવંતોએ નિર્દેશેલ આત્મકલ્યાણ-સાધનાના પવિત્ર-પંથે વીર્યોલ્લાસપૂર્વક વધવાનું શ્રેષ્ઠ બલ શીઘ્ર મેળવી શકું.

મેં તો ફક્ત આ પુસ્તિકામાં મોટા વેપારીઓ પાસેથી છુટક-છુટક માલ લાવી વ્યવસ્થિત દુકાનની સજાવટ કરનારા નાનકડા-વેપારીની જેમ સંયમ-યોગ્ય પદાર્થોનો સંગ્રહ શ્રમણ-સંઘની સેવામાં સાદર ઉપસ્થિત કરી આત્મિક-સ્વાર્થ સાધવાનો પ્રયાસ કર્યો છે.

અહીં નમ્રભાવે એક વાત સ્પષ્ટ કરું છું કે-

આ પુસ્તકમાં બતાવેલ સૂચનો, નિયમો અને વાક્યોના અપવાદ-માર્ગ પણ છે, અને તે ગુરુગમથી અવશ્ય જાણી લેવાની જરૂર છે.

કારણ કે અપવાદ-માર્ગનો ઉપયોગ માર્ગ અને પરિણતિ (અધ્યવસાય) ટકાવવા માટે વ્યક્તિ-પરત્વે ભિન્ન-ભિન્ન રીતે કરવામાં આવે છે, સામાના આત્માને ઊંચે ચઢાવવા કયે પ્રસંગે ? કયા અપવાદનો ? કેવી રીતે ઉપયોગ કરવો ? એ ઉપકારી ગીતાર્થ-ગુરુવર્યો-વડિલો જ સમજી શકે છે. બધાને માટે એક સરખો નિયમ અપવાદમાં હોઇ શકે નહિ.

પણ ગુરુઆજ્ઞાથી શુદ્ધભાવે અપવાદ-માર્ગનું સેવન કરનાર પ્રાણીને ઉત્સર્ગ-માર્ગ ન પાળી શકવાની અશક્તિ, આસક્તિ કે પોતાની માનસિક, વાચિક, કાયિક નિર્બલતા ખ્યાલમાં રહે છે, અને સતત પશ્ચાત્તાપના બળે વારંવાર અતિચાર આચરવાના ફળરૂપે નિદ્ધ્વંસ પરિણામ ન થઈ જાય, તેનું ધ્યાન રહે છે, તથા પ્રાપ્ત વિવેક-શક્તિનો સદુપયોગ થાય છે.

ખરેખર વિચાર-શુદ્ધિની દૃઢતા સમ્યક્ત્વનું સૂચક ચિહ્ન છે, આ હેતુ આ પુસ્તિકાથી સિદ્ધ થશે, એમ મારું નમ્ર મંતવ્ય છે.

વળી આ પુસ્તિકામાં બતાવાએલ સંયમની મર્યાદા, નિયમો અને પટ્ટકો વગેરે વાંચી કોઇ એમ ન સમજી લે કે-' આ કાળે આવું તે વળી કોણ પાળી શકે ? કે પાળતું હશે ?' આજે પણ ઘણા સાધુ-સાધ્વીઓ ગુરુકુળ-વાસમાં રહી યોગ્ય રીતે ગુરુગમથી આસેવન-શિક્ષા પામી પ્રભુમાર્ગની સારી આરાધના કરી રહેલ છે.

વળી પંચમ-કાલમાં બકુશ-કુશીલ ચારિત્રની સત્તા પરમોપકારી તીર્થંકર ભગવંતોએ નિર્દેશેલી છે, એટલે કે શાસ્રીય-મર્યાદાઓને ઉપયોગપૂર્વક અમલમાં મૂકવા છતાં શરીરશક્તિ, સંહનનબલ. માનસિક-ધૃતિ આદિની કાલબલે થએલ હાનિના કારણે જાણ્યે-અજાણ્યે, અશક્તિ કે આસક્તિના યોગે અમુક દોષો તો લાગે જ.

પણ આરાધક-ભાવની વિશુદ્ધિ ટકી હોય ત્યાં સુધી ઓછી-વધતી કે દોષવાળી આરાધના કાલાંતરે પણ યોગ્ય સંસ્કારોના બલે સુંદર ફલ નિપજાવી શકે છે.

માટે જ ન્યાયાચાર્ય ઉપા. શ્રી યશોવિજયજી મ. શ્રી નવપદ પૂજા (સાધુ-પદવર્ણન) માં—

"સોનાતણી પરે પરીક્ષા દીસે,
દિનદિન ચઢતે વાને ।
સંજમ ખપ કરતા મુનિ નમીયે,
દેશકાલ અનુમાને રે—
ભવિકા! સિદ્ધચક્ર પદ વંદો ।।"

ગાથાથી આરાધકભાવની મુખ્યતા વર્ણવી છે,

પણ મોહની વાસનાના પ્રબલ સંસ્કારથી કોઈ આરાધક આત્મા આ ગાથાનો દુરુપયોગ એમ ન કરી બેસે કે-'આપણે જેટલું પાળીએ છીએ તે બરાબર છે.'

એટલે વ્યક્તિગત પોતાના આત્માને જાગૃત રાખી યથા-યોગ્ય વીર્યોલ્લાસ વધારવા સાધુપદના દુહામાં ઉપા૦ શ્રી યશોવિજયજી મ૦ જણાવે છે કે—

"અપ્રમત્ત જે નિત્ય રહે,
નવિ હરખે નવિ શોચે રે ।
સાધુ સુધા તે આતમા,
શું મુંડે શું લોચે રે !"

આમાં સદાકાલ અપ્રમત્ત-દશાના બલે હર્ષ-શોકાદિનો અભાવ વર્ણવી આત્મસ્વરૂપરમણતાને મુખ્ય જણાવી મુંડન-લુંચનાદિની અસારતા જણાવી છે.

પણ આ વસ્તુ નિશ્ચયનયથી પોતાના અંગત વિચાર માટે ઉપયોગી છે.

જો આ વસ્તુ બીજાના માટે વિચારવા જઈએ તો યાવત્ ચોથા આરામાં ઉત્કૃષ્ટ-સંયમ પાલનારા મહાપુરુષોમાં પણ સાધુતાના દર્શન ન થાય.

માટે વ્યક્તિગત ઉપયોગી-વિચારણાને સમષ્ટિગત બનાવવાની ભૂલ કરવી હિતાવહ નથી.

તેથી જ ઉપા૦ શ્રી યશોવિજયજી મ. સવાસો ગાથાના શ્રીસીમંધરસ્વામીના સ્તવન (પાંચમી ઢાલ)માં કહે છે કે—

"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર ।
પુણ્યવંત તે પામશેજી, ભવ-સમુદ્રનો પાર ॥"

એટલે કે-નિશ્ચય-દૃષ્ટિ પોતાના માટે વિચારી તેને આદર્શ તરીકે રાખી યથાશક્ય શુભ વ્યવહાર આદરવો, આચરણમાં ન મૂકી શકાય તેટલી પોતાની ખામી કબૂલ કરવી, 'બીજા શું કરે છે ?' તે જોવા કરતાં પોતાને ઉંચે ચઢવા માટે સારા આલંબનો તરફ દૃષ્ટિ રાખવી ઉચિત છે.

આટલા વિવેચનથી સમજાયું હશે કે-

આ પુસ્તિકામાં બતાવાયેલ કેટલાક નિયમો પોતાના આત્માને આગળ વધારવા ઉપયોગી છે.

માટે તેનો તે રીતે ઉપયોગ કરી પોતાના જીવનને કૃતાર્થ બનાવે; પણ પારકાં દૂષણો વ્યક્ત કરી, રજનું ગજ કરી

પોતાની મોટી પણ ક્ષતિઓ તરફ બેદરકાર રહેવાના અનાદિ-કાલના અશુભ-સંસ્કારોને ઉત્તેજન આપવારૂપે આ પુસ્તિકાના લખાણનો દુરુપયોગ કરવામાં ન આવે, એમ મારી નમ્રભાવે પુનઃ પુનઃ પ્રાર્થના છે.

આ પુસ્તિકાનું પ્રકાશન બે વર્ષના ગાળા પછી થાય છે, તેમાં પ્રેસની અગવડ, સતત વિહાર, અને શ્રીશ્રમણસંઘની સેવામાં શ્રમણોના ઉચ્ચ વ્યક્તિત્વને ઝાંખપ ન આવે તે રીતે સાધુજીવનને ઉપયોગી અંગોનો વિચાર શાસ્ત્રાધારે સંકલિત કરી વ્યવસ્થિત કરવામાં થતો કાલવ્યાક્ષેપ આદિ અનેક કારણો છે.

આટલું છતાં પુસ્તિકાના વિષયોની સંકલના કેટલી સફલ થઈ છે? તેનો ખુલાસો વિવેકી સજ્જનો જ આપી શકે.

આ પુસ્તિકાને તૈયાર કરવામાં અનેક ઉદારચરિત મહાનુભાવોનો ફાળો છે, છતાં પણ ખાસ કરીને શરૂઆતના ચાર ફર્મા સુધીનું મેટર તેમ જ છપાઈ ગયા પછી બધા ફર્મા તપાસી આપવા માટે શાસનપ્રભાવક પૂ૰ આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરિ મ.શ્રીનો તથા સ્થલે-સ્થલે પરિશ્રમપૂર્વક યોગ્ય સુધારા-વધારા સૂચવી વ્યવસ્થિત રીતે પુસ્તિકાનું ગૌરવ વધારનારા પૂ૰ શ્રી ધુરંધરવિજયજી મ. ગણિવર્યશ્રી (સ્વ. પૂ૰ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ના સમુદાયના) તથા મારા બાલ્યકાલના સહાધ્યાયી મુનિશ્રી સૂર્યોદયસાગરજી મ.નો કૃતજ્ઞતાપૂર્વક તેઓશ્રીના ગુણોની અનુમોદના સાથે આભાર વ્યક્ત કરું છું.

સમસ્ત શ્રમણ-સંઘની સેવામાં નમ્રભાવે અંતિમ નિવેદન છે કે—

શાસ્ત્રકાર-ભગવંતોના વચનોને ક્ષયોપશમાનુસાર સમજી યથાયોગ્ય રીતે વ્યવસ્થિત કરી હું પોતે મંદમતિ હોવાથી મારા પોતાના ઉપયોગ માટે તેમ જ મારા કરતાં મંદતર મતિવાળાને ઉપયોગી થાય તે રીતે સંકલન કર્યું છે. વીતરાગ-ભગવંતની આજ્ઞા કે શાસ્ત્રીય-મર્યાદાનો ભંગ ન થાય તેની પૂરતી કાળજી રાખી છે.

છતાં મતિમંદતા કે જ્ઞાનાવરણની વિચિત્રતાથી કંઈ પણ શાસ્ત્ર-વિરુદ્ધ લખાણું હોય તેનું ત્રિવિધે મિથ્યા દુષ્કૃત દઉં છું, અને સુજ્ઞ-સજ્જનોમે નમ્ર પ્રાર્થના છે કે-તે તે ક્ષતિઓ તરફ મારું ધ્યાન ખેંચી અજ્ઞાનદશાથી પણ થઈ જતી ભૂલોમાંથી મારા જીવનને ઉદ્ધરવાની કૃપા દાખવે.

છેવટે આ પુસ્તિકામાં વર્ણવેલ સિદ્ધાંતોની મર્યાદાનુસાર સુંદર સંયમી-જીવન જીવવા માટે ઉચિત અધ્યવસાય અને વિશિષ્ટ વીર્યોલ્લાસની હિતાવહ પ્રાપ્તિ થાય એ જ અંતિમ શુભાભિલાષા.

વીર નિ. સં. ૨૪૭૯ વિક્રમ સં. ૨૦૦૯ અષાડ વ. ૫ ગુરુવાર સાંવત્સરિકપર્વ સાર્ધમાસદિન	લી. શ્રમણસંઘસેવક શ્રીધર્મસાગરગણિવર-ચરણોપાસક મુનિ અભયસાગર

કહેવા જોગું

(દ્વિતીયાવૃત્તિ)

જુગ-જુની શ્રમણોની ત્યાગ-તપ અને સંયમની અપૂર્વ તેજ-છાયાને ઓળખાવનાર મૌલિક-પદાર્થોના વિવેચન રૂપ 'મુક્તિના પંથે' નામનું આ પુસ્તક ટૂંક સમયમાં પ્રથમાવૃત્તિ સમાપ્ત થવાથી અધિકારી મુમુક્ષુ પુણ્યાત્માઓની વારંવાર માંગણી હોઇ ઘટિતા સુધારા-વધારા સાથે શ્રમણ-સંઘની સેવામાં રજુ કરવાનું સૌભાગ્ય દેવ-ગુરુકૃપાએ પ્રાપ્ત થયું છે.

પ્રસ્તુત પુસ્તક સંયમની સાધના અને વૈરાગ્યના ફલરૂપ તત્ત્વજ્ઞાનની ખીલવણી માટે જરૂરી શાસ્ત્રીય અનેક પદાર્થોના સંગ્રહ સ્વરૂપ છે.

ગુરુગમ અને વિવેક-બુદ્ધિ પૂર્વક પ્રસ્તુત પુસ્તકના પદાર્થો અને તાત્ત્વિક મર્યાદા—સૂચક લખાણને હૃદયંગમ કરી યથાયોગ્ય રીતે જીવનમાં ઉતારવા માટે પ્રયત્ન કરવો હિતાવહ છે.

આરાધક—પુણ્યાત્માઓએ લક્ષ્ય નક્કી કરી તદનુકૂલ યથાશક્ય પ્રયત્ન કરવાની તમન્ના સદ્-ગુરૂના ચરણોમાં વિનીતભાવે બેસી મેળવવી ઘટે.

પરંતુ સદ્ગુરૂના ચરણોમાં અહં-મમના સંસ્કારોના હ્રાસમાંથી નિપજતી વિનીતવૃત્તિ સિવાય બેસી શકાતું નથી.

તેથી વિવિધ રીતે પોતાની વૃત્તિઓને શાસ્ત્રીય મર્યાદાનુકૂલ બનાવી જીવન-શુદ્ધિના પંથે ધપવા માટે વિનય-નમ્રતા આદિ પ્રાથમિક ગુણોનો અભ્યાસ જરુરી છે.

આ વાત લક્ષ્યમાં રાખી પ્રસ્તુત પુસ્તકમાં વિવિધ ભાવનાઓ શાસ્ત્રીય પદાર્થો અને સંયમો-ચિતમર્યાદાઓ વિવિધ રૂપે દર્શાવી છે.

સંયમ સમ્યક્ચારિત્ર સ્વરૂપ હોવા છતાં તેના સર્વાંગીણ વિકાસ અને મૌલિક પરિચય માટે ભાવશુદ્ધિ-સમર્પણ સુદૃઢ વૈરાગ્ય, સર્વભૂતાત્મભાવ, આજ્ઞાધીનતા અને બહુમાનપૂર્વક ક્રિયાતત્પરતા આદિ તત્ત્વોના વિકાસની અત્યાવશ્યકતા છે.

પ્રમત્તભાવ અને આરાધક ભાવનું સામં-જસ્ય કેળવવાનો પ્રયત્ન સાધુજીવનને નિસ્સાર બનાવનાર છે, આ તત્ત્વની સ્પષ્ટ સમજુતી ત્રીજા વિભાગમાં અપાએલ મર્યાદાઓના હૃદયંગમ સ્વરૂપની વિચારણા દ્વારા વિવેકીને મળે તેમ છે.

આ રીતે બીજા વિભાગના અંતે પરમારાધ્ય ઉત્કૃષ્ટતમ **શ્રીમહાનિશીથ** સૂત્રના પ્રારંભના ત્રણ સૂત્રોમાં આપેલ સંક્ષિપ્ત અર્થ સાધુ-જીવનને સુવ્યવસ્થિત રીતે સંયમાનુકૂલ બનાવવા માટે અત્યંત ઉપયોગી છે.

આવા આવા અનેકાનેક તાત્ત્વિક આત્મ-કલ્યાણો-પયોગી પદાર્થોના સારસમુચ્ચરૂપ આ પુસ્તક સંયમના પંથે ગુરુગમથી ધપવા ઇચ્છતા આરાધક આત્માઓને કુશલ ભોમિયાની ગરજ સારે તેવું છે.

પ્રસ્તુત-પુસ્તકના સંપાદનનું કાર્ય મારા પોતાના અંગત જીવનને શાસ્ત્રાનુરૂપ અને તાત્ત્વિક ભાવનામય બનાવવા માટે ઘણું ઉપયોગી નિવડયું છે.

એ રીતે અત્તરના વેપારીને બીજાને સુગંધ આપવાના સત્પ્રયત્નના ફલરૂપે પોતાને તો તે સુગંધ મળી જ આવે છે, તેમ મારા જીવનને સંયમાનુરૂપ બનાવનાર આ સંપાદનનું કાર્ય વ્યક્તિગતરીતે કલ્યાણકર નિવડયું છે એ મારે નિર્વ્યાજ પણે કબૂલ કરવું હિતાવહ છે.

આમ થવામાં પ્રસ્તુત પુસ્તકમાંના વિશિષ્ટ પદાર્થોનો-લોકોત્તર-મહિમા કારણભુત જણાય છે.

આ રીતે સઘળા આરાધક ભવ્યાત્માઓ પ્રસ્તુત પુસ્તકના પદાર્થોને યથાયોગ્ય રીતે ગુરૂગમથી સમજે-વિચારે.

જેથી કે સંયમી-જીવન શાસ્ત્રીય આજ્ઞા અને વ્યવસ્થિત મર્યાદા મુજબ સુવ્યવસ્થિત બની રહે.

પ્રસ્તુત સંપાદનમાં અનેક કરૂણાવત્સલ-મહાપુરૂષોનો અસીમ અનુગ્રહ અને તે તે કલ્યાણ-કામી મુમુક્ષુ સજ્જનોનો નિષ્કામ સહયોગ સાંપડયો છે. તેના પરિણામે જ પ્રસ્તુત પુસ્તક કલ્યાણ સાધનાનું એક અજોડ સાધનરૂપ બની શકયું છે.

વિશેષ કરીને ક્રિયાપાત્ર સુવિશાલસંઘચક સાધ્વી સંઘાધિનાયિકા સ્વ. શ્રીતિલકશ્રીજી મ. પ્રશિષ્યા વર્ધમાન-તપારાધિકા સ્વ. સાધ્વીશ્રી તીર્થશ્રીજી મ શિષ્યા તપસ્વિની સાધ્વી શ્રીરંજનશ્રીજી મ. શિષ્યા વિદુષી સાધ્વીશ્રી મૃગેન્દ્ર-શ્રીએ નોંધી રાખેલ સંયમોપયોગી અનેક અતિ મહત્ત્વની બાબતોની નોંધનો અક્ષરશઃ ઉતારો પૂ. ઉપા. શાન્તમૂર્તિ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીકૈલાસસાગરજી મ. ના શિષ્યરત્ને કરી આપેલ, જેના ઉપયોગથી પ્રસ્તુત-પુસ્તકની મહત્તા અનેરી વધી છે.

આ પ્રમાણે હાલમાં દીક્ષિત થયેલ નૂતન ત્રણ મુનિઓને વિવિધ સંયમાનુકૂલ પ્રેરણા આપવાના નિમિત્તે થયેલી નોંધનો પણ આ પુસ્તકના ત્રીજા વિભાગમાં બહોળો ઉપયોગ થયો છે, જેમાં પણ મુનિ અશોકસાગરજીએ ઘણી ઘણી જિજ્ઞાસાપૂર્વક અવારનવાર પૂછેલ સંયમાનુકૂલ મહત્ત્વની બાબતોના ખુલાસારૂપ કેટલાક વિશિષ્ટ લખાણોથી ત્રીજા વિભાગની શોભામાં અનેરો વધારો થયો છે.

આ ઉપરાંત પ્રસ્તુત પુસ્તકના નવ ફર્મા મહેસાણા લક્ષ્મી પ્રેસમાં છપાયા પછી અમદાવાદ ઉત્કૃષ્ટ મુદ્રણાલયમાં છપાયું છે, તેમાં ગેલી અને ઓર્ડર પ્રૂફની તપાસણી મેટરની

વ્યવસ્થિત ગોઠવણી બાઇન્ડિંગ આદિ અનેક મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ પોતે મારા વડિલ છતાં પોતાની ઉદારતા અને ગંભીરતાથી અદા કરીને પુસ્તકની વ્યવસ્થિતતા અને શોભામાં અનેરો વધારો કરનાર પૂ. આગમોદ્ધારકશ્રીની ઉપસંપદા પ્રાપ્ત અને વડિલ ધર્મસ્નેહી પૂ૦ મુનિ શ્રી કંચનવિજયજી મ. નો ઘણો ઉપકાર છે.

કૃતજ્ઞતા અને કર્ત્તવ્યની જવાબદારીના હિસાબે ઉપરના દરેક પરોપકારી મહામના-વ્યક્તિઓના નિષ્કારણ કરૂણાપૂર્ણ ધર્મસ્નેહભર્યા વર્ત્તન બદલ ગુણાનુમોદનાપૂર્વક જીવનમાં વિશિષ્ટ રીતે સાધનાના બલની અભિવૃદ્ધિની પ્રશંસા કરૂં છું.

છેવટે પ્રસ્તુત પુસ્તકમાં શક્ય પ્રયત્ને ધ્યાન રાખવા છતાં દૃષ્ટિદોષ કે મુદ્રણદોષથી અથવા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની વિચિત્રતાનુસાર જે કંઇ શાસ્ત્ર સુવિહિત પુરુષોની મર્યાદા અને પરંપરાથી વિરુદ્ધ આલેખાયું હોય તે બદલ ત્રિવિધે ત્રિવિધે સકલ શ્રીસંઘસમક્ષ મિથ્યા-દુષ્કૃત દઈ આરાધક-ભાવની અભિવૃદ્ધિ સાથે પુનિત સંયમના પંથે સફળતાપૂર્વક આરાધક આત્માઓ આ પુસ્તકનો ગુરુગમથી ઉપયોગ કરવાદ્વારા આગળ ધપી શકે એ શુભાભિલાષા.

વીર નિ. સં. ૨૪૮૯	લી.
પોષ સુદ ૭ બુધવાર	શ્રમણસંઘ સેવક
નથમલજી જૈનધર્મશાળા	પૂ૦ શ્રી ધર્મસાગર ગણિવર
કટ્ટરીયોંકા મોહલ્લા,	ચરણોપાસક
મોતીચોક—જોધપુર	મુનિ અભયસાગર

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

સંપાદક તરફથી....

જિન-શાસનના ગગનમાં સાધુપદનો પ્રકાશ અખંડ અવિચ્છિન્નપણે સતત પ્રકાશમાન છે.

ક્ષેત્રકાળની અસર ક્યારેક થવા પામે છે, કે જેનાથી બાળજીવોના માનસમાં સાધુતાનો પ્રકાશ નજીવો બની જાય છે.

બાકી અનાદિ-અનંત કાળના પ્રવાહમાં સાધુપદની ભૂમિકાએ રહેલ આરાધક પુણ્યાત્મા ઉત્તરોત્તર વિકસિત બની સિદ્ધપદના ઉચ્ચતમ શિખરે પહોંચી જતો હોવાથી સાધુતાનો પ્રકાશ વિશિષ્ટ રીતે જાજ્વલ્યમાન છે.

આવી સાધુતાને વરેલ પુણ્યાત્મા જ્ઞાનીઓની આજ્ઞાને વશવર્તી રહેવા પ્રયત્નશીલ થઈ અનાદિકાલીન સ્વચ્છંદવાદના નિરોધ સાથે અપૂર્વ સંયમ-સાધનામાં મગ્ન બની જાય છે.

પણ તે સંયમ-સાધનાની પાત્રતા કેળવવા કેટલાક મૌલિક તત્ત્વોની જાણકારી તેમજ તેની પદ્ધતિસરની આચરણા ખૂબ જ જરૂરી છે.

છેલ્લા સૈકામાં કાળબળે શિથિલાચારી યતિઓની પક્કડ-માંથી શ્રમણ-સંસ્થાને તેમજ શ્રી સંઘને મુક્ત કરવાની નેમમાં

સંયમ-સાધનાના પાયાના તત્ત્વોની ભૂમિકા સાથે પણ સંબંધ-વિચ્છેદ થઈ જવા પામ્યો.

પરિણામે ભાવની પ્રધાનતાએ દ્રવ્યની ખરી મહત્તાને ગૌણ કરી યેન કેન પ્રકારેણ દ્રવ્યક્રિયાના વધારામાં શાસન-પ્રભાવનાની માન્યતાએ પગ-પેસારો કર્યો.

સરવાળે માત્ર દ્રવ્ય-દીક્ષા વેષ-પલટારૂપ ચારિત્રની અતિ-પ્રાથમિક ભૂમિકાને ચરમસીમાએ પહોંચ્યાની વિકૃત માન્યતાએ ક્યાંક ક્યાંક ઘર કરવા માંડયું.

જેની અસર આખા શ્રમણસંઘમાં છેલ્લા સાડા ત્રણ દશકાથી ચારિત્ર-સંયમની ભૂમિકા નબળી પડયારૂપે થવા પામી. બાહ્ય-તપસ્યા, દ્રવ્ય-જ્ઞાનની વિપુલતા અને બાહ્ય-ઔપચારિક શાસન—પ્રભાવના સાધુતાના પરમ લક્ષ્યાંક થવા માંડયા.

આ બધી પરિસ્થિતિના પરિણામે શાસનની અવિચ્છિન્ન પરંપરા શી રીતે ચાલશે ? તેનો ગંભીર વિચાર શાસનની સુવિહિત શાસ્ત્ર-મર્મજ્ઞ અને સાધુતાના શ્રેષ્ઠપદને વરેલા કેટલાક મહાનુભાવોના હૈયામાં ગુંજી રહ્યો.

પરિણામે તે અંગે આગમોનું પર્યાલોચન, પરસ્પર વિચારણાઓ તેમ જ મધ્યમ-માર્ગીય ઉપાયોની સંકલના થવા પામી.

તે બધાનું સંકલન આ પુસ્તક છે. આ સંકલને કયા પ્રસંગે પુસ્તકાકાર સ્વરૂપ લીધું ! તે વાત પ્રથમ-આવૃત્તિના સંપાદકીયમાં રજુ થઈ ગયેલ છે.

આ પુસ્તકના પરિવર્ધિત સંસ્કરણરૂપ આ ચોથી આવૃત્તિ છે તે વાત આ પુસ્તિકામાં રજુ થયેલ શાસ્રીય સંયમ-આરાધનાના માર્ગ પ્રતિ મુમુક્ષુઓની અંતરંગ-પ્રીતિ બતાવે છે.

તે રૂપે શાસન હજી જયવંતુ છે. વિધિનો પક્ષપાત એ આરાધનાના પંથે મહત્વની વાત છે. મારી પાસે આ પુસ્તકની માંગણી છેલ્લા ૩-૪ વર્ષથી ઘણા પૂ૦ સાધુ-સાધ્વીજી ભગવંતોની હતી, પણ સમય આદિની અનુકૂલતા ન હોઈ ફરી વ્યવસ્થિત રૂપે છપાવી શ્રમણ-સંસ્થાની પુનિત સેવામાં રજુ કરવાની ઈચ્છા છતાં હજી કદાચ વર્ષ-બે વર્ષ નિકળી જાત! પણ ગત વર્ષના ફાગણમાં શાસન-દીપક પ્રશાંતમૂર્તિ પૂ૦ આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરભગવંતે તથા તેમના શિષ્યરત્ન પૂ૦ પં. શ્રી જ્ઞાનસાગરજી મ. શ્રીએ સામે પગલે આગમમંદિર-ઉપાશ્રયમા પધારી અને આ પુસ્તક યોગ્ય સુધારા-વધારા સાથે ફરી તાત્કાલિક પ્રકાશિત કરવા ખૂબ ધર્મપ્રેમભર્યો નિખાલસ આગ્રહ કર્યો.

એટલે આ પુસ્તક વ્યવસ્થિત રીતે જે પ્રકાશિત થઇ રહ્યું છે, તેનો બધો યશ પૂ૦ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. તથા પૂ૦ પં. જ્ઞાનસાગરજી મ૦ ની અદ્દભુત પ્રેરણાને છે.

વળી આ પુસ્તકની પહેલાની આવૃત્તિઓ કરતાં આ પ્રકાશનમાં ઘણા મહત્વના સુધારાઓ કર્યા છે, ઘણી મહત્વની વિગતો ઉમેરી છે, ઘણી આત્મ-હિતકર બાબતો અનેક મહાપુરુષોની નોંધમાંથી મેળવીને રજુ કરી છે.

એકંદરે આ સંકલનમાં આત્મ-હિતની દૃષ્ટિએ ઘણી ઉપયોગી બાબતોનો અદ્ભુત સંગ્રહ છે.

આ સંગ્રહમાં અનેક આગમો, પ્રકરણ-ગ્રંથો, સાધુ-મર્યાદા પટ્ટકો ઉપરાંત કેટલાક સંયમપ્રેમી સુવિહિત ગીતાર્થ-ભગવંતોના સંયમ અંગેના વિચાર-મંથનો, વિચાર-નોંધો અને હિતકર વચન-કંડિકાઓ વગેરેનું સુમધુર સંકલન થવા પામ્યું છે.

શ્રમણ-સંસ્થાના વિવેકી આરાધકો સમુચિત રીતે જ્ઞાની મહાપુરુષોના ચરણોમાં બેસી આ પુસ્તકમાં ખાસ કરીને ત્રીજા વિભાગમાં નિર્દેશેલી જીવન-પદ્ધતિને અપનાવી કાળબળે ઝાંખુ થવા પામેલ પોતાનું ચિરસ્થાપિત ગૌરવ ફરી જાજવલ્યમાન કરે એ મંગળ અભિલાષા !!!

છેવટે આ પુસ્તકના સંપાદનમાં છદ્મસ્થતા-સુલભ કોઈ ક્ષતિઓ કે સમજફેરથી શાસ્ત્રાજ્ઞા કે પરંપરાથી વિરુદ્ધ કંઈ થયું હોય તેનું ત્રિવિધે મિથ્યાદુષ્કૃત દેવા સાથે આ સંકલનમાં વર્ણવેલ આદર્શ સંયમી-જીવનના સીમાસ્તંભો સ્વ-પરહિતકારી રીતે સકળ આરાધક આત્માઓને ઉપયોગી થાઓ.

એ શુભ અભિલાષા.

વીર નિ. સં. ૨૫૦૮
વિ. સં. ૨૦૩૮
કાર્તિક સુ. ૧૪ મંગળ
જૈન આગમ મંદિર,
તળેટી પાલિતાણા (સૌ.)

નિવેદક :-
પૂ૦ ઉપા. શ્રી ધર્મસાગરજી મ. શિષ્ય
મુનિ અભયસાગર.

શ્રી ગૌતમસ્વામિને નમઃ

પ્રકાશક તરફથી

દેવ-ગુરુ-કૃપાએ પરમપૂજ્ય ચતુર્વિધ શ્રીસંઘની પવિત્ર સેવામાં શ્રમણ-જીવનને ઓજસ્વી બનાવનારા વિશિષ્ટ પદાર્થોથી ભરપૂર આ પુસ્તક રજુ કરતાં અનહદ આનંદ થાય છે.

અમારા સદ્ભાગ્યે અમોને આ પુસ્તક—પ્રકાશનનો લાભ મલ્યો છે.

ગયા ફાગણ મહિને શાસનદીપક પૂ૦ આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વર ભગવંતે પૂ૦ આગમોદ્ધારક આચાર્ય ભગવંત આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. ના પટ્ટપ્રભાવક પૂ૦ આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજીના પરમવિનેય તપોમૂર્ત્તિ પૂ૦ ઉપાધ્યાય ભગવંત શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્યરત્ન પૂ૦ પં. શ્રી અભયસાગરજી મ. ને શાસન-હિતની વાતો દરમ્યાન ફરમાવેલ કે પૂ૦ સાધુ-સાધ્વી ભગવંતોને ગ્રહણ-આસેવન શિક્ષાની કાળબળે પડી રહેલ ખામીને પૂરવા "મુક્તિના પંથે"નું પુસ્તક (જે કે આપનું લખેલ છે) હાલ મલતું નથી.

તે ફરી છપાવવા ભાવના છે. તો આપ એમે ફરી સંપાદિત કરી દો તો સારૂં !!!"

પૂ૦ પં. શ્રી જ્ઞાનસાગરજી મ. શ્રીએ પણ આ વાતને સમર્થન આપ્યું.

પૂ૦ ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્ય પૂ૦ પં. શ્રી અભયસાગરજી મ૦ શ્રીએ નાનાવિધ પ્રવૃત્તિઓ જવાબદારીઓ છતાં યદિષ્ટં વૈદ્યોપદિષ્ટં તથા "ભાવતું' તું ને વૈદ્યે કીધું." ન્યાયે વર્ત્તમાન શ્રમણ-સંસ્થામાં આચાર-નિષ્ઠાના ઝંખવાઈ રહેલ દીપકમાં વધુ તેલ-પૂર્તિ કરવાના આશયને બર લાવવા માટે આ કાર્ય સ્વીકાર્યું.

પછી પૂ૦ આ. શ્રી કૈલાસસાગરસુરિ મ. તથા પૂ૦ પં. શ્રી જ્ઞાનસાગરજી મ. અમારે ત્યાં પધાર્યા.

અમારા શ્રી સંઘને જ્ઞાનખાતામાંથી આ પુસ્તિકા પ્રકાશનનો લાભ લેવા પ્રેરણા કરી.

જેનો કે અમોએ સહર્ષ સ્વીકાર કર્યો.

આ પુસ્તિકાનું છાપકામ પ્રુફ વ્યવસ્થા આદિમાં બી. પી. પ્રેસના વ્યવસ્થાપકો મનહરભાઈ તથા ભૂપતભાઈએ ખૂબ સહયોગ આપેલ છે.

તેમજ ટાઇટલ પેજ સુંદર બનાવી આપવા અમદાવાદના આર્ટિસ્ટ શ્રી ઉસરે, તેમજ ટાઈટલનું છપાઈકામ કરી

આપનાર દીપક પ્રિન્ટરી, (રાયપુર ચકલા) અમદાવાદનો તેમજ ટાઈટલની છપાઈ બ્લોક-છપાઈ વિગેરે ગોઠવી આપનાર શ્રી બાબુલાલ કેશવલાલ શાહ (૧૧ નગરશેઠ માર્કેટ રતનપોળ) અમદાવાદનો અત્યંત ધર્મસ્નેહ-ભર્યા સહકારની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

છેવટે છદ્મસ્થતાવશ થયેલ ક્ષતિઓ બદલ અંતરથી ક્ષમા માગી આ પુસ્તિકાનો સદુપયોગ કરી પૂ૦ સાધુ-સાધ્વી ભગવંતો પોતાના ચિરસ્થાપિત સંયમ-નિષ્ઠાની ગૌરવભરી પ્રતિષ્ઠા મેળવે એજ મં-ગ-લ-કા-મ-ના.

વીર નિ. સં. ૨૫૦૮
વિ. સં. ૨૦૩૮
કા. સુ. ૧૧. રવિવાર.

નિવેદક :-
શ્રી જૈન સંઘ
શીહોર (સૌરાષ્ટ્ર)



વિ...ષ...યા...નુ...ક્ર...મ

પૃષ્ઠ

ઉપક્રમ ૧ થી ૮

પ્રથમ ખંડ.

સમ્યગ્ દર્શન વિભાગ ૧ થી ૯૨

* વિશિષ્ટ આત્મ ભાવના ૯-૧૦

* સમ્યગ્-દર્શનની મહત્તા ૧૧

* શ્રી નમસ્કાર-મહામંત્ર સ્મરણ ૧૨

* શ્રી નમસ્કાર-મહામંત્ર મહિમા ૧૩ થી ૧૭

* લોકોત્તર ભાવના ૧૮-૧૯

૧ આદર્શ ભાવના ૨૦-૨૩

૨ ભાવના-રસાયણ ૨૪-૪૧

૩ આત્મ-નિરીક્ષણ ૪૨-૪૪

૪ સાધકની અંતરંગ આત્મ વિચારણા ૪૫-૪૮

૫ અપૂર્વ હિત-શિક્ષા ૪૯-૫૫

૪ દેહ-મમત્વ-ત્યાગશિક્ષા ૫૬-૬૧

૫ શ્રમણ-ધર્મની સફળતાના સરળ ઉપાયો ૬૨-૬૮

૬ કલ્યાણકારી હિતશિક્ષા ૬૯-૭૪

૭ તપધર્મ માટે કલ્યાણકર સૂચના ૭૫-૭૯

૮ આત્મ-કલ્યાણ માટે ઉપયોગી સૂચનો ૮૦-૯૧

૯ હેયોપાદેય-વિભાગ ૯૨

વિષય	પૃષ્ઠ
૧૦ ચારિત્ર લીધા પછી યાદ રાખવા જેવા સૂચનો	૮૩–૮૬
૧૧ ચારિત્ર-જીવન માટે જરૂરીયાતો	૮૭–૮૮
૧૨ સંયમ-પંથે ધપી રહેલ મુમુક્ષુને....!!!	૮૯–૯૦
૧૩ સંયમની સાધના માટે હિતકર સૂચનો	૯૧–૯૨

બીજો ખંડ

સમ્યગ્-જ્ઞાન વિભાગ	૯૩ થી ૨૧૭
* જ્ઞાનીની ફરજ	૯૩
* જ્ઞાનનો પરમાર્થ	૯૪
* સમ્યગ્-જ્ઞાનની મહત્તા	૯૫

સંયમની સાધના માટે

જરૂરી જાણવા લાયક પદાર્થો	૯૬ થી ૨૧૭
૧ શ્રમણ ધર્મ કેવો	૯૭–૯૯
૨ પાંચ મહાવ્રત	૧૦૦
૩ પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ	૧૦૧–૧૦૫
૪ આઠ પ્રવચન-માતા	૧૦૬–૧૦૮
૫ સંયમના ૧૭ પ્રકાર	૧૦૯–૧૧૧
૬ સાધુના સત્તાવીશ ગુણો	૧૧૨
૭ દશ પ્રકારે શ્રમણ-ધર્મ	૧૧૩–૧૧૪
૮ દશ યતિધર્મનું રહસ્ય	૧૧૫–૧૧૭
૯ ચરણ-સિત્તરી	૧૧૮–૧૧૯
૧૦ કરણ-સિત્તરી	૧૨૦–૧૨૧
૧૧ ગોચરીના બેંતાલીશ દોષ	૧૨૨–૧૨૮

વિષય	પૃષ્ઠ
૧૨ માંડલીના પાંચ દોષ	૧૨૯–૧૩૦
૧૩ અઢાર પ્રતિક્ષા-સ્થાનો	૧૩૧–૧૩૨
૧૪ જયણાની વ્યાખ્યા	૧૩૩–૧૩૫
૧૫ ૧૮૦૦૦ શીલાંગ	૧૩૫–૧૩૬
૧૬ દશવિધ સામાચારી	૧૩૭–૧૩૮
૧૭ દશવિધ ચક્રવાલ-સામાચારી	૧૩૯–૧૪૨
૧૮ સાત પિંડેષણા	૧૪૨–૧૪૩
૧૯ નવ બ્રહ્મચર્ય-ગુપ્તિ	૧૪૪–૧૪૫
૨૦ વૈરાગ્ય-વર્ધક બાર ભાવનાઓ	૧૪૬–૧૪૯
૨૧ બાવીશ પરિષહો	૧૫૦–૧૫૩
૨૨ બાર પ્રકારનો તપ	૧૫૪–૧૫૯
૨૩ તેર ક્રિયાસ્થાનો	૧૬૦–૧૬૧
૨૪ વીશ અસમાધિ-સ્થાનો	૧૬૨–૧૬૪
૨૫ એકવીશ શબલ-સ્થાનો	૧૬૫–૧૬૭
૨૬ ભાવ-સાધુના લક્ષણો	૧૬૮–૧૭૦
૨૭ અનુષ્ઠાનના પાંચ પ્રકારો	૧૭૧–૧૭૩
૨૮ ક્રિયાના આઠ દોષો	૧૭૪–૧૭૭
૨૯ ભવાભિનંદીના આઠ લક્ષણો	૧૭૮–૧૮૦
૩૦ પ્રમાદની વ્યાખ્યા	૧૮૧–૧૮૩
૩૧ પાંચ ઇન્દ્રિયોના વિષયો અને વિકારો	૧૮૪–૧૮૬
૩૨ તેર કાઠીયા	૧૮૭
૩૩ શ્રી મહાનિશીથ-સૂત્રની આદ્ય-ત્રિસૂત્રીમાં સૂચન	૧૮૮–૧૯૧

વિષય	પૃષ્ઠ
૩૪ સંયમીનો દૃષ્ટિકોણ	૧૯૨
૩૫ ત્રણ ચોમાસી-વિચાર	૧૯૩
૩૬ અણાહારી વસ્તુ વિચાર	૧૯૪-૧૯૬
૩૭ સંયમી-જીવન માટે માર્મિક હિતશિક્ષા	૧૯૭-૨૦૧
૩૮ ચૌદ સ્થાને ઉપજતા સંમૂર્છિમ મનુષ્યો	૨૦૨-૨૦૩
૩૯ પાંચ મહાવ્રતના ૨૭૦ ભાંગાઓ	૨૦૪-૨૦૬
૪૦ અસ્વાધ્યાય કાળ	૨૦૭-૨૧૦
૪૧ અસ્વાધ્યાય કાળ (વિશેષ માહિતી)	૨૧૧-૨૧૭
૪૨ આરાધનાના પ્રાણ	૨૧૮

ત્રીજો ખંડ

સમ્યક્ ચારિત્ર વિભાગ	૨૧૯ થી ૪૦૩
* ચેષ્ટા-કુશીલ કોણ ?	૨૧૯
* સંયમની નિર્મળ-આરાધનાનો મુદ્રાલેખ	૨૨૦
* સમ્યક્-ચારિત્રની મહત્તા	૨૨૧-૨૨૨
૧ સમ્યક્-ચારિત્રના પોષક દશ અંગો	૨૨૨-૨૫૩
* પ્રતિક્રમણની મહત્તા	૨૨૩-૨૨૪
* ખમાસમણની સત્તર પ્રમાર્જનાઓ	૨૨૪-૨૨૬
* વાંદણાના પચ્ચીશ આવશ્યકો	૨૨૭-૨૩૧
* મુહપત્તીના પચાસ બોલ	૨૩૨-૨૩૬
* પડિલેહણ	૨૩૭-૨૩૮

વિષય	પૃષ્ઠ
* પડિલેહણના દોષો	૨૩૯–૨૪૦
* સ્વાધ્યાય	૨૪૧–૨૪૩
* દહેરાસરનું ચૈત્યવંદન	૨૪૪–૨૪૭
* ગોચરી–આહાર	૨૪૮–૨૪૯
* સ્થંડિલ ભૂમિ	૨૫૦–૨૫૩
૨ વિહારની સામાચારી	૨૫૪–૨૫૫
૩ રસ્તો પૂછવાની વિધિ	૨૫૫–૨૫૬
૪ ગામમાં પેસવાની વિધિ	૨૫૭
૫ એકાકી-વિહારના વર્જ્ય કારણો	૨૫૭–૨૫૯
૬ ઉપધિ–સંખ્યા	૨૬૦–૨૬૪
૭ ઉપધિનું પ્રમાણ	૨૬૫–૨૬૭
૮ સમય–પરીક્ષા	૨૬૮–૨૭૧
* પ્રાતઃ–પોરસી યંત્ર	૨૬૮–૨૬૯
* પચ્ચક્ખાણ–છાયા યંત્ર	૨૭૦
* ચરમ–પોરસી યંત્ર	૨૭૧
૯ સમય જાણવાની કુંચી	૨૭૨–૨૭૪
૧૦ પૂર્વાચાર્ય ભગવંતોની સંયમ મર્યાદા	૨૭૫–૨૮૨
* સં. ૧૬૪૩ પોષ વદ ૩ નો પૂ૦ આ. હીરસૂરીશ્વર મ. નો મર્યાદાપટ્ટક	૨૭૫–૨૭૬

વિષય	પૃષ્ઠ
* સં. ૧૬૭૭ વેશાખ સુ. ૭ પૂ૦ આ. વિજયદેવસૂરિમો મર્યાદા પટ્ટક	૨૭૬-૨૭૯
* સં. ૧૭૧૧માં માહ સુ. ૩ પૂ૦ આ. શ્રી વિજયસિંહસૂરિ મ. નો મર્યાદા પટ્ટક	૨૮૦-૨૮૧
* સં. ૧૭૭૩ માહ સુ. ૨ પૂ૦ આ. શ્રી વિજયક્ષમાસૂરીશ્વરમો મર્યાદા પટ્ટક	૨૮૨
૧૧ શું કરવાથી પ્રાયશ્ચિત આવે ?	૨૮૩-૨૯૧
૧૨ ઓગણત્રીશ પ્રકારના પાપશ્રુત	૨૯૨
૧૩ ત્રીસ મોહનીયના સ્થાનો	૨૯૩-૨૯૪
૧૪ બત્રીસ-યોગ સંગ્રહ	૨૯૫-૨૯૬
૧૫ સંયમોપયોગી કાર્ય-વ્યવસ્થા-પત્રક	૨૯૭-૨૯૮
૧૬ સાધુ-સાધ્વીની રૂપરેખા	૨૯૯-૩૦૪
૧૭ સાધુની દિનચર્યા	૩૦૫-૩૦૭
૧૮ સંયમ-પાલનની વિશિષ્ટ મર્યાદાઓ	૩૦૮-૩૧૨
૧૯ સંયમ-સાધનાની પગદંડીઓ	૩૧૩-૩૨૦
૨૦ પૂ૦ સાધુ-સાધ્વીજી મ. ને ઉપયોગી હિતશિક્ષા-શતક	૩૨૧-૩૪૩
૨૧ સંયમી-જીવનની નિર્બળતા માટે સચોટ નિયમાવલી	૩૪૪-૩૪૭
૨૨ સંયમ-રમણતા માટે જરૂરી આરાધના	૩૪૮-૩૫૧

વિષય	પૃષ્ઠ
૨૩ સંયમ-શુદ્ધિ માટે જરૂરી મહત્ત્વની વિચાર-કંડિકાઓ	૩૫૨-૩૬૨
૨૪ સંયમને શિથિલ બનાવનાર આવા સો બાબતો	૩૬૩-૩૭૧
૨૫ સંયમી-જીવનના વિકાસ માટે એકાવન બાબતો	૩૭૨-૩૭૭
૨૬ સંયમીને હિતકર સૂચનો	૩૭૮-૩૮૧
૨૭ સંયમોપયોગી સોનેરી બાબતો	૩૮૨-૩૮૪
૨૮ સાધુની અવશ્ય કરણી	૩૮૫
૨૯ સંયમોપયોગી જરૂરી હિત-શિક્ષાઓ	૩૮૬-૩૯૮
૩૦ સાધુ-હિતશિક્ષા	૩૯૯-૪૦૧
૩૧ સાધુ-જીવનની સારમયતા	૪૦૨-૪૦૬
૩૨ ઉપસંહાર	૪૦૭
૩૩ વિચારણીય સુભાષિતો	૪૦૮

સુભાષિતોની નોંધ

નામ	પાનું
૧ સંયમીને દીવાદાંડી	૮
૨ શ્રી નમસ્કાર-મહામંત્રની ઉત્તમતા	૧૭
૩ જાપનો પ્રભાવ	૧૮
૪ યાદ રાખવા જેવું	૧૯
૫ હિતકર સુવાક્યો	૨૩
૬ ધર્મની આરાધના ક્યારે ?	૪૧
૭ અન્તઃકરણ-શુદ્ધિના ઉપાયો	૪૪
૮ ચરમાવર્ત્તકાલીન-લક્ષણો	૫૫
૯ આચારાંગ-સૂત્રના સુવાક્યો	૫૫
૧૦ હિતશિક્ષા	૭૪
૧૧ સોનેરી શિખામણ	૭૮
૧૨ સાધુપણું એટલે ?	૮૧
૧૩ સાધુ એટલે ?	૮૨
૧૪ વિવેક-પ્રતિષ્ઠા	૮૮
૧૫ ચેતવણી	૯૦
૧૬ સંયમ-રથનાં ચક્રો	૯૨
૧૭ સાધુતાની કસોટી	૯૫
૧૮ જીવન-શુદ્ધિની ચાવી	૧૦૫
૧૯ સાધુ કોણ ?	૧૧૧

નામ	પાનું
૨૦ સાધુતાને દીપાવનાર સદ્‌ગુણો	૧૧૭
૨૧ મોક્ષનો ટુંકો ઉપાય	૧૧૯
૨૨ આરાધનાની દિશા	૧૨૧
૨૩ તપધર્મની સફળતા ક્યારે ?	૧૨૪
૨૪ પ્રધાન કર્ત્તવ્ય	૧૩૨
૨૫ સાધુતાના આધાર સ્તંભ	૧૪૩
૨૬ વૈરાગ્ય એટલે ?	૧૪૫
૨૭ વિનય-ગુણ-મહિમા	૧૪૯
૨૮ સંયમીનો પુરુષાર્થ	૧૫૩
૨૯ સંયમીની જીવનદૃષ્ટિ	૧૬૪
૩૦ આરાધનાની કુંચી	૧૮૩
૩૧ જીવન-શુદ્ધિના સૂત્રો	૧૮૬
૩૨ સમ્યગ્ જ્ઞાનની કૂંચી	૧૯૧
૩૩ સંયમીનો દૃષ્ટિકોણ	૧૯૪
૩૪ વીર્ય-ફોરવણીની જરૂર	૨૦૩
૩૫ સંયમીનું કર્ત્તવ્ય	૨૦૬
૩૬ ભાવોનું સામર્થ્ય	૨૧૦
૩૭ જ્ઞાની કોણ ?	૨૧૭
૩૮ શૂરવીર કોણ ?	૨૧૭
૩૯ આરાધનાનો પ્રાણ	૨૧૮
૪૦ સંસારની વિચિત્ર અવસ્થા	૨૨૬
૪૧ જલ્દી શું કરવું ?	૨૪૦

નામ	પાનું
૪૨ મહત્ત્વની વાત	૨૪૩
૪૩ મહત્ત્વની દૃષ્ટિ	૨૪૭
૪૪ આરાધનાની પ્રાથમિક ભૂમિકા	૨૪૯
૪૫ યાદ રાખો !!!	૨૫૩
૪૬ આરાધનાનું માપક યંત્ર	૨૫૯
૪૭ ધ્યાનમાં રાખવા જેવું ?	૨૬૪
૪૮ જીવન-શુદ્ધિનું પ્રથમ સોપાન	૨૬૭
૪૯ ખાસ જરૂરી વાત	૨૭૧
૫૦ તત્ત્વજ્ઞાન એટલે	૨૭૪
૫૧ જીવનશુદ્ધિની ચાવી	૨૭૯
૫૨ પ્રમાદી કોણ ?	૨૯૧
૫૩ જ્ઞાનની સફલતા	૨૯૭
૫૪ ધર્મોપદેશની યોગ્યતા	૩૦૭
૫૫ જીવનશુદ્ધિનું રહસ્ય	૩૪૩
૫૬ આરાધનાનો મર્મ	૩૫૧
૫૭ ભાવનાનું મૂલ શું	૩૬૨
૫૮ યાદ રાખવા જેવું	૩૭૧
૫૯ સંયમીનો મુદ્રાલેખ	૩૭૭
૬૦ આરાધક-ભાવ એટલે ?	૩૮૧

॥ नमः श्रीजिनशासनाय ॥

श्री वर्धमानस्वामिने नमः

મુક્તિના પંથે

સર્વ-હિતકર સાધુતાના આચારની અત્યંત જરૂરી
શાસ્ત્રીય-બાબતોનો ઉપયોગી સંગ્રહ

ઉપક્રમ

॥ सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ॥

પરમોપકારી દશપૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા
શ્રી જિન-શાસનના સારભૂત આગમોના તત્વ-રહસ્યને સંક્ષેપમાં

સમજાવનાર શ્રી તત્વાર્થ-સૂત્રના પ્રારંભમાં આધ્યાત્મિક-સાધનાના માર્ગને સરલ-રીતિએ સમજવાની ઇચ્છાવાળા મુમુક્ષુ આરાધક-આત્માઓના હિતાર્થે ફરમાવે છે કે—

"જગતના તમામ દુઃખ-સંતાપના મૂલબીજ-કારણ-ભૂત કર્મોના બંધનમાંથી મુક્તિ મેળવ્યા વિના જગતના પ્રાણીઓને વાસ્તવિક સુખ-શાંતિ હસ્તગત નહિ થવાનું ચોક્કસ છે.

તેથી આ સૂત્રમાં ત્રણ પદાર્થ મુખ્યતઃ એકસૂત્રિતરૂપે જણાવેલ છે કે-જે ત્રણ પદાર્થ સ્થૂલ દૃષ્ટિએ ભિન્ન જણાય છે. પણ વસ્તુતઃ એક જ કાર્યને સાધવામાં સાંકળના અંકોડાની જેમ પરસ્પર સંકળાયેલા હોઈ ત્રણેમાં સાપેક્ષ એકત્વ રહેલું છે. કેમકે દરેક કાર્યની સિદ્ધિમાં તેના સાધક-કારણોની પ્રતીતિ, કારણોના સ્વરૂપનું જ્ઞાન અને તદનુકૂલ પ્રવૃત્તિ આ ત્રણ અંગ મુખ્ય હોય છે, માટે કર્મોના બંધનથી મુક્તિ મેળવવામાં મુક્તિના કારણોની પ્રતીતિ, તેઓનું જ્ઞાન અને તદનુકૂળ વર્તન જરૂરી હોય છે.

ત્રણેમાંથી એકની પણ નિર્બલતા કાર્યને મુખ્યતઃ સાધી શકતી નથી."

વળી આ અર્થને પ્રધાનપણે સૂચવવા વ્યાકરણના ઉદ્દેશ્ય-વિધેયના સામાનાધિકરણ્યના સર્વ-પ્રતીત નિયમનું આભા-સિક-ઉલ્લંઘન કરી વચનમાં ફેરફાર રાખ્યો છે, અન્યથા સામાન્યતઃ વિધેયની સમકક્ષાએ જ ઉદ્દેશ્યના વચનની વ્યવસ્થા હોય છે,

એટલે અહીં ઉદ્દેશ્ય–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણ હોવાથી વિધેય–મોક્ષમાર્ગને એકવચનને બદલે બહુવચન સંગત હતું, છતાં આ રીતનો શૈલીમાં વિપર્યાસ શાસ્ત્રકાર–મહર્ષિના પવિત્ર અંતઃકરણમાં નિગૂઢ પરમ–રહસ્ય–ભૂત તત્ત્વોનો જ્ઞાપક હોઇ આપાતતઃ અનુચિત પ્રતીત થવા છતાં—

તેઓની પરમ–હિતકર બુદ્ધિનો સૂચક થાય છે.

એટલે આ સૂત્રદ્વારા ફલિત થાય છે કે—

"પ્રત્યેક આરાધક–મુમુક્ષુ આત્માએ કર્મોના બંધનથી મુક્તિ રૂપે શાશ્વત, ચિદાનંદમય સ્વભાવ–પરિણતિ-સ્થિરતા-રૂપ પરમોચ્ચદશા મેળવવા—

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેનો પુનિત ત્રિવેણી–સંગમ સાધવો ઘટે."

ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન–પ્રભાવશાલી પરમોપકારી શ્રી જિનેશ્વર–ભગવંતોએ પ્રરૂપેલ પરમોચ્ચ નિગૂઢ પરમ સત્યને સંક્ષિપ્ત–શબ્દોમાં પ્રકાશિત કરનારા બહુમૂલા આ સિદ્ધાંતના મૂલ સ્વરૂપમાં—

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ કે ભાવની વિષમતા કે વિચિત્રતાથી કોઇપણ જાતનો ફેરફાર થતો નથી.

કારણ કે આરાધક બનવા ઉત્સુક પ્રત્યેક વિવેકી–પ્રાણી ચોથા કે પાંચમા આરાના કાલભેદે ઓછી–વધતી આરાધના કરે ! પણ તેને નામે આરાધકભાવની ન્યૂનતાને વ્યાજબી માનવાની ભૂલ કરે તે ઉચિત નથી;

માટે સંપૂર્ણ એકાગ્રતા અને દૃઢ–નિશ્ચયપૂર્વક આત્મ-કલ્યાણની સાધનામાં વિઘ્નરૂપ પ્રબલ–કર્મોના આવરણોને ખસેડવા પૂર્વોક્ત ત્રિપુટીની નિર્મલ—સાધના માટે અહર્નિશ ઉદ્યત બનવું જરૂરી છે.

પૂર્વોક્ત સાધન–ત્રિપુટીમાં પુર્વના સાધનોના સહકારથી ઉત્તરોત્તરના ગુણોની વિશુદ્ધિ, નિર્મળતા અને ફલાધાયકતા વધુ ચોક્કસ થાય છે,

જેમ કે સમ્યગ્દર્શનના બલે પૂર્વનું અજ્ઞાનમાં લેખાતુ વ્યાવહારિક ચૌદ–વિદ્યાનું પ્રકાંડ પણ જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપે બની આત્માને વિવેકના માર્ગે ઉજ્જવલ–મુખે વિહરણ કરાવે છે–આગલ ધપાવે છે,

તેમજ સમ્યગ્જ્ઞાનના પ્રતાપે અ–જયણા, અનુપયોગ આદિથી થતી મલિનતાને રોકી સર્વ–સંવરરૂપે મહત્તા સમજાવવાપુર્વક ભાવચારિત્રની પ્રાપ્તિ કરાવે છે.

અહીં એક વાત ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે કે—

પૂર્વના ગુણોની પ્રાપ્તિ પણ ત્યારે સફલ લેખાય છે કે જયારે તે ગુણો આગળના ગુણોને મેળવવાની કે તે દ્વારા કલ્યાણ–સાધનાના પંથે વિહરવાની તત્પરતા પેદા કરે.

જેમ કે—

સમ્યગ્દર્શન પામેલો પ્રાણી

તત્ત્વોના અપૂર્વ રોચનપૂર્વક શ્રદ્ધાનના અપૂર્વ અભ્યાસથી વાસ્તવિક જીવાદિ–તત્ત્વોના સ્વરૂપ–જ્ઞાન પ્રતિ પ્રવૃત્તિવાળો

બની, તદનુકૂલ સાધનાના માર્ગે વધી શકતો નથી, ત્યાં સુધી તે મુક્તિપુરીનું પ્રવેશપત્ર મેળવ્યા છતાં તે સ્થાન મેળવવા કે તેના માર્ગ ઉપર પ્રવર્ત્તવા સમર્થ થતો નથી.

તેમજ સમ્યગ્જ્ઞાનના બળે શાસ્ત્રીય–પદાર્થો પ્રૌઢ ભાષામાં વિવેચાય, અનેક અજ્ઞાનાંધ–પ્રાણીઓના અંતરચક્ષુ ઉઘાડાય, પણ જ્ઞાનની પરિપક્વ–અવસ્થારૂપ પરિણુતિ મેળવી હેય–પદાર્થોને છોડવાની વૃત્તિનું અમલી સ્વરૂપ ન મેળવી શકાય, ત્યાં સુધી ભડભડતા દાવાનલમાં સપડાયેલ સાધન–વિહીન પંગુની જેમ વધુ માનસિક–વ્યાક્ષેપોના દુઃખદાયી વાતાવરણમાં ગુંગળાઈ મરવું પડે છે,

એટલે તેને પણ 'ज्ञानस्य फलं विरतिः' સૂત્ર મુજબ જ્ઞાનની પરમોચ્ચ ભૂમિકારૂપ સન્માર્ગ–પ્રવૃત્તિરૂપ ચારિત્રની ભૂમિકાએ આવ્યે જ્ઞાનની સફળતા હસ્તગત થાય છે.

આ દૃષ્ટિએ આ સાધન–ત્રિપુટીમાં સર્વોચ્ચ—કક્ષાએ જીવનની યથાર્થપણે કૃતાર્થતા સમ્યક્ચારિત્રને વિશુદ્ધ રીતે મેળવવા અને પાળવામાં સમાયેલી છે.

માટે વિશુદ્ધાશયવાળા મહાપુરુષોએ "आयारे मुक्खमग्गो" નું સૂત્ર પોકારી જીવનમાં ઉચ્ચ–તત્ત્વોના શિક્ષણાત્મક જ્ઞાનને વધુ મેળવવાની ઝંખના કરતાં

તેવા ઉચ્ચ પરમ–સુભગ તત્ત્વોથી જીવનનું સર્વશ્રેષ્ઠ ઘડતર કરવાનું જ શ્રેષ્ઠ ઠરાવ્યું–માન્યું છે.

એટલે માદક અને સાન ભાન ભૂલાવે તેવી પૌદ્ગલિક મોહકતાથી ભરેલ જગતની પ્રચંડ મોહ–માયાના સર્વ

સાધનોને કપડા પર લાગેલ તણખલાની જેમ ફગાવી, પરમ-સ્નેહી સગાં–સંબંધીઓનાં છાતીફાટ રુદનને પણ અવગણી,

આત્મકલ્યાણની ઉચ્ચ–સાધનાના એકાંત-લક્ષ્યથી કાર્યસિદ્ધિના દૃઢ નિર્ધારથી ભેખ ધારણ કરી સર્વવિરતિના ઉજ્જવલ–પંથે વિહરવાના દૃઢ સંકલ્પપૂર્વક. પરમ હિતકર પ્રભુ-શાસનની આરાધનાદ્વારા જીવનની વિશુદ્ધ સાધનામાં રત પૂજ્ય સાધુ–સાધ્વી ભગવંતોને ઉદ્દેશી,

ધર્મસ્નેહભર્યા સાધર્મિકના સંબંધથી પ્રેરાઇ તેવા પ્રકારના વિષમ વાતાવરણ કે યોગ્ય સાધુ–જીવનના લક્ષ્યને સમજાવનાર ઘડતરના અભાવે શિથિલ થયેલી સંયમ ભાવનાને ઉત્તેજક અને વિવેકના દીપને પોષક ભાવનાઓ, હિતશિક્ષાઓ પરમોચ્ચ-જીવન ઘડનારા આદર્શ સૂત્રો વગેરે ઉપયોગી સામગ્રી—

પૂજ્યતમ શ્રમણ–સંસ્થાની પુનિત સેવામાં

આ લઘુ પુસ્તિકારૂપે ઉપસ્થિત કરું છું.

આમાંથી સહુ હંસ–ક્ષીરન્યાયે પોતાના જીવનની નિર્મળતા કરવાના ધ્યેયથી યોગ્ય સદુપયોગ કરી પોતાનું ચિરકાળ–સ્થાપિત છતાં હાલ મંદતેજ બનેલું ગૌરવ પુનઃ જાજ્વલ્યમાન બનાવે.

એ શુભેચ્છાથી આ પુનિત સંગ્રહ કરેલ છે.

વળી આ સંગ્રહ સમ્યક્ચારિત્રની આદર્શ ભાવના અને આસેવનાને વૃદ્ધિગત કરવાની વિચારણાથી યોજેલ છે,

છતાં તેમાં અવાંતર–કારણભૂત **સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનનું** પોષણ જરૂરી હોઇ. આ સંગ્રહને **સમ્યગદર્શન, સમ્યગ્‌જ્ઞાન** અને **સમ્યક્‌ચારિત્રરૂપ ત્રણ** વિભાગમાં વહેંચી દીધેલ છે.

એટલે પ્રથમ **સમ્યગ્‌દર્શન–વિભાગમાં—**

આત્માના પ્રોજ્જવલ ગુણોના પરિચયને કરાવનાર. જીવનને વિશુદ્ધ બનાવવાના અંતિમ લક્ષ્યરૂપ સંયમ–ચારિત્રની નિર્મલતર આરાધના માટે પ્રોત્સાહક, તથા શુદ્ધાત્મસ્વરૂપની ઝાંખી કરાવે તેવા પ્રાચીન–મહર્ષિઓના સુંદર **સુવચનો**, હિતશિક્ષાધાયક **ઉપદેશો**, તેમજ જીવનના ઘડતરમાં પ્રવીણ મહાપુરુષોએ સ્વાનુભવથી ઘડેલાં ટૂંકા પણ ઉદાત્ત **જીવનસૂત્રો** આદિનો સમાવેશ કર્યો છે.

બીજા **સમ્યગ્‌જ્ઞાન વિભાગમાં—**

પ્રવૃત્તિ–માત્રની સફલતાના માપક–યંત્રસ્વરૂપ આત્મ-સ્વરૂપાવગાહી લક્ષ્યને વધુ કેન્દ્રિત કરનાર. શાસ્ત્રોના અવગાહનને પદ્ધતિસર સંગતિપૂર્વક સફલ કરનાર અને. સાધુજીવનને અત્યાવશ્યક મુષ્ટિજ્ઞાનના વિવેચક અને પ્રશસ્ત જ્ઞાનના અનેક વિભિન્ન અંગોના ટૂંકા પણ મુદ્દાસરના વિવેચનપૂર્વક સમાવેશ કર્યો છે.

ત્રીજા **સમ્યક્‌ચારિત્ર** વિભાગમાં—

લડાઈના મેદાનમાં ભીષણ **શસ્ત્રોની** સાઠમારીમાંથી પોતાની જાતને સાવચેતીપૂર્વક બચાવી દુશ્મનને ઠાર કરવાની

પ્રત્યેક યોદ્ધાને મેળવવી જોઇતી તાલીમની જેમ. મોહ-રાજાના પ્રચંડ-સામ્રાજ્યમાં અનાદિકાલની સંસ્કાર વાસનાઓના ભીષણ-ઘર્ષણમાં પોતાના અમૂલ્ય-ધનની પૂર્ણ સાવચેતીપૂર્વક અંતરંગ-શત્રુઓનો સામનો કરવા માટે યોગ્ય-જયણાપૂર્વકની પ્રત્યેક પ્રવૃત્તિ આચરવારૂપની તાલીમ લેવા માટેની

વિધિ-પદ્ધતિપૂર્વકની

યોગ્ય શિક્ષાઓનો

સમાવેશ કરેલ છે.

卐

સંયમીને દીવાદાંડી

सुट्ठु वि उज्जममाणं, पंचेव करिंति रित्तयं समणं ।
अप्पत्थुई परणिंदा, जिब्भोवत्था कसाया य ॥

ઉપદેશમાલા ગા. ૭૨

સમ્યક્પ્રકારે શાસ્ત્રાનુસાર સંયમાદિમાં પ્રવર્ત્તતા પણ મુમુક્ષુને જાણ્યે-અજાણ્યે પણ નીચેની પાંચ ચીજો આરાધના માર્ગથી ભ્રષ્ટ કરી તેની પ્રવૃત્તિમાં શૂન્યતા-નિસ્સારતા લાવી મૂકે છે.

૧ આત્મપ્રશંસા
૨ પરનિંદા
૩ જિહ્વા
(રસલાલસા, દુર્વચન)
૪ ઉપસ્થ [વેદોદય]
૫ કષાય

માટે આ પાંચેના વિષમ પંજાથી સાવધ રહેવું.

॥ श्री शंखेश्वर-पार्श्वनाथाय नमः ॥

॥ सम्मद्दंसणं मूलं धम्मद्दुमस्स ॥

卐 મુક્તિના પંથે 卐

(સમ્યગ્-દર્શન વિભાગ)

卐

卐 卐

"अण्णे पुग्गलभावा, अण्णो एगो य णाणमित्तोऽहं ।
सुद्धो एस वियप्पो, अवियप्पकसमाहिसंजणओ ॥
एयं परमं णाणं, परमो धम्मो इमो च्चिय पसिद्धो ।
एयं परमरहस्सं, णिच्छयसुद्धं जिणा बिंति ॥"

ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ

(ધર્મપરીક્ષા ગ્રંથ ગા. ૧૦૩, ૧૦૪.)

ભાવાર્થ :—"પૌદ્‌ગલિક-ભાવોના સ્વરૂપ કરતાં મારું જ્ઞાનમય-સ્વરૂપ ભિન્ન છે.

મારે ને આ જગત્‌ના પદાર્થોને કશો સંબંધ નથી."

આવો નય-સાપેક્ષ વિચાર

પરિણામે નિર્વિકલ્પ-સમાધિ ઉત્પન્ન કરે છે,

આ શ્રેષ્ઠ જ્ઞાન છે, શ્રેષ્ઠ ધર્મ છે અને નિશ્ચય-નયની દૃષ્ટિથી શુદ્ધ રહસ્ય પણ તીર્થંકર-પ્રભુઓએ આ કહ્યું છે.

સમ્યગ્-દર્શનની મહત્તા

જગતમાં દેખાય છે કે-પ્રવૃત્તિનું લક્ષ્ય કે પ્રયોજન ચોક્કસ કર્યા વિના કોઇપણ પ્રાણી પ્રવર્ત્તતો નથી, છતાં પ્રવૃત્તિની સફળતાનો આધાર લક્ષ્યની સાચા સ્વરૂપમાં કરેલી ચોક્કસાઈ પર છે.

તેથી જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોના વિકાસ સ્વરૂપે આત્મ-કલ્યાણ સાધવા ઇચ્છતા મુમુક્ષુ આત્માએ પોતાની સંયમાદિ પ્રવૃત્તિના ધ્યેયનું સ્પષ્ટ દર્શન કરવું જરૂરી છે.

માટે આ વિભાગમાં

સંયમની પ્રવૃત્તિમાં પ્રવર્ત્તતા ભવ્યાત્માઓને આરાધક-ભાવને વધુ નિર્મલ કરવા જરૂરી આત્મા તથા તેના સ્વરૂપને ઓલખાવનારા, વિવેકજ્ઞાનદ્વારા અનાદિકાલીન પૌદ્ગલિક-રમણતાને દૂર કરનારા અને વાસ્તવિક આરાધક-ભાવની જાગૃતિ કરનારા પ્રેરણાત્મક, સદુપદેશગર્ભિત વિવિધ ભાવનાઓ, મહાપુરુષોના અનુભવસત્ય સુવચનો, આત્મલક્ષી હિતકર શિક્ષાઓ—વગેરેનો સંગ્રહ કર્યો છે.

જે વાંચી-વિચારી વિવેકી-પુણ્યાત્માઓએ પોતાની સંયમ-પ્રવૃત્તિમાં અધ્યવસાયોની નિર્મલતા, દૃષ્ટિશુદ્ધિ અને લક્ષ્યની ચોક્કસાઈ પૂર્વક આગળ વધાય તો પરિણામે-જ્ઞાની-ભગવંતોના વચનાનુસારી જીવનનું ઘડતર કરવા માટે જરૂરી ગુરુનિશ્રા-સમર્પણ ભાવ સહજ રીતે કેળવી શકાય.

શ્રી

નમસ્કાર મહામંત્ર

સ્મરણ

સંયમ-માર્ગે આન્તરિક-ભાવોલ્લાસ પૂર્વક વધવા ઇચ્છનાર સાધુ-સાધ્વીએ નિદ્રામાંથી જાગૃત થતાંજ ચૌદ-પૂર્વના સારરૂપ શ્રી નવકાર-મહામંત્રનું નિર્મલ ચિત્તે સ્મરણ કરવું. પછી ભાવશુદ્ધિ અને અધ્યવસાયોની નિર્મલતા વધુ સારી કેળવવા માટે નીચેના શ્લોકો અને ભાવનાઓનું એકાગ્ર ચિત્તે ચિંતન કરવું; અને વ્યવસ્થિત જાપ કરી પંચ પરમેષ્ઠી પ્રતિ કૃતજ્ઞતા પૂર્ણ ભક્તિરાગ જગાવવો.

આરાધનામાં આગળ વધવા માટે પંચપરમેષ્ઠી-ઓના નમન-સ્મરણાદિથી થતા મોહનીય કર્મના હ્રાસથી જરૂરી ભાવોલ્લાસ મેળવી શકાય.

શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા

हरइ दुहं कुणइ सुहं, जणए जसं सोसए भवसमुद्दं ।
इहलोइय–पारलोइय–सुहाण मूलं णमुक्कारो ॥ १ ॥

શ્રી નમસ્કાર મહામંત્ર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવ–સમુદ્રને શોષવે છે, તથા આ નમસ્કાર મહામંત્ર આ લોક અને પરલોકના સઘળા સુખોનું મૂળ છે.

जिण–सासणस्स सारो; चउदस–पुव्वाण जो समुद्धारो ।
णवकारो जस्स मणे, संसारो तस्स किं कुणइ ? ॥२॥

શ્રી નવકાર મંત્ર એ જિનશાસનનો સાર છે, ચૌદ–પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે, તે શ્રી નવકારમંત્ર જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરે ? અર્થાત્ કાંઈ પણ કરવા સમર્થ નથી !

सेयाणं परं सेयं, मंगल्लाणं च परम–मंगल्लं ।
पुण्णाणं परमपुण्णं, फलं फलाणं परमरम्मं ॥३॥

શ્રી નવકારમંત્ર એ સર્વ–શ્રેયોમાં પરમશ્રેય છે. સર્વ–માંગલિકને વિષે પરમ માંગલિક છે. સર્વ–પુણ્યોને વિષે પરમપુણ્ય છે અને સર્વ–ફલોને વિષે પરમ રમ્ય ફળ છે,

एसो जणओ जणणी य, एस एसो अकारणो बंधू ।
एसो मित्तं एसो, परमुवयारी णमुक्कारो ॥४॥

આ નવકાર એ પિતા છે, આ નવકાર એ માતા છે, આ નવકાર એ અકારણ-બન્ધુ છે અને આ નવકાર એ પરમોપકારી મિત્ર છે.

धण्णोऽहं जेण मए, अणोरपारम्मि भवसमुद्दम्मि ।
पंचण्ह णमुक्कारो, अचिंत-चिंतामणी पत्तो ॥५॥

હું ધન્ય છું ! કે મને અનાદિ અનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય-ચિંતામણિ જેવો પંચ-પરમેષ્ઠિઓનો નમસ્કાર પ્રાપ્ત થયો.

थंभेइ जलं जलणं, चिंतियमित्तो वि पंचणमुक्कारो ।
अरि-मारि-चोर-राउल-घोरु-वसग्गं पणासेइ ॥ ६ ॥

પંચ નવકાર ચિંતવવા માત્રથી પણ જલ અને અગ્નિ ને થંભાવી દે છે, તથા શત્રુ, મરકી, ચોર અને રાજાઓના ઘોર ઉપસર્ગોનો અત્યંત નાશ કરે છે.

णवकाराओ अण्णो, सारो मंतो ण अत्थि तियलोए ।
तम्हा हु अणुदिणं चिय, पढियव्वो परम-भत्तीए ॥७॥

ત્રણ લોકમાં નવકારથી અન્ય કોઇ સારો મંત્ર નથી, માટે તેને પ્રતિદિન પરમ ભક્તિથી ભણવો જોઇએ.

णवकार इक्क अक्खर, पावं फेडेइ सत्त-अयराणं ।
पण्णासं च पएणं, सागर पणसय समग्गेणं ॥८॥

શ્રી નવકાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમના

પાપ નાશ કરે છે. શ્રી નવકાર મંત્રના એક પદ વડે પચાસ સાગરોપમના પાપ નાશ પામે છે અને સમગ્ર નવકાર વડે પાંચસો સાગરોપમના પાપ નાશ પામે છે.

इक्कोवि णमुक्कारो, परमेट्ठिणं पगिट्ठ-भावाओ ।
सयलं किलेसजालं, जलं व पवणो पणुल्लेइ ॥ ९ ॥

પ્રકૃષ્ટ-ભાવથી પરમેષ્ઠીઓને કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાંખે, તેમ સકલ કૂલેશ-જાળને દૂર કરે છે.

ताव ण जायइ चित्तेण, चिंतियं पत्थिअं च वायाए ।
काएण समाढत्तं, जाव ण सरिओ णमुक्कारो ॥१०॥

ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી, કે જ્યાં સુધી શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર ને સ્મરવામાં નથી આવ્યો.

जं किंचि परमतत्तं, परमपयकारणं च जं किंचि ।
तत्थ वि सो णवकारो, झाइज्जइ परम-जोगिहिं ॥११॥

જે કાંઈ પરમ તત્ત્વ છે અને જે કાંઈ પરમ-પદનું કારણ છે, તેમાં પણ આ નવકાર જ પરમ યોગીઓ વડે વિચારાય છે.

એક જ અક્ષર એકચિત્ત, સમર્યાં સંપત્તિ થાય,
સંચિત સાગર સાતનાં, પાતિક દૂર પલાય. ૧

*

સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્ગુરુ ભાષિતસાર,
સો ભવિયાં મન-શુદ્ધિશું, નિત્ય જપીયે નવકાર. ૨

*

શ્રી નવકાર સમો જગિ, મંત્ર ન યંત્ર ન અન્ય,
વિદ્યા નહીં ઔષધ નહીં, એહ જપે તે ધન્ય. ૩

*

કષ્ટ ટલ્યાં બહુ એહને, જાપે તુરત કિદ્ધ,
એહના બીજની વિદ્યા, નમિ વિનમિને સિદ્ધ. ૪

*

રતન તણી જેમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ્ય,
ચૌદ પૂરવનો સાર છે, મંત્ર એ તેહને તુલ્ય. ૫

*

સકલ સમય અભ્યંતર, એ પદ પંચ પ્રમાણ,
મહસુખ-ખંધ તે જાણો, ચૂલા સહિત સુજાણ. ૬

*

પંચ નમસ્કાર એ સુ પ્રકાશ, એહથી હોયે સવિ પાપનાશ,
સર્વ મંગલતણું એના મૂલ, સુજશ વિદ્યાં વિવેકાનુકૂલ. ૭

*

અરિહંતાદિક સુ નવ પદ, નિજ મન ધરે જુ કોઈ,
નિશ્ચય તસુ નર-સેહર, મણ-વંછિય ફલ હોઇ. ૮

*

અશુભ કરમ કે હરણ કું, મંત્ર બડો નવકાર,
વાણી દ્વાદશ અંગ મેં, દેખ લીઓ તત્વ સાર. ૯

*

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલિ,
નવદલ શ્રી નવકાર પય, કરી કમલાસન કેલિ. ૧૦

*

પાતક પંક પખાલીને, કરી સંવરની પાળ,
પરમહંસ પદવી ભજો, છોડી સકલ જંજાલ. ૧૧

*

નમસ્કાર મહામંત્રને, રટતાં આતમ શુભરસ જાગે,
દિનભરની શુભ કરણી માંહે, શિવસુખ ડંકા વાગે. ૧૨

શ્રી નમસ્કાર-મહામંત્રની ઉત્તમતા

० "પરમેષ્ઠી નમસ્કાર" એ ગુણાનુરાગનું પ્રતીક છે, એનાથી ગુણાનુરાગ ન હોય તો જાગે છે, અને હોય તો વધે છે.

० વળી અંતરાત્મ-ભાવને લાવનાર, તેને ટકાવનાર, વધારનાર અને છેવટે પરમાત્મ-ભાવ સુધી પહોંચાડ-નાર "પરમેષ્ઠી નમસ્કાર" છે.

० માર્ગાનુસારીની ભૂમિકાથી માંડી સમ્યગ્ દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર સર્વ જીવોનું "પરમેષ્ઠી-નમસ્કાર" એ પરમ-આવશ્યક કર્તવ્ય થઈ પડે છે.

લોકોત્તર-ભાવના

અનુપમ મૈત્રી

જો શક્તિ મુજને મલે, (તો) આપુ સહુને સુખ,
કર્મના બંધન ટાળીને, કાપુ સહુનાં દુઃખ.

ક્ષમાપના

મુજને દુઃખ આપે ભલે, તો પણ હું ખમું તાસ,
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ.

સર્વાત્મભાવ

જગના પ્રાણીમાત્રને, વહાલા છે નિજ પ્રાણ,
માટે મન-વચ-કાયથી, સદા કરું તસ ત્રાણ

પર-હિત-ચિંતા

આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ,
ત્રસ-સ્થાવર જીવો બધા, દુઃખિયા કો નવિ થાય.

વાત્સલ્ય-ભાવ

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય,
શ્રી જિનશાસન વિષે, સ્થાપુ જીવ બધાય.

* * *

જાપનો પ્રભાવ

“ આ મહામંત્રના સ્મરણ (ચિંતનપૂર્વક જાપ)ના બલે સૂર્યથી અંધકાર દૂર ભાગે, તેમ સહજ-સિદ્ધ આત્મ-શક્તિઓની ખીલવણીના પરિણામે જગતના નાનાવિધ સંકટો દૂર ભાગે છે.”

નિર્મલ-મૈત્રી ભાવથી, ભરપૂર હે ભગવંત !,
મુદિત ભાવ ઉદિત થયો, પૂર્ણ-કલાએ સંત. ૧

નિર્મલ કરુણાનો ઝરો, ચૌદ રાજ રેલાય,
તાસ પ્રભાવે હે પ્રભુ !, જગજીવ દુઃખ ધોવાય. ૨

મધ્યસ્થ દૃષ્ટિ છે આપની, પક્ષપાત નહીં લેશ,
ધર્મ-બીજ છો હે પ્રભુ !; યોગ-સ્વરૂપ-સવિશેષ. ૩

એવા શ્રી વીતરાગને, ત્રિકરણ - યોગે આજ,
વંદન કરૂં હું ભાવથી, જય જય શ્રી જિનરાજ. ૪

*   *

સર્વ વિશ્વમાં શાન્તિ પ્રગટો ! થાઓ સૌ કોનું કલ્યાણ !
સર્વલોકમાં સત્ય પ્રકાશો ! દિલમાં પ્રગટો શ્રી ભગવાન ! ૧

શાન્તિ તુષ્ટિ પુષ્ટિ પામો ! જીવો પામો મંગળ માળ !
આત્મિક ઋદ્ધિ સિદ્ધિ પામો ! પામો સહુપદ નિરવાણ ! ૨

卐

યાદ રાખવા જેવું !!!

* ગુણાનુરાગ અને સ્વ-દોષ-દર્શન જીવનશુદ્ધિ-રથના બે ચક્રો છે.

* અહં-મમના સંસ્કારોને નબળા પાડવા પંચ-પરમેષ્ઠીઓની શરણાગતિ સ્વીકારી ભાવ-શુદ્ધિપૂર્વક શ્રી નવકારનો જાપ કરવો.

—: આદર્શ ભાવના :—

પ્રત્યેક મુમુક્ષુ સાધુ-સાધ્વીએ જીવનની સાધનાનું અપૂર્વ સાધન અને પરભવના અમૂલ્ય હિતસાધક ભાથા સમાન નીચેની ભાવના અવશ્ય ભાવવી જોઇએ.

ચતુઃશરણ :— શાર્દૂલવિક્રીડિત છંદ.

आप्तोऽष्टादश–दोष–शून्य–जिनपश्चाऽर्हन् सुदेवो मम ।
त्यक्ताऽऽरंभ–परिग्रहः सुविहितो वाचंयमः सद्गुरुः ॥
धर्मः केवलि–भाषितो वर–दयः कल्याण–हेतुः पुनः ।
अर्हत्–सिद्ध–सुसाधु–धर्मशरणं भूयात् त्रिशुद्धयाऽऽमवम् ॥

ભાવાર્થ :– રાગ–દ્વેષાદિ અઢાર દોષોથી રહિત વીતરાગ અરિહંત પરમાત્મા એ મારા સુદેવ છે.

આરંભ, પરિગ્રહ અને મોહ–માયાથી સર્વથા વિમુક્ત, સાધુતાના આદર્શ પ્રતિમૂર્તિસ્વરૂપ સુવિહિત

—સાધુઓ મારા સદ્ગુરુ છે.

અને તીર્થંકર પ્રભુએ કેવલજ્ઞાનના બળે સ્વયં અનુભવીને જગતના પ્રાણીઓના એકાંત-હિત માટે પ્રરૂપેલ જયણા-પ્રધાન અહિંસામય મારો સદ્ધર્મ છે.

હું ત્રિ-કરણ-શુદ્ધિએ સમગ્ર-ભવની પરંપરામાં પરમાધારસ્વરૂપ અરહિંત, સિદ્ધ, સુસાધુ અને ધર્મનું શરણ ભાવપૂર્વક સ્વીકારું છું.

દુષ્કૃતગર્હા— શાર્દૂલવિક્રીડિત છંદ

भूता-नागत-वर्त्तमानसमये यद् दुष्प्रयुक्तैर्मनो-
वाक्कायैः कृत-कारिता-नुमतिभिर्देवादितत्त्वत्रये ॥
सङ्घे प्राणिषु चाप्त-वाच्यनुचितं हिंसादि पापास्पदम् ।
मोहान्धेन मया कृतं तदधुना गर्हामि निंदाम्यहम् ॥२॥

ભાવાર્થ :-ભૂત, વર્ત્તમાન કે ભાવિકાલમાં મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓથી કરણ, કરાવણ અને અનુમોદનદ્વારા દેવ, ગુરુ, ધર્મ, શ્રીસંઘ, શ્રી તીર્થંકર પ્રભુની વાણી કે કોઇપણ પ્રાણી વિષે મોહાંધ થઈ જે કંઇ અનુચિત આચર્યું હોય, હિંસાદિ પાપો આસેવ્યા હોય, તેની હું સાચા દિલથી પશ્ચાતાપ અને કરેલા પાપોની સાચા એકરાર સાથે નિંદા-ગર્હા કરું છું.

સુકૃતાનુમોદના— શાર્દૂલવિક્રીડિત છંદ

अर्हत्-सिद्ध-गणीन्द्र-पाठक-मुनि-श्राद्धा-व्रति-श्रावका-
द्यर्हत्त्वादिक-भाव-तद्गतगुणान् मार्गानुसारीन् गुणान् ॥

श्रीअर्हद्-वचनानुसारि-सुकृता-नुष्ठान-सद्दर्शन-
ज्ञानादीननुमोदयामि सुहितैर्योगैः प्रशंसाम्यहम् ॥ ३ ॥

ભાવાર્થ :- અરિહંત પરમાત્મા, શ્રીસિદ્ધ ભગવાન્, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શ્રાવક, અવિરત-શ્રાવક આદિમાં રહેલ અરિહંતપણું આદિગુણો તથા પ્રભુ-શાસનની મર્યાદાને અનુસરતા માર્ગાનુસારી ગુણો શુભ અનુષ્ઠાનો અને સમ્યગ્જ્ઞાનાદિ વિશિષ્ટ-ગુણોની પ્રશસ્ત ત્રિકરણ-યોગથી પ્રશંસા કરું છું.

क्षमापना— શાર્દૂલવિક્રીડિત છંદ

संसारेऽत्र मया स्व-कर्म-वशगा जीवा भ्रमन्तोऽखिलाः ।
क्षाम्यन्ते क्षमिता क्षमन्तु मयि ते केनापि सार्धं मम ॥
वैरं नास्ति च मैत्रीताऽस्ति सुखदा जीवेषु सर्वेषु मे ।
यद् दुश्चिंतित-भाषित-प्रविहितं मिथ्याऽस्तु तद् दुष्कृतम् ॥

ભાવાર્થ :- આ સંસારમાં પોતપોતાના શુભાશુભ કર્મના વિપાકવશ ભટકતા બધા જીવોને હું ખમાવું છું ! ખમાવેલા તેઓ પણ મને માફ કરે, મારે કોઇની સાથે વૈરભાવ નથી !!!

સહુ જીવો સાથે સુંદર મૈત્રીભાવ ધારું છું ! અને જે કંઇ સંસારી-જીવો વિષે કર્મવશ અશુભ સંકલ્પ, વચન, ચેષ્ટાદિ પ્રયોજ્યા હોય તે બધાયનું સાચા ભાવથી મિથ્યા દુષ્કૃત દઉં છું !!!

अपूर्व भावना—   શાર્દૂલવિક્રીડિત છંદ

तच्चायास्यति ? मे कदा दिनमहं यत् पालयिष्येऽमलम् ।
चारित्रं जिनशासन-स्थित मुनेर्मार्गे--चरिष्याम्यहम् ॥
मुक्तो जन्म--जराऽऽदि--दुःख--निवहात् संवेग--निर्वेदता-
प्रोक्ता-स्तिक्य--दयालुता--प्रशमतां धर्ता भविष्याम्यहम् ॥

ભાવાર્થ :- તે દિવસ મારો ક્યારે આવશે ? કે જ્યારે હું નિર્મલ ચારિત્રને પાળીશ !

અને પૂર્વના મહાપુરુષોએ આચરેલ માર્ગે ચાલવા ઉદ્યત થઇશ !!

તથા જન્મ–જરા–મરણના દુઃખસમૂહથી મુક્ત બની ઉત્તમ સંવેગ, નિર્વેદ, જિનોક્ત વચનો ઉપર અવિહડ શ્રદ્ધા, દયાલુતા અને પ્રશમ—ભાવ આદિ ઉજ્જવળ ગુણોનો ધારક બનીશ !!!

卐

* હિતકર સુવાક્યો *

મુમુક્ષુએ વિષયોની ઝંખના ન કરવી.

*

સદાચાર સદ્વિચારની કૂંચી છે.

*

સદાચારની કૂંચી પવિત્ર વાતાવરણ છે.

ભાવના-રસાયણ

સંયમની વિશુદ્ધ આરાધના માટે ઉદ્યત બનવા છતાં અનાદિકાલના સંસ્કારોથી દૃઢમૂળ બનેલી વિષય-વાસના અને ઇન્દ્રિયોની લાલસાઓના આવેગને સંયમિત કરવા, અપૂર્વ રસાયણ-સમાન નીચેના અર્થગંભીર ભાવનાના શ્લોકો નિરંતર વિચારવા ઘટે.

આ શ્લોકો શાંત-રસના અપૂર્વ અદ્ભુત વર્ણનાત્મક, અને વિષય-કષાયના ભડભડતા તાપથી સંતપ્ત આત્માઓને શ્રવણ-માત્રથી પરમશાંતિ આપનાર અને સાહિત્યિક દૃષ્ટિએ અત્યુત્તમ ગણાતા **શ્રી જયદેવ-કવિરચિત શૃંગારગર્ભ ભક્તિપ્રધાન ગીતગોવિંદ** (ગેય-કાવ્ય) ને પણ નિસ્તેજ બનાવનાર, અત્યુત્તમ ગેય-કાવ્ય-ચૂડામણિરૂપ, **પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ રચિત શ્રી. શાંતસુધારસ-ભાવના** ગ્રંથમાંથી ઉપયોગી ધારીને અહીં મૂકયા છે.

प्रभु-वाणीमहिमा— શાર્દૂલવિક્રીડિત છંદ.

नीरन्ध्रे भव-कानने परिगलत्-पञ्चाश्रवाम्भोधरे,
नाना-कर्मलता-वितान-गहने मोहान्धकारोध्धुरे ।
भ्रान्तानामिह देहिनां हित-कृते कारुण्य-पुण्यात्मभि-
स्तीर्थेशैः प्रथिताः सुधारसकिरो रम्या गिरः पान्तु वः ॥

જ્યાં ચારે બાજુથી સંસારની વૃદ્ધિ કરનારા હિંસાદિ પાંચે આશ્રવોરૂપ મેઘ નિરંતર વરસી રહેલ છે. તથા જે વિવિધ પ્રકારના કર્મોરૂપ લતાઓના સમૂહથી જટિલ-દુઃસંચાર, અને મોહના ગાઢ અંધકારથી વ્યાપ્ત છે,

આવા અતિભીષણ ગાઢ સંસારરૂપ જંગલમાં ભૂલા-ભટકેલા અજ્ઞાન-મૂઢ પ્રાણીઓને એકાંત-કરુણાની બુદ્ધિથી કહેવાયેલી અને તેઓના હિતને કરનારી અમૃત સમાન મધુર એવી શ્રી તીર્થંકર પ્રભુઓની વાણી તમારું રક્ષણ કરો. !!!!

આ કાવ્યમાં—

ભવરૂપ જંગલ,

તે પણ ગાઢ,

વળી તેના મૂળને વધુ સિંચી

વૃદ્ધિ કરનારા પાંચ આશ્રવરૂપ મેઘોનો

નિરંતર વરસાદ,

તથા અનેક કર્મરૂપ વિચિત્ર જટિલ લતાઓના

સમૂહથી દુઃશક્ય સંચરણ,

અને ગાઢ મોહનો અંધકાર,

-વગેરે દર્શાવી-

-અતિ વિચિત્ર-પરિસ્થિતિમાં ભૂલા પડેલ પ્રાણીઓને અમૃતસમાન મધુર અને હિત સાધવાપૂર્વક સ્વસ્થતા પમાડનારી પ્રભુની વાણીનું મહત્ત્વ દર્શાવ્યું છે.

એટલે પ્રભુની વાણીનો કેટલો અતિશાયી મહિમા છે? તેનું સૂક્ષ્મ ચિંતન કરી, તે પ્રતિ અપૂર્વ આદર-બહુમાન કરવાનું આ શ્લોક સૂચવે છે.

द्वादश भावना— —અનુષ્ટુપ્ છંદ

अनित्यत्वा-शरणते, भव-मेकत्व-मन्यताम् ।
अशौच-माश्रवं चात्मन् ! संवरं परिभावय ! ॥ २ ॥
कर्मणो निर्जरां धर्म-स्वक्ततां लोकपद्धतिम् ।
बोधिदुर्लभता-मेताः, भावयन् मुच्यसे भवात् ॥ ३ ॥

હે વિવેકી આત્મન્! અનિત્યત્વ, અશરણત્વ, સંસાર, એકત્વ, અશૌચ, આશ્રવ, સંવર, નિર્જરા, ધર્મસ્વાખ્યાતતા, લોકવ્યવસ્થા, અને બોધિદુર્લભતા આ બાર ભાવનાઓના યથાસ્થિત ભાવનથી તું આ સંસારના બંધનોથી મુક્ત થઈશ; માટે વિવેકી બની સતત ભાવનાશીલ બન !!!

वैराग्य-भावना — શાર્દૂલવિક્રીડિત છંદ

आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः संपदः ।
सर्वेऽपीन्द्रिय-गोचराश्च चटुलाः संध्या-भ्र-रागादिवत् ॥
मित्र-स्त्री-स्वजनादि-संगमसुखं स्वप्नेन्द्रजालोपमम् ।
तत् किं वस्तु? भवे भवेदिह मुदामालम्बनं यत् सताम् ॥४॥

ખરેખર! આ જગતમાં દીર્ઘજીવી હોવાની ભ્રામક માન્યતાને વશ થઈ અજ્ઞાન-દશામાં વર્તતા આત્માઓ

જગતના પદાર્થોના સંચય માટે અહર્નિશ ઉદ્યત રહે છે, ત્યાં સમજવાની જરૂર છે કે–

"આયુષ્ય તો પવનના ઝકોરાથી ચંચલ બનેલ તરંગની જેમ અસ્થિર છે.

સંપદાઓ આપદાઓથી ઘેરાએલી જ હોય છે,

ઇન્દ્રિયોના સુંદર લાગતા વિષયો પણ સંધ્યાકાલના રંગ–બેરંગી વાદળાંની જેમ અસ્થિર છે.

અને મિત્ર–કુટુંબ પરિવારના સંગમનું સુખ સ્વપ્ન-સૃષ્ટિ કે ઈન્દ્રજાળની જેમ માત્ર આભાસિક જ છે."

માટે હે મૂઢ! તું વિચાર તો કર! કે જગતમાં એવો કયો પદાર્થ છે? કે જે સજ્જનો-વિવેકીઓને વાસ્તવિક આનંદ દેનારો હોય.!

संसारस्वरुप— (શિખરિણી છંદ)

इतो लोभः क्षोभं जनयति दुरन्तो दव इवो–
ल्लसँल्लाभाम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाऽक्षाणां तुदति मृगतृष्णेव विफला ।
कथं स्वस्थैः स्थेयं ? विविध–भय–भीमे भव–वने ॥ ५ ॥

સંસારની મોહમાયા કેવી વિચિત્ર છે!

આ બાજુ સળગતા દાવાનલની જેમ વિષમ લોભરૂપ અગ્નિ કથમપિ પુણ્યબળે મળી આવતા જગતના પદાર્થોના લાભરૂપ પાણીથી શાંત થતો નથી, પણ "लाहा लाहो पवड्ढइ" ની કહેવત મુજબ વધતો જાય છે.

બીજી બાજુ મૃગ-તૃષ્ણાની જેમ વ્યર્થ આયાસ કરાવનાર ઇન્દ્રિયોની લાલસા-તૃષ્ણા નાહક સંતાપે છે.

વિવિધ ભયાવહ—પ્રકારોથી ભરેલા આ સંસારરૂપ જંગલમાં કેવી રીતે સ્વસ્થતા અનુભવવી !!!

गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका,
मनो-वाक्कायेहा विकृतिरविशेषात्तरजसः ।
विपद्-गर्त्तावर्त्ते झटिति पतयालोः प्रतिपदम्,
न जन्तोः संसारे भवति कथमप्यर्त्ति-विरतिः ॥ ६ ॥

આ સંસારમાં એક ચિંતાનો અંત આવતો નથી, ત્યાં તો વાસના, વિકાર અને રાગ-દ્વેષની ફસામણીના લીધે પૂર્વ કરતાં અધિક મોટી ચિંતા ઊભી થાય છે, ! આ મુજબ દુઃખોના આવર્તમાં પડેલા જગતના પ્રાણીને ક્ષણવાર પણ અશાતિનો વિરામ થતો નથી !!!

सहित्वा संतापानशुचि-जननी-कुक्षि-कुहरे,
ततो जन्म प्राप्य प्रचुरतर-कष्ट-क्रमहतः ।
सुखाभासैर्यावत्स्पृशति कथमप्यर्त्ति-विरतिम्,
जरा तावत् कायं कवलयति मृत्योः सहचरी ॥ ७ ॥

કર્મના વિષમ બંધનોમાં બંધાયેલ પ્રાણી માતાના ગર્ભાશયમાં અનેક ઉગ્ર દુઃખ-રાશિને સહન કરી અતિશય વેદનાપૂર્વક જન્મે છે,

બાહ્ય સાંસારિક ક્ષણિક સુખાભાસ કરાવનાર પૌદ્ગલિક પદાર્થોના સંયોગે જ્યાં કંઈક શાંતિ-તૃપ્તિ ભોગવે એવી સ્થિતિમાં આવે છે કે—

—તરત જ મૃત્યુની સહચરી જરા-રાક્ષસી આવીને પોતાના પંજામાં તે પ્રાણીને સપડાવી લે છે !!!

અહાહા ! જગતમાં સુખના માટે તલસતા પ્રાણીને સુખ મળવાની સંભાવના જ ક્યાં છે ?

एकत्व भावना— (સ્વાગતા છંદ)

एक एव भगवानयमात्मा, ज्ञान-दर्शन-तरङ्ग--सरङ्गः ।
सर्वमन्यदुपकल्पितमेतद्, व्याकुलीकरणमेव ममत्वम् ॥

આ મારો આત્મા જ્ઞાન અને દર્શનના વિવિધ પર્યાયોથી શોભતો શુદ્ધ-સ્વરૂપી એકલો જ છે !

બાકી બધા આ જગતમાં જણાતા સુખના સાધનરૂપ મોહ-માયાના પદાર્થો કલ્પનામાત્ર છે !!

એમાં મમત્વ કરવું તે કેવલ ધૂમાડાને બાચકા ભરવા જેવું છે !!!

अन्यत्व भावना— (અનુષ્ટુપ છંદ)

"परः प्रविष्टः कुरुते विनाशम्,"
लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुभिरस्य किं किम् ?
ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥ १ ॥

જગતમાં કહેવાય છે કે-"પારકો માણસ ઘરનો ભેદ જાણી જાય તો છેવટે તે આપણો વિનાશ જ કરે." આ વાત કંઇ ખોટી નથી. જુઓને !!! જ્ઞાનસ્વરૂપ-ચિદાનંદમય-આત્માને પર-પુદ્‌ગલ-સ્વરૂપ કર્મના અણુઓએ શું શું કષ્ટ નથી આપ્યું ?

ज्ञान-दर्शन-चारित्र-केतनां चेतनां विना ।
सर्वमन्यद् विनिश्चित्य, यतस्व स्व-हिताप्तये ॥ १० ॥

ચૈતન્યમય આત્માનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર-સ્વરૂપ ગુણો સિવાય કંઇ પોતાનું નથી, એમ નિશ્ચય કરી હે મુમુક્ષુ ! આત્મ-હિતકારી પ્રવૃત્તિમાં ઉદ્યમવંત થા !

शरीराशुचित्व— (મંદાક્રાંતા છંદ)

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भि-
र्वारंवारं बत स-मल-तनु चंदनैरर्चयन्ते ।
मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते,
नो बुद्ध्यन्ते कथमवकरः शक्यते ? शोद्धुमेवम् ॥ ११ ॥

મોહ-ગ્રસ્ત પ્રાણીઓ વારંવાર ન્હાવા-ધોવાની પ્રવૃત્તિમાં પડી ચોકખા પાણીથી શરીરની સાફસુફી કરે છે.

તથા અંદરથી વિરૂપ-મલોના ખજાનારૂપ શરીરને બહારથી સુગંધી-ચંદનાદિથી શોભાયુક્ત કરવા મથે છે અને માનસિક-માન્યતાઓના બળે પોતાને શુદ્ધ ચોકખા થયેલા માને છે.

પણ ! મૂઢાત્માઓ સમજતા નથી કે-પ્રતિક્ષણે નવા અનેક પ્રકારના મલોથી વ્યાપ્ત થતું ઉકરડાસ્વરૂપ આ શરીર સાફ ક્યાં થવાનું છે !!!

यदीयसंसर्गमवाप्य सद्यो-
भवेच्छुचीनामशुचित्वमुच्चैः ।
अमेध्य-योनेर्वपुषोऽस्य शौच-
सङ्कल्प-मोहोऽयमहो महीयान् । १२ ॥

જે શરીરની સોબત પામીને સુંદર અને પવિત્ર લેખાતા જગતના ઉત્તમ કસ્તુરી, ચંદન, મિષ્ટાન્ન, નવાં કપડાં, ઘરેણાં, ફુલની માળા વગેરે પદાર્થો અપવિત્ર-અસ્પૃશ્ય-જુગુપ્સાજનક નિવડે છે.

આવી અપવિત્રતાના ખજાનારૂપ શરીરની શુદ્ધિ કરવા-થવાનો સંકલ્પ પણ ખરેખર ! પોતાની ભયંકર અજ્ઞાનતાનું પ્રદર્શન કરે છે !!!

आश्रव स्वरूप— (ભુજંગપ્રયાત છંદ)

यथा सर्वतो निर्झरैरापतद्भिः,
प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।
तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी,
भवेद् व्याकुलश्चञ्चलः पङ्किलश्च ॥ १४ ॥

જેમ તલાવમાં ચારે બાજુ ઝરણાં ચાલુ હોય તો તુરત પાણીથી તલાવ ભરાઇ જાય છે, તેમ હિંસાદિ

આશ્રવોદ્વારા કર્મરૂપ પાણીથી જીવાત્મા વ્યાકુલ, ચંચલ અને મલિન થાય છે.

आश्रवविवेक— (શાર્દૂલવિક્રીડિત છંદ)

यावत् किंचिदिवानुभूय तरसा कर्मेह निर्जीर्यते,
तावच्चाश्रव-शत्रवोऽनुसमयं सिञ्चन्ति भूयोऽपि तत् ।
हा ! कष्टं कथमाश्रव-प्रतिभटाः शक्या निरोद्धुं मया,
संसारादति-भीषणात् मम हहा ! मुक्तिः कथं भाविनी ? ॥१४॥

અરે રે ! દુઃખની વાત છે કે-હું કંઇક કર્મોના ભારને ભોગવીને હળવો કરું છું, તેટલામાં તો આશ્રવરૂપ શત્રુઓ ભોગવ્યા કરતાં કઇગણા કર્મોનો ભાર મારા પર લાદે છે.

મારે આશ્રવરૂપ દુશ્મનોને કયા ઉપાયથી રોકવા ? આમ જ જો ચાલ્યા કરે, એટલે ભોગવું તેના કરતાં કઇગણું બંધાય તો પછી આ ભીષણ-સંસારથી મારી મુક્તિ—છૂટકારો શી રીતે થશે ?

आश्रव-निरूपण— (પ્રહર્ષિણી છંદ)

मिथ्यात्वा-विरति-कषाय-योगसंज्ञा-
श्चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभिर्बध्नन्तो
भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥ १५ ॥

હિતેચ્છુ—મહાપુરુષોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર પ્રધાન આશ્રવો જણાવ્યા છે

કે જેનાથી પ્રતિસમયે પ્રાણીઓ ભ્રમ-અજ્ઞાનવશ કર્મો બાંધી સંસારમાં ભટકે છે.

संवरस्वरूप— (સ્વાગતા છંદ)

संयमेन विषयाऽविरतत्वे,
दर्शनेन वितथाऽभिनिवेशम् ।
ध्यानमार्त्तमथ रौद्रमजस्रं,
चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥ १६ ॥

સંયમથી વિષય-વાસના અને અવિરતિને. સમ્યક્ શ્રદ્ધાનથી અસદાગ્રહને અને ચિત્તની સ્થિરતાથી આર્ત્ત તેમજ રૌદ્ર ધ્યાનને રોકવા પ્રયત્નશીલ બન !!!

क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानम्,
हन्या माया मार्जवेनोज्ज्वलेन ।
लोभं वारांराशिं रौद्रं निरुंध्याः,
संतोषेण प्रांशुना सेतुनेव ॥ १७ ॥

ક્ષમાથી ક્રોધનો, મૃદુતા-નમ્રતાથી માનનો, સરલતાથી માયાનો અને વિપુલ-સંતોષથી લોભનો નિગ્રહ કરવો શ્રેષ્ઠ છે.

गुप्तिभिस्तिसृभिरेवमजय्यान्,
त्रीन् विजित्य तरसाधमयोगान् ।
साधु-संवरपथे प्रयतेथा,
लप्स्यसे हितमनीहितमिद्धम् ॥ १८ ॥

ત્રણુ ગુપ્તિઓના શુભ આસેવનથી દુર્જય પણ અશુભ મન-વચન-કાયાને રોકી સુંદર-સંવરના માર્ગે પ્રવૃત્તિ કરવા ઉદ્યત થા, ! જેથી સુંદર હિત-કલ્યાણુની સંપૂર્ણતઃ પ્રાપ્તિ થાય. ! ! !

(મંદાક્રાન્તા વૃત્ત)

एवं रूद्धेष्वमलहृदयैराश्रवेष्वाप्तशाक्य–
श्रद्धाचञ्चत्सितपटपटुः सुप्रतिष्ठानशाली ।
शुद्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः,
स्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्याम् ॥१९॥

ઉપર મુજબ નિર્મલ હૃદયપૂર્વક સંપૂર્ણ આશ્રવોને તે તે પ્રકારોથી રોકી ફરકી રહેલ શ્રદ્ધારૂપ સઢવાળા, જિનોક્ત તત્ત્વને અનુસરવારૂપ સુકાનથી શોભતા, અને મન, વચન, કાયાના યોગની શુદ્ધિરૂપ વેગશાળી પવનથી પ્રેરિત જીવરૂપ વહાણુ સંસાર-સમુદ્રને તરી મુક્તિપુરીમાં પહોંચી જાય છે.

हितशिक्षा—	(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

यावद्देहमिदं गदैर्न मृदितं नो वा जराजर्जरम्,
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभंगुरं निजहिते तावद् बुधैर्यत्यताम्,
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ? ॥२०॥

જ્યાં સુધી આ શરીરમાં રોગનો ઉપદ્રવ નથી થયો ! અગર જરા-વૃદ્ધાવસ્થાથી જીર્ણતા નથી આવી !

જ્યાં સુધી ઈન્દ્રિયો પોતપોતાના વિષયનું જ્ઞાન કરાવવામાં સમર્થ છે! તથા આયુષ્ય હજી ક્ષીણ થયું નથી!

ત્યાં સુધી આત્મ-હિતની સાધના માટે વિવેકી પુરુષોએ ઉદ્યત થઈ રહેવું ઘટે !!!

તલાવ ફુટી જાશે! પાણી ચારે બાજુ ફેલાવા માંડશે !! તે વખતે પાળ કેમ બંધાશે !!!

માટે ચેત! ચેત !! જરા ચેત !!!

विविधोपद्रवं देह-मायुश्च क्षणभंगुरम् ।
कामालम्ब्य धृतिं मूढैः, स्व-श्रेयसि विलंब्यते ? ॥२१॥

આ શરીર વિવિધ ઉપદ્રવનું સ્થાન છે, અને આયુષ્ય ક્ષણ-વિનશ્વર છે, ખરેખર! મૂઢ લોકો કયા વિશ્વાસે-કોના ભરોંસે પોતાની હિતની સાધનામાં છતે સાધન-સંયોગે પ્રવૃત્ત નથી થતા? બહુ વિચારણીય વાત છે !!!

चार भावना— (ઉપજાતિ વૃ૦)

मैत्री परेषां हितचिंतनं यद्, भवेत् प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्त्ताऽङगिरुजां जिहीर्षे-त्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥

પ્રાણી માત્રના હિતનું ચિંતન કરવારૂપ મૈત્રીભાવના.

ગુણો-ગુણીજનો તરફ આદર-બુદ્ધિરૂપ પ્રમોદભાવના.

દુઃખથી પીડિત પ્રાણીઓના દુઃખને દૂર કરવાની પ્રવૃત્તિના પરિણામ સ્વરૂપ કરુણાભાવના.

ઉપદેશ હિતશિક્ષાદિથી ન સમજે તેવા દુર્બુદ્ધિ લોકો તરફ ઉપેક્ષારૂપ માધ્યસ્થ્ય ભાવના.

આ ચારે ભાવનાઓના સતત્ ચિંતનથી અનુપમ ધર્મ-રસાયન મેળવી જીવન-શુદ્ધિ કરવા પ્રયત્નશીલ થવું જરૂરી છે.

अनुपम भावना—   (ઇંદ્ર વજ્રા છંદ)

या रागरोषादिरुजो जनानाम्,
शाम्यन्तु ! वाक्कायमनोद्रुहस्ताः ।
सर्वेऽप्युदासीनरसं रसन्तु !!
सर्वत्र सर्वे सुखिनो भवन्तु !!! ॥ २३ ॥

પ્રાણી માત્રની રાગ-દ્વેષાદિની ધાંધલ દૂર થાઓ ! ! !

મન, વચન, કાયાની અશુભ ધાંધલ-ધમાલ શાંત થાઓ ! ! !

બધાય પ્રાણીઓ મધ્યસ્થ-ભાવરૂપ અમૃતના આસ્વાદને પામો ! ! !

જગત્‌ના સહુ જીવો સર્વથા સુખી બનો !!!

अपूर्व भावना—   (સ્રગ્ધરા છંદ)

धन्यास्ते वीतरागाः क्षपकपथगतिक्षीणकर्मोपरागा-
स्त्रैलोक्ये गन्धनागाः सहजसमुदितज्ञानजाग्रद्विरागाः ।
अध्यारुह्यात्मशुद्ध्या सकलशशिकलानिर्मलध्यानधारा-
मारान् मुक्तेः प्रपन्नाः कृतसुकृतशतोपार्जितार्हन्त्यलक्ष्मीम् ॥

ક્ષપકશ્રેણિના ઉજ્જવલ માર્ગ પર ચાલી કર્મના કલંકને દૂર કરી નિર્મલ બનેલા, ત્રણે લોકમાં શ્રેષ્ઠ, સહજ સ્વાભાવિક જ્ઞાનની દીપ્તિથી શોભતા, પ્રકૃષ્ટ વૈરાગ્યયુક્ત, ચંદ્રસમ ઉજ્જવલ ધ્યાનની નિર્મલ ધારાને અવલંબી મુક્તિની નજીક પહોંચેલા પ્રકૃષ્ટ **અરિહંતપદની** શોભાને ધારનારા **અરિહંત પ્રભુ** ખરેખર ધન્ય છે !!!

तेषां कर्मक्षयोत्थै-रतनुगुणगणैर्निर्मलात्मस्वभावै-
र्गायं गायं पुनीमः स्तवनपरिणतैरष्ट वर्णास्पदानि ।
धन्यां मन्ये रसज्ञां जगति भगवतः स्तोत्रवाणीरसज्ञा-
मज्ञां मन्ये तदन्यां वितथजनकथाकार्यमौखर्यमग्नाम् ॥

કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા નિર્મલ આત્મ–સ્વભાવવાળા સિદ્ધ પરમાત્માના પવિત્ર ગુણોનું કીર્ત્તન કરી હું મારા જીવનને પવિત્ર કરું !!!

જગત્માં ખરેખર! પ્રભુ–વીતરાગના ગુણોનું ગાન કરનારી જીભ જ શ્રેષ્ઠ છે! બાકી જગતના પદાર્થોની ખોટી ભ્રામક વાસનાને વશ થઇ નાહકની ખુશામદ કરનારી જીભ તો ધિક્કારને પાત્ર છે !!!

निर्ग्रन्थास्तेऽपि धन्या गिरिगहनगुहागह्वरान्तर्निविष्टाः,
धर्मध्यानावधानाः समरससुहिताः पक्षमासोपवासाः ।
येऽन्येऽपि ज्ञानवन्तः श्रुतविततधियो दत्तधर्मोपदेशाः,
शान्ता दान्ता जिताक्षा जगति जिनपतेःशासनं भासयन्ति ॥

પર્વતની ગહન એકાંત ગુફાઓમાં વસી ધર્મધ્યાનમાં દત્ત-ચિત્ત, સમભાવથી તરબોળ થયેલા, પંદર કે મહિનાના ઉપવાસની તપસ્યા કરનારા અને પરમોચ્ચ સંયમી જીવનને સાધતા મુનિવરો ધન્ય છે !!!

બીજા પણ જે કોઇ જ્ઞાની, શાસ્ત્રોના પારગામી, વિવિધ ધર્મોના ઉપદેશો દઇ જગતનું એકાંત ભલું કરવામાં તત્પર શાંત, દાંત, જિતેન્દ્રિય મુનિઓ પ્રભુના શાસનને શોભાવે છે, તે સર્વ ધન્ય છે !!!

दानं शीलं तपो ये विदधति गृहिणो भावनां भावयन्ति,
धर्मं धन्याश्चतुर्द्धा श्रुतसमुपचितश्रद्धयाराधयन्ति ।
साध्व्यः श्राद्धयश्च धन्याः श्रुतविशदधिया शीलमुद्भावयन्त्य-
स्तान् सर्वान् मुक्तगर्वाः प्रतिदिनमसकृद् भाग्यभाजःस्तुवन्ति ॥

તથા જે પુણ્યાત્મા ગૃહસ્થો નિર્મલ ભાવના પ્રેરક બલથી દાન-શીલ-તપનું આચરણ કરે છે, વિપુલ ભાવનાઓ ભાવે છે અને શ્રુતજ્ઞાનના સતત શ્રવણ-મનનાદિથી પરિપુષ્ટ થયેલી શ્રદ્ધાપૂર્વક ધર્મને વિશુદ્ધિપૂર્વક આરાધે છે.

તેમજ જે પુણ્યશાલિની સાધ્વીઓ – શ્રાવિકાઓ સહજ નિર્મળ-બુદ્ધિપૂર્વક શીલની પ્રશંસાલાયક વિશુદ્ધ મર્યાદા દૃઢપણે પાળી જગતમાં શ્રેષ્ઠ જિનશાસનની પ્રભાવના કરે છે.

તે બધાના જીવનને કૃતપુણ્ય--ધન્ય બનાવનાર સદ્‌ગુણોને ઇચ્છતા ભાગ્યશાળીઓ સ્તુતિ કરી ખરેખર ! પોતાના જીવનને ઉજજવલ બનાવે છે !!!

સત્કૃત્યાશંસા— (સ્રગ્ધરા ૭'૬)

जिह्वे ! प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्त्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्याऽन्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वम्,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ॥२८॥

હે જિહ્વે ! તું પુણ્યશાળીઓના સદાચરણના પ્રશંસાત્મક ઉદ્ગારો વડે પવિત્ર થવા માટે ઉદ્યત થા ! અને મારા કાનો બીજાના ગુણાનુવાદ કીર્તિ--પ્રશંસાના સોનેરી શબ્દો સાંભળવા સતત સાવધ બન્યા રહો !! તેમજ મારી આંખો બીજાની ચઢતી કલાને જોવા માટે રસિક બની સફળ થાઓ !!!

ખરેખર! અસાર એવા સંસારમાં મળેલી આ ઇન્દ્રિયોની ખરી સાર્થકતા ઉપર મુજબ સદુપયોગથીજ નિવડે છે.

સાંસારિક-પ્રાણીની દશા— (માલિની ૭'૬)

प्रथम-मशन-पान-प्राप्ति-वाञ्छा-विहस्ता-
स्तदनु वसन-वेश्मा-लङ्कृति-व्यग्र-चित्ताः ।
परिणयन-मपत्यावाप्ति-मिष्टेन्द्रियार्थान्,
सततमभिलषन्तः स्वस्थतां क्वाश्नुवीरन् ? ॥ २९ ॥

જગત્‌ના પ્રાણીઓ ક્ષણભર પણ સ્વસ્થતા કે-સુખશાંતિ ક્યાંથી મેળવે ?

જન્મ્યા પછી તરત જ ખાવા–પીવાની ચિંતાની ગડમથલમાં વ્યગ્ર બને છે, પછી પરણવાની, કપડાં–લત્તાંની, ઘરબારની, ઘરેણાં–ગાંઠાની ચિંતાથી વ્યાકુલ બને છે, પછી બાલ–બચ્ચાં પાળવાની ધમાલમાં તેમજ વિવિધ ઈન્દ્રિયોના પદાર્થો મેળવવાની ધાંધલિયા પ્રવૃત્તિમાં જીવન ગુમાવી દે છે.

આમ જગત્‌ના પ્રાણીઓ ક્ષણવાર પણ જીવનની સાચી શાંતિનો અનુભવ કરી શકતા નથી.

સંસારની વિષમતા— (શિખરિણી છંદ)

उपायानां लक्षैः कथमपि समासाद्य विभवम्,
भवाभ्यासात्तत्र ध्रुवमिति निबध्नाति हृदयम् ।
अथाकस्मादस्मिन् विकिरति रजः क्रूरहृदयो-
रिपुर्वा रोगो वा भयमुत जरा मृत्युरथवा ॥ ३० ॥

જગત્‌ના પદાર્થોને વિવિધ આયાસપૂર્ણ અનેક પ્રયત્નોના બલે યથાકથંચિત્ મેળવી અનાદિકાલીન અસત્–વાસનાના બલે તે પદાર્થોને શાશ્વત–સ્થાયી માનવાની ભ્રામક કલ્પના જ્યાં મૂઢ પ્રાણીઓ કરે છે.

ત્યાં તો અકસ્માત્ તેના ઉપભોગમાં અંતરાયસ્વરૂપે દુશ્મનરૂપ, રોગ, જરા, મૃત્યુ અગર બીજા કોઈ એવા વિષમ ભયની ઉપસ્થિતિ થાય છે કે—

જેથી મેળવેલા પદાર્થોથી અલ્પ પણ શાંતિ અનુભવવાનો અવસર હસ્તગત થતો નથી !!!

મધ્યસ્થભાવ— (શાલિની છંદ)

लोके लोका भिन्नभिन्नस्वरूपा,
भिन्नैर्भिन्नैः कर्मभिर्मर्मभिद्भिः ।
रम्यारम्यैश्चेष्टितैः कस्य कस्य-
तद् विद्वद्भिः स्तूयते रुष्यते वा ॥ ३१ ॥

સંસારમાં સમસ્ત પ્રાણીઓ વિવિધ વિચિત્ર-કર્મોના વિપાકની પરાધીનતાએ વિવિધ સ્વભાવના હોઈ સારા-નરસા આચરણો આચરે છે, માટે વિવેકી માણસે કેવલ બાહ્ય આચારોને લક્ષ્યમાં રાખી કોઈની નિંદા કે સ્તુતિ કરવી નહિં !!! કારણ કે જીવમાત્રને સ્વ-સ્વ-કર્માધીન માની તેઓના બાહ્ય વર્તનથી રાગદ્વેષની પરિણતિ કરવી ઉચિત નથી !!! તેમજ તેઓ પ્રતિ તિરસ્કાર-ઘૃણા પણ ઉચિત નથી.

ધર્મની આરાધના ક્યારે ?

આહાર-સંજ્ઞાની મંદતાથી
કાયાની મમતા ઘટે ત્યારે તપ ધર્મ
ભય-સંજ્ઞાની મંદતાથી
કુટુંબની મમતા ઘટે ત્યારે ભાવ ધર્મ
મૈથુન-સંજ્ઞાની મંદતાથી
કામિનીનો મોહ જાય ત્યારે શીલ ધર્મ
પરિગ્રહ-સંજ્ઞાની મંદતાથી
કંચનની મૂર્છા ઉતરે ત્યારે દાન ધર્મ

સંયમ અને જીવનશુદ્ધિ માટે જરૂરી

* આત્મનિરીક્ષણ *

* દીક્ષા–ચારિત્ર સ્વીકારતી વખતે જે ઉચ્ચ કોટિના ભાવ–પરિણામો હતા, તેમાં વધારો થયો ? સ્થિરતા થઈ કે ઘટાડો થયો ?

—વધારો પ્રશંસવા યોગ્ય છે,

—સ્થિરતા અનુમોદન પાત્ર છે,

પણ—

ઘટાડો કેમ ? અને શા કારણથી ?

તેના વિગતવાર વિચારદ્વારા

—સંયમી જીવનની સાચી

જવાબદારીઓ અદા કરવા

પ્રયત્નશીલ થવું જરૂરી છે.

* જેની નિશ્રાએ આરાધના કરાય છે, તેમની નિશ્રાની મહત્તા સમજાણી છે ? સમજાઈ હોય તો પણ—

આરાધનાના દૃષ્ટિકોણથી ? કે આપણી વૃત્તિઓ-ઇચ્છાઓને પંપાળનાર અનુકૂળ વાતાવરણના દૃષ્ટિકોણથી ?

ખૂબ ગંભીરતા સાથે આ સંબંધી ઉંડું વિચારવું.

* આરાધના આપણી સગવડે અને આપણા અનાદિ-કાલીન સંસ્કારોની ઘેરી છાયા તલે થાય છે કે જ્ઞાની ગુરૂ અને શાસ્ત્રોની મર્યાદા અનુસાર થાય છે ?

* બીજા સંયમીઓના કાલ–સંજોગ–સાધનોની વિષમ-તાને આભારી શિથિલાચારની ઢાલ–આડે આપણી કુવૃત્તિ-ઓને પોષવાની અક્ષમ્ય ભુલ થાય છે ખરી ?

* અનંત–જ્ઞાનીઓએ દીક્ષાની પ્રાપ્તિ અને પ્રભુ શાસનની સંયમારાધના અતિદુર્લભ જણાવી ! તે કયી રીતે ?

આપણે દીક્ષા તો સહજમાં મેળવી લીધી છે ! તો દુર્લભતા કયી રીતે ?

* આહાર–વિહાર–વસ્ત્ર–પાત્રની શાસ્ત્રીય રીતે જે હાલમાં વિસરાતી જાય છે, તેને ધ્યાનમાં રાખીને કેટલી આચરણા થઇ રહી છે ?

* સંયમ શુદ્ધિ માટે જરૂરી અજ્ઞાત આહાર--પાણીની ગવેષણા અને અજ્ઞાત–વિહારની જરૂરીયાત સમજાય છે ?

* શહેરો, પરિચિત ગામો અને તીર્થ—ધામમાં વધુ પડતા નિષ્કારણવાસનો ટેવથી પંચાચાર અને સમિતિ ગુપ્તિના પાલનમાં શિથિલતા કે મલિનતા પ્રવેશે છે, એ વાત ધ્યાનમાં છે ખરી ?

* પૂર્વપરિચિત-ગૃહસ્થો કે સાંસારિક-કુટુંબીઓનો નિષ્કારણ પરિચય સંયમ-શુદ્ધિમાં બાધક લાગે છે ખરો?

* સંયમ અને શાસ્ત્ર-સાપેક્ષ જીવનશુદ્ધિના ધોરણે વસ્ત્રાદિની સ્વીકારવાના બદલે રાગભાવ—પોષક વસ્ત્રાદિનો પરિગ્રહ ખૂંચે છે ખરો?

* જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયની સંયમ—પોષક પ્રવૃત્તિઓ સિવાયની વિકથા, છાપાં વાંચવાં આદિ પ્રવૃત્તિઓ જીવન ને વિઘાતક સમજાઈ છે?

અન્તઃકરણ-શુદ્ધિના ઉપાયો

* ખરાબ વાતાવરણથી દૂર રહેવું.
* નિરર્થક વાતો કે વિચારોનો ત્યાગ.
* બીજાનું અહિત કરનારી પ્રવૃત્તિનો સદંતર ત્યાગ.
* બહુ દૂરના ભવિષ્યનો વિચાર ન કરવો.
* કોઈ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ સંબંધે આપણા દૃષ્ટિકોણને વધુ મહત્ત્વ ન આપવું.
* દરેક પ્રસંગોમાં હકીકત ઉપર પૂરતું લક્ષ્ય આપવું.

"जितं हि केन ?
मनो हि येन जितं !!!"

સાધક મુનિની અંતરંગ

આત્મ-વિચારણા

(એકાંતમાં વાંચવા જેવી)

વર્તમાનનું મ્હારૂં જીવન અને શાસ્ત્રમાં બતાવેલા મુનિના આચાર-વિચારો આ બે સામે નજર નાખતાં સ્હેજ પણ પરિણુત-સાધુપણું મારામાં જણાતું નથી !

હવે શાસ્ત્રોના મુનિપણાના આચારો સાથે મારા જીવનને મેળ કઇ રીતે મેળવવો ? વીતરાગ પરમાત્માના આજ્ઞાના બંધારણમાં મારા આત્માને કઈ રીતે લાવવો ?

સુખ-શીલીયા પણું વારંવાર આવી જાય છે ?

મનને સ્થિર રાખવાના પ્રયત્નોમાં સફળતા મળતી નથી !

કષાયો અને એની આડમાં થઈ રહેલ વૃત્તિઓનું પોષણ કાતીલ છૂરીઓની માફક મારા આરાધનાના મર્મને ભેદી રહી છે !!!

સંઘયણ-બળની ખામીના નામે મ્હારી નિર્બળતા-ઓનું થતું પોષણ મને મુંઝવે છે

શરીર વારંવાર આડાઈ કરીને રીસાઈ જાય છે.

અનુકૂલતાની ઇચ્છા છાતી ઉપર વારંવાર ચઢી બેસે છે

પ્રતિકૂલતા તો સ્હેજ પણ ગમતી નથી.

કર્મની નિર્જરામાં અને માર્ગની સ્થિરતામાં કલ્યાણ

મિત્રનું કામ કરનારા પરિષહો આવતાં પ્હેલાં રોકી દેવાનું મન થાય છે.

આખો સંસાર આંખો કાઢી ડરાવે છે.

શાસ્ત્રીય–મર્યાદા સાથે જીવનના જોડાણમાં મોહા-.રાજા ફાવવા દેતો નથી

વ્યવહાર–ધર્મ પણ જેવો જોઈએ તેવો પળાતો નથી, ત્યાં નિશ્ચયની વાત જ શી કરવી ?

આવી દશામાં—

મ્હારો આત્મા આગળના ગુણઠાણે કે સંયમની યથોત્તર–શુદ્ધિમાં શી રીતે ચઢે ?

પરિણતિમાં નિર્મલતા કયાંથી આવે ?

અનુભવ મિત્રનું જોડાણ કયાંથી થાય ?

શું લખું ?   કોને કહું ??   શું વિચારૂં ???

—મહારે ઘણે દૂર જવાનું છે ! પણ—હજી ડગલાંજ ભરાતાં નથી ! કયારે પહોંચાશે !!!

ગારવોના તોફાની ઘોડાઓ આત્માને વારંવાર વિકારોની ગર્ત્તામાં હડસેલી મુકે છે !

આયુષ્ય તો દિવસે દિવસે ઓછું થાય છે !

સાધવાનું ઘણું છે !!!

સમય બહુ ટૂંકો છે !!!

આરાધના શક્ય રીતે પણ

બરાબર થતી નથી !!!

માટે હવે મારે આ પ્રમાણે કરવું જોઇએ !!

* પોતામાં રહેલી ત્રુટિઓને બરાબર ઓળખી લેવી.

* પૂર્વના મહાપુરૂષોના દૃષ્ટાન્તો ઉપર દૃષ્ટિ રાખી એ આદર્શે પહોંચવા માટે પલે પલે પોતાની શક્યતાનો વિચાર કરવો.

* શાસ્ત્રોક્ત—મર્યાદાનુસાર સાધુપણું મેળવવા માટે **શ્રી આચારાંગ, શ્રી ઓઘનિર્યુક્તિ** આદિ ગ્રંથોનું વાંચન—મનન—પરિશીલન કરવું.

* આખાય દિવસનું અને રાત્રિના છેલ્લા—પહેલા પ્રહરનું સમય—પત્રક વ્યવસ્થિત કરવું.

* રત્નત્રયીને પોષક હોય તેવું વાંચન—વિચારો અને વાતો કરવી.

* મોહજનક વાતો સ્વયં બોલવી નહિ અને સાંભળવી નહિ.

* રાત્રિએ સૂતાં—સૂતાં પણ એ વાતનો વિચાર કરવો કે આજે શું કર્યું ? શું બાકી રહ્યું ?

* અલ્પનિદ્રા લેવી

* નિદ્રા સર્વઘાતી પ્રકૃતિ છે, માટે તેમાં ઓછાશ થાય તેવો પ્રયત્ન કરવો.

* શાસ્ત્રોનું વાંચન જ્ઞાન મેળવવા માટે નથી પણ જીવનમાં ઉતારવા માટે છે.

* જે જે વાતો જીવનમાં વણી લેવા જેવી લાગે તેની નોંધ કરી લેવી અને અમલ કરવા પુરૂષાર્થ કરવો

* દેશ—કાળ અને દેખાદેખીથી આવી ગયેલી શિથિલતા પણ નભાવી લેવી નહિ.

* શક્ય દેખાતી શુભ ક્રિયાઓમાં વીર્યોલ્લાસ ફોરવવો !

* જીવનને **બગીચો** બનાવવા માટે **માળી** જેવા

બની જવું. માળી બગીચાના ઝાડો ઉપર પાણી નાખે છે. નકામો થઇ ગયેલો ભાગ કાપી નાખે છે....નવા નવા સુગંધી છોડવાઓ બ્હારથી લઇ આવે છે. અને પોતાની બગીચાની શોભામાં વૃદ્ધિ કરે છે.

તેમ મ્હારે પણ મ્હારા જીવનને સુંદર બગીચો બનાવવો હોય તો શ્રદ્ધારૂપી પાણી નાંખતા જવું. અતિચાર-રૂપ ખરાબ ભાગ કાઢી નાખવો. અને ગુણરૂપી છોડવાઓ લાવી જીવનરૂપ બગીચાની શોભામાં વૃદ્ધિ કરવી જોઇએ.

* વસતિ–વસ્ત્ર–અને આહાર પાણી આ ત્રણનો ઉપયોગ સતત ચાલુ છે, તેમાં જરૂર–સગવડ અને શોખ એમ હરેકના ત્રણ વિભાગ પડી જાય છે.

જોકે મૂલ સ્વભાવે આત્માને ત્રણપૈકી એકેયની જરૂર નથી, પણ વર્તમાનમાં એ ત્રણેયની જરૂર રહેવાની છે, માટે જરૂરી કામ ચાલી શકે તેવી સાત્વિકતા લાવવાના લક્ષ્ય સાથે સગવડ અને શોખથી બચી જવું. પણ આત્મા હજી તેટલો સાત્વિક નથી બન્યો. માટે બને ત્યાં સુધી જરૂરીયાત સાથે સ્વભાવિક મળી આવતી સગવડનો સાક્ષેપ ઉપયોગ પણ બહુ મર્યાદિત કરવો—

પણ એ તો નક્કી કરી લેવું કે નિરપેક્ષપણે સગવડોનો અમર્યાદિત ઉપયોગ કે શોખના પ્રકારમાં ન ઉતરી જવાય.

વસતિ આદિ ત્રણમાં જરૂર અને સગવડથી આગળ ન વધવું.

* સગવડને પણ ઘટાડવા પ્રયત્ન કરવો.

* જરૂરી વસ્તુના ઉપયોગમાં અનાસક્તિ જરૂર કેળવવી.

आत्म-भाव-प्रबोधक अपूर्व हितशिक्षा

જીવનની સાધનાના પ્રધાન અંગભૂત સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થયા પછી તેમાં વિવિધ શુભ ભાવના-પરિણતિ આદિના બલે વિશુદ્ધ-નિર્મલતાની જરૂર હંમેશાં રહે છે.

પણ ઘણીવાર અનાદિકાલીન અભ્યાસ મુજબ થોડું કરીને ઘણું પામ્યાનું માની લેવાની ખોટી-વૃત્તિના કારણે આરાધના માટે ઉદ્યત બનેલા પણ મુમુક્ષુ પ્રાણીઓ વ્યવહાર થી ચારિત્રની પ્રાપ્તિથી આત્મકલ્યાણ થઇ ગયાની વૃત્તિને આધીન બની મેળવવા લાયક વિશિષ્ટ ઉચ્ચ-ભાવનાઓ આદિ દ્વારા ચારિત્રના અમૂલ્ય-લાભને મેળવી શકતા નથી.

માટે આરાધક-ભાવની વિશિષ્ટ કેળવણી માટે નીચે પૂર્વાચાર્યકૃત હિતશિક્ષા આપી છે, જે પ્રત્યેક મુમુક્ષુએ સદાકાળ નિરંતર હૃદયપટમાં કોતરી રાખવી ઘટે.

(સ્રગ્ધરા છંદ)

श्रुत्वा श्रद्धाय सम्यक् शुभगुरुवचनं वेश्मवासं निरस्य,
प्रव्रज्याऽथो पठित्वा बहुविधतपसा शोषयित्वा शरीरम् ।
धर्मध्यानाय यावत् प्रभवति समयस्तावदाकस्मिकीयम्,
प्राप्ता मोहस्य धाटी तडिदिव विषमा हा हताः! कुत्र यामः? ॥

સમ્યક્ પ્રકારે શાસ્ત્રકારોના હિતકારી વચનોને—

ગુરુમુખે સાંભળ્યા !!!

ખૂબ શ્રદ્ધાપૂર્વક સાચા તરીકે સદ્દહ્યા !!!

અને પરિણામે વૈરાગ્યની ઉત્કટતા મેળવી,

સંસારના બંધનો ફગાવી દીક્ષા લીધી,

શાસ્ત્રોનું અવગાહન કર્યું,

વિવિધ તપવડે શરીર સૂકવ્યું,

હવે-આત્મ-કલ્યાણની સાધનાના અચૂક સાધનરૂપ ધર્મધ્યાન માટે અવસર આવ્યો જાણી તૈયારી કરી. તેટલામાં તો અચાનક આ મોહરાજની ધાડ પડી! મોહની ઘેલછાએ મને ભ્રમિત કર્યો! અરેરે! મારા દુર્ભાગ્યની શી વાત કરું? ક્યાં જઇને પોકાર કરું?

(શાર્દૂલવિક્રીડિત છંદ)

एकस्यापि महाव्रतस्य यतिनः खण्डेन भङ्गेन वा,
दुर्गत्यां पततो न सोऽपि भगवान् ईष्टे स्वयं रक्षितुम् ।
हत्वा तान्यखिलानि दुष्टमनसो वर्त्तामहे ये वयम्,
तेषां दण्डपदं भविष्यति कियत्? जानाति तत् केवली ॥२॥

શાસ્ત્રકારોના વચન મુજબ એક પણ મહાવ્રતની દેશથી કે સર્વથી વિરાધના કરવાના પ્રતાપે દુર્ગતિમાં જનારા મુનિને સ્વયં તીર્થંકર ભગવાન્ પણ બચાવવા સમર્થ થતા નથી.

તો પછી પાંચે મહાવ્રતોને વિરાધી નિધ્વંસ-પરિણામવાળા જે અમો નિઃશંક થઇને ફરીએ છીએ તો ખરેખર! અમારે કેટલી સજા-શિક્ષા ભોગવી પડશે? તે કેવલી જાણે !!!

(શાર્દૂલવિક્રીડિત છંદ)

कट्यां चोलपटं तनौ सितपटं कृत्वा शिरोलुञ्चनम्,
स्कंधे कम्बलिकां रजोहरणकं निक्षिप्य कक्षान्तरे ।
वक्त्रे वस्त्रमथो निधाय ददतः श्रीधर्मलाभाशिषम्,
वेषाडंबरिणः स्व-जीवनकृते विद्मो गतिं नात्मनः ॥३॥

કેડે ચોલપટ્ટો અને ઉપર સફેદ કપડો ઓઢી, માથાંના વાળનો લોચ કરી, ખભે કાંબલ નાખી, ઓઘાને બગલમાં લઈ, મુહપત્તિને મોંઢે રાખી અન્ય મુગ્ધ પ્રાણીઓને માટે ધર્મમૂર્તિના જેવો દેખાવ કરી ધર્મલાભ આશીર્વાદ દેતા કેવલ વેષના આડંબરની વિડંબનાને ભજતા મારા આ આત્માની શી દશા થશે? સમજણુ પડતી નથી !!!

(શાર્દૂલવિક્રીડિત છંદ)

भिक्षा-पुस्तक-वस्त्र-पात्र-वसति-प्रावार-लुब्धा यथा,
नित्यं मुग्ध-जन-प्रतारणकृते कष्टेन खिद्यामहे ।
आत्मारामतया तथा क्षणमपि प्रोज्झ्य प्रमादद्विषम्,
स्वार्थाय प्रयतामहे यदि तदा सर्वाऽर्थसिद्धिर्भवेत् ॥४॥

હે આત્મન્! ગોચરી, કપડાં, ચોપડી, મકાન સારી કાંબલો આદિ મેળવવા માટે મુગ્ધ-શ્રાવક લોકોને વિશ્વાસુ બનાવી, ધર્મના નામે ઠગાઇના ધંધા માટે જેટલો તું ઉદ્યત થાય છે !!! અને જેટલી મહેનત કરે છે.

તેવો તું ક્ષણવાર પણ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ કે જાણકારી માટે એકાગ્રતાપૂર્વક તૈયાર થાય તો તારૂં કલ્યાણ થઈ જાય !!! પણ હાય ! તેવી દશા આવતી નથી ! શું કરું ? ક્યાં જઇને પોકાર કરું !!!

ઝવેરીની દુકાને છૂટથી માલ લેવાની સંમતિ મળવા છતાં પ્રમાદાધીન બનેલા જેવી મારી દુર્દશા છે !!!

(શાર્દૂલવિક્રીડિત છંદ)

पाखण्डानि सहस्रशो जगृहिरे ग्रन्था भृशं पेठिरे,
लोभाऽज्ञानवशात्तपांसि बहुधा मूढैश्चिरं तेपिरे ।
क्वापि क्वापि कथंचनाऽपि गुरुभिर्भूत्वा मदो मेजिरे,
कर्म-क्लेश-विनाश-संभवसुखान्यद्यापि नो लेभिरे ॥ ५ ॥

અરેરે ! આ જગતના જીવોને રાજી કરવા સારૂં હજારો પાખંડ રચ્યા ! ઘણા ગ્રંથો ભણ્યો ! લોભ અને અજ્ઞાન-દશામાં મૂઢ બની વિવિધ તપસ્યાઓ પણ કરી ! ક્યાંક ક્યાંક ઉજ્જડ-ગામમાં એરંડાની પ્રધાનતા મુજબ ગુરુમહારાજ તરીકે બની મિથ્યા મદ-અભિમાન કર્યું !

છતાં-હજી આ વિષમ-કર્મોના વિપાકના બંધન-માંથી મુક્ત થઇ યથાસ્થિત સુખનો ભાગી ન બન્યો !!!

(સ્રગ્ધરા છંદ)

किं भावी नारकोऽहम् ? किमुत बहुभवी ? दूरभव्यो ? न भव्यः ?
किंवाऽहं कृष्णपक्षी ? किमु चरम-गुणस्थानके ? कर्मदोषात् ।
वह्निज्वालेव शिक्षा, व्रतमपि विषवत् खगड्धारा तपस्या,
स्वाध्यायः कर्णसूची, यम इव विषमः संयमो यद् विभाति॥६॥

શું હું નરકમાં જનારો છું ? અનંતસંસારી છું કે દૂરભવ્ય છું કે ભવ્ય નથી ? અથવા શું હું કૃષ્ણપક્ષી છું ? કે કર્મોના વિચિત્ર વિપાકવશ હું હજી મિથ્યાત્વી છું ? કે જેથી ઉપકારી-મહાપુરુષની હિતકારી શિખામણ અગ્નિ-જ્વાલાની માફક, વ્રત-પચ્ચખાણ ઝેર જેવા, તપસ્યા ખાંડાની ધાર સમાન, સ્વાધ્યાય કાનમાં સોય ભોંકવાની જેમ વિરસ અને સંયમ યમરાજની જેમ ભયંકર જણાય છે !!! અહાહા !!! શી કર્મોની વિષમતા છે ?

(શાર્દૂલવિક્રીડિત છંદ)

वस्त्रं पात्रमुपाश्रयं बहुविधं भैक्षं चतुर्द्धौषधम्,
शय्या-पुस्तक-पुस्तकोपकरणं शिष्यं च शिक्षामपि ।
गृह्णीमः परकीयमेव सुतरामाऽऽजन्मवृद्धा वयम्,
यास्यामः कथमीदृशेन तपसा तेषां हहा ! निष्क्रयम् ॥

દીક્ષા લીધી ત્યારથી—

કપડાં, પાતરાં, વિવિધ પ્રકારની ગોચરી, ઔષધોપચાર, મકાન, પુસ્તક, જ્ઞાનના ઉપકરણો, ચેલાંઓ તથા જ્ઞાન. આદિ આ બધું ધર્માદાને નામે પારકું લીધે જ જઇએ છીએ ! અને ઘરડાં થઇ જવા આવ્યા છતાં હજુ સુધી કંઇ તેનો બદલો વળે તેવું આત્મ-કલ્યાણ કંઇ સાધ્યું નથી ! કે બીજાનું ભલું કર્યું નથી ! શી રીતે બધાનો બદલો વળશે ? આમ ઋણમગ્ન થયેલા મારી પરભવમાં શી દશા થશે ?

(શાર્દૂલવિક્રીડિત છંદ)

अंतर-मत्सरिणां बहिःशमवतां प्रच्छन्न-पापात्मनाम्,
नद्यम्भःकृतशुद्धि-मद्यप--वणिग्-दुर्वासनाऽऽशात्मिनाम् ।
पाखंडव्रतधारिणां बकदृशां मिथ्यादृशामीदृशाम्,
बद्धोऽहं धुरि तावदेव चरितैस्तन्मे हहा ! का गतिः ? ॥

ખરેખર ! મારા આચરણો અંદર ઈર્ષ્યા-દ્વેષની મહાન્ કાતીલ છુરી રાખી બહારના દેખાવે શાંતમુદ્રા ધારણ કરનાર તથા જગત્માં ધર્મી તરીકેના લેબાશમાં માયા-પ્રપંચપૂર્વક પાપો આસેવનાર, નદીમાં સ્નાન કરી શુદ્ધ થયેલા લાગતા દારૂડિયા અને ગ્રાહકને વિશ્વાસમાં લેતા સદ્વર્તન કરાવનારી વણિગ્વૃત્તિવાળા અને પાખંડી-બકવૃત્તિવાળા ઢોંગી ધુતારાઓના સરદાર જેવા છે !

અરે રે ! કર્મના કુટિલ બંધનોને તોડનારી આરાધનાના માર્ગે આવવા છતાં ભયંકર પાપો આસેવી પોતાના હાથે પોતાના વિનાશને નોતરનાર મારી શી દશા થશે ?

(શાર્દૂલવિક્રીડિત છંદ)

येषां दर्शन-वंदन-प्रणमन-स्पर्श-प्रशंसादिना,
मुच्यंते तमसा निशा इव सिते पक्षे प्रज्ञास्तत्क्षणात् ।
तादृक्षा अपि सन्ति केऽपि मुनयस्तेषां नमस्कुर्महे,
संविग्ना वयमाऽऽत्मनिन्दनमिदं कुर्मः पुनर्बोधये ॥ ९ ॥

ઉપર વર્ણવ્યા મુજબ મારી તો સંયમમાં બહુ શિથિલ (વિપરીત) પ્રવૃત્તિ છે.

છતાં પોતાના ચરણકમલથી ભૂમિતલને પાવન કરનારા એવા પણ મહામુનિઓ છે, કે જેઓના દર્શન, વંદન, નમસ્કાર, ચરણ-સ્પર્શ તથા પ્રશંસાદિ કરવાથી શુક્લપક્ષમાં થતી રાત્રિની નિર્મલતાની જેમ પ્રાણી માત્ર પાપોથી મુક્ત થાય છે.

તેવા ઉત્તમ-મુનિઓને ભાવપૂર્વક હું વારંવાર નમસ્કાર કરૂં છું !!! અને સંવેગભાવની વૃદ્ધિપૂર્વક સંવિજ્ઞપાક્ષિક બની સમ્યક્ત્વની નિર્મલતા માટે આત્મનિંદા પણ કરૂં છું !!!

卐

અચરમાવર્ત્તકાલીન લક્ષણો

* દુઃખી જીવો ઉપર અત્યંત કરૂણા
* ગુણીજનો ઉપર અદ્વેષ
* સર્વ કામોમાં ઔચિત્ય પૂર્વક વર્ત્તન.

—યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લો. ૩૧

* * *

"જે સંયમના અનુષ્ઠાનોથી કંટાળે નહિં તેજ ખરો વીર છે"

"લોકૈષણાનો ત્યાગ
આરાધક ભાવનું ચિન્હ છે"

—શ્રી આચારાંગ સૂત્ર.

સંયમસાધક દેહનું મમત્વ ટાળવા

હિત-શિક્ષા

જગત્‌ના પ્રાણીઓને પાપમાં અનિચ્છાએ પણ પ્રવર્તાવનાર કંચન, કામિની, કુટુંબ અને કાયા છે. સંસારનો ત્યાગ કરી સાધુ બનેલા મુમુક્ષુને પ્રથમના ત્રણનો તો લોકલાજે ત્યાગ થઈ જ જાય છે, પણ કાયા તો સાધુપણામાં હોય છે, એટલે ગૃહસ્થાવસ્થામાં મમત્વ-વાસનાના ચાર વિભાગ પડતા અને કંચન-કામિની આદિની ઉપાધિમાં કાયાનું મમત્વ ઉદ્રેક પામતું અટકતું, પણ સાધુપણામાં અન્ય સાધનો નહિ હોવાથી-ઉપાધિશૂન્ય-જીવનના લીધે વિવેકના અભાવમાં કાયાનું મમત્વ સંયમી-જીવનના પ્રતાપે મળી આવતી અનુકૂળ સાધન-સામગ્રીના બળે પ્રાયશઃ વધી જાય છે.

તેથી સહસ્રાવધાની શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા રચિત શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથના પાંચમા અધિકારમાં જણાવાયેલ યોગ્ય હિતશિક્ષા અહીં આપી છે, જેથી મુમુક્ષુની વિવેકચક્ષુ જાગૃત રહે અને શરીરની મૂર્છા આસક્તિ ઘટતી રહે.

ઉપજાતિ છંદ

पुष्णासि यं देहमघान्यचिंतयं-
स्तवोपकारं कमयं विधास्यति ?।
कर्माणि कुर्वन्निति चिंतयायतिं,
जगत्ययं वञ्चयते हि धूर्त्तराट् ॥ १ ॥

હે આત્મન્ ! તું જે શરીરનું પોષણ પાપોના વિચાર વિના ગમે તે પ્રયત્ને કરવા મથે છે, તે સારું શું ભલું કરવાનું છે ? તેનો તું જરા વિચાર કર ! પ્રત્યેક કાર્ય કરતાં ભવિષ્યનો તારે વિચાર કરવો ઘટે; નહિ તો આ શરીરરૂપ મહાઠગ ભલ-ભલાની આંખમાં ધૂળ નાંખી વિશ્વાસ-પૂર્વક ઠગાઈ કરી જાય છે.

વંસતતિલકા છંદ

कारागृहाद् बहुविधाऽशुचितादिदुःखा-
निर्गन्तुमिच्छति जडोऽपि हि तद्विभिद्य ॥
क्षिप्तस्ततोऽधिकतरे वपुषि स्वकर्म-
व्रातेन तद् दृढयितु यतसे किमात्मन् ! ॥२॥

હે આત્મન્ ! મૂર્ખશેખર પ્રાણી પણ કેદખાનામાંથી સળિયા તોડીને, ભીંત ફોડીને બહાર નિકળવા મથે છે, તો તું તેના કરતાં પણ અધિક મૂઢ છે કે અતિશય અશુચિ પદાર્થોથી ભરેલ અતિ વિષમતર શરીરરૂપ ભયંકર કેદખાનામાં તને તારા કર્મોએ નાંખ્યો છે ! તો તે કેદખાનાને મમત્વ-પૂર્વક સારું ખવડાવી, સાફસુફ કરવાની ધમાલ મચાવી વધુ દૃઢ બનાવવા માગે છે !

ધિક્કાર છે તારી અજ્ઞાનદશાને ! જરા ચેત !!! સમજણપૂર્વક વિચાર કર !!!

ઉપજાતિ છંધ

चेद्वाञ्छसीदमवितुं परलोकदुःख-
भीत्या ततो न कुरुषे किमु पुण्यमेव ? ।

शक्यं न रक्षितुमिदं हि न दुःखभीतिः,
पुण्यं विना क्षयमुपैति वज्रिणोऽपि च ॥३॥

પરલોકના દુઃખની બીતિથી જો તું શરીરના રક્ષણને ઇચ્છતો હોય તો તું પુણ્ય કેમ વધારતો નથી ? કારણ કે પુણ્ય વિના કોઇનું પણ દુઃખ ટળતું નથી ! અને આ શરીર ચિરસ્થાયી રહેતું નથી, શક્તિશાલી ઈન્દ્ર પણ આ હકીકતમાં ફેરફાર કરવા અસમર્થ નિવડે છે !!!

વસંતતિલકા છંદ

देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि ?,
देहस्थ एव भजसे भवदुःखजालम् ।
लोहाश्रितो हि सहते घनघातमग्नि-
र्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे ॥४॥

હે વિવેકી પ્રાણી ! જરા વિચાર તો કર !

તું શરીરને પાળવા–પોષવા જ વિવિધ પાપો કરે છે પણ–

તને ખબર નથી કે આ શરીરનો આશ્રય લીધાથી જ તું અનેક દુઃખોને ભોગવે છે ! વ્યવહારમાં અગ્નિ લોઢાનો આશ્રય લે છે ત્યારે જેમ તેને ઘણના માર ખાવા પડે છે, તેમ અરૂપી નિરંજન નિરાકાર તને શરીરરૂપ બાહ્ય ઉપાધિમાં લપટાયેલ હોવાથી વિવિધ દુઃખો ભોગવવા પડે છે, માટે તું શરીરની સોબત છોડ !

તો પછી આકાશની જેમ નિર્લેપ બનેલા એકલા તને અગ્નિની જેમ કોઈપણ જાતનું દુઃખ ભોગવવું નહિ પડે !!!

(શાર્દૂલવિક્રીડિત છંદ)

दुष्टः कर्म-विपाक-भूपतिवशः कायाह्वयः कर्मकृत्,
बद्ध्वा कर्म-गुणैर्हृषीक-चषकैः पीतप्रमादासवम् ।
कृत्वा नारक-चारकापदुचितं त्वां प्राप्य चाशु च्छलम्,
गन्तेति स्व-हिताय संयम-भरं तं वाहयाल्पं ददत् ॥५॥

હે મૂઢ પ્રાણી ! તું કોના ફંદામાં ફસાયો છે ? કોના પર મોહ કરે છે ?

આ શરીર તો કર્મ-વિપાકરૂપ રાજાનો દુષ્ટ નોકર છે, તે તને ઈન્દ્રિયોરૂપ પ્યાલીઓથી પ્રમાદરૂપ મદિરા પીવડાવી તને વિવેકશૂન્ય-ઉન્મત્ત બનાવી કર્મરૂપ દોરડાઓથી બાંધી, નરકરૂપ કેદખાનાની પીડાઓ માટે લાયક કરી જરાક છળ મેળવી છટકી જશે ! અને તને અનેક ભવો સુધી દુઃખોનું ભાજન બનાવશે !!!

માટે તું આ નોકરને સંયમ આરાધવારૂપ તારું કામ કઢાવવા પૂરતું થોડું તેના નિર્વાહ માટે આપી તારા પોતાના હિત માટે સદા ઉદ્યત રહે ! આ દગાખોર મિત્રની ભ્રામક મોહ-જાળમાં ફસાતો નહિ !!!!

ઉપજાતિ છંદ

यतः शुचीन्यप्यशुचीभवंति,
कृम्याकुलात् काक-शुनादि-भक्ष्यात् ।

द्राग्भाविनो भस्मतया ततोऽगात्,
मांसादिपिण्डात् स्वहितं गृहाण ॥ ६ ॥

હે મુમુક્ષુ ! જે શરીરની સોબત માત્રથી પવિત્ર ઉત્તમ ગણાતા પણ સારા પદાર્થો અપવિત્ર-વિરૂપ બની જાય છે, તેવા-કીડાઓથી ખદબદતા-અધિષ્ઠાતા આત્માની ગેરહાજરીમાં કાગડાં-કૂતરાઓની ઉજાણીમાં કામ આવે તેવા-હાડ-માંસના સંચયરૂપ અને પરિણામે ભસ્મવિશેષ બનનાર-અપવિત્રતાના ખજાના સ્વરૂપ ક્ષણભંગુર.

અશુચિ આ શરીરથી બને તેટલું તારું આત્મ-હિત સાધી લે! નાહકની આની સારસંભાળમાં તારું હિત જતું ન કર!! ચેતી જા! મેળવેલી સામગ્રીનો સદુપયોગ કરવા તૈયાર થા !!!

ઉપજાતિ છંદ

परोपकारोऽस्ति तपो जपो वा,
विनश्वराद्यस्य फलं न देहात् ।
स-भाटकादल्प-दिनाप्त-गेह-
मृत्पिंडमूढः फलमश्नुते किम्? ॥ ७ ॥

હે આત્મન્! અણધાર્યા પ્રસંગે ક્ષણ વારમાં નાશ પામનાર આ ક્ષણિક-શરીરદ્વારા પરોપકાર, તપ, જપ આદિ ઉત્તમ કાર્ય જો ન સાધી શકીશ !

તો થોડા દિવસ માટે ભાડે લીધેલા ઘરના બાહ્ય રૂપ-રંગમાં ફસાઇ તેનાથી વ્યાવહારિક ફલ નહિ મેળવનારની

જેમ પરિણામે પોતાની મૂઢતા પર તને અનહદ પશ્ચાત્તાપ થશે !!!

ઉપજાતિ છંદ

मृत्पिण्डरूपेण विनश्वरेण,
जुगुप्सनीयेन गदालयेन ।
देहेन चेदात्महितं सुसाधम्,
धर्मान्न किं तद्यतसेऽत्र मूढ ! ॥ ८ ॥

હે મહાનુભાવ ! ક્ષણભંગુર દુર્ગંધથી પરિપૂર્ણ, એકેક રોમે પોણાબબ્બે રોગના સ્થાનરૂપ, અંતે માટીમાં મળી જનાર આ શરીરથી જો આત્માનું અપૂર્વ કલ્યાણ કોઈપણ યોનિમાં ને સાધી શકાય તેવું સધાય તેમ છે, તો હે મૂઢ ! શા માટે આ સોનેરી સમય હાથમાંથી ગુમાવે છે ? તુરત વિશિષ્ટ-ધર્મની આરાધના કરી અસાર આ શરીરનો સાર ગ્રહણ કરી લે !!!

નહિ તો છેવટે આ શરીર ભસ્મરૂપ થઇ તને ચૌરાશીના ચૌટામાં રઝળતો કરી દેશે; માટે ચેત ! અને મિત્રરૂપે માનેલા તારા આંતર-દુશ્મનરૂપ આના માયાવી વર્ત્તનથી તારું પોતાનું બગડવા ન દે !!!

સમાધિ એટલે ?

સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા અર્થાત્-મોક્ષ માર્ગની આરાધનામાં સ્થિરતા.

—ધર્મસંગ્રહ ભા. ૨ પૃ. ૮૨

અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથમાં વર્ણવેલા

શ્રમણ-ધર્મની સફલતાના સરલ-ઉપાયો

કેટલાક મુમુક્ષુઓ અજ્ઞાનવશ આરાધના માટે વિષમ કાલમાં પૂર્વના પુણ્યબલની હાનિના કારણે દુર્બલ-સંહનન ધૃતિવાળા શરીરની પ્રાપ્તિ થવાના ખોટા બ્હાના કાઢી કરવા લાયક યત્નસાધ્ય પણ પ્રવૃત્તિ નથી કરતા, તેવોઓને યોગ્ય હિતશિક્ષા આપી વીર્ય ફોરવવા માટે ઉપયોગી નીચેની શિક્ષા શ્રી અધ્યાત્મ-કલ્પદ્રુમના પંદરમા અધિકારમાંથી અર્થ સાથે આપી છે, જે વાંચી વિચારી યથાશક્તિ આરાધના કરી કલ્યાણ-માર્ગે આગળ વધવા પ્રયત્ન કરવો.

ઉપજાતિ છંદ

आवश्यकेष्वातनु ! यत्नमाप्तो-
दितेषु शुद्धेषु तमोऽपहेषु ।
न हन्त्यभुक्तं हि न चाप्यशुद्धं,
वैद्योक्तमप्यौषधमामयान्यत् ॥ १ ॥

હે મહાનુભાવ ! સાધુ આચારને લગતી, કર્મ-મલને દૂર કરનારી તમામ આવશ્ક ક્રિયાઓમાં વિધિ-વિધાનની શુદ્ધિપૂર્વક તત્પર બન ! કારણ કે ધન્વંતરી જેવા સારા વૈદ્યની પણ બતાવેલી દવાનું વિધિપૂર્વક સેવન કર્યા વિના રોગોનો નાશ થતો નથી !!!

પ્રથમ શિક્ષા-તમામ સાધુક્રિયા શુદ્ધ વિધિપૂર્વક કરવી.

ઉપજાતિ છંદ

तपांसि तन्याद्विविधानि नित्यं,
मुखे कटून्यायतिसुंद-राणि ।
निघ्नंति तान्येव कुकर्म-राशिं,
रसायनानीव दुरामयान् यत् ॥ २ ॥

વિવિધ પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપોનું નિરંતર યથાશક્તિ વીર્યોલ્લાસપૂર્વક આસેવન કર ! કે જે પ્રારંભમાં શરીર-ઇન્દ્રિયોને સંતાપ કરનાર છે, પણ અશુભ-કર્મની નિર્જરા કરાવીને ભવિષ્યમાં સુંદર હિતકારી નિવડે છે, વળી રસાયણો જેમ વિધિપૂર્વક સેવ્યાથી જીર્ણ-વ્યાધિનો પણ મૂલથી નાશ કરે છે, તેમ આવી વિશુદ્ધ તપસ્યા અનેક-જન્મ-સંચિત પાપકર્મોનો ક્ષય કરે છે.

બીજી શિક્ષા-વીર્યોલ્લાસપૂર્વક નિરાશંસભાવે વિવિધ તપના સેવનમાં રત રહેવું.

ઉપજાતિ છંદ

विशुद्ध-शीलांग-सहस्र-धारी,
भवानिशं निर्मित-योग-सिद्धिः ।
सहोपसर्गांस्तनु-निर्ममः सन्,
भजस्व गुप्तीः समितीश्च सम्यक् ॥ ३ ॥

જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશુદ્ધ આચરણારૂપ યોગની સિદ્ધિ મેળવીને અઢાર હજાર શીલાંગના નિર્મલ વિધિપૂર્વક

આચરણ માટે હંમેશા ઉદ્યત બન ! તથા શરીરની મમતાને છાંડી આવી પડતા પરિષહ-ઉપસર્ગો સમભાવે સહન કર ! તેમજ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિને ઉપયોગ પુર્વક પાળવા માટે દત્તચિત્ત-સાવધાન થા !

ત્રીજી શિક્ષા-અઢાર હજાર શીલાંગના પાલનમાં ઉદ્યત બનવું.

ચોથી શિક્ષા-પરીષહ-ઉપસર્ગો-સમભાવે સહવા.

પાંચમી શિક્ષા-પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને નિરતિચાર પાળવી.

ઉપજાતિ છંદ

स्वाध्याय-योगेषु दधस्व यत्नं,
मध्यस्थ-वृत्त्याऽनुसराऽऽगमा-र्थान् ।
अ-गारवो भैक्षमटाऽविषादी,
हेतौ विशुद्धे वशितेन्द्रियौघः ॥ ४ ॥

જ્ઞાનધ્યાન, સ્વાધ્યાય અને સંયમના શુભ વ્યાપારોમાં જયણાપૂર્વક પ્રયત્ન કર ! શાસ્ત્રોક્ત પદાર્થોને મધ્યસ્થભાવે સ્વીકાર કર ! લોલુપતા આદિ પરિહરી, શાસ્ત્રોક્ત વિશુદ્ધ કારણે ઇન્દ્રિયોના સંયમપૂર્વક ભિક્ષા-ગોચરીમાં પ્રયત્નવાળો થા !

છઠ્ઠી શિક્ષા-જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયાદિ શુભ વ્યાપારની પ્રવૃત્તિ રાખવી !

સાતમી શિક્ષા-સર્વજ્ઞોક્ત - પદાર્થોમાં સ્વ-બુદ્ધિનું પ્રાધાન્ય ન આપવું !

આઠમી શિક્ષા-રસ-ગારવાદિ છોડી શાસ્ત્રોક્ત વિધિ સુજબ ગોચરીમાં અપ્રમત્ત બનવું !

ઉપજાતિ છંદ

ददस्व धर्मार्थितयैव धर्म्यान्,
सदोपदेशान् स्व-परादिसाम्यात् ।
जगद्धितैषी नवभिश्च कल्पै-
र्ग्रामे कुले वा विहराऽप्रमत्तः ॥ ५ ॥

સ્વ અને પરનો ભેદ છોડી એકાંત-હિત-બુદ્ધિએ ધર્મ પામી-પમાડી આત્મકલ્યાણ સાધવા-સધાવવાની શુભ વિચારણાપૂર્વક ધાર્મિક બોધને વધારનાર આત્મ-હિતકર ઉપદેશ આપવાની પ્રવૃત્તિમાં સતત ઉદ્યમી બન ! તથા જગત્-માત્રને સન્માર્ગ પર લાવી તેના હિતને સાધવાના શુભ આશયપુર્વક પ્રતિબંધ મમત્વભાવ વિના ગ્રામ કે નગરમાં યથાયોગ્ય નવકલ્પી વિહારની મર્યાદા પૂર્વક વિહાર કર !

નવમી શિક્ષા-સર્વને હિતકર ધર્મના ઉપદેશની પ્રવૃત્તિ-સ્વકલ્યાણ સાથે પર-કલ્યાણ સધાવવાની એકાંત શુભ-નિષ્ઠાપૂર્વક કરવી.

દશમી શિક્ષા-દ્રવ્ય-ક્ષેત્રાદિના મમત્વનો ત્યાગ કરી સંયમી-જીવનની સુવાસ જગતના તમામ પ્રાણીઓને પહોંચતી કરવા નવકલ્પી મર્યાદા સાચવી વિહાર કરવો.

ઉપજાતિ છંદ

कृताकृतं स्वस्य तपो-जपादि,
शक्तिरशक्तिः सुकृतेतरे च ।
सदा समीक्षस्व हृदाऽथ साध्ये,
यतस्व हेयं त्यज चाव्ययार्थी ॥ ६ ॥

પ્રતિદિન કરાતી ધર્મક્રિયાનો મેળ મેળવવા માટે કેટલું મેં કર્યું છે ? કેટલું કરવા જેવું બાકી છે ? મારી શક્તિ કેટલી છે ? શું કરી શકવા અસમર્થ છું ? સારૂં કેટલું કરું છું ? ખોટું કેટલું કર્યું ? આદિ આંતર-નિરીક્ષણ હોવું જરૂરી છે, તે કર્યા પછી શક્ય શુભ-પ્રવૃત્તિમાં ઉદ્યત થા ! હેય-પદાર્થોનો યથાશક્ય પરિહાર કર !

અગ્યારમી શિક્ષા-જીવનમાં ધર્મ કેટલો સધાયો છે ! તેના માપક-યંત્રરૂપ પોતાના કર્ત્તવ્યો -આચરણોનું વિહંગાવલોકન-સિંહાવલોકનરૂપ આંતર-નિરીક્ષણ પ્રતિદિન કરવું.

બારમી શિક્ષા-શક્ય શુભ-પ્રવૃત્તિઓમાં સતત પ્રવૃત્તિ અને પાપકાર્યોનો શક્ય-પરિહાર કરવો.

ઉપજાતિ છંદ

परस्य पीडापरिवर्जनात्ते,
त्रिधा त्रियोग्यप्यमला सदाऽस्तु ।
साम्यैकलीनं गतदुर्विकल्पं,
मनो वचश्चाऽनघप्रवृत्ति ॥ ७ ॥

કોઇ પણ પ્રાણીને સૂક્ષ્મ-માનસિક પણ પીડા ન થવા દેવાની કાળજીપૂર્વકની પ્રવૃત્તિ રાખવાથી તારા ત્રણે યોગને તું નિર્મલ બનાવ ! અને સમતા-રસમાં તરબોળ થઇને દુર્વિકલ્પો દૂર હટાવી મન અને વચનની શુભ પ્રવૃત્તિને વધાર !

તેરમી શિક્ષા-સૂક્ષ્મ પણ પ્રાણીને માનસિક-પીડા ન થવા દેવાની જયણામય-પ્રવૃત્તિથી નિર્મલ-યોગવાળા બનવું.

ચોદમી શિક્ષા-મન-વચનને સમભાવમાં લીન બનાવી શુભ-પ્રવૃત્તિવાળા બનાવવા.

ઉપજાતિ છંદ

मैत्री प्रमोदं करुणां च सम्यग्,
मध्यस्थतां चानय साम्यमात्मन् ! ।
सद्भावनास्वात्मलयं प्रयत्नात्,
कृताविरामं रमयस्व चेतः ॥ ८ ॥

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાઓથી તારા અંતઃકરણને નિર્મલ બનાવ ! તથા આત્માની સદ્વિચારણાઓમાં નિરંતર મનને પરોવી મનોલયના અપૂર્વ-સુખને અનુભવ !

પંદરમી શિક્ષા-મૈત્રી આદિ ચાર ભાવનાઓ નિરંતર ભાવવી.

સોળમી શિક્ષા-આત્મસ્વરૂપના સતત ચિંતનથી મનની નિર્વિકલ્પ દશાનો અનુભવ કરવો.

ઉપજાતિ છંદ

कुर्यान्न कुत्रापि ममत्वभावं,
न च प्रभो ! रत्यरती कषायान् ।
इहापि सौख्यं लभसेऽप्यनीहो,
ह्यनुत्तरामर्त्यसुखाभमात्मन् ! ॥ ९ ॥

સત્તરમી શિક્ષા—જગતના કોઈપણ પદાર્થના કારણે
જીવનને મમત્વ, રાગ-દ્વેષ-કષાયોના
કલંકોથી મલિન ન બનાવ !

ઉપર મુજબની શિક્ષાઓના આધારે જીવનનું ઘડતર કરનારો પ્રાણી સ-દેહે અનુત્તર-વિમાનવાસી દેવતાઓના સુખનો સાક્ષાત અનુભવ કરે છે.

इति यतिवरशिक्षां योऽवधार्य व्रतस्थ-
श्चरणकरणयोगानेकचित्तः श्रयेत ।
सपदि भवमहाब्धिं क्लेशराशिं स तीर्त्वा,
विलसति शिवसौख्यानंत्यसायुज्यमाप्य ॥१०॥

ઉપર મુજબની સાધુતાના અપૂર્વ આદર્શને પમાડનારી હિતશિક્ષા યથાવત્ સાંભળી, સમજી, વિચારી યથાશક્તિ ચરણ-કરણના અનુષ્ઠાનોને એકાગ્રપણે આસેવનાર પ્રાણી અનંત-દુઃખોના રાશિ સમાન સંસારરૂપ મહાસમુદ્રનો પાર પામી અનંત સુખના સ્થાનરૂપ મોક્ષલક્ષ્મીને મેળવે છે.

卐

કલ્યાણકારી હિતશિક્ષા

જીવનમાં જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણે આરાધનાના મહત્ત્વની સુવ્યવસ્થિત ગોઠવણી માટે જરૂરી ભૂમિકાનું ઘડતર નીચે જણાવાતા અનુભવસત્ય નક્કર જીવન-સિદ્ધાંતોના સક્રિય પાલનથી થાય છે.

માટે દરેક વિવેકીએ મનન પૂર્વક વાંચી અમલ કરવો જરૂરી છે.

૧. પ્રતિદિન પોતાની જરૂરીયાતોને ઓછી કરવી.

૨. જે સમયે જેવી પરિસ્થિતિમાં હોઇએ કે આવી પડીએ તે સમયે સ્વયં પ્રચંડ મહાવાતના ઝકોરાથી નમી જતા તૃણની જેમ સમજ વિવેક-પૂર્વક તે પરિસ્થિતિને અનુકુળ બની વર્તવું, પણ પરિસ્થિતિને અનુકુળ બનાવવાની નાહક ગડમથલ ન કરવી.

૩. કોઈ પણ વસ્તુ પર મોહ-રાગદૃષ્ટિ ન કેળવવી.

૪. જે કંઈ આપણી પાસે હોય તેમાંથી બીજાને ભાગીદાર બનાવવો એટલે તેમાંથી થોડું-ઘણું પણ નિરાશંસભાવે ત્યાગ કરવાની બુદ્ધિ કેળવવી.

૫. કોઇની પણ સેવા કરવા માટે સદા લાલાયિત તત્પર રહેવું, પણ તેમાં આત્મભાવ કે ગુણાનુરાગના લક્ષ્ય સિવાય,

સ્વાર્થ, કીર્તિ, લાલસા કે કોઈ જાતની આશંસાનું લક્ષ્ય રાખવું નહિ.

૬. શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિનો આપેક્ષિક-અભ્યાસ કરી આત્માના અકર્તૃત્વ અને સાક્ષિભાવરૂપ સ્વભાવને જાગૃત રાખવા અહર્નિશ પ્રયત્ન કરવો.

૭. પરિમિત, મધુર, સ્વ-પર-હિતકર અને સમયોચિત બોલવાનો અભ્યાસ રાખવો.

૮. આધ્યાત્મિક માર્ગ ખાંડાની ધારની જેવો વિષમ છે, માટે તેમાં યોગ્ય સદ્ગુરુની નિશ્રાની ખાસ જરૂર છે. ભૂલેચૂકે પણ યોગ્ય-નિશ્રાને અવગણવાની ધૃષ્ટતા કરવી નહિ.

૯. દરેક કામમાં ધૈર્ય અને ગાંભીર્યની સીમા જાળવી રાખવી.

૧૦. સારા કામને શરૂ કર્યા પછી એક દિવસ પણ તેને બંધ ન રાખવું, મંદ-ઉત્સાહે પણ ચાલુ રાખવું.

૧૧. જીવન થોડું છે, મૃત્યુ અણધાર્યું ક્યારે અને કેવા સંજોગમાં આવી ઝડપશે ? તે નિશ્ચિત નથી, માટે યોગ્ય આરાધનાની તૈયારી માટે જરા પણ પ્રમાદશીલ ન રહેવું

૧૨. આધ્યાત્મિક-જીવનની પ્રગતિ અને વિશુદ્ધિ માટે હંમેશા સારા કે ખોટા દરેક કાર્યોની નોંધ જેવી એક રોજનિશી રાખવી. તેમાં મનની પવિત્રતા જાળવી સારા કે ખોટા વર્તન, ઉચ્ચાર કે આચારોની સાચી નોંધ રાખી વિવેકદૃષ્ટિથી સમાલોચના કરવી.

૧૩. શુદ્ધાત્મદશાની નિરંતર વિચારણાના દૃઢ સંસ્કારોના બળે સાંસારિક–મોહ–માયાના વિચારોને દૂર કરતાં શીખવું.

૧૪. પોતાની આત્મશક્તિઓની આપમેળે બડાઇ મારવાની કુટેવને તિલાંજલિ આપવી. હંમેશાં સાદા ને નમ્ર રહેવું.

૧૫. પોતાને અનાવશ્યક પદાર્થો પ્રતિ ઉપેક્ષાભાવ કેળવવો, તે માટે સંચયવૃત્તિપર કાબૂ મેળવવો, નિઃસ્પૃહ–દશા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

૧૬. સમૂહ–સંગઠન, ચર્ચા તેમજ નકામી વાતો વિકથા આદિથી દૂર રહેવું.

૧૭. વિવેક–દૃષ્ટિ અને પ્રકૃષ્ટ–વૈરાગ્ય દ્વારા ચિત્તવૃત્તિ ઉપર નિયંત્રણ રાખી દરેક સમ કે વિષમ સંયોગોમાં મનનું સમતોલપણું રાખવું.

૧૮. યથાશક્ય પ્રયત્ને બોલવાનું બહુ જ ઓછું રાખવું, બોલતાં પહેલાં પરિણામનો ખૂબ વિચાર કરવો.

૧૯. ઈર્ષ્યા, પરદ્રોહ, પરનિંદા, ચાડી ખાવી, અસૂયા, આદિ ભયંકર બદીઓથી બચવા બિનજરૂરી–કામોમાં માથું મારવાનું છોડી દેવું.

૨૦. ગુણાનુરાગની દૃષ્ટિ કેળવી બીજાના સદ્‌વર્ત્તન પર જ લક્ષ્ય કેન્દ્રિત કરવું, બીજાના કરેલ ખોટા વર્ત્તનોને ભૂલી જવા ઉદાર–ક્ષમાશીલ બનવા પ્રયત્ન કરવો.

૨૧. આત્મહિતની સાધના માટે દત્તલક્ષ્ય બની સર્વ પ્રયત્ને તેની સાધના માટે સાકાંક્ષ રહેવું તેમજ અણછાજતું

કંઈ પણ વિચાર કે વર્તન ન થઈ જાય, તેની પૂર્ણ સાવચેતી રાખવી.

૨૨. વૈરાગ્ય–ભાવની દૃઢતા અને આત્મ–કલ્યાણના ધ્યેયની ચોક્કસાઇ માટે પૂર્વના મહાપુરુષોના સારભૂત ઉપદેશામૃતનું નિરંતર નિરીક્ષણપૂર્વક અવગાહન કરવું, તેમજ પોતાની વ્યક્તિગત-ક્ષતિઓનું ભાન કેળવવું, તે દૂર કરવા સ-જાગ રહેવું.

૨૩. સંસારના પદાર્થોની આપાત–રમણીયતાનું સાહજિક સંવેદન મેળવી વિષ્ટા–મૂત્રાદિની જેમ તેઓને ત્યાજ્ય સમજી તેનાથી લેશ માત્ર પણ સુખ–શાંતિ મેળવવાની ઘેલછા દૂર ફગાવી દેવી.

૨૪. વિષય-વિકારની વાસના મનોભૂમિકામાં અલ્પ પણ પેદા ન થવા પામે, તેનું સંપૂર્ણ ધ્યાન રાખવું, અતિક્રમની કક્ષાથી જ તેના મૂલને સર્વથા નષ્ટ કરવા ઉદ્યત બનવું.

૨૫. છતી શક્તિએ છતે સાધને આત્મકલ્યાણના હિતકર માર્ગમાં નહિ પ્રવર્તનારા તેમજ અજ્ઞાનાદિ–દોષથી ભયંકર પાપાચરણ કરનારાઓ પ્રતિ ઉપેક્ષાભાવ કેળવવો, તેઓની કર્માધીન વિચિત્રદશા વિચારી તેઓ પ્રતિ કરુણા–રસ–પ્લાવિત હૃદયવાળા બનવું.

૨૬. ગુણ અને ગુણી બંને તરફ બહુમાન–આદર–ભાવ કેળવવો, પણ દોષો તરફ ઘૃણા અને તિરસ્કાર વૃત્તિ જ રાખવી ઘટે, દોષવાળી વ્યક્તિ પ્રતિ ઘૃણાભાવ કે તિરસ્કારભર્યું વર્તન કદાપિ ઉચિત નથી.

૨૭. વાસનાઓની તૃપ્તિ બળતણના સમૂહથી કે ઘાંસલેટના છંટકાવથી આગ બુઝાવવાની જેમ સાવ અશક્ય-દુર્ઘટ છે, ઉલટું પરિણામે અનેકાનેક દુઃખોની વૃદ્ધિજ થાય છે, માટે સદા સંતોષી રહેવું

૨૮. વિચારો ઉપર ધીરે ધીરે એવો કાબૂ મેળવો કે તમારી પોતાની ઈચ્છા કે પ્રેરણા વિના સંકલ્પ જ પેદા ન થાય આ અવસ્થાએ પહોંચતાં સુધી આટલી તો સાવચેતી અવશ્ય રાખવી કે જેથી કોઈ દુર્વિચાર તો પેદા ન જ થાય, આ માટે સદા જાગરૂક-સાવધ રહેવું.

૨૯. કોઇ અપમાન કરે, ટોણું મારે કે અપશબ્દો સંભળાવે તો તેથી ઉત્તેજિત ન બનવું પણ વિચારવું કે-આ બધી શબ્દલીલા છે, મિથ્યાજ્ઞાનનો વિલાસ છે.

૩૦. ઇન્દ્રિયો અને ચિત્તવૃત્તિને કાર્યશૂન્ય ન થવા દેવી, કોઇપણ શુભ પ્રવૃત્તિમાં રોકી રાખવી, છેવટે શ્રી નવકાર-મહામંત્રના સ્મરણનો અભ્યાસ વધુ-પડતો રાખી કાર્યશૂન્ય દશામાં તેનું રટણ ચાલુ રાખવું.

૩૧. સ્પર્શ, દૃષ્ટિ, આચાર અને વિચાર-આ ચાર વિકાર-વાસનાના ઉત્પત્તિસ્થાનો છે, માટે તે ચારેને સંયમિત રાખી શુભમાં પ્રવર્તાવવા ઉદ્યમી થવું હિતકર માની તેના માટે સતત સાવધ રહેવું.

૩૨. "બોલો ઓછું, કરો વધારે" ના સૂત્રને જીવનમાં વણી નાંખવા તોલી-માપીને બોલવાનો ઉપયોગ રાખવો, આવી રીતે બોલેલા વચનોને પ્રાણાંતે પણ નભાવવા માટે કટિબદ્ધ બન્યા રહેવું.

૩૩. આચાર, વિચાર અને ઉચ્ચાર ત્રણેની એકતા જ જીવનના પરમનિગૂઢ રહસ્યભૂત–તત્ત્વને પમાડી શકે છે, માટે બનતા પ્રયત્ને આ ત્રિપુટીને વિસંવાદિત ન બનવા દેવી.

૩૪. બહુધા જગતના પ્રાણીઓએ કરેલી પ્રશંસા એટલે ટાપટીપ–પોલીશ–સફાઇ કરેલ જૂઠાણાંનો જ એક પ્રકાર હોય છે, માટે ભરતપુરી–લોટાની જેમ અનિયત લોકપ્રશંસાને પોતાના કર્તવ્યોનું માપકયંત્ર માની લેવાની રખે ! ભૂલ ન થાય, તે માટે સદા જાગૃત રહેવું.

૨૫. જગતમાં હજી કદાચ વિચારાનુસાર ઉચ્ચાર કરવાની શકયતા છે, છતાં ઉચ્ચારાનુસાર આચાર–વર્તન બહુ દુઃશકય છે, માટે વિચારાનુસાર વર્તન કેળવવા પ્રયત્નશીલ બનવું.

૩૬. જીવનને આદર્શ બનાવવા માટે વધુ પ્રગતિ કદાચ ન સધાય તો તે માટે શકય પસ્તાવો રાખવો પણ કોઇ જાતનું કલંક જીવનની સાધનાને દૂષિત ન બનાવે તેનું પૂર્ણ ધ્યાન રાખવું ઘટે.

卐

હિતશિક્ષા

तावाउ सावसेसं, जाव थेवोवि अत्थि ववसाओ ।
ताव करेज्ज अप्पहियं, मा तप्पिह ! हा ! पुणो पच्छा ॥
શ્રી મહાનિશીથ સૂત્ર (અધ્ય. ૬, ગા. ૪૧૧)

હે ભવ્યાત્માઓ ! આયુની અવધિ પૂર્ણ નથી, અને થોડી–ઘણી પ્રવૃત્તિ કરવાનું સામર્થ્ય ખૂટયું નથી ત્યાં સુધીમાં આત્મહિત સાધી લો !!! પાછળથી વ્યર્થ પશ્ચાત્તાપ ન કરતા !!!

લાલસા ઉપર કાબૂ મેળવવા તથા
તપ-ધર્મના સફલ આસેવન માટે

-: કલ્યાણકર-સૂચના :-

अक्खाण रसणी कम्माण मोहणी,
वयाण तह चेव बंभवयं ।
गुत्तीण मणगुत्ती य,
चउरो दुक्खेहिं जिप्पन्ति ॥ १ ॥

પાંચે ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય, આઠે કર્મોમાં મોહનીય કર્મ, પાંચે મહાવ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અને ત્રણે ગુપ્તિમાં મનોગુપ્તિ અતિ દુર્જય છે.

ખરેખર વ્યવહાર-દૃષ્ટિએ જગતના વ્યવહારોથી અલગ થયેલા મુનિને લોકલજ્જાદિ કારણે પણ અન્ય ઇન્દ્રિયોના વિષયો છોડવા પડે છે, પણ રસનેન્દ્રિયનો ભોગ લોકથી પ્રચ્છન્નપણે થઈ શકે છે, તેમજ પૂર્વના મહાપુરુષોએ ઉગ્ર-સાધનાના બળે મેળવેલી મુનિપણાની છાપના ઓઠાતળે રસનાને પોષક સર્વ સામગ્રીઓ મળવી સુલભ બનતી હોવાથી રસનેન્દ્રિયને પોષક ઉપભોગ સામગ્રી સ્વચ્છંદપણે મેળવી-ભોગવી શકાય છે.

આ કારણે જ જેઓ આ વિષયમાં દુર્લક્ષ્ય રાખે છે, તેઓનું મુનિપણું નિઃસાર બની જાય છે, તેથી મુનિપણામાં સાધવા લાયક સ્વભાવ–પરિણતિદશાનો આસ્વાદ પણ મેળવી શકાતો નથી.

માટે નીચે મુજબ જણાવેલ ઉપાયોથી તે રસનાના સંયમને મેળવી શાસ્ત્રોક્ત મુનિપણાના આનંદનો અનુભવ મેળવવો જોઇએ.

૧. સંયમ અને તપના અનન્ય સાધનભૂત શરીરના પોષણ વખતે રસના–વાસનાને પોષણ ન મળી જાય તેનું સતત લક્ષ્ય રાખવું જોઇએ.

૨. આગાઢ-કારણે શરીરાદિના ઉપબૃંહણ માટે લેવાતો પદાર્થ પણ સ્વાદ કે રસમયતાવડે ઇન્દ્રિયોના વિકારો પેદા કરે તે રીતે તો ન જ લેવો, પણ પ્રકારાંતરે તેના મૂલ રસ–સ્વરૂપને બદલી પોષણનું તત્ત્વ મળી રહે અને લાલસા–વૃત્તિ ન પોષાય તે માટે જયણાશીલ પ્રવૃત્તિ રાખવી.

૩. તથા સંયોજિત કરેલા રસનું અગર એક સાથે બીજા રસનું આસ્વાદન ન થાય, તેનું પણ પૂર્ણ ધ્યાન રાખવું.

૪. વળી નીચે જણાવેલ ભોજનના પ્રકારો તથા તેનો હેયોપાદેય વિભાગ લક્ષ્યમાં રાખવો.

१ सिंहभोजन—એક જ બાજુથી વાપરવું તે.

२ प्रतरभोजन—જેવું લીધુ તેવું વાપરવું તે.

३ हस्तिभोजन—ઉપેક્ષાભાવથી વાપરવું તે.

४ काकभोजन—ચૂંથીને વાપરવું તે.

५ शृंगालभोजन—જ્યાં ત્યાંથી વાપરવું તે.

આ પ્રકારોમાં પ્રથમના ત્રણ ઉપાદેય છે; બાકીના હેય છે, અર્થાત્ હાથીની જેમ ઉપેક્ષાભાવે કે સિંહની જેમ એક બાજુથી જ ભોજન કરવું તે રસનાને જીતવાનો પ્રબલ ઉપાય છે.

ટૂંકામાં-જે રીતે રાગ-દ્વેષ ન થાય તે રીતે વાપરવું શ્રેષ્ઠ છે.

વળી ઇન્દ્રિયોની વાસના-લાલસા ઘટાડવા પ્રત્યેક વસ્તુનો ઉપભોગ કરતી વેળાએ તેના ઉપયોગ કરવાના હેતુઓની સમીક્ષા કરો.

જરૂરીયાત છે! સગવડનો લાભ લેવો છે! કે શોખ છે! પ્રત્યેકમાં આ ત્રણ વિકલ્પો ઘટી શકે છે. હવે આમાં નીચે મુજબ વિવેક કરવો.

જો જરૂરીઆતવાળી ચીજોથી નભી શકતું હોય તો સગવડ ખાતર કે શોખ માટે વપરાતી ચીજોનો ત્યાગ કરવો.

તે છતાં કદાચ જરૂરીઆત ઉપરાંત સ્હેજે મળી આવેલ સગવડનો લાભ લેવા મન લલચાય જાય તો પણ શોખને

ખાતર તો ઉપભોગની પ્રવૃત્તિ ન જ કરવી. આનો દૃઢ નિશ્ચય જરૂર રાખવો.

ઉપર મુજબની હિતશિક્ષા ધ્યાનમાં રાખી પ્રત્યેક મુમુક્ષુ-પ્રાણીએ બનતા પ્રયત્ને ઈન્દ્રિયોની દૃઢમૂળ બનેલી વાસનાને જડમૂળથી ઉખેડી નાંખનારા તપના આસેવનમાં વધુ પ્રયત્ન કરવાની જરૂર છે.

તપનું આસેવન ન થવામાં શરીર-મૂર્છા, સુખશીલતા, આળસ, પ્રમાદ અને વીર્યની ફોરવણીનો અભાવ મુખ્યતઃ કારણરૂપ હોય છે, પણ વિવેકી આત્માએ નીચેનું સુવર્ણ વાક્ય હૃદયપટમાં કોતરી રાખવું ઘટે, જેથી શક્ય પ્રયત્ને મળી શકતા તપના અપૂર્વ લાભો મેળવવામાં આપણે કમનસીબ ન નિવડીએ.

તપમાં વીર્ય છુપાવવાથી વીર્યાંતરાય—
સુખશીલતાથી અસાતાવેદનીય—
આલસ-પ્રમાદથી ચારિત્રમોહનીય
દેહમૂર્ચ્છાથી પરિગ્રહનું પાપ
અને શક્તિ-સામગ્રી છતાં તપ ન કરવાથી માયા-પ્રયોગાદિ—
—અનેક દોષો અને કર્મોનું બંધન થાય છે.

તપધર્મના યથાશક્ય આદરપૂર્વક આસેવનથી પૂર્વોક્ત સર્વ અનર્થો દૂર થઈ ઉત્તમોત્તમ કર્મનિર્જરાદિ લાભો થાય છે.

આવા વિવેકપૂર્વક આસેવેલા તપોધર્મની આરાધનાથી-
—ચિંતાઓ ઘટે છે.
—વિકલ્પો શમે છે,

—દેહાધ્યાસ મટે છે,

—વિકારો ઘટે છે,

—વાસનાઓ નાશ પામે છે,

—સંજ્ઞાઓ પર કાબૂ મેળવાય છે,

—કષાયો કૃશ થાય છે.

—ભાવનાઓ નિર્મલ થાય છે,

—પરિણતિ શુદ્ધ થાય છે.

—વિચારો ઉપર કાબૂ આવે છે.

—અનાદિકાલના સંસ્કારોથી સુદૃઢમૂળ બનેલી વાસનાઓના પણ પાયા હચમચી ઉઠે છે.

પરિણામે કર્મ-નિર્જરાના ઉત્તમ ફલ મેળવી પરમ નિધાન મોક્ષ હથેલીમાં આવી રહે છે.

卐

સોનેરી શિખામણ

- આવી પડતા દુઃખ પરિષહ કે પ્રતિકૂલ સંયોગોને હસતે મુખે સ્વેચ્છાથી સહન કવવાની તત્પરતામાં જ સંયમનું સાચું રહસ્ય છે.
- જો સાધુને અનુકૂલતા ગમી તો સાધુતાનો પાયો હચમચવા લાગ્યો છે, એમ જાણવું.
- આપત્તિ અને અગવડને સહવાની ભાવના ન હોય તેનું સંયમ ટકે નહિ, ટકે તો દીપે નહિ.

આત્મકલ્યાણના માર્ગને સરલ બનાવવા ઉપયોગી સૂચના

આત્મકલ્યાણ-સાધનાના પુનિત પંથે વિહરી શ્રેષ્ઠ આદર્શ સંયમી જીવનની સાર્થક સિદ્ધિ મેળવવા ઇચ્છનાર મુમુક્ષુ પ્રાણીએ મુખ્યતા પોતાના જીવનના બન્ને પાસાને તપાસી નીચે જણાવેલ દોષોમાંથી જણાતા કોઈ પણ દોષને પહેલી તકે દૂર કરવા ઉજમાલ થવું ઘટે.

૧. આહારની લાલસા	૧૭. નિર્દયતા
૨. ચિત્તની ચંચલતા	૧૮. કદાગ્રહ
૩. આલસ્ય-સુસ્તી	૧૯. અશ્રદ્ધા
૪. પ્રમાદ	૨૦. પરનિંદા
૫. પુરુષાર્થહીનતા	૨૧. પરચર્યા
૬. અશ્રદ્ધા	૨૨. બાહ્યાડંબર
૭, કુતર્ક	૨૩ વાદ-વિવાદ
૮. ઉતાવળિયાપણું	૨૪. બીજાને ઉતારી પાડવાની ઇચ્છા
૯. વહેમીપણું	૨૫ શરીર સુકુમાલતા
૧૦. અસંયમ	૨૬. વિલાસિતા
૧૧. અસહિષ્ણુતા	૨૭. બીજા પાસે કામ કરાવવું
૧૨. અસદ્વર્ત્તન પ્રતિ ઘૃણાનો અભાવ	૨૮. લોકરંજન
૧૩. પ્રખ્યાતિની ઇચ્છા	૨૯. ખરાબ સોબત
૧૪. માન-સત્કારેચ્છા	

૩૧. આત્મ-કલ્યાણની સાધનાથી વિરુદ્ધ સાહિત્યનું વાંચન
૩૨. ગુરુજન-તિરસ્કાર
૩૩. મહાપુરુષો પર અવિશ્વાસ
૩૪. ધાંધલિયાવૃત્તિ
૩૫. લોભ-સંચયવૃત્તિ
૩૬. દ્રોહ-અપકાર વૃત્તિ
૩૭. ચીડિયાપણું
૩૮. ઉત્કટ કષાય
૩૯. ધર્મી તરીકે અભિમાન
૪૦. બ્રહ્મચર્યખંડન
૪૧. પ્રતિકૂલ સંયોગોમાં હીનભાવ
૪૨. અનુકૂલ સંયોગોમાં છકી જવું
૪૩. સ્થાન કે વસ્તુવિશેષ પર મહત્વ
૪૪. નામ અમર કરવાની ઈચ્છા
૪૫. જુગુપ્સા-દુગંચ્છા
૪૬. દ્વેષ
૪૭. અનુપયોગી પ્રવૃત્તિ

આ દોષો નાના સ્વરૂપમાંથી અણધારી રીતે વિરાટ સ્વરૂપ પકડી સમર્થ-જ્ઞાની આરાધકને પણ આત્મકલ્યાણની સાધનાના માર્ગથી બલાત્કારે ભ્રષ્ટ કરે છે; માટે જીવન-શુદ્ધિ કરી સંયમનું પ્રોજ્જવલ ફલ મેળવવા માટે ઉપરોક્ત દોષોને સમૂલ દૂર કરવા પ્રયત્નશીલ બનવું.

* સાધુપણું એટલે—
શરીરના સુખને ભૂલી જવું.
* સંયમનું ઉપકરણ મોહોત્પાદક ન હોવું જોઈએ, નહીં તો સંયમના બદલે મોહનું ઉપકરણ થવા સંભવ છે.

હેયોપાદેય-વિભાગ

દિવ્ય-સાધનાના સાધક એક મહાપુરુષે નક્કી કરેલા નીચેના હેયોપાદેય-વિભાગને લક્ષ્યમાં રાખી તદનુસાર આચરણ કરવાથી કલ્યાણ-સાધનાનો પંથ બહુ સરલ અને શુભાવહ નિવડે છે.

હેય	ઉપાદેય
આત્મશ્લાઘા	આત્મનિંદા
પરનિંદા	પર-સ્તુતિ
અનૌચિત્ય	ઔચિત્ય
અવિવેક	વિવેક
અવિનય	વિનય
પરાપકાર	પરોપકાર
કાર્પણ્ય	ઔદાર્ય
તુચ્છતા	ગાંભીર્ય
માત્સર્ય	માધ્યસ્થ્ય
અસંબદ્ધ-પ્રલાપ	પ્રિય-હિતકારી વાક્ય

ઉપર મુજબના વિભાગને ખ્યાલમાં રાખી યોગ્ય જીવનલક્ષી પ્રવૃત્તિ કરવાથી આત્મ-કલ્યાણની સાધના સરલ થાય છે.

---

* સાધુ જો આવતા દુઃખોને સ્વેચ્છાથી સહે અગર ઉદીરણા કરીને પણ યથાશક્ય સહન કરે તો કર્મની પરાધીનતા જલ્દી દૂર થાય.

ચારિત્રગ્રહણ પછી યાદ રાખવા જેવા હિતકર સૂચનો !!!

૧. સંસારનો ત્યાગ એટલે વાસ્તવિક રીતે વિષય અને કષાયનો ત્યાગ કર્યો છે, એમ સમજવું કારણ કે વિષય કષાયની પ્રબલતા જ સંસાર છે.

૨. સાધુ-જીવન આત્મકલ્યાણ માટે લીધું છે, એ વાત હરઘડી યાદ રહેવી જોઈએ.

૩. સાધુતા આત્મસાત્ થયા વિના પરોપદેશમાં પડવાથી પોતાનું ગુમાવવાનું થાય છે.

સાધુતા પ્રાપ્ત કરવા માટે—

પાંચ મહાવ્રતો અને તેની પચ્ચીશ ભાવનાઓ અષ્ટ પ્રવચન માતા, દશવિધ સામાચારી, પ્રતિલેખના શુદ્ધિ આદિ સાધુ-ક્રિયાનું સચોટ જ્ઞાન પ્રાપ્ત કરી એના આધારે જીવનનું ઘડતર કરવું જોઈએ.

૪. વિનય એ જૈન શાસનનો મૂળ પાયો છે, ગુરૂ આદિ વડિલનો બહુમાન પૂર્વક વિનય કરવો અને એના માટે દશવૈકાલિકનું નવમું અને ઉતરાધ્યયનનું પહેલું અધ્યયન જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો.

૪. અનાદિકાલથી પ્રમાદનું જોર બળવાન હોવાથી જીવનમાં ડગલે ને પગલે ભૂલ થવાનો સંભવ છે. આવી

સ્થિતિમાં પોતાના ઉપકારી ગુરૂમહારાજશ્રી તરફથી વારંવાર શિખામણ મેળવવાની ઇચ્છા રાખવી.

એમનો ઉપાલંભ સાંભળતાં હર્ષ પામવો કે કેવા ઉપકારી છે ?

જગતમાં મીઠું સંભળાવનારા તો ઘણા છે, પણ ભૂલ તરફ ધ્યાન દોરનાર અને ભૂલ માટે ઠપકો દેનાર તો કોઈક જ હિતેચ્છુ મળે !!!

૫. વ્યાકરણ-ન્યાય આદિનો અભ્યાસ આપણા શાસ્ત્રો વાંચવા-વિચારવા માટે જરૂરી છે, પણ કર્મગ્રન્થાદિ પ્રકરણો અને દશવૈકાલિક સૂત્રનો અભ્યાસ ઘણો જરૂરી છે. એથી એના ઉપર ખૂબ ધ્યાન રાખવું.

ન્યાય-વ્યાકરણ અને સાહિત્યના અભ્યાસ દ્વારા દુનિયામાં ઉપદેશક તરીકે બહાર આવવાની મનોવૃત્તિ ઊછાળા મારે એ આત્માને લુંટાવવાનો ધોરી રસ્તો છે. આવી અનુચિત મહત્વાકાંક્ષામાંથી ધીમે ધીમે પતન સાકાર બને છે.

૬. તપની આચરણામાં પણ બાહ્ય તપ તેમાંય પણ અણસણ ઉપર જ વધુ જોર અપાય છે, પણ વિગઇ ત્યાગ, ઉનોદરી, વિનય આદિ ઉપર ઓછું વજન અપાય છે.

* યોગોદ્વહન એ આત્માને સાચા યોગી બનાવવાનો રાજમાર્ગ હતો, તે આજે વિકૃત થતો જાય છે, તે સંબંધી ગીતાર્થની નિશ્રાએ ઘટતું કરવું જોઇએ.

* પોતાનો કોઇપણ તપ ગૃહસ્થથી અજ્ઞાત રહે, એની ખૂબ સાવચેતી રાખવી, પારણાનો દિવસ પરિચિત-ગૃહસ્થો જાણે તો લુંટાઇ જવાય એમ માનવું.

* પારણામાં પણ ભાવથી તપ ચાલુ રહે, એની કાળજી રાખવી. લાલસા વધતી જતી હોય તો પહેલાં મનોબળને અનુકૂળ અ-સ્વાદ તપનો અનુભવ થાય તેવો હલવો તપ પસંદ કરવો.

*** દેહની મમતા, વિગઇની આસક્તિ, જીભની લોલુપતા અને કષાય જેટલે અંશે કાબુમાં આવે તેટલી જીત સમજવી.**

૭. શ્રી આવશ્યક.

—દશવૈકાલિક

—ઉત્તરાધ્યયન

—આચારાંગ સૂત્ર

—ઓઘ-નિર્યુક્તિ

—પિંડ નિર્યુક્તિ

—અનુયોગદ્વાર

આ સાત ગ્રન્થો યોગોદ્વહન દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરી ગુરૂ મ૦ પાસેથી વાંચી લેવા કે સાંભળી લેવા.

૮. કર્મ-સાહિત્યનો ઝીણવટથી અભ્યાસ કરવાથી આત્માની જાગૃતિમાં ઘણી રાહત મળશે. અધ્યવસાયો નિર્મળ બનશે.

૯. આરાધ્ય-અનુષ્ઠાનમાં છતી શક્તિએ પ્રમાદ ન કરવો.

* અશક્ય લગતી આરાધનામાં પણ પુરૂષાર્થ તો કરવો જ ! શુદ્ધાશયથી પુરૂષાર્થ કરવાં છતાં ફલ ન મળે તો કર્મ જોરદાર છે ! એમ માની પ્રયત્નો ચાલુ રાખવા ! પણ ફળની ઉત્સુકતા ન રાખવી. યતઃ—

महान्तं कार्यमुद्दिश्य, यो विधत्ते परिश्रमम् ।
तत्सिद्धौ तस्य लोपः, स्यादसिद्धौ वीरचेष्टितम् ॥ १ ॥

૧૦. સ્વાધ્યાય અને તપ એ સંયમીની બે ચક્ષુ છે,

૧૧. આવશ્યક અને સાધુક્રિયાના સૂત્રોનું અર્થ પૂર્વક ખૂબ ચિંતન-મનન કરવું.

૧૨. સમિતિ-ગુપ્તિ અને સામાચારીના જ્ઞાનને સમ્યક્ આચરણાદ્વારા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો.

૧૩. કોઇપણ જ્ઞાનાભ્યાસ અને તપ ક્ષયોપશમ ન હોવાના કારણે ન થઇ શકે તો એની ચીવટ અવશ્ય રાખવી ! પણ ખેદ ન કરવો !!!

૧૪. ચાર દુઃખ શય્યા.—

૧ વીતરાગના વચનમાં અશ્રદ્ધા.

૨. બીજાને મળતા લાભની ચાહના.

૩. સુંદર શબ્દાદિ-વિષયની અભિલાષા.

૪. સ્નાન, શરીર મર્દન, અને ધોવાની આકાંક્ષા.

આ ચારને આધીન બનેલો સંયમી પરિણામે લક્ષ્યહીન બની દુઃખી જ થાય છે.

૧૫. ચાર સુખશય્યા—

૧. વીતરાગના વચનોની શ્રદ્ધા.

૨. બીજાને મળતા લાભની ઈચ્છાનો ત્યાગ.

૩. સારા વિષયોની સ્પૃહાનો ત્યાગ,

૪. શરીર-વિભુષાનો ત્યાગ.

આ ચારનું પાલન કરનારો સંયમી પોતાનું લક્ષ્ય જલ્દી સિદ્ધ કરી શકે છે.

ચારિત્ર જીવન જીવી જાણવા માટે જરૂરીયાતો

૧. અનંત જ્ઞાનીઓની આજ્ઞા માન્યતાના ધોરણ મુજબ ચાલવાનું મુખ્ય આદર્શ–ધ્યેય રાખવું.

૨. સ્વચ્છંદી ઇન્દ્રિયોના ગુલામ નહિ બનવાનું પણ તેની સામે મોરચા માંડવાના.

૩. આપણે શા માટે નિકળ્યા છીએ ? અને શું કરવાનું છે ? તેનો નિરંતર ગુરૂનિશ્રાએ વિચાર કરવો.

૪. કષાયની પકડમાંથી છુટવાને માટે હૈયાને કોમળ અને નમ્ર બનાવવું.

૫. વિજાતીય સામે ઊંચી દૃષ્ટિથી જોવું નહીં, તેની સાથે વાત પણ ન કરવી.

૬. ગુરૂના ચરણે પોતાનો આત્મા એકાકાર કરવો. એમની આજ્ઞા એજ આપણું જીવન ! અને એમની ઈચ્છા એ આપણું મન ! કદી પણ સ્વતંત્ર બનવા ઇચ્છવું નહિં.

૭. ગુરૂની ભક્તિ–વિનયાદિ બહુ જ વિનીત અને નમ્ર ભાવે કેવલ આત્મ-કલ્યાણ માટે કરવા તત્પર રહેવું.

૮. જાણ્યે-અજાણ્યે પણ વિરાધના ન થાય તેની જાગૃતિ રાખવી.

* મનને મારવાનું, વાણી પર ઘણો જ સંયમ લાવવાનો અને કાયાને તપસ્યા વડે લુખી અને ભૂખી બનાવવાની! પછી કોઈપણ બીજી વસ્તુની તાકાત નથી કે તે તમારા આદર્શમાંથી તમોને ચલાયમાન કરી શકે?

* ચારિત્રમાં દિન-પ્રતિદિન વધવા માટે આત્માને સંવેગ વૈરાગ્યમાં ઝીલતો બનાવવો.

૯. ગમે તેવી ભૂલ થઈ હોય તો પણ ગુરૂદેવ ને નિવેદન કરી દેવી.

卐

વિવેકની પ્રતિષ્ઠા.

* જીવનમાં અખંડપણે સંયમ અને તપની જોડી કાર્યશીલ બની રહે તેમાં સાધુપણાની સફળતા છે.

* દરેક પદાર્થ અને આહારના સાધનોના ઉપયોગ વખતે આપણા શરીરથી થતી ધર્મ-સાધના અને મનથી થતી આધ્યાત્મિક-સાધના નિરાબાધ રહે તે જ ખાસ જોવાનું છે, આવી વિવેકની પ્રતિષ્ઠા સંયમીએ કરવી ઘટે.

સંયમ-પંથે ધપી રહેલા મુમુક્ષુને

કલ્યાણકારી પ્રેમાળ ઉદ્‌બોધન !!!

ભાગ્યશાલી !!!

સંયમના પંથે આગળ ધપાવાના ઉત્સાહને મોહની અટપટી કેડીઓ સમી વૃત્તિઓનો ગૂંચવાડામાં ગુમાવી ન દઈશ હોં !!!

જો !!! તારી પાસે ગુરૂ-સમર્પણ અને નૈષ્ઠિક બ્રહ્મચર્યરૂપ અણમોલ શક્તિનો જત્થો છે !

—પછી કોણ તારૂં શું કરી શકે તેમ છે !

—આ બન્ને વણમાંગી-અણમોલ સહાયક ચીજો મોક્ષના પંથે આગેકૂચ કરવામાં તને અત્યંત ઉપયોગી સમજાઈ જાય તો બિચારા મોહને ઉભી પૂંછડીએ ભાગ્યે જ છૂટકો !

બાપુ ! આ બન્ને ચીજોનો ઉપયોગ સુસાધ્ય છે તેમજ દુસાધ્ય પણ છે.

સુસાધ્ય ત્યારે જયારે કે—

ગુરૂસેવા-શાસ્ત્ર-સ્વાધ્યાય, ધ્યાન અને તપમાં તારી વૃત્તિઓને અવાર નવાર જોડી રાખે તો—

આ....વાંચીને બરાબર ઊંડુ મનન કરજે !

સૂક્ષ્મ-વિચારની સોયથી મનમાં કે સંસ્કારોની અટપટી ગૂંચમાં ઉંડે પડી રહેલા શલ્યને તથા વિચાર-દોષના કાંટાને બહાર કાઢજે !!!

—તો આનો ખરો ભાવ તને સમજાશે અને તેના મર્મ સુધી તું પહોંચી શકીશ !!!

છેલ્લે આટલું જરૂર યાદ રાખજે—"परप्रवृत्तौ बघिरान्धमूकः" બનવા પ્રયત્ન કરજે !!! અને "आणाए धम्मो" સુત્રને લક્ષ્યમાં રાખી જેની નિશ્રાએ સંયમ પંથે સંચરવા તૈયાર થયો છે, તે ગુરૂદેવની આજ્ઞાને જીવન સર્વસ્વ માનીને ચાલજે !!! આ વાત જરા પણ વિસરીશ નહીં !!!

卐

ચેતવણી !!!

જે સંયમમાં અનાદિકાલીન સંસ્કારો અને ઈન્દ્રિયોના વિષયોને જીતવાનું મહત્વ છે તે સંયમના નામે મળતા ખાન-પાન આદિથી પૌદ્‌ગલિક-વાસનાઓને પોષવાની બાલિશ પ્રવૃત્તિ ખરેખર જીવન-શક્તિનું સદંતર દેવાળું કાઢવા જેવી છે.

માટે સંયમ લીધા પછી સવેળા ચેતી જઈ ગુરુ નિશ્રાએ વૃત્તિઓના નિગ્રહ માટે ઉદ્યમ કરવો જોઇએ !!!

સંયમની સાધનામાં ઉપયોગી હિતકર સૂચનો.

(૧) કલ્યાણ મિત્રનો સંસર્ગ રાખવો.
(૨) જિનવચન શ્રવણ કરવું.
(૩) સાંભળેલા વચનોને સમ્યગ્ પ્રકારે ધારી રાખવા.
(૪) પરોપકાર કરવો. [પરમાર્થવૃત્તિ]
(૫) પર–પીડાનો પરિહાર કરવો.
(૬) વિષય પ્રવૃત્તિના ત્યાગ માટે પ્રયત્ન કરવો.
(૭) ભવનું સ્વરૂપ નિરંતર ભાવવું.
(૮) પૂજ્ય-વડીલ–ગુણવાન્ મહાપુરૂષોની પૂજા--સેવા--આદર બહુમાન માટે તત્પર રહેવું.
(૯) કોઇની સાચી કે ખોટી નિંદા ન કરવી કે ન સાંભળવી.
(૧૦) આપણા નિમિત્તે લોકો અધર્મ ન પામે તેનું પુરૂ ધ્યાન રાખવું.
(૧૧) ગુણાનુરાગ કેળવવો.
(૧૨) બીજાના દોષો પ્રતિ મધ્યસ્થભાવ કેળવવો.
(૧૩) કુશીલ--શિથિલાચારીનો સંસર્ગ વર્જવો.
(૧૪) પ્રયત્ન પૂર્વક પ્રમાદ છોડવા પ્રયત્ન કરવો.
(૧૫) અશુભ વિકલ્પોને દૂર કરવા માટે ક્રોધાદિ–કષાયના ત્યાગ પૂર્વક આત્મ–સ્વરૂપનું અવસરે–અવસરે ચિંતવન કરવું.

(૧૬) "શરીર, ઘર, ધન, સ્વજન, મિત્રો, પુત્ર વિગેરે બધા પર દ્રવ્ય મારાથી આત્માથી ભિન્ન છે. હું એનાથી ભિન્ન છું" આવી ભાવના પૌદ્ગલિક પદાર્થોના મોહ વખતે કેળવવી.

(૧૭) નિત્ય, શાશ્વત, નિષ્કલંક, શુદ્ધ અને જ્ઞાનદર્શનથી સમૃદ્ધ આત્માનું સ્વરૂપ છે.

(૧૮) શુદ્ધ અને શાશ્વત જે મોક્ષરૂપ આત્માનું સ્થાન છે તેજ ખરેખર ઉપાદેય છે.

(૧૯) વધુ શું કહેવું ?

જેમ જેમ રાગ અને દ્વેષ નાશ પામે-ઘટે તે રીતે વિવેક પૂર્વક ગુરૂ નિશ્રાએ શાસ્ત્રાજ્ઞા અને ગીતાર્થોની મર્યાદા પ્રમાણે પ્રવર્તવું.

(શ્રીયુત પૂ ઉપા. યશોવિ. મ. પ્રણીત શ્રી ઉપદેશ રહસ્ય ગા. ૧૯૪ થી ૨૦૧ ના આધારે)

સંયમ-રથના ચક્રો.

નિર્ભયતા સ્વતંત્રતા અ-પરોપજીવીપણું અનિશ્રિત-પણું મુક્તિપુરીમાં પહોંચાડનારા સંયમ-રથના ચક્રો છે.

જ્ઞાનથી નિર્ભયતા અને અભ્યાસથી શાસ્રીય સાચું સ્વાશ્રયીપણું મેળવી શકાય છે.

श्री वर्धमान-स्वामिने नमः

'णाणं सव्वत्थगं चक्खू'

મુક્તિના પંથે

સમ્યગ્-જ્ઞાન-વિભાગ

अणुसोअ-पट्ठिअ-बहुजणम्मि,
पडिसोअ-लद्धलक्खेणं ।
पडिसोअमेव अप्पा,
दायव्वो होउ-कामेणं ॥
अणुसोअ-सुहो लोए ।
पडिसोओ आसवो सुविहियाणं ।
अणुसोओ संसारो,
पडिसोओ तस्स उत्तारो ॥

—શ્રી દશવૈ૦ ચૂલિકા ૨ જી ગાથા ૩

॥ ज्ञानं निःश्रेयसकरम् ॥

જ્ઞાનનો પરમાર્થ

વાસનાની પૂર્તિ માટે મથી રહેલ આખા સંસારની વચ્ચે વાસના-વિજયનું લક્ષ્ય રાખીને આરાધક પુણ્યાત્માએ મુમુક્ષુ ભાવ ટકાવી રાખવા વાસના વિજય માટે જ પ્રયત્ન કરવો.

આખો સંસાર વાસનાની પૂર્તિમાં શ્રેય માને છે, પણ વાસનાના સામે--પૂર જઈ જાતને જ્ઞાન-વૈરાગ્ય વડે ટકાવી રાખવી તે જ્ઞાનનો પરમાર્થ છે.

કેમકે :— અનાદિકાલીન અશુભ-સંસ્કારોના રવાડે ચઢેલ જીવનનું નામ સંસાર અને તેનાથી વિપરીત--રીતે જીવન જીવવા માટે જ્ઞાની-ઓની આજ્ઞા મુજબ વર્તવું તે સંસારથી છૂટવાનો ઉપાય છે. —શ્રી દશવૈ૦સૂત્ર

વિષય-કષાયની વાસનાને અનુરૂપ પ્રવૃત્તિ બાલજીવોને અનાદિકાલના સંસ્કારોથી સુલભ છે, પણ સમ્યગ્જ્ઞાનબળે આત્મસ્વરૂપના સંવેદન થયા પછી વાસનાઓની સામે ચાલ-વાની હિંમતભેર પ્રવૃત્તિ જ ખરેખર જીવન-શુદ્ધિનું પ્રધાન કારણ બને છે.

અને આ પ્રવૃત્તિ જ્ઞાનીઓને ઉત્કૃષ્ટ--તપરૂપ બની જાય છે,

સમ્યગ્-જ્ઞાનની મહત્તા

મોક્ષમાર્ગની આરાધનાની યથાર્થતા માટે અન્ય સર્વ સાધનો કરતાં જ્ઞાનની મહત્તા વધુ છે, કારણ કે-પ્રત્યેક પ્રવૃત્તિની સારમયતાનો આધાર-સ્તંભ જ્ઞાન છે. જ્ઞાન સાધ્ય-સાધનનો યથાર્થ વિવેક કરાવી સાધક-બાધકના વિવેચનમાં સહકારી થઈ યોગ્ય માર્ગ દોરી શકે છે, અન્યથા સાધન-સામગ્રી-સંપન્ન દશામાં પણ યથોચિત યોજન કરવાના જ્ઞાનના અભાવે છતી-સામગ્રીએ ભૂખે-મરવાની જેમ આત્મકલ્યાણ-સાધનાની યથાર્થતા સાધી જીવનને ઉજ્જવલ બનાવનાર પણ ઉત્તમ-માનવભવાદિની પ્રાપ્તિ લગભગ નિરર્થક નિવડે છે.

માટે આ વિભાગમાં સંયમની આરાધનાના ચોક્કસ લક્ષ્ય કેન્દ્રરૂપ સમ્યગ્દર્શનની દઢતા મેળવ્યા પછી કેન્દ્રિત--લક્ષ્યને પહોંચી વળવા થતી ઉત્સાહભેર પ્રવૃત્તિને ફલવતી બનાવવા પ્રત્યેક આદર્શ-આરાધક પ્રાણીને યથોચિત મેળવવા લાયક મુષ્ટિજ્ઞાનરૂપ ટૂંકા પણ આદર્શ જ્ઞાનરૂપ પ્રકારને વિવિધ રીતે આયોજીને મુદ્દાસર વર્ણવેલ છે.

સાધુતાની કસોટી

* પારકા દોષ અને આપણા ગુણ સ્વપ્ને પણ યાદ ન આવે તે ખરી સાધુતા છે.
* આપણી જાતને ભૂલી જ્ઞાનીઓની આજ્ઞા-નિશ્રાની તત્પરતા ખરી સાધુતા છે.

સંયમની સાધનાને સફલ બનાવનાર મુષ્ટિજ્ઞાનરૂપે જરૂરી જાણવા લાયક કેટલાક પદાર્થો

આદર્શ-સાધુતાને મૂર્ત્ત સ્વરૂપ આપવા તથા જીવનની પરમોચ્ચ વિશુદ્ધિની ભૂમિકાએ પહોંચવા પ્રત્યેક આરાધક મુમુક્ષુ પ્રાણીએ દીક્ષા-સંયમના સ્વીકારની સાથે જ આ જણાવતા સંયમની સાધનાને સફલ બનાવનાર કેટલાક પદાર્થોનું જ્ઞાન મુષ્ટિજ્ઞાનરૂપે અવશ્ય મેળવી લેવું ઘટે. પ્રતિક્ષણ તદનરૂપ યોગ્ય વિચારણા કરી બનતે-પ્રયાસે સંયમની મહત્તાને સમજાવનારા આ પદાર્થોને જીવનમાં વણી લેવા ઉદ્યત રહેવું જરૂરી છે.

શાસ્ત્રીય મર્યાદા પૂર્વક સંયમી જીવન જીવવા માટે સંયમના પાયાના મહત્ત્વના પદાર્થોનું જ્ઞાન વ્યવસ્થિત રીતે મેળવવાની ખાસ જરૂર છે.

તેથી આ વિભાગમાં સંયમી-જીવન-ચારિત્ર શુદ્ધિ અને જીવન-શુદ્ધિ માટે જરૂરી પદાર્થોનું વ્યવસ્થિત જ્ઞાન આપનાર ચૂંટેલી કેટલીક બાબતોનો સંક્ષિપ્ત સંગ્રહ કરવામાં આવ્યો છે.

(૧) શ્રમણ ધર્મ કેવો ?

પ્રત્યેક આરાધક આત્માએ સૌ પ્રથમ મોક્ષમાર્ગની સાધના માટે સ્વીકારેલ શ્રમણધર્મની સારમયતા જાણવી જોઈએ, તે માટે શ્રી પાક્ષિક-સૂત્રના પાંચ મહાવ્રતોના આલાવામાં આવતા કેટલાક પદો અહીં ઉદ્ધર્યા છે.

केवलि-पण्णत्तस्स=વીતરાગ — સર્વજ્ઞ પ્રભુએ નિષ્કામ-વત્સલતાથી ઉપદેશેલ છે.

अहिंसा-लक्खणस्स-કોઈ પણ જીવની માનસિક પણ વિરાધના ન થવા દેવાનું જેમાં આદર્શ વિધાન છે.

सच्चाहिट्ठिअस्स-ત્રિકાલાબાધિત આત્મ-સ્વરૂપાવગાહી વિશુદ્ધ--સત્યના અવલંબને પ્રતિષ્ઠિત છે.

विणय-मूलस्स જેના પ્રત્યેક અનુષ્ઠાનોના મૂલમાં માનકષાયનું મર્દન કરનારી નમ્રતા-વિનયશીલતા રહેલ છે.

खंतिप्पहाणस्स ક્રોધ-કષાયનું દમન કરનારી ક્ષાંતિ-ક્ષમાભાવનું જેમાં પ્રાધાન્ય છે.

अ-हिरण्ण-सोवण्णिअस्स-જેના પાલન કરનારની પાસે સોનું ચાંદી અગર કોઈ પણ ધાતુની વસ્તુનો સંચય કે સદ્ભાવ હોતો નથી.

उवसम-पभवस्स ઘોર અપરાધીને પણ માફ કરી દેવારૂપ ઉપશમ-ભાવની અજબ કેળવણી આપનાર

णव-बंभचेर-गुत्तस्स-વિશુદ્ધ સાત્ત્વિક--બ્રહ્મચર્યના પાલન માટે જેમાં નવ પ્રકારની આદર્શ ગુપ્તિ-મર્યાદા યોજેલ છે.

अ-पयमाणस्स–કોઈ પણ પ્રકારની રસોઇ કરવાની ધાંધલ-
હિંસામય પ્રવૃત્તિ જેમાં નથી.

भिक्खा वित्तियस्स–કોઈને સૂક્ષ્મ પણ માનસિક પીડા
ન થાય તેવા વિશુદ્ધ આશયને સાધનારી
એષણાશુદ્ધિપૂર્વક ભિક્ષાવૃત્તિ દ્વારા જેમાં
યથોચિત જીવન-નિર્વાહની વ્યવસ્થા છે.

कुक्खि-संबलस्स–જીવન-યાત્રાના નિર્વાહ પૂરતો ખોરાક મેળવી
સંયમ-યાત્રાની જ સિદ્ધિના ધ્યેયથી
શરીરના ટકાવ પૂરતી જેમાં વ્યવસ્થા છે,
સંચય કે પરિગ્રહ-વૃત્તિનું જેમાં સ્થાન નથી.

णिरग्गि सरणस्स–કોઇ પણ સંજોગોમાં ઠંડી આદિ દૂર કરવા
અગર રાંધવા આદિ માટે અગ્નિનો આશરો
જેમાં લેવાનો નથી.

संपक्खालिअस्स–બાહ્ય શારીરિક-મલને દૂર કરવાની
અનાદિકાલીન ટેવને છોડી બાહ્ય-મલને
પેદા કરનાર-વધારનાર આભ્યંતરમલ
રાગાદિ-દોષોના વિકારો-ને નિર્મલ થવાનું
જેમાં વિધાન છે.

चत्त-दोसस्स-જે આત્મ-કલ્યાણની સાધનામાં વિઘ્નરૂપ સર્વ
પ્રકારના દોષોનો પરિહાર કરાવનાર છે.

गुणग्गाहिअस्स–બીજાના સુક્ષ્મ પણ ગુણનું અનુમોદન-
પ્રમોદપૂર્ણ ભાવપૂર્વક ગ્રહણ કરવાનું જે
શીખવે છે.

णिव्वियारस्स-જે મોહજન્ય ઘેલછાભર્યા રાગાદિના વિકારોથી રહિત છે.

णिव्वित्ति लक्खणस्स-જન્મ-મરણના ક્લેશ વધારનારી આધિભૌતિક-સાંસારિક, તમામ ઉપાધિમય, જંજાળી અશુભ-પ્રવૃત્તિઓના પરિહાર-સ્વરૂપ નિવૃત્તિની જેમાં પ્રધાનતા છે.

पंच – महव्वय – जुत्तस्स-આદર્શ- સાધુતાના નિયામક મહામૂલા-મહત્વભર્યા પાંચ મહાવ્રતોનું. સુભગ પાલન જેમાં નિર્દેશાયેલું છે

अ-विसंवाइअस्स-જેની આરાધનાથી ચોક્કસપણે આત્મસ્વરૂપની વિશુદ્ધિરૂપ મુક્તિનું ફળ મળે જ છે.

संसार-पार-गामिअस्स-જેની નિર્મલતર આસેવનાથી વિષમ પણ સંસાર-સમુદ્રનો પાર પમાય છે.

णिव्वाण-गमण-पज्जवसाण-फलस्स=જે આરાધના કર્યા પછી અંતિમ ફલ તરીકે તમામ કર્મોના બંધનમાંથી મુક્ત બની શાશ્વત-સુખના ધામસમા વિશુદ્ધ આત્મસ્વરૂપાનંદની પ્રાપ્તિરૂપ સિદ્ધિગતિ પ્રાપ્ત થાય છે.

આવા અપૂર્વ ઉત્તમોત્તમ જીવનની પ્રકૃષ્ટ-સાધનાના પંથે આગળ વધવા સુખદ સાધનસમા શ્રમણધર્મની દીક્ષા સ્વીકાર્યા પછી યથોક્ત ફલ મેળવવા ક્રમિક-પ્રયત્નોની શુભ પરંપરાની સાધના માટે સદા ઉદ્યત રહેવું ઘટે.

(૨) પાંચ મહાવ્રત

१ सव्वाओ पाणाइवायाओ वेरमणं,

२ सव्वाओ मुसावायाओ वेरमणं,

३ सव्वाओ अदिण्णादाणाओ वेरमणं,

४ सव्वाओ मेहुणाओ वेरमणं,

५ सव्वाओ परिग्गहाओ वेरमणं,

ભાવાર્થ–૧ સર્વથા પ્રાણાતિપાત-વિરમણ વ્રત-કોઇપણ સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવની જાણ્યે અજાણ્યે થતી-થનારી હિંસાથી સર્વથા ત્રિવિધે અટકવું તે.

૨. સર્વથા મૃષાવાદ-વિરમણ વ્રત ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી અસત્ય બોલવાથી સર્વથા અટકવું તે.

૩. સર્વથા અદત્તાદાન-વિરમણ વ્રત–નાની કે મોટી કોઇ પણ ચીજ પૂછયા વગર લેવારૂપ ચોરીથી સર્વથા અટકવું તે.

૪. સર્વથા મૈથુન-વિરમણ વ્રત–વિષયભોગાત્મક મૈથુન સંબંધી ક્રીડાથી સર્વથા અટકવું તે.

૫. સર્વથા પરિગ્રહ-વિરમણ વ્રત મૂર્છા–આસક્તિપૂર્વક સાંસારિક પદાર્થો અને ધર્મના પણ ઉપકરણો વધુ પડતા ભેગા કરવાની વૃત્તિથી સર્વથા અટકવું તે.

(૩) પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવના

भावनाभिर्भावितानि पञ्चभिः पञ्चभिः क्रमात् ।
महाव्रतानि नो कस्य, साधयन्त्यव्ययं पदम् ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો૦ ૨૭)

પાંચ મહાવ્રતો પાંચ–પાંચ ભાવનાઓથી ભાવિત થયેલા કોને અવ્યય–મોક્ષપદ સાધનારા થતા નથી? અર્થાત્ એકેક મહાવ્રતનું નિર્મલ પાલન કરવા સારુ–પાંચ ભાવનાઓ નિરંતર ધ્યાનમાં રાખવી ઘટે.

પહેલા મહાવ્રતની પાંચ ભાવના

मनोगुप्त्येषणादानेर्याभिः समितिभिः सदा ।
दृष्टान्नपानग्रहणेनाहिंसां भावयेत् सुधीः ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો. ૨૬)

૧ મન-ગુપ્તિ—મનમાં અશુભ સંકલ્પ-વિકલ્પ થાય તો શમાવી દેવા, પણ ગતિમાન ન કરવા, વચન-કાયાદ્વારા મનને વધુ પ્રવૃત્તિશીલ ન થવા દેવું.

૨ ઇર્યા-સમિતિ—યુગપ્રમાણ (સાડાચાર હાથ) ભૂમિને નિરીક્ષવાપૂર્વક જીવ-યતનાનો ઉપયોગ રાખી ચાલવું.

૩ આદાન-સમિતિ—વસ્તુ માત્રને લેતાં મૂકતાં ચક્ષુથી પડિલેહી રજોહરણાદિથી પ્રમાર્જવાની જયણા કરવી.

૪ એષણા-સમિતિ—સંયમ-યાત્રાના સાધનરૂપ દેહના સુખ-નિર્વાહ અર્થે હિંસા–સંકલ્પાદિ કોઈ પણ ઉદ્દેશ્યથી થતા આધાકર્માદિ બેતાલીશ દોષોથી રહિત ગોચરીની ગવેષણાદિની વિશુદ્ધ–પ્રવૃત્તિ રાખવી.

૫ દૃષ્ટાન્નપાન-ગ્રહણ--વહોરાવનાર અને વહોરવા લાયકની વસ્તુ લાવવા લઈ જવાની ચેષ્ટા દેખી શકાતી હોય તે રીતે વહોરવી અથવા જોઇ તપાસીને ગ્રહણ કરવી.

બીજા મહાવ્રતની પાંચ ભાવના

हास्य–लोभ–भय–क्रोधप्रत्याख्यानैर्निरंतरम् ।
आलोच्य भाषणेनापि, भावयेत् सूनृतव्रतम् ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧ શ્લો૦ ૨૭)

૧-૨-૩-૪. હાસ્ય-લોભ-ભય-ક્રોધનો ત્યાગ.-હાસ્ય, લોભ, ભય, તથા ક્રોધથી સર્વદા દૂર રહેવું, તે પેદા ન થાય તેવા સંજોગોમાં રહેવું.

કારણ કે આ ચાર કારણોથી જ પ્રાયઃ મૃષાવાદનો પ્રસંગ સાંપડે છે.

૫. વિચારીને બોલવું-જરૂર પડે ત્યારે ભાવી પરિણામનો મધ્યસ્થપણે સમતોલપણું જાળવી સંપૂર્ણ વિચાર કર્યા પછી બોલવું.

ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના

आलोच्यावग्रहयाञ्चाऽभीक्ष्ण!ऽवग्रहयाचनम् ।
एतन्मात्रमेवैत–दित्यवग्रहधारणम् ॥
समानधार्मिकेभ्यश्च, तथावग्रहयाचनम् ।
अनुज्ञापितपानान्ना–शनमस्तेयभावनाः ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો૦ ૨૮-૨૯)

૧. વિચારીને અવગ્રહનું યાચન-પોતાને જ્યારે જરૂર પડે ત્યારે સંપૂર્ણ વિચાર કરીને જેટલી જરૂર હોય,

રોજ પ્રત્યુપેક્ષણ-પ્રમાર્જના થઈ શકે તેટલા અવગ્રહની યાચના કરવી.

૨. વારંવાર અવગ્રહાનુજ્ઞાની જયણા-એક વાર વસતિના માલિકે સમુચ્ચયથી આખી વસતિ ઉતરવા આપી હોય છતાં જ્યારે જે જે અવગ્રહની જરૂર પડે ત્યારે પુનઃ માલિકની અનુજ્ઞા મેળવવા ઉચિત જયણા કરવી.

૩. અવગ્રહનું અવધારણ-વસતિ ગ્રહણ કર્યા પછી ચોક્કસપણે પ્રત્યુપેક્ષણા-પ્રમાર્જના કરી યથોચિત ઉપયોગ માટે-'મારે આટલો અવગ્રહ અનુજ્ઞાત કરેલો વાપરવો'-એવો સ્પષ્ટ અવધારણાત્મકપણે અવગ્રહને ચોક્કસ કરવો.

૪. સમાન-ધાર્મિક પાસે અવગ્રહ-યાચન--વસતિના માલિકે અનુજ્ઞા આપ્યા પછી પણ તે વસતિમાં પ્રથમથી રહેલા સાધર્મિક--સાંભોગિક કે અસાંભોગિક--સાધુ સાધ્વી પાસેથી પુનઃ વસતિ આદિની યાચનાની જયણા કરવી.

૫. આપેલાં જ ગોચરી-પાણી વાપરવા—ગૃહસ્થે વહોરાવેલ જ ગોચરી-પાણી વાપરવાનો ઉપયોગ રાખવો, ગૃહસ્થ પાસેથી વાપરવા માટે અનુજ્ઞાત નહિં કરાયેલ કંઇ પણ ચીજ ન વાપરવી.

ચોથા મહાવ્રતની પાંચ ભાવના

स्त्री-षण्ढ-पशुद्वेश्मा-सन-कुड्यान्तरोज्झनात् ।
सराग-स्त्रीकथा-त्यागात्, प्रागूरत-स्मृतिवर्जनात् ॥

स्त्री–रम्यांगेक्षण–स्वांग–संस्कार–परिवर्जनात् ।
प्रणीता–त्यशन–त्यागाद्, ब्रह्मचर्यं तु भावयेत् ॥
(શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લો૦ ૩૦–૩૧)

૧. **શુદ્ધ વસતિ આદિની જયણા**--સ્ત્રી, નપુંસક, પશુવાળા સ્થાને રહેવું, બેસવું કે ભીંત આંતરેથી તેવાઓનો અનુભવાતો સહવાસ-આ બધાનો ત્યાગ કરવો.

૨. **રાગમય કથાનો ત્યાગ**-કામવિકારને વધારનારી સ્ત્રી સંબંધી વિષય–વાસનાને ઉત્તેજક કથા--વાત સરખી પણ ન કરવી.

૩. **પૂર્વાનુભૂતસ્મરણ–ત્યાગ**--કામ--વાસનાદિની આભિમાનિક તૃપ્તિઅર્થે પૂર્વે આસેવેલ સુરત -મૈથુનાદિ સંબંધી ચેષ્ટાઓનું સ્મરણ પણ ન કરવું.

૪. **સ્ત્રીના અંગોપાંગ જોવાનો તથા શરીર વિભૂષાનો ત્યાગ**-રાગમય દૃષ્ટિથી કામ-વાસનાને તૃપ્ત કરવાના ઈરાદે સ્ત્રીના સુરમ્ય અંગોપાંગો ધારીને જોવા નહિં, તેમજ સારા દેખાવડા લાગવાના મોહમાં શરીરની સાફસૂફી--ટાપટીપ આદિ વિભૂષા કરવી નહિં.

૫. **પૌષ્ટિક તથા માત્રાધિક આહારનો ત્યાગ**—ઇન્દ્રિયોના વિકારોને પોષક સ્વાદિષ્ટ ઉત્તેજક પદાર્થોનો ત્યાગ કરવો, તથા શરીરના નભાવ થવા ઉપરાંત સ્વાદાદિની દૃષ્ટિએ વધુ પ્રમાણમાં આહાર ન કરવો.

પાંચમા મહાવ્રતની પાંચ ભાવના

स्पर्शे रसे च गंधे च, रूपे शब्दे च हारिणि ।
पंचस्वितीन्द्रियार्थेषु, गाढं गार्द्धस्य वर्जनम् ॥

एतेष्वेवामनोज्ञेषु, सर्वथा द्वेषवर्जनम् ।
आकिंचन्यव्रतस्यैवं, भावनाः पंच कीर्तिताः ॥

(શ્રી યોગશાસ્ત્ર, પ્ર. ૭, શ્લો૦ ૩૨–૩૩)

સુંદર--અનુકૂલ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ ન કરવી, તેમજ અશુભ--પ્રતિકૂલ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં ઘૃણા--દુગંછા--દ્વેષ ન કરવો.

ઉપર પ્રમાણે દરેક મહાવ્રતની પાંચ–પાંચ ભાવનાઓ જણાવી છે તે ખ્યાલમાં રાખી તે તે મહાવ્રતને જાળવવાથી અને યથોચિત મર્યાદામાં રહી વિશુદ્ધપણે સંયમી જીવનની શ્રેષ્ઠ સિદ્ધિ મેળવવા અહર્નિશ સંયમની ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવાથી આત્મ–કલ્યાણની સાધના અતિ–સુલભ બને છે.

જીવન–શુદ્ધિની ચાવી

* હું શું છું ? કેવો છું ? અને મારામાં શું છે ? એ વિચારના બદલે મારામાં શું નથી ? એનો વારંવાર વિચાર કરવાથી જીવન–શુદ્ધિનો માર્ગ જલ્દી હસ્તગત થાય છે.

(૪) આઠ પ્રવચનમાતા-પાંચસમિતિ ત્રણ ગુપ્તિ.

ईर्या-भाषै-षणा-दान-निक्षेपो-त्सर्गसंज्ञिकाः ।
पञ्चाहुः समितीस्तिस्रो, गुप्तीस्त्रियोगनिग्रहात् ॥
एताश्चारित्रगात्रस्य, जननात् परिपालनात् ।
संशोधनाच्च साधूनां, मातरोऽष्टौ प्रकीर्तिताः ॥

(શ્રી યોગશાસ્ત્ર, પ્ર. ૧, શ્લો૦ ૩૫-૪૫)

આશયશુદ્ધિ અને જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવારૂપ પાંચ સમિતિ અને અશુભ યોગોના નિગ્રહ સ્વરૂપ ત્રણ ગુપ્તિ ચારિત્રરૂપ બાલકને ઉત્પન્ન કરનાર, પાળી--પોષી વૃદ્ધિ પમાડનાર અને આવી પડતા દોષોનું નિરાકરણ કરનાર છે,

માટે શાસ્ત્રકારો આ આઠને પ્રવચનમાતાના સુમધુર વિશેષણથી સંબોધે છે, આનું યથાસ્થિત ઉપયોગપૂર્વક પાલન કરનારો સમ્યક્પણે આખા પ્રભુશાસનની સારમય આરાધના કરી જાણે છે.

પાંચ સમિતિ

સમિતિ=સમ્-સમ્યક્પ્રકારે આત્માના કલ્યાણની સાધનાના માર્ગે ઇતિ-ચેષ્ટા-પ્રવૃત્ત કરવી,

ઇર્યાસમિતિ-ત્રસ કે સ્થાવર, સૂક્ષ્મ કે બાદર પ્રાણી માત્રને અભયદાન આપી જીવન-વિશુદ્ધિના ઉજ્જવલ પંથે વિહરનાર સાધુ-સાધ્વીએ ચાલતી વખતે યુગ (સાડાચાર હાથ) પ્રમાણ ભૂમિનું દૃષ્ટિ પડિલેહણ કરવા સતત ઉપયુક્ત રહેવું, અનુપયોગના કારણે કોઈ પણ જીવની વિરાધના ન થઈ જાય તેનું સંપૂર્ણ તકેદારીભર્યું ધ્યાન રાખવું.

ભાષાસમિતિ–હિતકારી, પાપ-વ્યાપારમય પ્રવૃત્તિને જાણ્યે અજાણ્યે પણ નહિં પોષનારું, નિરવદ્ય, મિત, અને મૃષાવાદની જયણા પૂર્વક બોલવું.

એષણાસમિતિ–ફક્ત સંયમ–યાત્રાના નિર્વાહના જ ઉદ્દેશ્યથી રસનેન્દ્રિયને પોષક, વિકારવાસનાના ઉત્તેજક પદાર્થોની લાલસાથી લાગતા આધાકર્માદિ બેંતાલીશ દોષોથી રહિત ગોચરીની ગુરુ-લઘુભાવે તારતમ્યવાળી જયણાપૂર્વક ગવેષણા કરવી.

આદાન–નિક્ષેપ સમિતિ કોઇપણ વસ્તુને લેતાં મૂકતાં જીવ-વિરાધનાના પાપમાંથી બચવા ચક્ષુપડિલેહણ કરી રજોહરણાદિથી પુંજવા-પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

પારિષ્ઠાપનિકા (ઉત્સર્ગ) સમિતિ -સંયમમાં અનુપયોગી વસ્તુમાત્રને અગર કફ–મૂત્ર–મલાદિને યોગ્ય સ્થંડિલ ભૂમિએ શાસ્ત્રોક્ત રીતિનીતિ મુજબ વિધિપૂર્વક પરઠવી.

ગુપ્તિ--સંયમના લક્ષ્યથી મન--વચન અને કાયાના વ્યાપારોને રોકવા. મન, વચન, કાયાના અશુભ વ્યાપારોને યથાશક્ય પ્રયત્ને ગોપવી--રોકી રાખવા સદા-સર્વદા બને તેટલી ઓછી–પ્રવૃત્તિવાળા થવું તે ગુપ્તિનો પરમાર્થ છે.

મનોગુપ્તિ-આર્ત્ત કે રૌદ્રાદિ સંબંધી સંકલ્પ-વિકલ્પોની પરંપરાને ઉપજાવનાર તમામ સામગ્રીથી દૂર રહી

રાગ-દ્વેષની જંજાળમાં ન ફસાય તેવા વાતાવરણમાં રહી મનને અશુભ સંકલ્પોથી દૂર રાખી કે આત્મ-સ્વરૂપાવગાહી બનાવવા પ્રયત્નશીલ થવું.

વચનગુપ્તિ--ઇશારા આદિ પણ કર્યા વિના સંપૂર્ણપણે વચનોચ્ચારની સાવદ્ય--પ્રવૃત્તિથી અટકવું.

કાયગુપ્તિ--ગમે તેવા ઘોર પરીષહ-ઉપસર્ગાદિ પ્રસંગે પણ શરીરને પાપમય--પ્રવૃત્તિ તરફ પ્રવર્તવા ન દેવું, અથવા સંયમના અનુષ્ઠાનો અગર શરીર-ધર્મની ચેષ્ટાઓમાં નિયમિત રહેવું, ચંચલતા દોષનો પરિહાર કરવો.

આ સમિતિ--ગુપ્તિનું યથાસ્થિત પાલન સંયમી--આત્માને ક્રમિક આત્મ--વિકાસ સાધનાના પંથે આગલ ધપાવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પુનિત સમવાયસ્વરૂપ વિશુદ્ધ આરાધકભાવને કેળવી અત્યુત્તમ મુક્તિપદની પ્રાપ્તિ શીઘ્ર કરાવે છે.

આમાં મુનિએ લક્ષ્ય તરીકે ગુપ્તિને રાખવાની જરૂર છે, જેમ બને તેમ મન વચન કાયાની પ્રવૃત્તિ માત્ર અલ્પ બનતી જાય અને જ્ઞાનાદિ ગુણોની શુભ વિચારણા એવં તદનુકૂલ શુભ પ્રવૃત્તિ વધે તે રીતે વર્તવાની જરૂર છે. ગુપ્તિમાં **વધુ સમય ન ટકાય અને પ્રવૃત્તિ કરવાનો અવસર આવે ત્યારે સમિતિના પરિપાલન માટે સાવધ બની પ્રવૃત્તિ કરવી.**

આમ ગુપ્તિ સમિતિનો પરમાર્થ સમજી યોગ્ય પ્રવૃત્તિ કરનારો વાસ્તવિક સાધનાના પરમોચ્ચ ફલને મેળવી શકે છે.

(૫) સંયમના સત્તર પ્રકાર.

पुढवि–दग–अगणि–मारुय–
वणस्सइ–बि–ति–चउ–पणिंदि–अज्जीवो ।
पेहु–प्पेह–पमज्जण–
परिट्ठवण मणो–वई–काए ॥ १ ॥

(શ્રી ઓઘનિર્યુક્તિ ગા)

ચારિત્ર–સર્વવિરતિ સ્વીકાર્યા બાદ તેના પ્રાણસ્વરૂપ અશુભ–વ્યાપારના પરિહારને ટકાવવા જાણ્યે અજાણ્યે પણ પાપ–પ્રવૃત્તિથી વિરતિનો અણુધાર્યો પણ ભંગ થઈ જવા ન પામે, તે માટે શાસ્ત્રકારોએ સંયમના સત્તર પ્રકાર વર્ણવી તેના પાલન માટે ઉપયુક્ત બનવા ભારપૂર્વક સમર્થન કર્યું છે.

૧ થી ૫. પૃથ્વીકાય–અપ્કાય–તેઉકાય–વાયુકાય–વનસ્પતિકાય–સંયમ.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયની સૂક્ષ્મ કે બાદર વિરાધના થઈ જાય તેવી પ્રવૃત્તિ ન કરવી.

૬ થી ૯. બેઇન્દ્રિય — તેઇન્દ્રિય — ચઉરિન્દ્રિય — પંચેન્દ્રિય-સંયમ.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમે પરિતાપના, કિલામણા કે વિરાધના થાય તેવી પ્રવૃત્તિ ન કરવી.

૧૦. અજીવકાય-સંયમ-સુંદર, દેખાવડા, મોહક પદાર્થોનો ઉપયોગ સંયમના સાધન તરીકે પણ ન કરવો તે. અગર ઠોકર વાગવા આદિના પ્રસંગે અજ્ઞાન-વશ તે પત્થર આદિ પર શ્વાનવૃત્તિને પ્રદર્શિત કરનાર થતા રોષાદિનો સંયમ કરવો.

૧૧. પ્રેક્ષા-સંયમ-પ્રત્યેક કાર્ય કરતાં પહેલાં વિચારપૂર્વક ચક્ષુ-પડિલેહણા આદિનો ઉપયોગ રાખવો.

૧૨. ઉપેક્ષા-સંયમ-સમજાવવાના વિવિધ પ્રયત્નો કરવા છતાં સંયમની સાધનામાં છતું પણ વીર્ય નહિ ફોરવનાર તરફ, અગર સાવદ્ય-વ્યાપારમાં પ્રવર્ત્તતા ગૃહસ્થો તરફ ઉપેક્ષાભાવ કેળવવો અને નિરવદ્ય—વ્યાપારમાં તથા જ્ઞાનાદિની સાધનામાં અહર્નિશ ઉદ્યત રહેવા શુભાવહ પ્રેરણા કરવી.

૧૩. પ્રમાર્જના-સંયમ-કોઈ પણ વસ્તુને લેતાં મૂકતાં અગર બેસવા-ઉઠવા આદિ કાયચેષ્ટા કરતાં, અને અંધારામાં કોઈ પણ પ્રવૃત્તિ કરતી વેળાએ રજોહરણ-ડંડાસણ આદિથી પુંજવાનો ઉપયોગ રાખવો.

૧૪. પરિષ્ઠાપના-સંયમ-સંયમની સાધનામાં અનુપયોગી અગર દોષાવહ વસ્ત્ર-પાત્ર-અશનાદિનું જીવની વિરાધના ન થવા પામે તેમ વિધિપૂર્વક પરઠવવાનો ઉપયોગ રાખવો. તેનો કોઈપણ હિંસાદિના સાધન તરીકે દુરુપયોગ ન થવા પામે તેની તકેદારી રાખવી.

૧૫ થી ૧૭. મન—વચન-કાયા-સંયમ-મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓને યથાશક્ય રોકવા પ્રયત્નશીલ થવું, શુભ પ્રવૃત્તિ અને સદનુષ્ઠાનોના આસેવનદ્વારા અશુભ-યોગોની પ્રવૃત્તિ અટકાવવા ઉપયુક્ત થવું.

卐

સાધુ કોણ ?

* ઉપકારીના ઉપકારને ન ભૂલે તે.
* પારકી નિંદા કદી બોલે નહિં અને સાંભળે નહિ તે.
* પોતાના નજર સામે રાખી ગુરૂનિશ્રાએ સંયમના પંથે ચાલે તે.

(૬) સાધુના સત્તાવીશ ગુણ

छव्वय छक्कायरक्खा पंचिंदिय-लोहणिग्गहो खंती ।
भावविसुद्धी पडिलेहणा य करणे विसुद्धी य ॥ १ ॥
संजमजोए जुत्तो, अकुसल-मण-वय-काय-संरोहो ।
सीयाइपीडसहणं, मरणंतिय-उवसग्गसहणं च ॥ २ ॥

(શ્રી સંબોધસિત્તરી પ્રકરણ, ગા ૨૮-૨૯)

૧ થી ૬. છ વ્રતોનું પાલન—

૧ પ્રાણાતિપાતવિરમણ	૪ મૈથુનવિરમણ
૨ મૃષાવાદ ,,	૫ પરિગ્રહ ,,
૩ અદત્તાદાન ,,	૬ રાત્રિભોજન,,

૭ થી ૧૨. છ કાયની વિરાધનાનો ત્યાગ—

૧ પૃથ્વીકાયવિરાધના ત્યાગ	૪ વાયુકાય વિરાધનાત્યાગ
૨ અપકાય ,,	૫ વનસ્પતિકાય ,,
૩ તેઉકાય ,,	૬ ત્રસકાય ,,

૧૩ થી ૧૭. પાંચ ઇન્દ્રિયોનો જય—

૧ સ્પર્શનેન્દ્રિય જય	૪ ચક્ષુરિન્દ્રિય જય
૨ રસનેન્દ્રિય ,,	૫ શ્રોત્રેન્દ્રિય ,,
૩ ઘ્રાણેન્દ્રિય ,,	

૧૮. લોભ-નિગ્રહ	૨૩. અશુભ મનનો સંયમ
૧૯. ક્ષમા	૨૪. ,, વચનનો ,,
૨૦. પરિણામ-વિશુદ્ધિ	૨૫. ,, કાયાનો ,,
૨૧. પડિલેહણા પ્રમાર્જનામાં ઉપયુક્તતા	૨૬. શીતાદિ પરિષહસહન
૨૨. સંયમના અનુષ્ઠાનોમાં રક્તતા	૨૭ મારણાંતિક ઉપસર્ગસહન

(૭) દશ પ્રકારનો શ્રમણ ધર્મ

खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे य बोद्धव्वे ।
सच्चं सोअं आकिंचणं च, बंभं च जइधम्मो ॥ १ ॥

(શ્રી નવતત્ત્વ પ્રકરણ ગા૦ ૨૯)

૧ क्षांति-ક્ષમા ક્રોધને કાબૂમાં રાખવો, હડહડતા અન્યાય-અપરાધ કરનાર ઉપર પણ માનસિક-અહિતની ઇચ્છા સરખી પેદા ન થવા દેવી, સ્વ-પર હિતકારક સહનશીલતાનો સુદૃઢ અભ્યાસ કરવો.

૨ માર્દવ-નમ્રતા--મદ-અભિમાનનો ત્યાગ કરવો, ગુણ અને ગુણી ઉપર અનુરાગ-બુદ્ધિ કેળવી યોગ્ય વિનય-મર્યાદાના અભ્યાસી બનવું, કુલ, જાતિ, આદિ આઠેય મદને સ્વ-પર-હાનિકારક સમજી વર્જવા.

૩ आर्जव-સરલતા-સર્વ પ્રકારના માયા-દંભ, છલ, પ્રપંચ કપટાદિનો ત્યાગ કરવો, નિષ્કપટભાવે કથન-વર્તનની એકવાક્યતા સાધી આદર્શ માનસિક પવિત્રતા જાળવવી.

૪ मुक्ति-નિર્લોભતા--સંતોષ ઇચ્છા-માત્રનો નિગ્રહ કરી પરમ શાંતિ-સુધારસનો આસ્વાદ કરવો, વિષય-સુખની તૃષ્ણાને વધારનારા સાંસારિક-પદાર્થોની મોહ-માયાથી અલગ થઈ સાહજિક સ્વસંવેદ્ય સુખનો અનુભવ કરવો.

૫ तप-ઇન્દ્રિયોના વિકારો અને માનસિક અશુભ-ભાવોના નિરોધપૂર્વક પૂર્વકર્મનો ક્ષય કરનારી બાહ્ય-અભ્યંતર ભેદવાળી વિવિધ તપસ્યા આસેવી આત્મિક

જ્ઞાનાદિ-ગુણોની પ્રાપ્તિરૂપ ઉત્તમ લાભ મેળવવાના ધ્યેયને પહોંચી વળવું.

૬ સંયમ-અનાદિકાળના સાહજિક થઈ પડેલા અશુભ સંસ્કારોને આધીન થઇ પ્રમાદાદિ-અશુભ—આચરણમાં વર્તવા જતા આત્માને સંયમિત રાખવો. વિષય-કષાયાદિની પ્રવૃત્તિથી સાવચેત રહેવું.

૭ સત્ય-તથ્ય-પથ્ય-મિત-હિતકારી અને વીતરાગ-પ્રભુની આજ્ઞા-મર્યાદાને નહિં ઓળંગનારું અવસરોચિત બોલવું.

૮ શૌચ-બાહ્ય પ્રાતિભાસિક શરીરાદિની પવિત્રતા કરતાં વધુ મહત્ત્વવાળી અને આદર્શ-કરણીયરૂપ આંતરિક-પ્રવૃત્તિઓની પવિત્રતા માટે જાગરૂક રહેવું. મૈત્રી આદિ ભાવનાઓથી વિશુદ્ધ અંતઃકરણવાળા બનવું.

૯ આકિંચન્ય-નિષ્પરિગ્રહતા, મૂર્ચ્છા—મમત્વભાવ ઉત્પન્ન થાય તેવા મોહક પદાર્થોનું-ગ્રહણ ન કરવું, ધર્મના ઉપકરણોનો પણ વધુ પડતો (જરૂરિયાત સિવાય) સંચય ન કરવો.

૧૦ બ્રહ્મચર્ય-વ્યાવહારિક સ્ત્રીપુરુષ-સંયોગરૂપ મૈથુનનો સર્વથા ત્યાગ કરી આત્માની ચિરવિશુદ્ધ સાહજિક જ્ઞાનાદિ-ગુણોના આસેવનરૂપ દશામાં રમણતા મેળવવા પ્રયત્નશીલ થવું.

ઉપર મુજબ આદર્શ સાધુતાના મૂલસ્તંભરૂપ દશ પ્રધાનગુણોને લક્ષ્યમાં રાખી યથાશક્ય પ્રયત્ને જીવનમાં તેઓને ઉતારવા પ્રયત્નશીલ થવા માટેની જરૂર છે.

(૮) સદ્ધર્મ યાને દશ યતિ-ધર્મનું માર્મિક રહસ્ય

૧. ક્ષમા:-હું ક્ષમાશ્રમણ છું તો મારે ક્રોધ ન કરતાં ક્ષમા રાખવી જોઇએ

જિનવચનની ભાવનાથી ક્રોધને ઉઠવા દેવો નહિ, અથવા જાગેલા ક્રોધને નિષ્ફળ કરવો તે ક્ષમા કહેવાય છે.

૨. નમ્રતા:-પૂર્વપુરૂષ-સિંહોના ગુણો, શક્તિ-સાધનાનો વિચાર કરી પોતે ગમે તેવો જ્ઞાની કે તપસ્વી હોય તો પણ અભિમાન ન કરતાં નમ્રતા રાખવી જોઇએ.

૩. સરળતા:-'હું સાધુ છું' તો મારે શિયાળની જેમ માયા-કપટ ન કરાય. જેવું "હૈયામાં હોય તેવો દેખાવ રાખવો જોઇએ." આત્મશુદ્ધિ સરળ આત્માની જ થાય છે. "સરળતા છે ત્યાં આત્મસાધના છે"

૪. સંતોષ:-આગમ-નીતિ મુજબ શુદ્ધ ગવેષણા (શોધ) કરતાં જે કોઈ સુરૂપ—કુરૂપ, સારી-નરસી વસ્તુની પ્રાપ્તિ થાય તેમાં સંતોષ રાખી સંયમ-નિર્વાહ કરવો જોઇએ. અ-યોગ્ય તૃષ્ણાનો ત્યાગ તે સંતોષ.

૫. તપઃ-સાધુ તો તપસ્વી કહેવાય, તેથી દેહની અસ્થિરતા અને સકામ–નિર્જરાનો મહાન લાભ જાણી ગુરુ-આજ્ઞા મુજબ શક્તિ ગોપવ્યા વિના બાહ્ય-અભ્યંતર તપ કરવો તે.

૬. સંયમઃ–સાધુ પોતાની ઇન્દ્રિયોને ગૃહસ્થોની જેમ ગમે ત્યાં છૂટી ન મૂકે, પણ કાબુમાં રાખે. ઇન્દ્રિયોનો અસંયમ ચારિત્રને નિઃસાર બનાવી દે છે; માટે ચારિત્રને નિર્મળ રાખવા ઈન્દ્રિયોનો સંયમ ખાસ જરૂરી છે.

૭. સત્યઃ–સત્યવ્રતધારી સાધુ બન્યા પછી હવે સાધુથી મનમાં પણ જૂઠ ન આવવું જોઈએ, તો બોલવાની તો વાત જ શી ? સત્ય બોલનારની વાણી કદી નિષ્ફળ જતી નથી. અરે ! એકવાર પણ જુઠું બોલવાથી લાંબા કાળનું તપ–સંયમ બળી જાય છે અને આત્મા વસુરાજાની જેમ દુર્ગતિમાં જાય છે.

૮. શૌચઃ–મનને સારા વિચારોથી પવિત્ર રાખવું તે અશુભ વિચારોને રોકવા માટે સત્‌શાસ્રોના અભ્યાસમાં ખૂબ ચિત્ત લગાડવું જોઈએ, સાથે સત્સંગ પણ મનની પવિત્રતા માટે ખૂબ જરૂરી છે.

૯. આકિંચન્યઃ–(અપરિગ્રહ) સંયમના પોષક ઉપકરણો સિવાય અધિક મમતાથી એકપણ ચીજ સંઘરવી તે સાધુ માટે પાપ છે. જરૂરી રાખેલા ઉપકરણો ઉપર મૂર્છા કરવી તે પણ પાપ છે. સંયમબળ ઉપર જીવતા નિઃસ્પૃહી સાધુએ 'ભવિષ્યમાં અમુક વસ્તુ નહિ મળે' એવો કાયર નિઃસત્વ વિચાર કરવો વ્યાજબી નથી.

૧૦. બ્રહ્મચર્ય:-આ ગુણ તો સાધુનો પ્રાણ છે. સર્વ સાધનાનો આધાર આ ગુણની નિર્મળતા ઉપર છે. દૃષ્ટિ કે મન, સ્ત્રી જોઈને બગડવા ન દેવું. વીર્યનું સારી રીતે રક્ષણ કરવું. આના નિર્મળ પાલન માટે નવ વાડોનું સુંદર પાલન કરવું જોઈએ.

આ દશ યતિ--ધર્મનું જે પાલન કરે તે સાચો (ભાવ) સાધુ છે, અને તેનો જલદી મોક્ષ થાય છે.

સાધુ–જીવનના સમસ્ત આચારોનું પાલન આ દશ યતિધર્મની સિદ્ધિ અર્થે છે.

સાધુતાને દીપાવનાર
— સદ્ગુણો —

* ટૂંકું મુદ્દાસરનું જરૂર પડે ત્યારે જ પોતાના અધિકાર પ્રમાણે બોલવું.
* શક્ય–પ્રયત્ને ગવેષણાપૂર્વક શુદ્ધ–નિર્દોષ આહાર સંયમ આત્માના શુદ્ધ ધ્યેયથી વાપરવો.
* ઔષધની જેમ પ્રમાણસર જરૂર પડે ત્યારે જ વિગઈઓ વાપરવી.
* મિષ્ટ પદાર્થો, રસ લાલસાને પોષક પદાર્થો અને અતિ–આહારથી સદા દૂર રહેવું.
* કષાય કે વિષયના આવેશમાં ભાનભૂલા બનવાના પ્રસંગે હિતશિક્ષા કે અનુવર્ત્તના દ્વારા યોગ્ય નિયંત્રણ કરનાર કલ્યાણમિત્ર કે સદ્ગુરુના માર્ગ-દર્શનને વફાદાર રહેવું.

(૯) ચરણસિત્તરી

वय-समणधम्म-संजम-वेयावच्चं च बंभ-गुत्तीओ ।
णाणाइ-तियं तव-कोह-णिग्गहाई चरणमेयं ॥

(શ્રી ઓઘનિર્યુક્તિ ભાષ્ય ગા. ૨)

૧ થી ૫. પાંચ મહાવ્રતો

૬ થી ૧૫. દશ પ્રકારનો શ્રમણ ધર્મ

૧૬ થી ૩૨ સત્તર પ્રકારનો સંયમ

૩૩ થી ૪૨. દશ પ્રકારનું વૈયાવૃત્ય

૧ આચાર્ય વૈયાવૃત્ય
૨ ઉપાધ્યાય ,,
૩ તપસ્વી ,,
૪ શૈક્ષક (નવદીક્ષિત) ,,
૫ ગ્લાન ,,
૬ ગણ (એક વાચનાવાળો યતિસમુદાય) વૈયાવૃત્ય
૭ કુલ (એક આચાર્યની પરંપરા)
૮ સંઘ
૯ સાધુ ,,
૧૦ સમનોજ્ઞ ,, (સમાન-સામાચારીવાળા)

૪૩ થી ૫૧. નવ બ્રહ્મચર્યની ગુપ્તિ

૧ સ્રી-પશુ, કે નપુંસકવાળી વસતિમાં ન રહેવું
૨ સ્રી-પશુ, નપુંસકની સંબંધી કામકથા ન કરવી
૩ સ્રીના આસને બે ઘડી સુધી બેસવું નહિ
૪ સ્રીના સુરમ્ય-અંગોપાંગો ધારીને રાગ-દૃષ્ટિથી જોવા નહિં.
૫ વિષયકથા ભીંત-આંતરેથી સાંભળવી નહિં
૬ ગૃહસ્થદશામાં કરેલ કામક્રીડાને સંભારવી નહિં
૭ પૌષ્ટિક, ઉત્તેજક, કામ-વાસનાવર્ધક સ્નિગ્ધ આહાર વાપરવો નહિં

૮ વિગઇ--રહિત શુષ્કપ્રાય વિરસ આહાર પણ માત્રાધિકપણે લેવો નહિં.

૯ સારા દેખાવાના વ્યામોહમાં પડી શરીર, કપડાંની સાફસૂફી કે ટાપટીપ કરવી નહિં.

૫૨ થી ૫૪. જ્ઞાન--દર્શન--ચારિત્રની આરાધના કરવી.

૫૫ થી ૫૬ બાર પ્રકારનો તપ.

૭ પ્રકારનો બાહ્ય-તપ

૧ અનશન	૪ રસ (વિગઇ) ત્યાગ
૨ ઉનોદરિકા	૫ કાયક્લેશ
૩ વૃત્તિ (દ્રવ્ય) સંક્ષેપ	૬ સંલીનતા (અંગોપાંગ-સંયમ)

૭ પ્રકારનો અભ્યંતર-તપ

૧ પ્રાયશ્ચિત્ત	૪ કાયોત્સર્ગ
૨ વિનય	૫ સ્વાધ્યાય
૩ વૈયાવૃત્ય	૬ ધ્યાન

૬૭ થી ૭૦. ક્રોધ માન માયા લોભ

આ ચારે અતંરંગ-રિપુ છે. તેઓનો નિગ્રહ કરવો.

ઉપર મુજબ વર્ણવેલ ચરણસિત્તરીના ભેદોને પ્રત્યેક આરાધક-આત્માએ ધ્યાનમાં રાખી તદનુસાર જીવનમાં તે ગુણોની પ્રાપ્તિ માટે સદા તૈયાર રહી સંયમારાધનનું મુખ્ય ફલ મેળવવું જોઇએ,

छंदंणिरोहेण उवेइ मुक्खं

સ્વચ્છંદ-બુદ્ધિનો ત્યાગ કરે તે કર્મોથી મુક્ત થાય છે.

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

(૧૦) કરણ-સિત્તરી

पिंडविसोही-समिइ-भावण-पडिमा य इंदिय-णिरोहो ।
पडिलेहणं गुत्तीओ अभिग्गहा चेव करणं तु ॥

(શ્રી ઓઘનિર્યુક્તિ ભાષ્ય ગા૦ ૩)

૧ થી ૪ ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ—વસ્ત્ર, પાત્ર, વસતિ અને આહારની નિર્દોષ ગવેષણા કરવી.

૫ થી ૯ પાંચ સમિતિ—

૧ ઇર્યાસમિતિ	૪ આદાન–નિક્ષેપ સમિતિ
૨ ભાષા સમિતિ	૫ પારિષ્ઠાપનિકા સમિતિ
૩ એષણા સમિતિ	

૧૦ થી ૨૧ બાર ભાવના—

૧ અનિત્ય ભાવના	૭ આશ્રવ ભાવના
૨ અશરણ ,,	૮ સંવર ,,
૩ સંસાર ,,	૯ નિર્જરા ,,
૪ એકત્વ ,,	૧૦ લોક ,,
૫ અન્યત્વ ,,	૧૧ ધર્મ-સ્વાખ્યાત ,,
૬ અશુચિ ,,	૧૨ બોધિ–દુર્લભ ,,

૨૨ થી ૩૩ બાર પ્રતિમાઓ—

સાધુને વિશિષ્ટ પ્રકારે સંયમની ઉજ્જવલતા અને નિર્મલતા મેળવવા આસેવા લાયક તપવિશેષ, જેના બાર પ્રકાર (ભેદ) છે.

૩૪ થી ૩૮ પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ—

૧ સ્પર્શનેન્દ્રિય નિગ્રહ	૩ ઘ્રાણેન્દ્રિય નિગ્રહ
૨ રસનેન્દ્રિય ,,	૪ ચક્ષુરિન્દ્રિય ,,
	૫ શ્રોત્રેન્દ્રિય ,,

આ પાંચે ઈન્દ્રિયોના વિષયભૂત સારા કે ખોટા સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ ઉપર રાગ-દ્વેષનો ત્યાગ કરવો અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિ સમભાવે કેળવવા પ્રયત્નશીલ થવું.

૩૮ થી ૬૩ **પચ્ચીસ પ્રકારની પડિલેહણા**—વસ્ત્ર કે મુહપત્તિની પ્રતિલેખનાના ધ્યાનમાં રાખવા લાયક પચ્ચીસ પ્રકારો (જે આગલા ત્રીજા **સમ્યક્ચારિત્ર** વિભાગમાં પડિલેહણા-અધિકારમાં કહેવાશે.)

૬૪ થી ૬૬ **ત્રણ ગુપ્તિ**—મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓ રોકવી,

૬૭ થી ૭૦ **ચાર પ્રકારના અભિગ્રહો**—આદર્શ-સાધુતાના પ્રકૃષ્ટ ભાવને મેળવવા તથા શરીરાદિદ્વારા ઉત્કૃષ્ટ પરિષહ-સહનાદિ કરવાની સમર્થતા કેળવવા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી અભિગ્રહો ધારવા,

ઉપર મુજબ ચારિત્ર લીધા પછી તેમાં દૃઢતા મેળવવા તદુપયોગી માનસિક-વિચારોની શુદ્ધિ અને દૃઢતા મેળવવા ઉપયોગી કરણસિત્તરીના સીત્તેર ભેદો સ્મૃતિપથમાં રાખી વિશુદ્ધિપૂર્વક આદર્શ-સંયમનું આસેવન કરવા તત્પર થવું.

આરાધનાની દિશા

* વીતરાગ-પ્રભુની આજ્ઞા-ગુરુ નિશ્રા અને શાસ્ત્રીય-મર્યાદા મુજબ આરાધનાની તત્પરતા આરાધનાની સાચી દિશા છે.

(૧૧) ગોચરીના બેંતાલીશ અને માંડલીના પાંચ દોષ.

सोलस उग्गमदोसा, सोलस उप्पायणाय दोसा उ ।
दस एसणाय दोसा, संजोयमाइ पंचेव ॥
(શ્રી મહાનિશીથ સૂત્ર,)

૧૬ ઉદ્‌ગમ-દોષો-આહારાદિ બનાવતાં શ્રાવકથી લાગતા દોષો.

૧૬ ઉત્પાદના-દોષો-આહારાદિ વહોરતાં સાધુથી થનારા દોષો.

૧૦ એષણા-દોષો-સાધુ-શ્રાવક બંને દ્વારા લાગતા દોષો.

૫ માંડલીના દોષો-દોષ-રહિત પણ ગોચરી વાપરતાં રાગ-દ્વેષથી લાગતા દોષો.

૧૬ ઉદ્‌ગમ દોષો.

आहाकम्मुद्देसिय-पूइकम्मे य मीसजाए य ।
ठवणा-पाहुडिआए, पाओअर-कीय पामिच्चे ॥ १ ॥
*परियट्टिए-अभिहडे-उब्भिण्ण-मालोहडे इय ।
अच्छिज्ज-अणिसिट्ठे-अज्झोयरए य सोलसमे ॥ २ ॥
(શ્રી મહાનિશીથ સૂત્ર.)

---

* આ ગાથાઓ શ્રી મહાનિશીસૂત્રના આધારે અહીં આપી છે, પણ 'નિત્યસ્વાધ્યાય-પ્રકરણાદિ સંગ્રહ' આદિ પ્રચલિત ચોપડીમાં આ પ્રમાણે છે.

"परियट्टिए अभिहडुब्भिण्ण मालोहडे य अच्छिज्जे ।
अणिसिट्ठेऽज्झोयरए, सोलस वि उग्गमे दोसा ॥"

૧. આધાકર્મ–સર્વદર્શની કે લિંગી (મુનિ) ઓને ઉદ્દેશી બનાવેલ આહારપાણી, અથવા સાધુ માટે સ્પેશ્યલ બનાવવું.

૨. ઓદ્દેશિક—પૂર્વે તૈયાર કરેલ ભાત–લાડુ આદિને મુનિના ઉદ્દેશથી પુનઃ રસમય સ્વાદિષ્ટ કરવા.

૩. પૂતિકર્મ—શુદ્ધ--આહારાદિનું આધાકર્માદિ--દોષવાળા આહાર સાથે મિશ્રણ કરવું.

૪. મિશ્ર—પોતા માટે તથા સાધુ માટે અપેક્ષા કરી બનાવેલ આહારાદિ

૫. સ્થાપના—શુદ્ધ પણ આહારાદિને સાધુ–સાધ્વીને વહોરાવવા રાખી મૂકવો.

૬. પ્રાભૃતિકા–પોતાને ત્યાં આવતા વ્યાવહારિક વિવાહાદિ-પ્રસંગને સાધુ–સાધ્વીને વહોરાવવાના લાભ લેવાની અપેક્ષાએ વહેલો–મોડો રાખવો.

૭. પ્રાદુષ્કરણ—સાધુને વ્હોરાવવા માટેની વસ્તુને અંધારામાંથી તપાસી લાવવા માટે દીપકાદિનો પ્રકાશ કરવો.

૮. ક્રીત—સાધુને વહોરાવવા માટે ખાસ વેચાણ લઈને લાવેલ ચીજ.

૯. પ્રામિત્ય—સાધુને વહોરાવવા માટે કોઈ ચીજ કોઈ પાસેથી ઉધારે-ઉછીની લાવવી.

૧૦. પરિવર્ત્તિત—સાધુને વહોરાવવા માટે ચીજનો અદલો–બદલો કરવો.

૧૧. અભ્યાહૃત—સાધુને વહોરાવવા લાયકની ચીજ સામે લાવવી.

૧૨. ઉદ્‌ભિન્ન—સાધુને વહોરાવવા માટે સીલ-પેકેટ તોડી, અગર માટી વિ. થી મોઢું બંધ હોય તે ઉખેડીને વહોરાવવી.

૧૩. માલાહૃત—ઉપરના માળ કે શીંકા આદિપરથી જીવ-જયણા જેમાં ન સચવાય તે રીતે લઈ વહોરાવવું.

૧૪. આચ્છેદ્ય—કોઈ નોકરાદિ પાસેથી બલાત્કારે ઝુંટવીને સાધુને વહોરાવવું.

૧૫. અ-નિસૃષ્ટ—જે પદાર્થના ઘણા માલિક હોય તેમાં સહુએ અનુમતિ ન આપી હોય, પણ 'એકાદ'ની ઈચ્છા-સંમતિ ન હોય તેવી ચીજ વહોરાવવી પણ

૧૬. અધ્યવપૂરક—પોતા માટે બનતી રસોઇમાં સાધુ આવેલા જાણી તેમને વ્હોરાવવાનો લાભ લેવાની દૃષ્ટિએ વધારો કરવો.

ઉપર મુજબ ગૃહસ્થદ્વારા જાણ્યે-અજાણ્યે શ્રદ્ધા-ભક્તિ આદિના કારણે સોળ દોષો લાગે છે.

વિવેકી-સાધુએ ઉપયોગ પૂર્વક આ દોષોનો પરિહાર યથાશકય પ્રયત્ને કરવો ઘટે.

તપ ધર્મની સફલતા કયારે ?

તપ કરતાં વધુ સ્વાધ્યાય, તેથી વધુ જાપ, તેથી વધુ આત્મ-નિરીક્ષણ અને ધ્યાન-પ્રવૃત્તિ કરવાથી કર્મનિર્જરાનો લાભ સહેલાઈથી મળે છે.

સોળ ઉત્પાદના દોષો.

धाइ-दूई-णिमित्ते. आजीव-वणीमगे तिगिच्छाए ।
कोहे-माणे माया-लोभे य हवंति दस एए ॥ १ ॥
पुव्विं-पच्छासंथव-विज्जा-मंते-य चुण्ण-जोगे-य ।
उप्पायणाए दोसा, सोलसमे मूलकम्मे य ॥ २ ॥

(શ્રી મહાનિશીથ સૂત્ર.)

૧. ધાત્રીપિંડ—ગૃહસ્થના બાલકને રમાડવા આદિ= ધાઇપણાનું કામ કરી ગૃહસ્થને પ્રસન્ન કરી મનપસંદ ગોચરી મેળવવી.

૨. દૂતીપિંડ—ગૃહસ્થના સંદેશા લાવવા-લઇ જવાના કામવડે ગૃહસ્થને સંતોષી યથેચ્છ ગોચરી મેળવવી.

૩. નિમિત્તપિંડ — જ્યોતિષ્ય — નિમિત્તશાસ્ત્રના બલે ગૃહસ્થોને લાભાલાભ–સુખદુઃખાદિની આગાહીઓ કરી તેઓના મનને ખુશ કરી ગોચરી મેળવવી.

૪. આજીવપિંડ—પોતાની જાતિ, શિલ્પ, કુલ આદિની ઉત્તમતાના વખાણ કરી ગોચરી મેળવવી.

૫. વનીપકપિંડ—ગૃહસ્થ પાસેથી દીનભાવપૂર્વક યાચના દ્વારા ગોચરી મેળવવી

૬. ચિકિત્સાપિંડ—રોગોની દવા-ઉપચાર પદ્ધતિ આદિ બતાવી યથેચ્છ ગોચરી મેળવવી.

૭. ક્રોધપિંડ-શાપ આદિ દેવાની ધમકીથી ક્રોધપૂર્વક ગોચરી મેળવવી.

૮. માનપિંડ-હું કેવો લબ્ધિધારી ? આદિ અભિમાનને પોષવા અનેક પ્રકારના બોલવા-ચાલવાના પ્રપંચોથી ગોચરી મેળવવી.

૯. માયાપિંડ-રસનેન્દ્રિયની લાલસા સંતોષવા વિવિધ માયા-કપટ કેળવી ગોચરી મેળવવી.

૧૦. લોભપિંડ-વિવિધ પ્રકારના રસમય આહારના પદાર્થો મેળવવા ઘણું ભટકી ગોચરી મેળવવી.

૧૧. પૂર્વ-સંસ્તવ-પિંડ-પોતાના માતા, પિતા આદિનો સંબંધ ગૃહસ્થ સાથે જણાવી ઓળખાણ-બલે ગોચરી મેળવવી.

૧૧. પશ્ચાત્-સંસ્તવ-પિંડ-સાસુ - સસરાના સગપણના સંબંધો કાઢી ગોચરી મેળવવી.

૧૨ થી ૧૫ વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગપિંડ - વિદ્યા, મંત્ર, ચમત્કારી ચૂર્ણ અને પાદ લેપાદિ સિદ્ધિબલે ગોચરી મેળવવી.

૧૬. મૂલકર્મપિંડ—ગર્ભ ગાળવો, ગર્ભ પાડવો આદિ-મલિન કામદ્વારા ગોચરી મેળવવી.

સંયમના સાધનભૂત શરીરના નિભાવ માટે જરૂરી આહારને મેળવવા મુમુક્ષુ સંયમીએ નિરવદ્ય ગોચરીની પ્રવૃત્તિમાં વિષય-કષાયોની અનાદિકાલીન વાસના અને ઇન્દ્રિયના વિકારો વૃદ્ધિંગત થવા ન પામે, તે માટે ગોચરી વહોરતાં લાગતા ઉપરના દોષોના પરિહાર માટે ઉદ્યત થવું ઘટે.

એષણાના દશ દોષો

संकिय-मक्खिय-णिक्खित्ते,
पिहिय-साहरिय-दायगुम्मीसे ।
अपरिणय-लित्त-छड्डिय,
एसण-दोसा दस हवंति ॥ १ ॥

૧. શંકિતદોષ-આધાકર્માદિ-દોષની શંકાવાળી ગોચરી
૨. મ્રક્ષિતદોષ-સચિત્ત અગર અભક્ષ્ય-અચિત્ત પદાર્થના સંઘટ્ટાવાળી ગોચરી
૩. નિક્ષિપ્તદોષ-સચિત્ત-વસ્તુની વચ્ચે રહેલી ગોચરી
૪ પિહિતદોષ-સચિત્ત-ફલાદિથી ઢાંકેલ ગોચરી
૫. સંહૃતદોષ-વાસણમાં રહેલી ચીજને બીજામાં ખાલી કરી વહોરાવાતી ગોચરી
૬. દાયકદોષ-બાલક, વૃદ્ધ, નપુંસક, ધ્રૂજતા શરીરવાળો, આંધળો, મદોન્મત્ત, હાથ પગ વિનાનો, બેડીવાળો, પાદુકાવાળો, ઉધરસવાળો, ખાંડનાર, તોડનાર, ફાડનાર, અનાજ વગેરે દળનાર, ભુંજનાર, કાંતનાર; પિંજનાર, વગેરે છકાયના વિરાધક તથા ગર્ભિણી, તેડેલ છોકરાવાળી કે ધાવતા છોકરાવાળી સ્ત્રી વગેરેના હાથની ગોચરી.
૭ ઉન્મિશ્રદોષ-દેવાની શુદ્ધ વસ્તુને અશુદ્ધ સાથે મિશ્ર કરી વહોરાવાતી ગોચરી.
૮ અપરિણતદોષ-અચિત્તપણે પૂર્ણરૂપે પરિણમી ન હોય તેવી ગોચરી.

૯ લિપ્તદોષ—વાસણ કે હાથ ખરડાય તે રીતે વહોરાવાતી ગોચરી.

૧૦ છર્દિતદોષ—ઘી આદિના જમીન પર છાંટા પડે તેવી ગોચરી.

ઉપર મુજબ મુમુક્ષુ સાધુએ જ્ઞાન-ધ્યાનની સાધનામાં સહાયક શરીરના ટકાવના ઉદ્દેશથી આહારને વહોરતાં ગૃહસ્થ અને સાધુ બન્ને તરફથી થનારા દોષોના પરિહાર માટે ઉપયોગવંત રહેવું ઘટે.

પાંચ માંડલીના દોષ

संजोयणा—पमाणे इंगाल—धूमडकारणे
पंच मंडलीय दोसे भवंति ॥

(શ્રી મહાનિશીથસૂત્ર)

૧. સંયોજના દોષ—રસ—ગૃદ્ધિના કારણે પદાર્થોનું યથોચિત સંયોજન—મિશ્રણ કરી વિશિષ્ટ આનંદ માણવાની વૃત્તિ.

तत्थ संजोयणा उवगरण-भत्त-पाण-सब्भिंतर-बहिभेएणं ॥

(શ્રી મહાનિશીથસૂત્ર)

સંયોજના બે પ્રકારની

ઉપકરણ—સંયોજના—બહાર અને ઉપાશ્રયમાં કપડાનો ફેરફાર રાખી અગર સારા દેખાવ માટે કપડાની ટાપટીપ કરવી.

ભક્ત-પાન—સંયોજના—વિશિષ્ટ—રસના આસ્વાદની લાલસાએ અનુકૂલ રસોનું પાતરામાં કે મુખમાં યથોચિત મિશ્રણ કરવું.

૨. પ્રમાણાતિરિક્તતા દોષ

पमाणं किर बत्तीसं कवले आहारो कुच्छीपूरगो भणिओ ॥

(શ્રી મહાનિશીથસૂત્ર)

પુરૂષને બત્રીશ અને સ્ત્રીને અઠાવીશ કોળિયાનો આહાર વિશેષજ્ઞોએ પ્રમાણિત કર્યો છે, અગર તો જેટલાથી ઉદર-વિકાર થવા ન પામે અને ક્ષુધાની સહજ-શાન્તિ થઈ જાય તેટલો આહાર પ્રમાણયુક્ત કહેવાય. લાલસાથી પ્રમાણ ઉપરાંત આહાર વાપરવાની વૃત્તિ આ દોષ ઉપજાવે છે.

૩. અંગારદોષ

रागेण स-इंगालं ।

(શ્રી મહાનિશીથસૂત્ર)

સુંદર-વર્ણાદિવાળી સ્વાદપૂર્ણ વસ્તુ કે તેના દાતાની પ્રશંસા-અનુમોદના પૂર્વક વાપરવું.

આ દોષવડે આત્માએ મહા-પ્રયત્ને ઉપાર્જેલ સંયમ રૂપ ચંદન-કાષ્ટ રાગરૂપ અગ્નિથી બળીને અંગારસ્વરૂપ-નિઃસાર બની જાય છે.

૪. ધૂમ્રદોષ.

दोसेण स-धूमगंति णायव्वं ।

(શ્રી મહાનિશીથસૂત્ર)

વિરસ કે સ્વાદ-શૂન્ય-ના-પસંદ વસ્તુની અગર તે વહોરાવનારની દુગંછા કે નિંદાપૂર્વક વાપરવું.

આ દોષવડે ચારિત્રરૂપ ચિત્રશાલા નિંદા-અવહેલનારૂપ ધૂમાડાથી ચિત્ર-વિચિત્ર (વિરૂપ) બને છે.

૫. કારણાભાવદોષ

૭ કારણોમાંથી કોઈપણ કારણ ન હોય, પણ કેવલ સ્વાદ-લાલસા તૃપ્ત કરવા જ આહાર વાપરવો.

कारण-वेयण-वेयावच्चे, इरियट्ठाए संजमट्ठाए ।
तह पाण-वत्तियाए, छट्ठं पुण धम्म-चिंताए ॥

(શ્રી મહાનિશીથસૂત્ર)

સંયમારાધના માટે તત્પર થયેલ મહામુનિઓ નીચેના ૭ કારણે આહાર વાપરે.

૧ વેદના—ક્ષુધા-વેદનીયની પીડા સહન ન થતી હોય.

૨ વૈયાવૃત્ય—સાધુ-ધર્મના પ્રાણરૂપ વિનય-ધર્મના આસેવનરૂપ આહારાદિદ્વારા સાધુઓની ભક્તિ ન થઇ શકતી હોય.

૩ ઇર્યાસમિતિ— ક્ષુધાની વિહ્વલતાએ ઇર્યા-સમિતિનું બરાબર પાલન ન થઈ શકતું હોય.

૪ સંયમ-ક્ષુધા-વેદનીયના કારમા ઉદયથી ઇંદ્રિયો-અંગોપાંગોની શિથિલતા થઈ જવાના કારણે સંયમની આચરણા અગર જયણાપૂર્વક પ્રવૃત્તિ યથાર્થપણે ન થઈ શકતી હોય.

૫ પ્રાણવૃત્તિ—આહારના પોષણ વિના દ્રવ્ય-પ્રાણો ટકી ન શકે તેમ હોય.

૬ ધર્મચિંતા—અનાદિકાલીન આહાર-વાસનાના કારણે થતી સંકલ્પ-વિકલ્પોની પરંપરા અટકાવી શુભ વિચારણામાં ટકી શકાય તેમ ન હોય.

૧૨. અઢાર પ્રતિજ્ઞા-સ્થાનો

वय-छक्कं कायछक्कं, अ-कप्पो गिहि-भायणं ।
पलियंक णिसेज्जा य, सिणाण सोभ-वज्जणं ॥

(શ્રી દશવૈ૦ સૂત્ર અધ્ય. ૬ ગા૦ ૮)

૬ **વ્રત** (પાંચ મહાવ્રત અને રાત્રિભોજન વિરમણ-વ્રત)નું મન, વચન, કાયાથી બરાબર પાલન કરવું.

૬ **કાય** (પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસ) ની જાણ્યે-અજાણ્યે પણ થતી વિરાધનાથી બચવું.

૧ **અકલ્પ્ય** (સંયમને અનુપયોગી અગર બાધા-કર) પદાર્થોનો ત્યાગ.

૧ **ગૃહસ્થ-ભાજન** (થાળી, વાટકો, લોટો આદિ ધાતુના વાસણ) નો ત્યાગ.

૧ **પલંગ** (ખાટલો, પથારી, તલાઈ આદિ ગૃહસ્થોચિત સામગ્રી) નો ત્યાગ.

૧ **નિષદ્યા** (ગૃહસ્થને ત્યાં બેસવું)નો ત્યાગ.

૧ **સ્નાન** (સર્વથી કે દેશથી શરીર-શુદ્ધિ કરવી)નો ત્યાગ.

૧ **શોભા** (સારા દેખાવડા થવા માટે શરીર, વસ્ત્ર, વાળ વગેરેની ટાપટીપ કરવી)નો ત્યાગ.

ઉપર મુજબની અઢાર પ્રતિજ્ઞાઓ ત્રિવિધે-ત્રિવિધે તમામ સાધુએ ઉપયોગવંત થઇ નભાવવાની ભલામણ શાસ્ત્રકારોએ કરી છે.

શ્રી દશવૈકાલિક-સૂત્રમાં આ સંબંધી જણાવ્યું છે કે–

"स-खुड्डग-विअत्ताणं, वाहिआणं च जे गुणा ।
अखंड-फुडिआ कायव्वा, तं सुणेह जहा तहा ॥
दस अट्ठ य ठाणाइं, जाइं बालोऽवरज्झइ ।
तत्थ अण्णयरे ठाणे, णिग्गंथत्ताउ भस्सइ ॥"

(શ્રી દશવૈ. સૂત્ર અધ્ય ૬ ગા. ૬-૭)

ભાવાર્થ–લઘુ-સાધુ કે રોગી-સાધુથી માંડીને તમામ સાધુઓએ જે પ્રતિજ્ઞાઓને અખંડપણે નભાવવા ભરચક પ્રયત્નશીલ થવા જરૂર છે, તે પ્રતિજ્ઞાઓ તમે સાંભળો !!! **કે જેમાંની એક પણ પ્રતિજ્ઞાનું ખંડન અજ્ઞાન કે મોહ-મૂઢ દશાવાળો પ્રાણી કરી બેસે તો વસ્તુતઃ સાધુપણાના માર્ગથી તે ભ્રષ્ટ થાય છે.**

માટે દરેક મુમુક્ષુ-આત્માએ આત્મ-હિતકર સંયમના માર્ગની આરાધના માટે ઉદ્યત થયા પછી પ્રમાદવશ ઉપરની બાબતોમાં ક્ષતિ ન થવા પામે, તેનું પૂર્ણ ધ્યાન રાખવું ઘટે.

પ્રધાન કર્તવ્ય

णिट्ठियट्ठी वीरे आगमेण सया परक्कमिज्जासि

મુમુક્ષુએ ભાવોલ્લાસપૂર્વક શાસ્ત્રાજ્ઞા સામે રાખી દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક આગળ વધવું જોઇએ.

—આચારાંગ સૂત્ર

૧૩ જયણાની વિશદ વ્યાખ્યા

સંયમની વિશુદ્ધિનો આધાર જયણા ઉપર છે, પણ જયણાનો મુખ્ય અર્થ સમજ્યા વિના જયણાનું પાલન શી રીતે થાય ? સામાન્યતઃ જયણાનો વ્યવહારૂ અર્થ ઉપયોગ-પૂર્વક પ્રવૃત્તિનો થાય છે ! પણ અહીં **શ્રીમહાનિશીથ** સૂત્રના આધારે સંયમના તમામ વ્યાપારો–અનુષ્ઠાનોમાં જયણા કેવી અનુગત છે ! તે સમજવા જયણાનો સ્પષ્ટ અર્થ મૂલ-પાઠ સાથે આપ્યો છે, તે ખાસ ધ્યાનમાં લેવા જેવો છે.

गोयमा ! जयणा णाम—

अट्ठारसण्हं सीलंग-सहस्साणं

सत्तरसविहस्स णं संजमस्स

चोद्दसण्हं भूय-गामाणं

तेरसण्हं किरिया-ठाणाणं

दुवालसण्हं भिक्खु-पडिमाणं

दसविहस्स णं समण-धम्मस्स

णवण्हं चेव बंभ-गुत्तीणं

अट्ठण्हं तु पवयण-माईणं

सत्तण्हं चेव पाण-पिंडेसणाणं

छण्हं तु जीवनिकायाणं

पंचण्हं तु महव्वयाणं

तिण्हं तु चेव गुत्तीणं

—तिण्हमेव सम्मदंसण-णाण-चरित्ताणं—
भिक्खू कंतार-दुब्भिक्खा-यंकाईसु णं सु-महा-समुप्पण्णेसु अंतोमुहुत्तावसेस—कंठगय-पाणेसुंपि णं मणसावि उ खंडणं ण करेज्जा, ण कारवेज्जा, ण समणुजाणेज्जा, जाव ण णारभेज्जा, ण समारंभेज्जा जावज्जीवाएत्ति."

(श्री महानिशीथसूत्र अध्य. ७ सू. २२)

ભાવાર્થ-હે ગૌતમ ! જયણા એટલે-

અઢાર હજાર શીલાંગ, સત્તર પ્રકારનો સંયમ, ચૌદ જીવસ્થાનો, તેર ક્રિયાસ્થાનો, બાર પ્રકારની ભિક્ષુપ્રતિમા, દશ પ્રકારનો શ્રમણ ધર્મ, નવ બ્રહ્મચર્ય--ગુપ્તિ, આઠ પ્રવચનમાતા, સાત પિંડૈષણા, છ જીવનિકાય, પાંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિ યાવત્--

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની તમામ આસેવના

ભયંકર વિષમ અટવી, હડહડતો દુકાળ કે અસાધ્ય પ્રાણાંત કષ્ટદાયી બિમારીના ભયાવહ પ્રસંગે ઘડી-બેઘડીમાં પ્રાણ ચાલ્યા જવાની કપરી કસોટી ટાણે પણ મનથી ખંડન--વિરાધના થવા દીધા વિના ભાવવિશુદ્ધિપણે નભાવવી તેમજ કરણ, કરાવણ કે અનુમોદનાનો સૂક્ષ્મ પણ ભાંગો લગાડયા વિના પ્રાણના ભોગે પણ આરાધક-ભાવની દૃઢતા કેળવવી."

શ્રી મહાનિશીથ જેવા પરમાગમમાં વર્ણવ્યા મુજબનો જયણાનો આ વિસ્તૃત અર્થ દરેક મુમુક્ષુ-આત્માએ ધ્યાનમાં

લઈ સામાન્યતઃ દ્રવ્ય–પ્રાણોની હિંસા નિમિત્તે થનારા કર્મબંધને અટકાવવા પૂરતો કરાતા જયણાના ઉપયોગવંત--સાવચેત રહેવાના અર્થને મર્યાદિત સમજી ભાવઆરાધનાની યથાર્થતા પ્રાપ્ત કરાવનાર ભાવ--પ્રાણોની હિંસા ન થાય તે માટે પૂરતી જાગૃતિ રાખવી જોઈએ.

૧૪ ૧૮૦૦૦ શીલાંગ રથ.

અનંત-ઉપકારી તીર્થંકર–પરમાત્માઓએ સંયમની સર્વાંગશુદ્ધ આરાધના કરવા માટે ઉપયુક્ત રહેવા નાના પ્રકારે રૂપક–દૃષ્ટાંતો દ્વારા પણ સૈદ્ધાન્તિક ગહન-વિષયો સમજાવ્યા છે, તેથી સર્વ–સાવદ્યના ત્યાગપૂર્વક વિરતિભાવની પ્રાપ્તિ થયા પછી તેના ટકાવ માટે શીલ--ચારિત્રના અઢાર હજાર ભેદોને **શીલાંગ–રથની** ઉપમા આપી શાસ્ત્રકારોએ સંયમની આરાધનાના માર્ગે ચાલનાર મુમુક્ષુને સંયમના વિશુદ્ધ અધ્યવસાયોની પ્રાપ્તિ સુગમ કરી છે.

जोए-करणे सण्णा, इंदिय–भोमाइ–समणधम्मे य ।
सीलंगसहस्साणं अट्ठारसगस्स णिप्फत्ती ॥

(શ્રી ધર્મરત્ન પ્રકરણ)

દશ પ્રકારના શ્રમણધર્મમાં સ્થિત રહી, ચાર સંજ્ઞાઓનો ત્યાગ કરી અને પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરી પૃથ્વીકાય આદિ દશની વિરાધનાનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરવો તેનું નામ ખરી વિરતિ છે.

આ અઢારહજાર ભેદોની સમજુતી આ પ્રમાણે:—

દશ પ્રકારના શ્રમણ-ધર્મને *દશ પ્રકારના પૃથ્વી-કાયાદિથી ગુણતાં ૧૦×૧૦=૧૦૦.

ફરી તેને પાંચ ઇન્દ્રિય સાથે ગુણતાં ૧૦૦×૫=૫૦૦

ફરી તેને ચાર સંજ્ઞાથી ગુણતાં ૫૦૦×૪=૨૦૦૦

ફરી તેને મન-વચન-કાયાથી ગુણતાં ૨૦૦૦×૩=૬૦૦૦

ફરી તેને કરણ કરાવણ-અનુમોદનથી ગુણતાં
૬૦૦૦×૩=૧૮૦૦૦

એટલે ક્ષમાધર્મનું આસેવન કરવા પૂર્વક આહાર સંજ્ઞા અને સ્પર્શનેંદ્રિયનો સંયમ રાખી, મનથી પૃથ્વીકાયની હિંસા-વિરાધના કરવી નહિ, આ એક ભેદ થયો. આ પ્રમાણે અઢારહજાર ભેદો સમજવા.

આ ભેદો કેવલ વિગત જણાવવાપૂર્વક સૂક્ષ્મ પણ અનુપયોગથી વિરતિધર્મની વિરાધના ન થવા પામે તેના ઉપયોગની જાગૃતિ રાખવા જણાવેલ છે, પણ આ ઉપરથી કોઇ એમ ન સમજે કે 'અઢાર હજારમાંથી જેટલા પાળશું તેટલા લાભકારી, કારણ કે અઢાર-હજાર ભેદોમાં વિરતિ ભાવ જ પ્રધાન છે, એક પણ ભેદની વિરાધનાના પરિણામથી વિરતિનું ખંડન થવાથી તમામ ભેદો વિરાધ્યા ગણાય છે, માટે અહર્નિશ ઉપયોગવંત રહી તમામ ભેદોના યથાસ્થિત પાલન માટે યોગ્ય વિરતિભાવના પરિણામને ટકાવી રાખવા પ્રયત્નશીલ થવું ઘટે.

---

* પૃથ્વીકાયાદિ દશ-૧ પૃથ્વી, ૨ અપ્, ૩ તેઉ, ૪ વાયુ, ૫ વનસ્પતિ, ૬ બેઇંદ્રિય, ૭ તેઇંદ્રિય ૮ ચઉરિંદ્રિય, ૯ પંચેંદ્રિય, ૧૦ અજીવ.

૧૫ દશવિધ સામાચારી

સાધુપણાની આદર્શ–સ્થિતિ પ્રાપ્ત કરવા આચરવા લાયકની દશ બાબતોને શાસ્ત્રકારોએ **સામાચારી** શબ્દથી નિર્દેશી છે, તેનો યથાસ્થિત સંપૂર્ણ ખ્યાલ પ્રત્યેક સાધુને હોવો જોઇએ.

इच्छा–मिच्छा–तहक्कारो, आवस्सिया णिसीहिया ।
आपुच्छणा य पडिपुच्छा, छंदणा य णिंमतणा ॥
उवसंपया य काले, सामायारी भवे दसहा उ ॥

શ્રી સ્થાનાંગસૂત્ર સ્થાન ૧૦, ઉ. ૩.

૧. **ઇચ્છાકાર–સામાચારી**–દીક્ષાપર્યાયમાં નાના સાધુ પાસે કોઇપણ કામ કરાવવાના પ્રસંગે તેના હાર્દિક અભિપ્રાય-ઇચ્છા તપાસવાનો ખ્યાલ રાખવો.

૨. **મિથ્યાકાર-સામાચારી**–પ્રમાદા-દિકારણે જ્ઞાન-દર્શન ચારિત્રને હિતકારી પ્રવૃત્તિથી વિપરીત કંઈપણ આચરણ થઇ જાય, તેની હાર્દિક–શુદ્ધિપૂર્વક ફરીથી તેવું ન થવાની ચોકસાઈ પૂર્વકની मिच्छा मि दुक्कडं શબ્દના પ્રયોગપૂર્વક માફી માંગવી.

૩. **તથાકાર–સામાચારી**–અજ્ઞાન–મોહાદિથી સાન–ભાન ભૂલેલા અંતરાત્માને નિષ્કારણ પરમ—વત્સલતાપૂર્વક હિતાવહ ધર્મના ઉપદેશદ્વારા સુખી બનાવનાર ગુરુદેવના વચનને શ્રદ્ધાપૂર્વક तहत्ति શબ્દના પ્રયોગપૂર્વક સ્વીકારી લેવું.

૪. **આવશ્યિકી-સમાચારી**–સંયમના પોષણને અનુકૂલ આહાર-નિહારઆદિની પ્રવૃત્તિ માટે ઉપાશ્રયમાંથી નિકળતાં

તેમજ દહેરાસરમાંથી બહાર નિકળતાં આવસ્સહી બોલવું, જેથી કે સાધુ-જીવનની તમામ ચર્યા સંયમાનુકૂલ હોવાનો ખ્યાલ જાગૃત રહે.

૫. **નૈષેધિકી—સામાચારી**-દહેરાસર કે ઉપાશ્રયમાં પેસતાં મન, વચન, કાયાના યોગને આરાધનાના માર્ગ પર કેન્દ્રિત કરવા णिसिहो શબ્દના પ્રયોગપૂર્વક ચાલુ ક્રિયા કે-સંયમ-જીવન સિવાય બીજા તમામ વ્યાપારોના ત્યાગનો ખ્યાલ રાખવો.

૬. **આપૃચ્છના-સામાચારી**—કોઈપણ પ્રવૃત્તિ માટે ગુરુદેવની કે વડિલની સંમતિ માટે ઉપયોગવંત રહેવું.

૭. **પ્રતિપૃચ્છના-સામાચારી**—સામાન્યતઃ પ્રવૃત્તિ કરવા માટે આજ્ઞા લીધા છતાં પણ કાર્ય-પ્રારંભ વખતે પુનઃ ગુરુદેવની કે વડિલની આજ્ઞા માંગવા ઉપયોગ રાખવો.

૮. **છંદના-સામાચારી**—પોતા માટે લાવેલ આહાર-પાણી આદિમાંથી બીજા સાધુઓને ભક્તિ માટે થોડું-ઘણું લેવા પ્રાર્થના કરવી.

૯. **નિમંત્રણા-સામાચારી**-પોતાના આત્માને કૃતાર્થ કરવાની શુભ-કામનાથી નાના-મોટા તમામ સાધુને આહાર-પાણી આદિ દ્વારા સેવા-ભક્તિ કરવા નમ્રભાવે પ્રાર્થના કરવી.

૧૦. **ઉપસંપદા-સામાચારી**-જ્ઞાન દર્શન, ચારિત્રની વૃદ્ધિ-નિર્મલતા-સ્થિરતા આદિ માટે સ્વ-ગચ્છ છોડી અન્ય-ગચ્છમાં જઈને વિધિપૂર્વક અન્ય-ગુરુની નિશ્રા સ્વીકારવી.

૧૬ દશવિધ ચક્રવાલ--સામાચારી

સાધુ--જીવનમાં કરણીય બાબતોનો નિર્દેશ જ્ઞાનીઓએ અનેક સ્થાને કર્યો છે. તેમાં પાક્ષિક—પ્રતિક્રમણના સાધુ અતિચારમાં **ચક્રવાલ – સામાચારી** જણાવી છે.

પણ તેની સ્પષ્ટ માહિતી યોગ્ય-જ્ઞાની-નિશ્રાએ મળતી હોઇ સાધારણતઃ સાધુ–અતિચારના છેલ્લા "आवस्सय सज्झाए" ગાથાવાળા આલાવામાં છેલ્લે "इच्छा--मिच्छादि—दशविध—चक्रवाल--सामाचारी पाली नहीं" શબ્દોનો "**ઇચ્છા-મિચ્છા આદિ દશ પ્રકારની ચક્રવાલ=સમૂહરૂપ સામાચારીનું પાલન ન કર્યું**" એવો અર્થ સહજભાવે થાય છે.

પણ ત્યાં બે જાતની સામાચારી નિર્દેશી છે. (૧) ઈચ્છા-મિચ્છાદિ (૨) ચક્રવાલ.

બંને દશ—દશ પ્રકારની છે. સાધુ—જીવનમાં ઇચ્છા-મિચ્છાદિક અને ચક્રવાલ બંને સામાચારીનું મહત્ત્વ છે. માટે અહીં સંયમના ખપી આત્માર્થી જીવોને હિતકારી અપ્રસિદ્ધ-પ્રાય **ચક્રવાલ–સામાચારીનું** સ્વરૂપ જણાવાય છે.

पडिलेहण (१) पमज्जण (२)
मिक्खि (३) रिया (४) आलोए (५) भुंजणा (६) चेव ।
पत्तगधुअण (७) विहार (८)
थंडिल (९) आवस्सयाईया (१०) ॥

શ્રી પ્રવચનસારોદ્ધાર દ્વાર ૧૦૧ ગા–૭૬૮

(૧) પ્રતિલેખના :– સવાર-સાંજ યથાસમયે વિધિપૂર્વક વસ્ત્ર-પાત્ર વગેરેનું પડિલેહણ કરવું.

(૨) **પ્રમાર્જન :**– સવાર—સાંજ વિધિપૂર્વક વસતિની પ્રમાર્જના કરવી.

(૩) **ભિક્ષાચર્યા :**– શાસ્ત્રીય-મર્યાદા પ્રમાણે સંઘાટક સાથે ગોચર-ચર્યાની રીતે ૪૨ દોષોને ટાળવાપૂર્વક. વસ્ત્ર-પાત્ર-આહાર-પાણી આદિની ગવેષણાનો પ્રયત્ન.

(૪) **ઇર્યાસમિતિ:**–ગોચરી લઇને ઉપાશ્રયમાં આવ્યા પછી શ્રી દશવૈકાલિક સૂત્ર (અધ્ય. ૫.) માં જણાવેલ વિધિપ્રમાણે ગૌચરીની આલોચના પૂર્વે ઇરિયાવહી આદિ કરવી.

(૫) **આલોચના:**–ઉપાશ્રયથી નિકળ્યા પછી જે ક્રમથી ગોચરી વહોરી હોય તે રીતે કે શાસ્ત્ર-નિર્દિષ્ટ-ક્રમ પ્રમાણે પૂ. ગુરુદેવ આગળ ગોચરી આલોવવી.

(૬) **ગોચરી વાપરવી :**– ગુરુ-આજ્ઞાથી માંડલીમાં સર્વ-સાધુઓની ભક્તિ, છંદના; નિમંત્રણા આદિ કરી નવકાર ગણી રાગ-દ્વેષ રહિતપણે માંડલીના પાંચ દોષ ટાળવા પૂર્વક શરીરને ભાડું દેવારૂપે આહારનો ઉપયોગ કરવો.

(૭) **પાત્રાં ધોવા :**– વાપર્યા પછી વિરાધના ન થવા પામે તેવો ઉપયોગ રાખી પાણી-વસ્ત્ર આદિથી પાત્રાંને સ્વચ્છ કરવા. રાત્રિભોજન દોષ ન

અને તે રીતે પાત્રાં ધોવાની આદર્શ શાસ્ત્રોક્ત-વિધિનું પાલન કરવું.

૮ વિહારભૂમિ :- વાપર્યા પછી શરીર-ધર્મ પ્રમાણે બહિર્ભૂમિ જવાની જરૂર ઉભી થાય, એટલે શ્રી ઓઘનિર્યુક્તિ આદિ ગ્રંથોમાં જણાવેલા વિધિ પ્રમાણે સ્થંડિલ--ભૂમિએ જઇ ૧૦૨૩ વર્જી ૧૦૨૪ મા શુદ્ધભાંગે મળ--ત્યાગની આદર્શ—આચરણાનું પાલન કરવું.

૯ સ્થંડિલ :-રાત્રે શરીર—બાધા ટાળવા લઘુનીતિ કે વડીનીતિના પ્રસંગને જયણા પૂર્વક પતાવવ. સૂર્યાસ્ત સમયે અવગ્રહના છેડે, અવગ્રહની અંદર, ઉપાશ્રયના દ્વાર પાસે અને સંથારા પાસે.એમ ૪ સ્થાને પણ અત્યારે જીતકલ્પની સામાચારીથી પૂર્વાદિ ચારે દિશાઓમાં લઘુનીતિના ત્રણ અને વડીનીતિના ત્રણ મળી છ છ મંડલ ભૂમિનું પ્રમાર્જન (દૃષ્ટિ પડિલેહણ રૂપે) કુલ ૨૪ માંડલા-ભૂમિનું દૃષ્ટિ પડિલેહણ કરવું.

૧૦ પ્રતિક્રમણ :-સવાર કે સાંજ અણસમજ, અનુપયોગ કે પ્રમાદ આદિથી થતા કે થઈ જતા દોષોની

ગુરુસમક્ષ આલોચના માટે જરૂરી દૈવસિક આદિ પાંચ પ્રતિક્રમણો **શ્રી આવશ્યકસૂત્ર, શ્રી ઓઘનિર્યુક્તિ** આદિમાં બતાવેલ સામાચારી પ્રમાણે કરવા.

અહીં ગાથામાં છેલ્લે આદિ પદ છે. તેથી સાધુજીવનમાં ઉપયોગી કાલગ્રહણ, સ્વાધ્યાય, ક્ષેત્ર પ્રતિલેખના, પ્રતિમાવહન સ્થવિરકલ્પની અનેક સામાચારીઓ વગેરે ગુરુગમથી સમજવી.

૧૭ સાત પિંડૈષણા

સંયમારાધનાની તમામ પ્રવૃત્તિ માટે ઉપયોગવંત મુમુક્ષુ મુનિવરે ગોચરી વહોરવા પ્રસંગે પૂર્વ-મુનિઓએ આચરેલી પદ્ધતિનું ધ્યાન રાખી વિવિધ પ્રકારે માનસિક-ભાવનાની નિર્મલતા કેળવવી જોઈએ. શાસ્ત્રકારોએ આ પિંડૈષણા શબ્દથી નિર્દેશેલ છે. તેના સાત પ્રકાર નીચે મુજબ છે.

संसट्ठमसंसट्ठा उद्धड, तह चेव अप्पलेवाय ।
उग्गहिया पग्गहिया, उज्झियधम्मा य सत्तमिया ॥

૧. **સંસૃષ્ટા**—સહજ રીતે હાથ અને વાસણ ખરડાયા હોય તેવી ગોચરી વહોરવી. એટલે ખરડાએલ હાથ-વાસણથી ગોચરી વહોરવી.

૨. **અસંસૃષ્ટ**-હાથ અને વાસણ ન ખરડાય તેવી ગોચરી વહોરવી.

૩. ઉદ્ધૃતા—ગૃહસ્થે પોતા માટે રસોઇના વાસણમાંથી કાઢી રાખેલ હોય, તેમાંથી વ્હોરવું.

૪. અલ્પ-લેપા-જે ચીજ વહોરતાં હાથ અને વાસણ ન ખરડાય અગર થોડા ખરડાય તે રીતે ગોચરી વહોરવી.

૫. અવગૃહિતા-ગૃહસ્થે પોતાના ખાવા માટે થાલીમાં લેવા વાટકી આદિમાં કાઢી રાખેલ રસોઈ વહોરવી.

૬. પ્રગૃહિતા— થાલીમાં પીરસી જમવાના પ્રસંગે હાથમાં કોળિયો લઈ મોઢામાં મૂકવાની તૈયારી પ્રસંગની તૈયાર ચીજ વહોરવી.

૭. ઉજ્ઝિત-ધર્મિકા—ગૃહસ્થની દૃષ્ટિએ નિરુપયોગી છાંડવા લાયકની ગોચરી વહોરવી.

ઉપર મુજબની ગોચરી વહોરવાની પદ્ધતિ ખ્યાલમાં રાખી પ્રસંગે-પ્રસંગે વિવિધ અભિગ્રહ-ધારણા આદિદ્વારા માનસિક અશુભ વિચારધારા-અનાદિકાલીન વાસનાનો નિગ્રહ કરવો જોઇએ.

સાધુતાના આધાર સ્તંભો

* ગુરૂ-વિનય-સ્વાધ્યાય અને યથાશક્તિ વાસનાના નિગ્રહની સતત પ્રવૃત્તિ.
* વિકારી ભાવો ન ઉપજે તેવા વાતાવરણમાં અધ્યયનાદિ માટેની તત્પરતા,
* અહં-મમના વિષચક્રમાંથી નિકળવા પંચ-પરમેષ્ઠીઓની ભક્તિદ્વારા સાચા આત્મ-સમર્પણની ભાવના કેળવવી.

૧૮ નવ-બ્રહ્મચર્ય-ગુપ્તિ

એટલે

(બ્રહ્મચર્યરૂપી નગરનું રક્ષણ કરનાર નવ કિલ્લા)

૧. સ્ત્રી, પશુ, નપુંસક કે હલકા (પાપી) લોકો જ્યાં રહેતા હોય તેની વસ્તીમાં (ઉપાશ્રયમાં) ન રહેવું.

૨. સ્ત્રી સાથે વાતચીત કરવી નહિં કે એની સાથે હસવું નહિં.

૩. સ્ત્રી જે જગ્યા ઉપર બેઠી હોય તે જગ્યા ઉપર ૪૮ મિનિટ સુધી બેસવું નહિં.

૪. સ્ત્રીને કે એનાં અંગોપાગને જાણીને જોવા નહિં.

૫. સ્ત્રી-પુરુષની (દંપતિની) પ્રેમની વાતો ભીંતના ઓઠે રહી સાંભળવી નહિં.

૬. સંસારીપણામાં સ્ત્રી જોડે કરેલા મોહના ચાળા યાદ કરવા નહિ.

૭. દૂધ, દહી, ઘી વગેરે વિગઇઓ વિકારને કરનારી હોવાથી તે બહુ વાપરવી (ખાવી) નહિ. (પ્રણીત=ઘીથી નીતરતા વધુ રસવાળા આહારનો ત્યાગ કરવો તે)

૮. અતિ આહાર કરવો નહિ. અકરાંતીયા થઇ વાપરવું નહિ. (લૂખો ખોરાક પણ અતિ વાપરવાથી વિકારનું કારણ બને છે.)

૯. શરીરની શોભા-ટાપટીપ કરવી નહિ.

આ નવ બ્રહ્મચર્યની વાડોનું પાલન સાધુ કરે તો નિર્મળ બ્રહ્મચર્ય પાળી શકે. અર્થાત્ આ નવ વાડોનું નિર્મળ પાલન તે બ્રહ્મચર્ય છે.

વધુમાં આ અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

* સ્ત્રી તો સાધુના જીવનમાંથી ભૂલાઇ જ જવી જોઇએ.

* જીવતી સ્ત્રી તો ન જ જોવાય. પણ સ્રીનો ફોટો કે ચિત્ર પણ ન જોવાય. તે જોવાથી પાપ-બુદ્ધિ જાગે છે.

* ગોચરી-પાણી જનાર સાધુએ ગોચરી-પાણી લેતાં સ્ત્રી સામે ન જોતાં વહોરવાની વસ્તુઓ સામે જ જોવું.

* સ્ત્રી રસ્તામાં પચ્ચક્ખાણ માંગે તો ન અપાય. કાંઇ પૂછે તો ત્યાં ઉભા ન રહેવું કે જવાબ પણ ન આપવો.

* સાધ્વી મહારાજ રસ્તામાં મળે અને "મત્થએણ વંદામિ" કહે તો પણ સાધુથી સામે જોવાય નહિં, તેમ જ સામે જોઇને "મત્થએણ વંદામિ" બોલાય નહિં.

* આપણી કોઇ નોટ કે પુસ્તક વગેરે ગુરુ-મહારાજને પૂછયા વગર કોઇપણ સ્ત્રીને કે સાધ્વી-મહારાજને અપાય નહિં. કેમકે મર્યાદા સદાચારનું રક્ષણ કરનારી છે.

* સ્ત્રીને પચ્ચક્ખાણ આપવું પડે તો પણ નીચું મુખ રાખીને આપવું. સામું જોવાની જરૂર નહિ.

વૈરાગ્ય એટલે ?

દોષદર્શન-જનિત વૈરાગ્ય કરતાં આત્માનુભવથી થતી વિષયોની વિરક્તિ તાત્ત્વિક-વૈરાગ્ય !!!

સાધુએ પોતાના વૈરાગ્યને વધુ સ્થિર કરવા
રોજ ચિંતવવા જેવી
૧૯ બાર ભાવનાઓ

૧. **અ-નિત્ય-ભાવના :** હે જીવ! જગતના સર્વ સંયોગો અનિત્ય છે, તું વિચાર કર! કે જગતમાં કઈ વસ્તુ સ્થિર છે? કે તું તેને મ્હારી માની રાગ કરે છે! તેની ખાતર અનેક પ્રકારના ક્લેશ અને પાપો કરે છે! જગતમાં એક આત્મા સ્થિર છે, માટે તેના જ કલ્યાણની ચિંતા કર!

૨. **અ-શરણ-ભાવના:**—હે જીવ! આ જગતમાં જીવને ધન-કુટુંબ વગેરે કોઈ રક્ષણ આપતું નથી! તને રોગના દુઃખથી, ઘડપણના ત્રાસથી, મૃત્યુના આક્રમણથી સાચું રક્ષણ કરનાર કોણ છે? સર્વજ્ઞના ધર્મ સિવાય આ જીવને પરલોક જતાં કોઈ શરણ નથી!

૩. **સંસાર-ભાવના:**—હે જીવ! આ સંસાર વિચિત્ર છે, માતા મરીને પત્ની થાય છે, મિત્ર મરીને શત્રુ થાય છે. વળી હે જીવ! જે સંસાર જન્મ જરા-મરણ, અનેક રોગો સ્વાર્થ અને પ્રપંચના દુઃખોથી ભરેલો છે, એવું તું તારી નજરે જોવા છતાં તે સંસાર ઉપર તને મોહ શાને છે? વૈરાગ્ય કેમ થતો નથી?

૪. એકત્વ-ભાવના :—હે જીવ! તું એકલો જન્મ્યો છે અને એકલો મરવાનો છે. એકલો કર્મ કરે છે, એકલો જ ભોગવે છે. તારૂં આ જગતમાં કોઇ સાચું સગું નથી, છતાં શા સારૂ મારૂં-મારૂં કરી ક્લેશ પામે છે?

૫. અન્યત્વ-ભાવના :—હે જીવ! તુ આ દેહથી, તારા મા-બાપથી, ધનથી, બંગલાઓથી તદ્દન જુદો છે. તારે અને એને કાંઇ સંબંધ નથી! તારૂં એનાથી કાંઈ હિત નથી, છતાં તુ તેને તારાં શા માટે માને છે? તને તે પરલોકમાં શું કામ લાગવાના છે? તેનો વિચાર કર!

૬. અશુચિ-ભાવના :—હે જીવ! તું જે શરીર ઉપર મોહ કરી રહ્યો છે, રાત દિ' તું જેની ચિંતા કરે છે, તે શરીર શામાંથી ઉત્પન્ન થયું છે? તેની અંદર કેવા ગંદા પદાર્થો ભરેલા છે? તેની અંદર કેટલા રોગોનો વાસ છે? અને તે કેટલો વખત ટકવાનું છે? આ બધાનો તું બરાબર સ્થિરપણે વિચાર કરીશ તો તને તે શરીર ઉપર વૈરાગ્ય થયા વગર નહિ રહે!

૭. આશ્રવ-ભાવના :—હે જીવ! મિથ્યાત્વ, અવિરતિ કષાય અને દુષ્ટયોગ આ ચાર આશ્રવો તારા સંસારનું મૂળ છે. તેથી તુ અનાદિ-કાળથી આ સંસારમાં ભટકે છે. માટે તેને દૂર કરવા પુરુષાર્થ કર!

૮. **સંવર-ભાવનાઃ**—હે જીવ! તને આ ભયંકર સંસાર-કારાગારમાંથી છોડાવનાર સમ્યક્ત્વ, વિરતિધર્મ, કષાયનો નિગ્રહ અને સમિતિ-ગુપ્તિનું નિર્મળ પાલન, આ ચાર સંવર-ધર્મ છે. તે તારા આત્માનું કલ્યાણ કરનારા પરમ-મિત્રો છે. માટે અવસર પામી તારા જીવનમાં તેનો ખૂબ આદર કર!

૯. **નિર્જરા-ભાવનાઃ**—હે જીવ! સકામ-નિર્જરા કરવાનો અનુપમ અવસર પામ્યો છે, તો તું સુખ-શીલતાનો ત્યાગ કરી બાર પ્રકારના તપમાં ઉદ્યમ-શીલ બન! જેથી તારા બધા કર્મો બળીને ભસ્મીભૂત બની જાય અને તું શુદ્ધ-સુવર્ણની જેમ નિર્મળ બની જાય!

૧૦. **લોક-સ્વરૂપ-ભાવનાઃ**—હે જીવ! તું ચૌદ રાજ-લોકના સ્વરૂપનો વિચાર કર! તેમાં આવેલા અનંત જીવો અને પુદ્ગલોનો વિચાર કર! તેમના સંસ્થાન, આયુષ્ય, સ્થિતિ વગેરેનો વિચાર કર! જેથી તારૂં ચપળ મન સ્થિર બને!

૧૧. **બોધિ-દુર્લભ-ભાવનાઃ**—હે જીવ! આ જગતમાં મોટું રાજ્ય મળવું, સુંદર સ્ત્રીઓ મળવી, બંગલા મળવા, ખૂબ ધન મળવું, માન-સન્માન મળવા વગેરે ખૂબ સહેલું છે. ભૂતકાળમાં આપણા જીવને તે વસ્તુઓ તો અનંતીવાર મલી ને ચાલી ગઇ પણ એક માત્ર જૈન-ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે!

તત્ત્વાતત્ત્વના નિર્ણયમાં નિપુણ એવી બોધિ દુર્લભ છે.

તે તને આજે તારા મહાન પુણ્યના ઉદયે મલી છે, તો તું તેનું તારા પ્રાણની માફક રક્ષણ કર, અને તેને સત્કાર્યોથી સફળ કર !

૧૨. ધર્મ-સ્વાખ્યાત ભાવના:— અહો ! રાગ-દ્વેષને જીતનારા એવા અનંત-ઉપકારી જિનેશ્વર-દેવોએ ભવનો ઉચ્છેદ કરનારો કેવો સુંદર ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ બતાવ્યો છે ? કેવો પૂર્વાપર-વિરોધ વગરનો નવ-તત્ત્વનો પ્રકાશ કર્યો છે ? ક્યાં જિન-મત અને ક્યાં અસંબદ્ધ-પ્રલાપ કરનારા અન્યમતો ?

વિનય-ગુણ-મહિમા

વિનયથી

શ્રુતજ્ઞાન	નિર્જરા
વિરતિ	કર્મક્ષય
સંવર	મોક્ષ.

આ રીતે ગુરુ-વિનય પરંપરાએ મોક્ષનું કારણ બને છે, તેથી આત્મ-કલ્યાણકામી મુમુક્ષુએ આત્મ-સમર્પણ કેળવી ઉપકારી-ગુરુદેવના વિનય માટે પ્રયત્ન-શીલ રહેવું.

૨૦ સાધુએ સહવાના ૨૨ પરિષહ

પ્ર. પરિષહો શા માટે સાધુએ સહન કરવા જોઈએ ?

જ. સંયમ-માર્ગમાંથી આપણો આત્મા ડગે નહિ અને કર્મની નિર્જરા થાય માટે પરિષહો સાધુએ સહન કરવાના છે.

૧. ક્ષુધા-પરિષહ—ગમે તેવી ભૂખ લાગે તો પણ દોષિત-આહારની ઈચ્છા ન કરતાં સમતાભાવે ભૂખ સહન કરવી તે.

૨. પિપાસા-પરિષહ—ગમે તેવી તરસ લાગે તો પણ કાચા-પાણીની ઇચ્છા ન કરતાં સમતાભાવે તૃષ્ણાની પીડા સહન કરવી તે.

૩. શીત-પરિષહ — ગમે તેવી ઠંડી લાગે તો પણ અગ્નિ વગેરેની ઈચ્છા ન કરવી પણ સમતાભાવે સહન કરવી તે.

૪. ઉષ્ણ-પરિષહ—ગમે તેવી ગરમી પડે તો પણ પંખાની કે ન્હાવાની ઈચ્છા ન કરવી, પણ તેને સમતા-ભાવે સહન કરવી તે.

૫. દંશ-મશક-પરિષહ—ઉપાશ્રય વગેરે વસતિમાં મચ્છર, માંકડ વગેરે હોય અને કરડે તો પણ તેને ઉડાવવા નહિં પણ તેના ડંશ સમતાભાવે સહન કરવા તે.

૬. અચેલક-પરિષહ—ગમે તેવા જીર્ણ વસ્ત્રો હોય, તો પણ મનમાં ખેદ ધારણ ન કરતાં સમભાવે રહેવું તે.

૭. અરતિ-પરિષહ—સંયમમાં પ્રતિકૂળતાના કારણે કંટાળો આવે ત્યારે અધીરાઈ ધારણ ન કરતાં તેને સારી ભાવનાઓથી, ભાવીમાં થનારા કર્મ-વિપાકને વિચારી, વર્ત્તમાન--પ્રતિકૂળતાઓને સહવાના મહાન લાભને જાણીને અરતિને દૂર કરવી તે.

૮. સ્ત્રી-પરિષહ—રૂપવાન સ્ત્રીને જોઇને જરાયે મન ચલાયમાન ન કરતાં બ્રહ્મચર્યમાંથી સ્થિર રહેવું તે.

૯. ચર્યા-પરિષહ—ગ્રામાનુગ્રામ વિહાર કરતાં રસ્તામાં કાંટા, કાંકરા, ખાડા આવે તો પણ આકુળ-વ્યાકુળ ન થતાં સમ્યક્‌ભાવે સહન કરવું તે.

૧૦. નિષદ્યા-પરિષહ—સ્મશાન કે શૂન્ય-ઘરમાં કાઉસ્સગ્ગ કરી ઉભા હોઇએ અને ત્યાં કોઈ વ્યંતર કે દુષ્ટ માણસો ઉપદ્રવ કરવા આવે તો પણ ન ગભરાતાં કાઉસ્સગ્ગમાં સ્થિર રહેવું તે અથવા સ્વાધ્યાય માટે ત્યાં બેઠા હોય અને ઉપદ્રવ થાય તો સમ્યગ્ સહન કરવું તે.

૧૧. શય્યા-પરિષહ—ગમે તેવો ખાડા-ખાંચાવાળો, ધૂળવાળો, પવન વગરનો કે પવનવાળો ઉપાશ્રય કે વસતિ મળે તો પણ મનમાં દુઃખ લાવવું નહિ તે.

૧૨. આક્રોશ-પરિષહ—કોઇ સાધુનો તિરસ્કાર કરે કે કડવો શબ્દ સંભળાવે તો પણ સાધુ તેના ઉપર રોષ ન કરે તે.

૧૩. વધ-પરિષહ—સાધુ પર કોઇ પ્રહાર કરવા આવે તો પણ તેના ઉપર દ્વેષ-વૈર ન રાખતાં 'મારા પૂર્વકૃત-કર્મનો વિપાક છે,' એમ સમજી સમતાભાવે સહન કરવું તે.

૧૪. યાચના-પરિષહ—સંયમને ઉપયોગી કોઈપણ વસ્તુની-જરૂર હોય તો ગૃહસ્થની પાસે યાચના માંગણી કરતાં શરમ ન આણવી તે.

૧૫. અલાભ-પરિષહ—માંગવા છતાં ગૃહસ્થ ન આપે તો પણ મનમાં શોક કે ગૃહસ્થ ઉપર રોષ ન કરવો તે.

૧૬. રોગ-પરિષહ—રોગ આવે તો રોવું નહિં, તેમજ હાયવોય ન કરતાં સમતા-ભાવે અશાતા-કર્મનો વિપાક સમજી સહન કરવું તે.

૧૭. તૃણ-સ્પર્શ પરિષહ-સંથારા માટે લાવેલા તૃણાદિની અણી શરીરને લાગે તો પણ દુઃખ ન ધરતાં સમ્યગ્ સહન કરવું તે.

૧૮. મલ-પરિષહ—શરીર ઉપર મેલ ચઢેલો જોઇ ખેદ ન કરવો, તેમજ તેને ઘસીને કે ધોઈને કાઢવો પણ નહિ, પણ તે મલ સાધુ-જીવનનો અલંકાર સમજી સમ્યક્ સહન કરવું તે.

૧૯. સત્કાર-પરિષહ—સાધુનો કોઇ સત્કાર-સન્માન કરે તો ફુલાઈ ન જવું અને સત્કાર ન થાય તો ખેદ ન કરવો તે.

૨૦. પ્રજ્ઞા-પરિષહ—સાધુ પોતાની તીવ્ર-બુદ્ધિનો ગર્વ ન કરે, પણ 'મારા કરતાં ઘણા બુદ્ધિશાળી જગતમાં છે' એમ વિચારી નમ્રતા રાખવી તે.

૨૧. અજ્ઞાન-પરિષહ—જ્ઞાનાવરણના તીવ્ર ઉદયે કદાચ જ્ઞાન ભણવા છતાં ન ચઢે તો પણ ખેદ ન કરતાં જ્ઞાનાવરણ તોડવા માટે અધિક-જ્ઞાની વગેરેનો વિનય કરવો તે.

૨૨. સમ્યક્ત્વ-પરિષહ—બીજા ધર્મોના ચમત્કારો વગેરે દેખી પોતાના ધર્મથી ચલાયમાન ન થતાં સ્થિર રહેવું તે.

આ ૨૨ પરિષહોને સમ્યક્ સહન કરનાર સાધુ શીઘ્ર ભવસાગર તરી જાય છે.

સંયમીનો પુરુષાર્થ

ગુરુનિશ્રાએ—જીવન—શુદ્ધિ માટે પ્રયત્નશીલ વિવેકી-સંયમીએ ત્રણ ચીજ માટે સતત પુરુષાર્થ કરવો જોઈએ.

* સંયમની મર્યાદાઓનું પાલન
* ગુરુનિશ્રાની વફાદારી
* જ્ઞાનીઓ પ્રતિ કૃતજ્ઞતા

આ ત્રણ દિશાએ પુરુષાર્થ પ્રવર્ત્તાવવાથી જીવનનું સત્ત્વ વધુ ખીલી ઉઠે છે.

૨૧ બાર પ્રકારનો તપ

૧. અનશનઃ-ઉપવાસ, આયંબિલ, એકાસણું વગેરે કરવું તે.

૨. ઊણોદરી દ્રવ્યથી—પોતાની ભૂખ કરતાં ૨–૫–૭ કોળીયા ઓછું ખાવું તે.

ઊણોદરી-ભાવથી-જિન-વચનની ભાવનાથી ક્રોધાદિનો પ્રતિદિન ત્યાગ કરવો.

આ બંને પ્રકારનો ઊણોદરી–તપ સરવસાધ્ય છે.

૩. વૃત્તિ–સંક્ષેપ :—(દ્રવ્ય સંક્ષેપ) ખાવાની ચીજોનું અભિગ્રહપૂર્વક નિયમન કરવું તે. દા. ત. 'આજે મારે ૫–૭–૧૦ ચીજોથી વધુ ન ખાવી.' આવી પ્રતિજ્ઞા કરવી તે.

આમાં ઇચ્છા-નિરોધ હોવાથી મહાન કર્મ—નિર્જરાનો લાભ થાય છે.

૪. રસ-ત્યાગઃ—(વિગઈ-ત્યાગ) વિકારના કારણભૂત એવા ઘી, દૂધ, મિઠાઇ વગેરે વિગઇઓનો યથાશક્તિ રોજ ૧–૨–૩–૪–૫ નો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવો તે.

આ રસ-ત્યાગરૂપ તપથી બ્રહ્મચર્ય સહેલાઈથી પાળી શકાય છે.

૫. **કાય-ક્લેશઃ** શાસ્ત્ર-નીતિ મુજબ લોચ કરાવવો. શરીર શુશ્રૂણાનો ત્યાગ કરવો, કાય-કષ્ટકારી-વીરાસનાદિ આસનો કરવાં વગેરે.

આ કાય-ક્લેશ તપ સંસારમાં નિર્વેદનું કારણ છે. આ તપથી કાય-નિરોધ, જીવ-દયા, પરલોકદૃષ્ટિ અને અન્યોનું બહુમાન એ ગુણો છે.

લોચમાં દેહ—મૂર્છાનો ત્યાગ, સુખ-શીલતાનો ત્યાગ અને સહિષ્ણુતાનો ગુણ કેળવાય છે.

૬. **સંલીનતાઃ**-(૧)ઈંદ્રિય-સંલીનતા-સારા-નરસા-વિષયોમાં રાગ—દ્વેષ ન કરવો તે.

(૨) કષાય--સંલીનતા—ઉદયમાં આવેલ કષાયોને નિષ્ફળ કરવા તે.

દા. ત. આંખ લાલ ન કરવી, જીભને કાબુમાં રાખવી, હાથ—પગથી કોઈને મારવો નહિ, મન બગાડવું નહિ વગેરે. જે કષાયો સત્તામાં પડ્યા છે તેને જાગવા દેવા નહિ.

(૩) યોગ-સંલીનતા — અશુભ મન—વચન—કાયાની પ્રવૃત્તિ રોકી શુભમાં પ્રવૃત્તિ કરવી તે.

(૪) વિવિક્ત-સંલીનતા-સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત સ્થાનમાં રહેવું તે.

ઉપરોક્ત છ પ્રકારના તપને બાહ્યતપ કહેવાય છે.

પ્રશ્ન :–આ છ ને બાહ્યતપ કેમ કહેવાય છે?

ઉત્તર :–૧. બાહ્ય એવા દેહને તપાવતો હોવાથી.

૨. બાહ્ય જૈનતરમાં પણ તપ તરીકે પ્રસિદ્ધ હોવાથી.

૩. અન્ય--ધર્મવાળાઓએ પણ સ્વ–કલ્પનાથી સેવેલો હોવાથી.

૭. **પ્રાયશ્ચિત્ત-તપ**:– મૂળગુણ(પાંચ મહાવ્રતો, અણુવ્રતો) ઉત્તરગુણ(પિંડવિશુદ્ધિ, શિક્ષાવ્રતો વગેરે)માં લાગેલા અતિચાર–દોષોને ગીતાર્થ—ગુરુ મહારાજ આગળ સરળ—હૃદયે પ્રગટ કરી જે પ્રાયશ્ચિત્ત આપે ગુરુ મ. તે કરવું તે.

૮. **વિનય--તપ**:—આચાર્ય, ઉપાધ્યાય, રત્નાધિક, જ્ઞાની તપસ્વી વગેરેનો વિનય કરવો તે.

દા. ત. ૧. તે આવે ત્યારે ઉભા થવું.

૨. બેસવા આસન પાથરવું.

૩. બહારથી આવતા હોય તો સામે લેવા જવું.

૪. બહાર જતા હોય તો સાથે જવું.

૫. તેમની સામે જેમ તેમ બોલવું નહિ.

૬. તેમની ઇચ્છા મુજબ વર્તવું.

આ વિનય-તપથી આઠે પ્રકારના કર્મનો ક્ષય થાય છે. '*विणयमूलो धम्मो*' ધર્મનું મૂળ પણ વિનય છે.

૯. વૈયાવચ્ચ:—ધર્મના-સંયમના આરાધકની આજ્ઞાદિથી ભક્તિ કરવી તે.

આચાર્ય, ઉપાધ્યાય, ગુરુમહારાજ, તપસ્વી, નવ-દીક્ષિત, બિમાર સાધુ, બાળસાધુ વગેરેની સેવા-ભક્તિ કરવી તે

દા. ત. ૧. ગોચરી પાણી લાવી આપવાં.
૨. તેમનું પડિલેહણ કરવું.
૩ તેમનું આસન, સંથારો પાથરવો.
૪. તેમનું માત્રું વગેરે પરઠવવું.
૫. તેમના કપડાંનો કાપ કાઢવો।
૬. વિહારમાં ઉપધિ વગેરે ઉપાડવી.
૭. શ્રમિત ગુરુમહારાજ ઇત્યાદિના હાથપગ વગેરે દબાવવા.

આ ભક્તિ, વિધિ અને બુદ્ધિની નિપુણતાપૂર્વક કરવાની છે.

૧૦. સ્વાધ્યાય:—ગુરુ મહારાજની આજ્ઞા મુજબ અને કાળવેળાના ત્યાગપૂર્વક સત્શાસ્ત્રોનું અધ્યયન-ભણવું ભણાવવું અર્થચિંતન અનુપેક્ષા આદિ કરવું તે પંચવિધ.

'सज्झायसमो तवो णत्थि'

સ્વાધ્યાય સમાન બીજો શ્રેષ્ઠ તપ નથી. માટે સ્વાધ્યાયમાં આળસ ન કરવી.

૧૧. ધ્યાન:—ચિત્તને અન્તર્મુહૂર્તકાળ સુધી એક વસ્તુમાં એકાગ્ર કરવું તે,

ધ્યાનના ૪ પ્રકાર છે:—

(૧) આર્ત્તધ્યાન-દુઃખના નિમિત્તે થાય તે.
(૨) રૌદ્રધ્યાન-પ્રાણી-વધાદિમાં ક્રૂર ચિત્તની પરિણતિ તે.
(૩) ધર્મધ્યાન—બાર ભાવના આદિના ચિંતનથી અને જિનાજ્ઞાની ભાવનાથી શુભ-પરિણતિની કેળવણી.
(૪) શુક્લધ્યાન - કર્મનિર્જરાના પ્રધાન કારણભુત આત્મ-સ્વરૂપનો નય-શુદ્ધ રીતે સૂક્ષ્મ રીતે વિચાર કરવો.

આ ચાર ધ્યાનમાંથી પ્રથમનાં બે તિર્યંચગતિ અને નરકગતિને આપનારાં હોવાથી છોડવાનાં છે.

બાકીનાં બે સદ્દગતિને આપનારાં હોવાથી તે આદરવાનાં છે.

ધર્મધ્યાન ૪ પ્રકારે છે:—

૧. જિનેશ્વરદેવની આજ્ઞાનો વારંવાર વિચાર કરવો તે.
૨. કષાયની પરવશતા અને ઈન્દ્રિયોની પરવશતાથી થતા નુકશાનનો વિચાર કરવો તે.
૩. પાપ-પુણ્યના ઉદયનો વિચાર કરવો તે.

૪. જગતના સ્વરૂપનો વિચાર કરવો તે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે સદ્ગતિ અને નિર્જરાના હેતુ.હોવાથી તપ છે. જયારે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે બંધના હેતુ હોવાથી તપ નથી.

૧૨ કાયોત્સર્ગ:—જિનમુદ્રાએ ઉભા રહી કાયાની સ્થિરતા, વાણીથી મૌન અને મનથી ધ્યાન દ્વારા કાઉસ્સગ્ગના ૧૯ દોષોનો ત્યાગ કરી કાઉસગ્ગ કરવો તે. કષાયોનો ત્યાગ અને મૃત્યુકાળે શરીરનો પણ ત્યાગ કરવો તે અભ્યંતર કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગનો સીધો અર્થ કાયા ઉપરની મૂર્છાનો ત્યાગ કરવો તે છે. કાયોત્સર્ગ એ ત્રિવિધ યોગોને સ્થિર અને વિશુદ્ધ બનાવવા માટેનું અમોઘ સાધન છે. બધા તપોમાં આ કાયોત્સર્ગ–તપની પ્રધાનતા ને.

પ્રશ્ન : અભ્યંતર તપને અભ્યંતર (આંતરિક) તપ શા માટે કહેવાય છે ?

ઉત્તર–પ્રાયશ્ચિત્તથી માંડી કાયોત્સર્ગ સુધીના તપથી જૈનેતરો અજાણ છે.

૨. અન્ય-ધર્મવાળાઓથી ભાવથી અનાસેવિત છે. (આરાધેલો નથી.)

૩. મોક્ષપ્રાપ્તિનો અંતરંગ હેતુ છે.

૪. અભ્યંતર કર્મનો તાપક (નાશક) છે.

૫. અંતર્મુખ એવા મહાત્માઓ વડે જ્ઞેય (જાણવા યોગ્ય) છે.

૨૨ તેર ક્રિયા-સ્થાનો

જ્યાં સુધી આત્મા આશ્રવોની સમજણપૂર્વક કર્મબંધ રોકવા સંવર-માર્ગે પ્રવર્ત્તે નહિ ત્યાં સુધી વાસ્તવિક-આરાધનાનું ફલ હસ્તગત થઈ શકતું નથી, માટે સંયમની આરાધના કરનારે જ્ઞાનાદિ રત્નત્રયની સાધના માટે અચૂક ઉપયોગની સાથે અનાદિકાલના અભ્યાસથી સાહજિક વિપરીત-પ્રવૃત્તિ ન થઇ જાય તે માટે નીચેના તેર ક્રિયાસ્થાનો ધ્યાનમાં રાખવા ઘટે.

૧. અર્થક્રિયા-પૌદ્ગલિક પદાર્થોની જરૂરિયાત પૂર્ણ કરવા કરાતી આરંભાદિક્રિયા.

૨, અનર્થક્રિયા-લાલસા ખાતર, અગર પ્રયોજન વગર અજ્ઞાનાદિથી કરાતી આરંભાદિ ક્રિયા.

૩ હિંસાક્રિયા-આગળ-પાછળના વૈરભાવથી કરાતી ક્રિયા.

૪. અકસ્માતક્રિયા-એક અશુભાચરણ કરતાં સહસા-જાણબહાર બીજું અશુભાચરણ થઇ જાય, જેમકે એકને મારવા જતાં વચમાં બીજો અડફેટમાં આવી જાય.

૫. દૃષ્ટિવિપર્યાસક્રિયા-મિત્રને શત્રુ અગર શત્રુને મિત્ર માની રાગ-દ્વેષાદિની થતી પ્રવૃત્તિ.

૬. મૃષાક્રિયા-ક્ષણિક-તુચ્છ પૌદ્ગલિક લાભ ખાતર અસત્ય બોલવું.

૭. અદત્તાદાન-ક્રિયા-માલિકની સંમતિ વિના બીજાની ચીજ લેવી.

૮. આધ્યાત્મિકી-ક્રિયા-નિમિત્ત કારણ ન હોય છતાં માત્ર મનના દુષ્ટ-સંકલ્પોથી માનસિક સંતાપ અનુભવવો.

૯. માન-ક્રિયા—વ્યાવહારિક ચઢીયાતાપણાની ભાવનાથી ઘમંડી બની બીજા પ્રતિ તુચ્છ-વૃત્તિ દાખવવી.

૧૦. અ-મિત્ર-ક્રિયા-સત્તા-અધિકાર જમાવવાની દુષ્ટ-વૃત્તિને તાબે થઈ થોડા—અપરાધે વધુ સજા-દંડ કરી રૂઆબ દાખવવો.

૧૧. માયા-ક્રિયા—માનસિક-વાસનાઓ પૂર્ણ કરવા નાના પ્રકારના વિસંવાદી વર્તનો—ચેષ્ટાઓ કરી બીજાને દાવ-પેચમાં લેવા.

૧૨. લોભ-ક્રિયા-પૌદ્ગલિક-પદાર્થોની આસક્તિ વધુ રાખવી, અગર પોતાના સ્વાર્થમાં આડે આવનારનું બુરું કરવાની ચેષ્ટા.

૧૩. ઇર્યાપથિકી-ક્રિયા—મન, વચન અને કાયાના સૂક્ષ્મ પણ સ્પંદન થતાં સુધી કર્મબંધનનું કારણભૂત યોગોની પ્રવૃત્તિ.

ઉપર મુજબના તેર ક્રિયાસ્થાનકો વાંચી-વિચારી મુમુક્ષુ આરાધક-આત્માએ પ્રમાદાદિ-કારણે પણ અશુભ વર્તન ન થઇ જાય તેનું પૂરતું ધ્યાન રાખવું.

૨૩. વીશ અસમાધિસ્થાનો

રાગ-દ્વેષના અનાદિકાલીન સંસ્કારોને જાગૃત કરી આત્માને અસમાધિ-આર્ત્તધ્યાનદ્વારા વિષમ કર્મો બંધાવનારા વીશ અસમાધિસ્થાનોનું સ્વરૂપ પ્રત્યેક મુમુક્ષુએ વિચારણીય હોઈ તેનું ટૂંક-સ્વરૂપ અહીં આપ્યું છે.

૧ ઉતાવળથી ચાલવું.

(ઈર્યાસમિતિની જયણા ન પાળવવાના કારણે કર્મો બાંધી પરિણામે આત્માને અસમાધિ કરાવનારું છે.)

૨ પુંજવા-પ્રમાર્જવાના ઉપયોગ વિના અ-જયણાએ બેસવું.

૩ વિધિ-પૂર્વક જયણા પાલવાના ઉપયોગ વિના જેમ તેમ પૂંજી-પ્રમાર્જીને બેસવું.

૪ આગંતુક-સાધુઓ સાથે કલહ-ઝગડો કરવો.

૫ સંયમના ઉપકરણ વિના ભોગ-સુખાર્થે વધુ-પડતા આસન, શયન, પીઠ-ફલક વગેરે રાખવા, અગર શેષ-કાલમાં પણ પાટ, પીઠ-ફલક આદિનો નિષ્કારણ ઉપયોગ કરવો.

૬ રત્નાધિક (દીક્ષાપર્યાયમાં વડીલ)/ ગુણી--જનની સામે અ-વિનયથી બોલવું.

૭ જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, આદિનો ઉપઘાત કરવો.

૮ અ-જયણાએ પ્રવર્ત્તી જીવોની વિરાધના કરવી.

૯ ચીડચીડીયો સ્વભાવ રાખી વાત વાતમાં ક્રોધ કરવો.

૧૦ વ્યાવહારિક-નિમિત્તના કારણે થઈ ગયેલ ક્રોધની પરંપરા ચલાવવી.

૧૧ માનસિક-ક્ષુદ્રતાને કારણે કોઈની પીઠ પાછળ નિંદા કરવી.

૧૨ 'પલ પછી શું થવાનું છે?' તેનું જ્ઞાન ન હોવા છતાં અજ્ઞાનવશ થઈ વારંવાર 'આ આમ જ છે કે આમ જ થશે' આવું નિશ્ચયાત્મક બોલવું.

૧૩ શ્રુતજ્ઞાનની ભક્તિ-બહુમાનની લાગણી જાગૃત ન હોવાના કારણે અ-કાલે સ્વાધ્યાય કરવો.

૧૪ ભૂતકાલમાં થઈ ગયેલ ક્ષતિઓ કે બનાવો યાદ કરી કષાયોની ઉદીરણા કરવી.

૧૫ અ-સ્થંડિલ (લોકોનો સંચાર વિનાની ભૂમિ કે જે સચિત્ત હોવાનો સંભવ છે) ભૂમિમાંથી સ્થંડિલ-ભૂમિમાં આવતાં પગ પૂંજવાની જયણા ન કરવી અગર સચિત્ત-રજવાળા હાથે ગોચરી વ્હોરવી, અથવા અશુદ્ધ- પૃથ્વી પર બેસવું, ઉઠવું વગેરે કરવું.

૧૬ વિકાલે (રાત્રે) ઊંચા સ્વરે બોલવું કે જેથી અસંયત ગૃહસ્થ સંસાર-કાર્યમાં પ્રવર્ત્તે અગર હિંસક (ગરોળી વગેરે) જંતુ જાગૃત થઈ જાય, અથવા સાવદ્ય ભાષા બોલવી, અજયણાએ બોલવું.

૧૭ સ્વભાવની વિચિત્રતાના કારણે જેની-તેની સાથે ક્ષુદ્ર બાબતોમાં પણ કષાયાધીન થવું.

૧૮ સ્વાર્થ કે ઇર્ષ્યા આદિ કારણે સમુદાયમાં એક-બીજાને આડું-અવળું સમજાવી ભેદ ફૂટ-કુસંપ કરાવવો

૧૯ ઘણું ભોજન કરવું, કે જેથી અનેષણા, અસંયમ આદિ અનેક દોષો ઉત્પન્ન થાય, સવારથી સાંજ સુધી ઢોરની જેમ મોકળે-મોઢે ખાવું અથવા પ્રમાદાદિકથી દેવદ્રવ્યાદિકનું ભક્ષણ કરવું.

૨૦ ગોચરીમાં લાગતા દોષોનો ધ્યાનપૂર્વક પરિહાર કરવા પ્રયત્નશીલ ન થવું, ગોચરીના દોષોની જયણા ન કરવી.

ઉપર મુજબના અ-સમાધિસ્થાનો વાંચી-વિચારી સંજમની આરાધનામાં પ્રવર્તેલા પ્રાણીને અનાદિકાલના વિષય-કષાયના સંસ્કારોને જાગૃત કરનારા નિમિત્તો આરાધનાના માર્ગ પરથી આત્માને ભ્રષ્ટ ન કરી નાંખે તેનું પૂર્ણ તકેદારીભર્યું ધ્યાન રાખી હિતકારી સંયમારાધનાને સફલ બનાવવી.

સંયમીની જીવન-દૃષ્ટિ

વિષયના રાગી જનોને સુમધુર રસાસ્વાદની લાલસાથી સુંદર સુવાસિત પદાર્થોને જોઇ દાઢ ગળે અને મ્હોંમાં પાણી છૂટે પણ વિવેકી સંયમીને તો તેના ક્ષણિક ભોગના પરિણામે બંધાતા કટુ-વિપાક દાયી કર્મોના પરિણામના વિચારથી હૈયું ગળે અને આંખોમાંથી પાણી છૂટે ! ! !　—અધ્યાત્મસાર ગ્રંથ.

૨૪. એકવીશ શબલસ્થાનો

અનંત પુણ્ય-રાશિના બળે પ્રભુ-સંયમની પ્રાપ્તિ થયા પછી પણ આત્માને અજ્ઞાનાદિથી વિપરીત આચરણો પ્રતિ પ્રવર્ત્તવાનું સહજ મન થઇ જાય છે, અને શૂકરની વિષ્ટામાં મગ્નતાની જેમ વારંવાર સંયમ-વિરુદ્ધ પ્રવૃત્તિમાં મન ફરતું હોય છે, આમ થવાથી સંયમ-ચારિત્રની આરાધના કેવી કલુષિત થઇ જાય છે ? તે જાણવા એકવીશ શબલસ્થાનો (કલંકસ્થાનો) પ્રત્યેક આરાધક આત્માએ ધ્યાનમાં રાખવા જોઇએ.

૧ હસ્ત--મૈથુન કરવું.

૨ સાલંબન એટલે કે અતિક્રમ, વ્યતિક્રમ કે અતિચારથી મૈથુન સેવવું કે બ્રહ્મચર્યમાં દોષ લગાડવો.

૩ રાત્રિભોજન એટલે કે રાત્રે વહોરેલું દિવસે અગર દિવસે વહોરેલું રાત્રે (વિકાલવેલા-લગભગ સમયે) વાપરવું.

૪ આધાકર્મ-દોષવાળી (સાધુને માટે ખાસ ઉદ્દેશીને બનાવેલ) ગોચરી નિષ્કારણ વાપરવી. અથવા સ્વાદ-લાલસાનીતૃપ્તિ માટે દિવસમાં એક વારથી વધુ વાર વાપરવું.

૫ રાજ--પિંડ વહોરવો.

૬ ક્રીત-દોષ—વાળી (સાધુ માટે ખાસ વેચાતી લીધેલી) ચીજ વહોરવી.

૭ પ્રામિત્ય-દોષવાળી (સાધુ માટે ખાસ ઉધારે લવાયેલી) ચીજ વહોરવી.

૮ અભ્યાહૃત-દોષવાળી (સાધુ માટે ખાસ સામે લવાયેલી) ચીજ વહોરવી.

૯ આચ્છેદ્ય-દોષવાળી (સાધુ માટે ખાસ બીજા પાસેથી ઝુંટવી લાવેલી) ચીજ વહોરવી.

૧૦ ત્યાગ કરેલી ચીજ વહોરવી-વાપરવી.

૧૧ છ માસની અંદર એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવું.

૧૨ એક માસની અંદર ત્રણ વાર નદી વગેરે ઉતરવું.

૧૩ એક માસની અંદર ત્રણ વાર માતૃસ્થાન=માયા-કપટ સેવવું.

૧૪ જાણી જોઈને પૃથ્વ્યાદિક--જીવોની હિંસા કરવી.

૧૫ જાણી જોઇને મૃષાવાદ બોલવો.

૧૬ જાણી જોઇને અદત્તાદાન સેવવું.

૧૭ સચિત્તાદિ દોષવાળી પૃથ્વી ઉપર બેસવું વગેરે.

૧૮ જાણ્યા પછી પણ (ગોચરીમાં સહસા અનુપ-યોગથી આવી ગયેલ) કંદમૂલ–અભક્ષ્ય આદિ ચીજો લાલસાથી વાપરવી.

૧૯ એક વરસમાં દશ વાર ઉદકલેપ (એટલે કે નાભિથી વધારે પાણીવાળી નદી ઉતરવી) કરવો.

૨૦ એક વરસમાં દશ વાર માતૃસ્થાન=માયા કપટ સેવવું.

૨૧ કાચા પાણીવાળા હાથે વહોરાવાતી ગોચરી વગેરે લેવી.

ઉપર પ્રમાણેના ૨૧ કાર્યો ચારિત્રને શબલ એટલે ડાઘ–કલંકથી કાબરચીતરું કરનારા હોઈ શબલસ્થાનો કહેવાય છે, માટે દરેક વિવેકી–આરાધકે સંયમની યથા-શક્ય–શુદ્ધિ માટે ઉપરના કાર્યો બને તેટલા પરિહરવા ઉચિત છે.

卐

૨૫. ભાવસાધુના લક્ષણ

મોક્ષ-માર્ગની હિતાવહ સાધના કરવા ઇચ્છતા મુમુક્ષુએ કેવા ગુણો પ્રાપ્ત કરવા જોઇએ? તેનું નિરૂપણ ઉપકારી-મહાપુરુષોએ ભાવસાધુતા મેળવવા પ્રાપ્ત કરવા લાયક લક્ષણોના વર્ણનમાં સુંદર રીતે કર્યું છે. તે વાંચી-વિચારી પોતાની વ્યક્તિગત ત્રુટિ-ક્ષતિના પરિમાર્જનપૂર્વક તેવી યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રત્યેક મુમુક્ષુએ ઉદ્યત થવું ઘટે.

[૧]કિરિયા મારગ-અનુસારણી,
[૨]શ્રદ્ધા પ્રવર અ-વિવાદ.
[૩]ઋજુભાવે પન્નવણિજ્જતા,
[૪]કિરિઆમાં હો અપ્રમાદ-સાહેબજી.
[૫]નિજ-શક્તિ સારુ કાજનો,
આરંભ [૬]ગુણ—અનુરાગ;
[૭]આરાધના ગુરુ-આણની,
જેહથી લઇએ હો ભવજલતાગ.
સાહેબજી! સાચી તાહરી વાણી.

(ઉપા૦ યશોવિ. મ. કૃત ૩૫૦ ગાથા સ્તવન,
ઢા. ૧૪, ગા. ૨-૩)

૧. માર્ગાનુસારિણી ક્રિયા—શાસન-માન્ય અવિચ્છિન્ન-પરંપરાઓ અને પંચવિધ-વ્યવહારને અનુકૂલ જિનેશ્વર-પ્રભુએ પ્રરૂપેલ તમામ પ્રતિલેખનાદિ ક્રિયામાં આદરપૂર્વક પ્રવૃત્તિ.

૨. ઉત્કૃષ્ટ-શ્રદ્ધા-શ્રુત-ધર્મ અને ચારિત્ર-ધર્મની દરેક બાબત પર માનસિક-સંવેદનાપૂર્વક અવિહડ શ્રદ્ધા.

આ લક્ષણનું યથાર્થ સ્વરૂપ નીચેના ચાર પ્રકારોથી યથાર્થ રીતે ભાસે છે.

(અ) વિધિ-સેવા-સ્વાદિષ્ટ-ભોજનના અભ્યાસીને આપત્-કાલે વિરસ-અન્નના ઉપયોગવેળાએ પણ સ્વાદિષ્ટ પદાર્થ તરફ જેવો આંતરિક રસ રહે છે, તેવા રસપૂર્વક યથાશક્ય અ-વિધિના પરિહાર સાથે વિધિપૂર્વક અનુષ્ઠાનોનું આસેવન.

(આ) અ-વિતૃપ્તિ—નિર્ભાગ્ય-શેખરને અચાનક રત્નનો ખજાનો મળી જાય તો તેને જેમ રત્નો લેતાં તૃપ્તિ જ ન થાય, તેવી માનસિક—વૃત્તિથી વિધિપૂર્વક અનુષ્ઠાનોનું આસેવન.

(ઇ) શુભ-દેશના — પોતે જે વીતરાગપ્રભુ—પ્રરૂપિત શુભાનુષ્ઠાનોનો આસ્વાદ લઈ કૃતાર્થતા અનુભવી રહ્યો છે, તેનો અનુભવ યોગ્ય—જીવોને શુભાવહ પ્રેરણા કરી તે અનુષ્ઠાનોમાં પ્રવર્ત્તાવવા.

(ઈ) સ્ખલિત-શુદ્ધિ--પ્રમાદાદિ કારણે શુભાનુષ્ઠાનોના આસેવનમાં થઈ જનારી ક્ષતિઓનું ગુરુ પાસે નિઃશલ્યભાવે આલોચન કરી શુદ્ધ થવું.

આ ચાર લક્ષણોવડે ભાવસાધુપણાની યોગ્યતા સૂચવનારા સાત લક્ષણોમાંનું બીજું લક્ષણ ઓળખી શકાય છે.

૩. પ્રજ્ઞાપનીય-સ્વભાવ-આગમનના વચનોની યથાર્થ વફાદારી કાયમ રાખી આગમોક્ત—યુક્તિઓથી પ્રતીયમાન સત્ય-વસ્તુને અંગીકાર કરવાની સ્વભાવગત ઋજુતા-સરલતા પ્રાપ્ત થવી.

૪. **ક્રિયામાં-અ-પ્રમાદ** શુભ-અનુષ્ઠાનની યથાર્થતા-હિતાવહતા ભાસ્યા પછી તેમાં યથાશકય પ્રવર્ત્તવા માટે પ્રમાદાદિથી પીછેહઠ ન કરવી, અગર ચાલુ-ક્રિયામાં ઉપયોગ-શૂન્ય ન થવું. એકાગ્રતા-તન્મયતા કેળવવી.

૫. **શકય-અનુષ્ઠાન-પ્રારંભ**—કેદખાનામાંથી છટકી જવા મથતા કેદીની મનોદશા કરતાં વધુ ઉત્સુકતા-લાગણી-પૂર્વક યથાશકય શુભાનુષ્ઠાનોના આસેવનામાં સંયમ-શરીરાદિની અનુકૂલતાપૂર્વક વધુ પ્રવૃત્તિ.

૬. **ગુણાનુરાગ**—ગુણવાન મહાપુરુષો ગુણોની હાર્દિક પ્રતિપત્તિપૂર્વકની અનુમોદના સાથે પોતાનાં તેવા ગુણ પ્રગટ થવાની તમન્ના અને તેના માટે યથાયોગ્ય ઉચિત પ્રવૃત્તિ, તેમજ પોતાના અવગુણોનું યથાર્થ ભાનપૂર્વક દૂર કરવા ઉત્કટ માનસિક મથામણ...

૭. **ગુરુ-આજ્ઞાની પૂર્ણ આરાધના**—વિષમ-અરણ્યમાં ભૂલા પડેલ મુસાફરની ભોમિયા પરની શ્રદ્ધા કરતાં પણ વધુ ભાવયુક્ત સમ્યક્-શ્રદ્ધાપૂર્વક આત્મ-કલ્યાણના માર્ગના એકેક અંગની યથાર્થ આરાધના સદ્ગુરુદેવના ચરણોમાં નિષ્કામ, આત્મસમર્પણ-ભાવપૂર્વક કરવી.

ઉપર મુજબના મુક્તિમાર્ગના યથાર્થ આસેવનમાં જરૂરી યોગ્યતા મેળવવા ઉપયોગી સાત બાબતો દરેક વિવેકી મુમુક્ષુ આત્માએ પહેલી તકે પ્રાપ્ત કરી સંયમાદિની આરાધનાનું યથાર્થ ફલ હસ્તગત કરી લેવું ઘટે.

卐

૨૬. અનુષ્ઠાનના પાંચ પ્રકાર

પરમ-કારુણિક વીતરાગ-પરમાત્માઓએ આત્મા ઉપરના અનાદિકાલીન કર્મોના બંધનો દૂર કરવા વિવિધ-અનુષ્ઠાનો આયોજેલ છે, પણ તે અનુષ્ઠાનો વિવિધ આસેવન-પ્રકારોથી ચિત્ર-વિચિત્ર ફલ દેનારા થાય છે. ઘણીવાર ક્રિયાના મૂલ આશયથી સાવ વિરુદ્ધ પણ ફલ આવીને ઊભું રહે છે, માટે અનુષ્ઠાનોના આસેવનમાં રાખવી જોઈતી આશય-શુદ્ધિ માટે નીચેના પ્રકારો ધ્યાનમાં રાખવા લાયક છે.

૧. વિષાનુષ્ઠાન

"विषं लब्ध्याद्यपेक्षात, इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाज्ज्ञेयं, लघुत्वापादनात्तथा ॥१॥"

શ્રી યોગબિંદુ

આત્મ-કલ્યાણના ઉત્તમ ફલને પ્રાપ્ત કરનારી ધર્મક્રિયા આરાધવાના પ્રસંગે ઐહલૌકિક-માનપૂજા, કીર્તિ, પ્રશંસા આદિ-લાભની અપેક્ષા રાખવી. આ અનુષ્ઠાનથી હલાહલ ઝેરથી તત્કાલ પ્રાણોના નાશની જેમ સત્ (સુંદર) ચિત્તનું મારણ થાય છે, અને કર્મનિર્જરાના વિપુલ લાભની અપેક્ષાએ

કીર્તિ-પ્રશંસાદિ તુચ્છ-લાભની સ્પૃહા કરવાથી ઉત્તમોત્તમ ધર્મક્રિયાની લઘુતા થાય છે.

૨. ગરલાનુષ્ઠાન

"दिव्यभोगाभिलाषेण, गरमाहुर्मनीषिणः ।
एतद्विहितनीत्यैव, कालान्तरनिपातनात् ॥१॥"

(શ્રી યોગબિંદુ)

કર્મ-નિર્જરાના આદર્શ ધ્યેયને સંપાદિત કરવા કરવી જોઈતી ધર્મક્રિયાની આરાધના કરી પારલૌકિક દેવ-દેવેંદ્ર-ચક્રવર્ત્તી આદિની ભોગ-સંપદા મેળવવાનું ધ્યેય રાખવું, આનાથી કાલાંતરે પાપાનુબંધી-પુણ્યના ઉદયે મળતી સંપદાઓના ઉપભોગાદિથી ધીમા ઝેરની માફક આત્મ-સ્વરૂપનો વધુ વ્યાઘાત થાય છે.

૩. અનનુષ્ઠાન

"अनाभोगवतश्चैत-दननुष्ठानमुच्यते ।
संप्रमुग्धं मनोऽस्येति, ततश्चैतद्यथोदितम् ॥ १ ॥"

(શ્રી યોગબિંદુ)

આત્મ-કલ્યાણની સાધનાના અચૂક ધ્યેયને પહોંચી વળવા, ધર્મની આરાધનામાં હોવો જોઇતો સતત જાગૃત ઉપયોગ ન હોવો તે અનનુષ્ઠાન કહેવાય. આનાથી મનમાં વ્યામોહ વધુ હોવાના કારણે ધર્મક્રિયાનું આસેવન ગડ્ડરિકાપ્રવાહ તુલ્ય ધરડરૂપ થઈ જાય છે.

૪. તદ્ધેતુ અનુષ્ઠાન

"एतद्रागादिदं हेतुः, श्रेष्ठो योगविदो विदुः ।
सदनुष्ठानभावस्य, शुभ–भावांशयोगतः ॥ १ ॥"
(શ્રી યોગબિંદુ)

કરાતી ધર્મક્રિયા પ્રત્યે આંતરિક–બહુમાનપૂર્વક વિશુદ્ધ ભાવ–પરિણામની પ્રાપ્તિ થાય તે રીતે વિશુદ્ધ ધર્મક્રિયાનું આસેવન કરવું, આમાં શુભભાવનું પ્રાધાન્ય હોય છે.

૫. અમૃતાનુષ્ઠાન

"जिनोदितमितित्वाहु–र्भावसारमदः पुनः ।
संवेग–गर्भमत्यन्त–ममृतं मुनिपुंगवाः ॥ १ ॥"
(શ્રી યોગબિંદુ)

પ્રત્યેક ધર્મ-ક્રિયાના આસેવન પ્રસંગે નિષ્કારણ–બંધુ વીતરાગ–પરમાત્માની નિતાંત–કલ્યાણકર ઉપકારબુદ્ધિના સ્મરણપૂર્વક વિશુદ્ધભાવની પ્રધાનતા અને સંવેગ-રંગની વૃદ્ધિ સાથે અત્યુત્કટ પ્રમોદ–હર્ષનો અનુભવ કરવો. આના આસેવનથી ધર્મક્રિયાઓનું યથાર્થ ફલ સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે.

આ અનુષ્ઠાનોમાં પ્રથમના ત્રણ અપ્રશસ્ત–ખરાબ (વર્જવા લાયક) છે, તેમાં પણ પ્રથમના બે તો વધુ અનર્થ કરનારા છે. ચોથું અનુષ્ઠાન ભાવની શુભતાના કારણે કંઈક સારું છે, અને પાંચમું અનુષ્ઠાન વાસ્તવિકપણે આત્માને આરાધકભાવ પ્રાપ્ત કરાવી ક્રિયાઓનું મુખ્ય ફલ આપનારું હોઈ સર્વશ્રેષ્ઠ ઉપાદેય છે.

ક્રિયાના આઠ દોષ

આત્મ-કલ્યાણની સાધના કરાવનારી ધર્મની ક્રિયા કરવાના પ્રસંગે હાર્દિક-પરિણામોની વિશુદ્ધિ-ચોકસાઈના આધારે વિશિષ્ટ-ફલની પ્રાપ્તિ શાસ્ત્રકારોએ નિર્દેશી છે, તેથી અહીં ક્રિયા વખતે રહેનારા મનો-માલિન્યના કારણે લાગતા દોષો જણાવ્યા છે, તે ધ્યાનમાં લઈ યથાશક્ય પ્રયત્ને તેનો પરિહાર કરી ધર્મક્રિયાની આસેવના કરવી ઘટે.

खेदो-द्वेग-क्षेपो-त्थान-भ्रान्त्य-न्यमु-द्रुगा-सङ्गैः ।
युक्तानि हि चित्तानि, प्रपञ्चतो वर्जयेन्मतिमान् ॥१॥

ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ અન્યમુદ્, રોગ અને આસંગથી થતા ચિત્તના દુષ્ટ અધ્યવસાયો વિવેકી-બુદ્ધિશાલી પ્રાણીએ સદંતર વર્જવા ઘટે.

૧. ખેદ-કિરિયામાં ખેદે કરી રે;
દૃઢતા મનની નાહિ રે,
મુખ્ય હેતુ તે ધર્મનો રે;
જેમ પાણી કૃષિમાંહિ રે. પ્રભુ૦ ॥૧૨॥

ધર્મના અનુષ્ઠાનો આચરતાં થાક-પરિશ્રમ અનુભવવો, મનની દૃઢતા ન રહેવી.

જેમ પાણી વિના ખેતી સફલ નથી થતી, તેમ આ દોષથી ધર્મની આરાધના વસ્તુતઃ થઈ શકતી નથી.

૨. ઉદ્વેગ—બેઠા પણ જે ઉપજે;
કિરિયામાં ઉદ્વેગ રે,

યોગદ્વેષથી તે ક્રિયા રે;
રાજવેઠ સમ વેગ રે. પ્રભુ૦ ॥૧૩॥

સન્માર્ગ-સાધક ક્રિયા પ્રત્યે માનસિક અણગમો-કંટાળો થવો.

માનસિક દ્વેષ-અરુચિના પરિચાયક આ દોષના કારણે કલ્યાણ-સાધના કરાવનારી વિશિષ્ટ પણ ધર્મક્રિયા કરવાના પ્રસંગે વેઠ ઉતારવાની જેમ ઝપાટાબંધ કરી લેવા પૂરતું જ ધ્યાન રહે છે.

૩. ક્ષેપ—વિચે વિચે બીજા કાજમાં રે;
જાયે મન તે ખેપ રે,
ઉખણતાં જિમ શાલિનું રે,
ફલ નહિ તિહાં નિર્લેપ રે. પ્રભુ૦ ॥૧૬॥

ક્રિયા કરતી વખતે મનની ડામાડોળ વૃત્તિ, એક ક્રિયા કરતાં વચ્ચે-વચ્ચે બીજી—બીજી ક્રિયામાં મનનું ચાલ્યા જવું.

આ દોષના કારણે જેમ શાલિનું બીજ વારંવાર ઉખાડી વાવવાથી ફલતું નથી. તેમ ધર્મક્રિયાનું ચોક્કસ ફલ પણ મળી શકતું નથી.

૪. ઉત્થાન—શાંતવાહિતા વિણ હોવે રે;
જે યોગે ઉત્થાન રે,
ત્યાગયોગ છે તેહથી રે;
અણછંડાતું ધ્યાન રે. પ્રભુ૦ ॥૧૫॥

સન્માર્ગમાંથી કે મોક્ષસાધક-યોગમાર્ગની ક્રિયામાંથી ચિત્તનું ઉઠી જવું, ચિત્તના ઠરેલપણાના અભાવે આ દોષ પ્રબલ થાય છે.

આ દોષના બલે હૃદયમાં ધર્મક્રિયાનું મહત્ત્વ વિસરાઈ લોકલાજ કે મમત્વાદિ કોઈ કારણે કરવારૂપે કેવલ બાહ્ય આચરણ રહી જાય છે.

૫. ભ્રાન્તિ-ભ્રમથી જેહ ન સાંભરે રે;
કાંઈ અકૃત—કૃત કાજ રે,
તેહથી શુભ—કિરિયાથકી રે;
અર્થ-વિરોધી અકાજ રે-પ્રભુ ॥ ૧૪ ॥

પ્રસ્તુત યોગક્રિયાના મુખ્ય ધ્યેય-કેંદ્રીભુત આશયને છોડી બીજા વિચારોમાં ચિત્તનું ભમવું, અગર છીપમાં રૂપા-ચાંદીની ભ્રમણાની જેમ તત્ત્વાતત્ત્વ વિચારણામાં ભ્રાન્તિવાળા થવું.

આ દોષના કારણે ક્રિયાનું યથાર્થ ફલ સિદ્ધ થવામાં વ્યાક્ષેપ ઊભો થાય છે.

૬. અન્યમુદ્-માંડી કિરિયા અવગણી રે,
બીજે ઠામે હર્ષ રે;
ઇષ્ટ અર્થમાં જાણીએ રે,
અંગારાનો વર્ષ રે-પ્રભુ૦ ॥ ૧૮ ॥

ચાલુ ક્રિયા કરતાં તેના વિશુદ્ધ-પરિણામોના અવલંબને છોડી અન્ય બાબતોના કારણે હર્ષ ધારણ કરે.

આ દોષથી ચાલુ ક્રિયાની આસેવના મુખ્ય ફલની સાધના માટે વ્યર્થપ્રાય બની જાય છે.

૭. રોગ-રોગ હોયે સમજણ વિના રે,
પીડા ભંગ સુરૂપ રે;
શુદ્ધ ક્રિયા—ઉચ્છેદથી રે,
તેહ વંધ્ય ફલ રૂપ રે–પ્રભુ ॥ ૧૬ ॥

રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રિદોષથી અનેક ભાવરોગો પેદા થાય છે, તેથી ક્રિયા કરતી વખતે શુદ્ધ આશય-વિશિષ્ટ સમજણ ન હોવાના કારણે ક્રિયાથી ભાવરોગના ક્ષયનું ફલ સિદ્ધ થતું નથી, તેથી તે ક્રિયા લગભગ વાંઝણી જ રહે છે.

૮. આસંગ—એકજ ઠામે રંગથી રે;
ક્રિરિઆમાં આસંગ રે,
તેહજ ગુણઠાણે થિતિ રે;
તેહથી ફલ નહિં ચંગ રે–પ્રભુ૦ ॥ ૧૭ ॥

ગુણસ્થાનકવાર ક્રિયાઓની આસેવનાની ગૌણ-મુખ્યતા ભુલી જઈ કો'ક એક જ ક્રિયા પર માનસિક રંગ લાગી જવાથી ગુંદરિયા થઈને તેમાં જ ચોંટી રહેવું, ગુણસ્થાનકના ક્રમ ઉપર આગળ વધવાના પ્રસંગે પૂર્વની ક્રિયાની આસક્તિના કારણે અટકયા રહેવું.

આ દોષથી ક્રિયાઓના યથાર્થ—આસેવનના બલે પ્રાપ્ત કરાતી ગુણસ્થાનક શ્રેણિનો લાભ મેળવી શકાતો નથી.

(ઉપા૦ યશો વિ મ૦ કૃત ૩૫૦ ગા નું સ્તવન ઢા૦ ૧૦)

ઉપર મુજબના આઠે દોષો મનનપૂર્વક વાંચી–વિચારી અનેક-ભવના અનંતાનંત પુણ્યસંચયે પ્રાપ્ત ધર્મારાધનાની સામગ્રીની સફલતા ધર્મક્રિયાની યથાર્થ આસેવના સાથે કરવા દરેક વિવેકી પ્રાણીએ જાગૃત રહેવું ઘટે.

ભવાભિનંદીનાં લક્ષણ

ધર્મની ક્રિયાનું આસેવન કરી સંસારના ક્ષણ-ભંગુર પૌદ્‌ગલિક-પદાર્થો પરની આસક્તિની હીનતા કરવાનું લક્ષ્ય દરેક મુમુક્ષુને હોવું જરૂરી છે, તેથી ભવ-સંસારનું અભિનંદીપણું માનસમાંથી ઘટયું છે કે કેમ ? તેનું નિરીક્ષણ આરાધક-મુમુક્ષુએ નિરંતર રાખવું ઘટે. આ માટે નીચેના લક્ષણો ધ્યાનપૂર્વક વિચારવા જોઇએ.

क्षुद्रो लाभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनंदी स्यान्निष्फलारम्भसंगतः ॥

(શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય શ્લો૦ ૭૬)

૧. ક્ષુદ્ર—તુચ્છ સ્વભાવવાળા હોવું, સંસારના ક્ષણ-ભંગુર તુચ્છ પદાર્થોની પ્રાપ્તિથી મલકાઇ જવું, આદર્શો-વિચારણાઓ પણ તુચ્છ, પામર અને ક્ષુદ્ર હોવી.

૨. લાભરતિ—લોભી — સંસારના મોહક-પદાર્થોની મમતાના ઘેનમાં ભાનભૂલો બની પૌદ્‌ગલિક-પદાર્થોની ઉત્તરોત્તર વધનારી તૃષ્ણાની પ્રબલતાથી ધાંધળિયું જીવન ગુજારવું.

૩. દીન—સાંસારિક-પદાર્થોની મેળવણી—સાચવણી આદિ માટે હંમેશાં માનસિક દીનતા દર્શાવવારૂપે પરમુખપ્રેક્ષી બન્યા રહેવું.

૪. મત્સરી — વિષયોના ઉપભોગમાં જ જીવનની કૃતાર્થતા હોવાની માન્યતાના કારણે બીજા પાસે વધુ વિષયોપભોગની સામગ્રી નિહાળી અદેખાઇ કરવી, બીજાની આબાદી કે ચઢતી દશા સાંખી ન શકવી, પુણ્યકર્મની વિચિત્ર લીલા વિસરી જઇ 'પોતા કરતાં બીજો કેમ વધુ આબાદી ભોગવે !' ઇત્યાદિ હલકટ-વિચારો પેદા થવા.

૫. ભયવાન્ — સાંસારિક જડ પદાર્થો પરની વધુ મમતાના કારણે 'રખેને કોઇ આ લઈ ન જાય ! કોઇ લૂંટી ન લઈ જાય.' આદિ વ્યાકુલતાથી નિતાંત ભયવિહ્વલ દશા અનુભવવી તથા શુભાશુભ-કર્મના વિપાકાનુસાર જગતના પદાર્થોની પરિણતિ થવાનું ભાન ન હોવાના કારણે મળેલા જગતના પદાર્થોને આત્માધીન રાખવા નિરંતર વ્યાકુલતા થવી.

૬. શઠ—કર્મોના બંધનોની વિષમતા ભૂલી જઇ ગમે તેમ જગતના પદાર્થો વધુ પ્રમાણમાં મેળવવા વિચાર, ઉચ્ચાર અને આચારમાં વિસંવાદી વર્તન રાખી ઠગબાજી-દંભ-પ્રપંચ—માયા આદિ સેવી મોહ-વાસનાને પૂર્ણ કરવા ધૂની પ્રવૃત્તિ કરવી, તથા જગતમાં બાહ્ય—દૃષ્ટિએ અધર્મી-પાપી તરીકે નહિં ઓળખાવવા સદ્ગુણોનો ડોળ-દેખાવ રાખવો,

૭. અજ્ઞ—અનાદિકાલીન મોહ-વાસનાને આધીન બની સુખ-શાંતિ પ્રાપ્ત કરવા અર્થે તનતોડ પ્રયત્ન, હાડમારી અને દોડધામ કરવા છતાં પરિણામે નિતાંત દુઃખદાયી કર્મોના બંધનોમાં પોતે ફસાઈ જવું, આ જાતની પરિસ્થિતિ અજ્ઞાનદશા—સદુપાયની જાણકારી ન હોવી—ના કારણે જ ઊભી થાય છે, અને પોતાની જ પ્રવૃત્તિઓ પોતાને દુઃખી બનાવનારી નિવડે છે.

૮. નિષ્ફલ-આરંભી—તત્ત્વાતત્ત્વ-હેયોપાદેયનો વિવેક નહિ હોવાના કારણે શુભાનુષ્ઠાનો કે વ્યાવહારિક—પ્રવૃત્તિઓ તમામ લગભગ "આંધળો દળે ને કુતરું ચાટે"—ની જેમ નિષ્ફળ જેવી કરવી કે બનાવી દેવી, કારણ કે સન્માર્ગ કે સદુપાયની જાણકારીના બદલે મિથ્યા—ઉપાયોમાં સદુપાયની બુદ્ધિ હોવાથી ફલતઃ તમામ પ્રવૃત્તિ કેવલ શ્રમ—ખેદ ઉપજાવનારી થાય છે. શુદ્ધ શ્રદ્ધાન-વિનાની ક્રિયા 'છાર પર લીંપણુ' જેવી હોઇ આશય-શુદ્ધિના અભાવે સુંદર પ્રવૃત્તિ પણ આભાસરૂપ જ નિવઢે છે.

ઉપર મુજબના ભવાભિનંદી—જીવોની માનસિક-દશાનો આછો ખ્યાલ આપનારા લક્ષણો વાંચી-વિચારી પ્રત્યેક આરાધક-આત્માએ યથાશક્ય-પ્રયત્ને મનો—ભૂમિકામાંથી આમાંના કોઇપણ દૂષણને પહેલી તકે દૂર કરવા પ્રયત્નશીલ થવું જોઇએ.

卐

પ્રમાદની વ્યાખ્યા

અનંત પુણ્ય-રાશિએ મળેલી ધર્મારાધન-સામગ્રીનો સદુપયોગ કરી જીવન સફલ બનાવવાની સોનેરી પળ ઘણી વાર આરાધક-આત્માઓ ગુમાવી બેસે છે, તેમાં મુખ્યતઃ **પ્રમાદ જ કારણભૂત હોય છે, પણ અહીં પ્રમાદ કયા** સ્વરૂપમાં ધર્માભિમુખ થતા આપણા માનસને પાછું પાડવા આવી ઊભો રહે? તે જાણ્યા વિના વિવેકી-પ્રાણી યથોચિત-પ્રવૃત્તિમાં ઉદ્યત થઇ શકતો નથી, માટે અહીં **પ્રમાદનો** મુખ્યાર્થ જણાવી સામાન્યતઃ **સુસ્તી-આળસ કરવારૂપના** પ્રચલિત અર્થને ધર્મારાધનામાં અપ્રસ્તુત જણાવેલ છે.

"प्रमादोऽज्ञान--संशय—विपर्यय-राग—द्वेष--स्मृतिभ्रंश--योग-दुष्प्रणिधान--धर्मानादरभेदाष्टविधः"

(શ્રીયોગશાસ્ત્ર સ્વોપજ્ઞવૃત્તિ પ્ર. ૧. શ્લો. ૨. પા. ૩૯)

"પ્રમાદ એટલે જ્ઞાન, દર્શન ચારિત્ર સિવાયની પ્રવૃત્તિમાં તત્પરતા દાખવવી. તેના આઠ ભેદ છે—

૧ **અજ્ઞાન**—હિતાહિત-વિવેચનશક્તિનો અભાવ.

૨ **સંશય**—શુભ — પ્રવૃત્તિના આખરી—પરિણામમાં શંકા.

૩ વિપર્યય—ધ્યેય—ઉદ્દેશ્યનું વિસ્મરણ.

૪ રાગ—અનાત્મ—પદાર્થો ઉપર આસક્તિ.

૫ દ્વેષ—પૌદ્ગલિક-પદાર્થોના કારણે મનોવ્યાક્ષેપ.

૬ સ્મૃતિભ્રંશ—માનસિક—ધારણાનો અભાવ.

૭ યોગ-દુષ્પ્રણિધાન—મન—વચન—કાયાની અશુભ પ્રવૃત્તિ.

૮ ધર્માનાદર—સાધવા લાયક હિતકારી પ્રવૃત્તિ તરફ બેદરકારી.

ઉપર મુજબના પ્રમાદના પ્રકારો ધ્યાનમાં રાખી આત્મ-કલ્યાણની સાધના કે સંયમ જ્ઞાન-ધ્યાન-પ્રવૃત્તિમાં શારીરિક-માનસિક સુસ્તી ઉપરાંત બતાવ્યા મુજબના વ્યાક્ષેપોથી પ્રવૃત્તિમાં શિથિલતા ન આવે તેનું પૂર્ણ ધ્યાન રાખવું.

આ સિવાય પ્રમાદના બીજા પણ પાંચ પ્રકાર ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે.

"मज्जं विसयकसाया,
णिद्दा विगहा य पंचमी भणिया ।
एए पंच पमाया,
पाडंति घोरसंसारे ॥"

(સંબોધસિત્તરી)

૧ મદ્ય-કોઈપણ પદાર્થનું વ્યસનરૂપે (તેના વિના ચાલે જ નહિ) ગાઢ-આસક્તિપૂર્વક સેવન.

(માદક-પદાર્થોનો સમાવેશ તો આમાં છે જ, પણ તે ઉપરાંત-ઇંદ્રિય-વાસના—પોષક પૌદ્ગલિક-પદાર્થોનો પણ આસેવન-પ્રકારના આધારે સમાવેશ થાય છે.)

૨ વિષય—ઇંદ્રિયોની વૃત્તિને પોષણ કરવાની વૃત્તિ.

૩ કષાય-કર્મોના બંધનને ગાઢ કરનારી મોહ-ઘેલછા-ભરી પ્રવૃત્તિ.

૪ નિદ્રા–ઇંદ્રિય-મનની પ્રવૃત્તિઓની સુસ્તી–કાર્ય-વિરતિ.

૫ વિકથા—જ્ઞાન-ધ્યાનાદિ સિવાયની (કલ્યાણમાર્ગને બાધક) તમામ પ્રવૃત્તિ.

આ પંચવિધ પ્રમાદ અવિવેકી-પ્રાણીને વધુ કર્મોના બંધનમાં ફસાવી સંસારમાં રૂલાવે છે.

આ પ્રમાણે પ્રમાદના આઠ અને પાંચ પ્રકારો ઉપયોગ-પૂર્વક જાણી ધર્માનુષ્ઠાનોમાં યથોચિત શક્ય પ્રવૃત્તિ કરવાથી યથાર્થ આરાધકભાવ પ્રાપ્ત કરી શકાય છે.

આરાધનાની કૂંચી

જેમ જેમ જ્ઞાનીઓના વચનો અને ગીતાર્થોની મર્યાદાને વફાદાર રહી મન-વચન-કાયાને પ્રવર્ત્તા-વવામાં આવે તેમ તેમ આપણી પ્રવૃત્તિઓ આરાધનારૂપ બનતી જાય છે.

ઇંદ્રિયના વિષયો અને વિકારો

આત્માને ભોગવવી પડતી કર્મોની વિટંબનાનું પ્રધાન કારણ પાંચ ઇંદ્રિયોની રાગ-દ્વેષમય પ્રવૃત્તિ છે, કેમકે અજ્ઞાની પ્રાણી સત્તાસ્વરૂપે પોતે ચિદ્ઘનાનંદમય છતાં મોહનીય—કર્મના ઉદયથી ભાન-ભૂલો બની જગતના બાહ્ય—પદાર્થોના ભોગાદિદ્વારા ઇંદ્રિયોની ક્ષણિક--તૃપ્તિ માટે વ્યર્થપ્રાય દોડધામ-પ્રવૃત્તિ કરી વિષમ કર્મોના બંધનોમાં અનિચ્છાએ પણ જકડાઈ જાય છે.

માટે પાંચ ઇન્દ્રિયોના વિષયો કયા કયા છે? અને તેઓના વિકારો આત્માને કેવી રીતે સાન--સુધ ભુલાવી દીન—હીન બનાવી મૂકે છે? તે જાણવું જરૂરી હોઇ અહીં પાંચ ઇન્દ્રિયોના તેવીશ વિષયો અને બસો બાવન વિકારો જણાવ્યા છે.

પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયો.

૧. સ્પર્શેન્દ્રિયના આઠ વિષય—

(૧) ગુરુ (ભારે)	૩ શીત (ઠંડો)
૨ લઘુ (હલકો)	૪ ઉષ્ણ (ઉનો)

૫ મૃદુ (પોચો)	૭ સ્નિગ્ધ (ચોપડ્યો)
૬ કઠિન (કઠણ)	૮ રૂક્ષ (લૂખો)

૨. રસનેન્દ્રિયના પાંચ વિષય—

૧ તિક્ત (કડવો)	૪ આમ્લ (ખાટો)
૨ કટુક (તીખો)	૫ મધુર (મીઠો)
૩ કષાય (કષાયલો)	

૩. ઘ્રાણેન્દ્રિયના બે વિષય—

૧ સુરભિ (સુગંધ) ૨ દુરભિ (દુર્ગંધ)

૪. ચક્ષુરિન્દ્રિયના પાંચ વિષય—

૧ શ્વેત (સફેદ)	૪ હરિત (લીલો)
૨ રક્ત (લાલ)	૫ કૃષ્ણ (કાળો)
૩ પીત (પીળો)	

૫. શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષય—

૧ સચિત્ત, ૨ અચિત્ત, ૩ મિશ્ર શબ્દો,

ઉપર મુજબના તેવીશ વિષયોમાંથી શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયોને બાદ કરતાં બાકીના વીશ વિષયોને સચિત્તાદિ

ત્રણથી ગુણતાં આઠ, ફરી શુભ-અશુભથી ગુણતાં એકસો વીશ, અને રાગ-દ્વેષથી ગુણતાં બસે ચાલીશ થાય.

શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયોને શુભ-અશુભથી ગુણતાં છ થાય, ફરી રાગ-દ્વેષથી ગુણતાં બાર થાય

આ બાર ભેદોને ઉપરના બસેં ચાલીશમાં ઉમેરતાં પાંચ ઇન્દ્રિયોના તેવીશ વિષયોના બસેં બાવન વિકારો થાય.

આ વિકારોને ગુરુગમથી જાણી-સમજી યથાશક્ય-પ્રયત્ને વૃત્તિઓને વિકારાભિમુખ થતી અટકાવવા પ્રયત્નશીલ થઇ સંયમારાધનનું મધુર ફલ આસ્વાદી જીવન કૃતાર્થ કરવું ઘટે.

卐

જીવન-શુદ્ધિનાં સુત્રો

* ગુણગ્રાહક દૃષ્ટિ કેળવો
* પોતાની સુક્ષ્મ પણ ભુલને મહત્ત્વ આપો.
* બોલો ઓછું ! કરો વધારે ! ! !
* પવિત્ર વાતાવરણમાં રહો ! ! !

તેર કાઠિયા

ધર્મની આરાધનાના પ્રસંગે અનાદિકાલીન સંસ્કારોના બલે જંગલમાંથી ઝવેરાત લઇને જનારને લૂંટારુઓ મળવાની જેમ વિવિધ અંતરાયો સહેજ ઊભા થાય છે, પણ આરાધનાની મહત્તા સમજનાર મુમુક્ષુ અપૂર્વ વીર્યોલ્લાસથી તે તમામ અંતરાયોને દૂર હઠાવી અચૂકપણે ધર્મારાધન કરે છે. તે અંતરાયોને શાસ્ત્રકારોએ કાઠિયા શબ્દથી નિર્દેશ્યા છે, તેના તેર પ્રકાર છે.

आलस्स-मोह-वण्णा, थंभा-मोहा-पमाय-किविणता ।
भय-सोग-अण्णाणी, वक्खेव-कुऊहला-रमणा ॥

૧ આલસ્ય-શુભ પ્રવૃત્તિમાં સુસ્તી
૨ મોહ—ફલ વિષે સંભ્રમ
૩ અવજ્ઞા—અનાદર,
૪ સ્તંભ—અભિમાન,
૫ ક્રોધ-માનસિક-વ્યાક્ષેપનો એક પ્રકાર,
૬ પ્રમાદ—વિષય—કષાય—નિદ્રા— વિકથા—મદ્યરૂપ,
૭ કૃપણતા— પૌદ્ગલિક પદાર્થોની આસક્તિના કારણે સદુપયોગ ન કરવો.
૮ ભય—પૌદ્ગલિક-પદાર્થોના વિયોગની ધાસ્તી
૯ શોક—ક્ષણિક-પદાર્થોનો વ્યામોહ,
૧૦ અજ્ઞાન — હિતાહિતનું ભાન ન હોવું,
૧૧ વ્યાક્ષેપ-માનસિક-એકાગ્રતાનો અભાવ,
૧૨ કુતુહલ—માનસિક ચંચલતા,
૧૩ રમણ— રતિ—જગતના ક્ષુદ્ર પદાર્થો પરની આસક્તિ.

શ્રીમહાનિશીથ સુત્રની આદ્ય ત્રિસૂત્રીમાં સૂચવાયેલ સુંદર હિતશિક્ષા

પરમોપકારી શાસ્ત્રકાર-ભગવંતોએ સંયમની સાધના કરનારાને જરૂરી અધ્યવસાયોના પોષણ માટે શ્રી મહાનિશીથ જેવા પવિત્ર-આગમની શરૂઆતમાં સુંદર હિતકર વચનો ફરમાવ્યાં છે, જેના ઉપરથી યોજિત ટૂંક સાર અહીં આપવામાં આવે છે.

પ્રથમ સૂત્રની સાર-યોજના

૧ આત્મ-હિત-સાધનાની વિશુદ્ધ-બુદ્ધિથી યથાશક્તિ અત્યંત ઘોર, કર્મનો નાશ કરવામાં સમર્થ, ઉગ્ર, તેમજ શરીર, ઇંદ્રિય-વાસના-ને શોષનાર તપશ્ચર્યા અને સંયમના અનુષ્ઠાનોમાં ઉચિત પ્રવૃત્તિ કરવી.

૨ સર્વ પ્રમાદ અને આલંબનો (દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવના અસદાલંબનો) નો ત્યાગ કરવો.

૩ પ્રતિક્ષણ-અહર્નિશ મન-વચન-કાયાથી શુભ પ્રવૃત્તિમાં ઉદ્યત રહેવું, આળસુ-સુસ્ત બની ઇંદ્રિયાદિને પ્રવૃત્તિશૂન્ય ન રાખવી.

૪ સંયમની આત્મ—હિતસાધક પ્રવૃત્તિમાં કંટાળો ન લાવવો, ઉત્સાહ કાયમ રાખવો.

૫ અપૂર્વ આત્મ-કલ્યાણને સાધી લેવાની પરમ શ્રદ્ધા તથા ભાવ-વૈરાગ્યને ઉપજાવનારી પરમોચ્ચ-ભાવનાઓના માર્ગમાં સદા દૃઢપણે સ્થિત રહેવું.

૬ પૌદ્‌ગલિક—પદાર્થોને આ ભવમાં કે પરભવમાં ધર્મારાધનાના ફલસ્વરૂપે મેળવવાની આશંસા ન કરવી.

૭ સંયમારાધનાને અનુકૂલ પહોંચતા બલ-વીર્ય—પુરુષકાર-પરાક્રમને ગોપવવાં નહિં.

૮ સંયમની સાધનામાં કર્મવશ આવી પડતા દુઃખોથી ગ્લાનિ—દીનભાવ ન લાવવો.

૯ શરીર પરની મૂર્ચ્છા-મમતા—આસક્તિનો સર્વથા ત્યાગ કરવા પ્રયત્નશીલ રહેવું.

૧૦ સંસારના કોઇ પણ પ્રલોભનોથી ન લોભાતાં મુક્તિના ધ્યેયમાં અખંડપણે ચોક્કસ રહેવું.

૧૧ ગમે તેટલા પરીષહ—ઉપસર્ગો આવી પડે તો પણ ચિત્તનું સમતોલપણું (સમતા) ગુમાવ્યા વિના સાધનામાં એકાગ્રપણે આગેકૂચ કરવી.

ઉપરની હિતશિક્ષાના આધારે યથાશક્ય જીવનનું ઘડતર કરવા મથનાર સંયમની વિશુદ્ધ આરાધના કરી શકે છે.

દ્વિતીય-સૂત્રની સાર-યોજના

૧ સંયમની શુદ્ધ સાધના કરવા ઇચ્છનારે નીચે મુજબના દોષો જીવનમાંથી ધીમે-ધીમે ઓછા થાય તેનું પૂર્ણ ધ્યાન રાખવું ઘટે.

૧ રાગ	૭ પ્રમાદ	૧૩ વિકથા	૧૯ પૈશુન્ય
૨ દ્વેષ	૮ ઋદ્ધિ—ગારવ	૧૪ મિથ્યાત્વ	૨૦ અભ્યાખ્યાન
૩ મોહ	૯ રસગારવ	૧૫ અવિરતિ	૨૧ કલહ
૪ વિષય	૧૦ સાતા-ગારવ	૧૬ અશુભ-યોગ	૨૨ જાતિ આદિનો મદ
૫ કષાય	૧૧ આર્ત્ત-ધ્યાન	૧૭ અનાચાર	૨૩ મત્સર
૬ નાના પ્રકારનાં અસહાલંબનો	૧૨ રૌદ્રધ્યાન	૧૮ કુશીલાદિનો સંસર્ગ	૨૪ અમર્ષ
			૨૫ મમત્વ
			૨૬ અહંકાર

ઉપરના છવીશ મલાધાયક (જીવનને કલુષિત કરનાર) પ્રકારો સેવી હૃદય કલુષિત ન કરવું.

૨. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને આરંભ-સમારંભના સંકલ્પો—અધ્યવસાયો ન કરવા.

૩. ઘોર, પ્રચંડ, મહારૌદ્ર, ઘન અને ચીકણાં પાપ-કર્મના મલથી મલિન ન થવાય તેનું નિરંતર ધ્યાન રાખવું.

૪. કર્મોના સતત પ્રવાહને ચાલુ રાખનાર આશ્રવના દ્વારોને બંધ કરવા પ્રયત્નશીલ થવું.

તૃતીય સૂત્રની સાર-યોજના

"સંયમની વિશુદ્ધ સાધના માટે અનાદિકાલીન સંસ્કારોના કારણે થઈ જતી પાપ-પ્રવૃત્તિરૂપ શલ્યની તત્ક્ષણ આલોચના-પ્રતિક્રમણાદિ દ્વારા શુદ્ધિ કરવી ઘટે. ઘડીભર કે ક્ષણ—લવ જેટલા ટાઇમ પૂરતું પણ સશલ્ય જીવન જીવવું હિતાવહ નથી."

આ ઉપરથી સંયમની સાધના કરતાં થઈ જતી ભૂલોનું પરિમાર્જન કરી લેવાની શ્રેષ્ઠતા, તથા સેવાઇ ગયેલ દોષને થાબડવા--ઢાંકવાની અસદ્વૃત્તિથી કરાતી સારી પણ આરાધનાની નિસ્સારતા સૂચિત થાય છે.

માટે વિવેકી સંયમારાધક—પ્રાણીએ ત્રિવિધે—ત્રિવિધે સરલ બની યથાશક્ય સ્વ--દોષોનું નિરીક્ષણ કરી, દોષો દૂર કરવા પ્રયત્નશીલ થવું ઉચિત છે.

卐

સમ્યક્-જ્ઞાનની કૂંચી

ગુરુ—નિશ્રાએ મર્યાદાપૂર્વક મેળવેલ સમ્યક્ જ્ઞાનના પરિણામે ત્યાગ વૈરાગ્યના શુભ અધ્યવસાયોના બલે અનાદિકાલીન સંસ્કારો ઉપર મૌલિક નિગ્રહ મેળવાય છે, તેથી જ્ઞાન-પ્રાપ્તિમાં ગુરુનિશ્રા અને મર્યાદાનું પાલન બરાબર કરવું ઘટે.

સંયમીનો દૃષ્ટિકોણ

* જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ અનાદિકાલીન સંસ્કારોના બલે જ્ઞાનનો દુરૂપયોગ-ભૂલોને ઢાંકવારૂપે કે વાસનાઓની પૂર્ત્તિના સાધન તરીકે ન થઇ જાય તે માટે જ્ઞાનને સંયમિત રાખવા માટે મોહનીયકર્મને ઘટાડનાર વિવિધ પ્રકારના બાહ્ય અને આભ્યંતર તપના વિવિધ આસેવનમાં જ્ઞાની ગુરુની નિશ્રાએ યથાશક્તિ આગળ વધવા પ્રયત્નશીલ થવું.

* સ્વચ્છંદ, સગવડનું પોષણ, હઠાગ્રહ, વ્યક્તિગત સ્વતંત્રતા આદિ રૂપે મોહ જ આપણા જીવન-રથની ગતિનો કબજો જમાવતો હોય છે.

તેથી જ્ઞાનીગુરુની નિશ્રાનો સ્વીકાર અને ગુણાનુરાગ દૃષ્ટિનો ત્રિકાલ જીવન શુદ્ધિ માટે જરૂરી બતાવેલ છે.

* સંયમીએ—

ભાવમાં—સમતા

વિચારમાં—વિવેક

વર્તનમાં—ઔચિત્ય

—સદા જાળવવું જોઇએ.

ત્રણ ચોમાસીનો વિચાર

કઠળ	ફા. સુ. ૧૫ થી	કા. સુ. ૧૫ થી	અસાડ સુ. ૧૫ થી
પાણી	૪ પ્રહર	૫ પ્રહર	૩ પ્રહર
સુખડી	૧ માસ	૨૦ દિન	૧૫ દિન
કાંબળી	૪ ઘડી	૨ ઘડી	૬ ઘડી
પલ્લા	૪	૩	૫

(૧) ફાગણ સુદ ૧૫ થી ભાજીપાલો, નવું પીલેલ તલનું તેલ, બદામ વિના મેવો, ખજુર, ખારેક, ટોપરાની કાચલીઓ (ફોડેલ ગોળો બીજે દિને અભક્ષ્ય) આઠ માસ બંધ.

(૨) આર્દ્રાથી કેરી અને કાચી ખાંડ કાર્તિક સુદ ૧૪ સુધી બંધ.

(૩) અસાડ સુદ ૧૫ થી બદામ ચાર માસ બંધ. (આખી ફોડેલી બીજે દિને અભક્ષ્ય)

અણાહારી વસ્તુ વિચાર

१. અગર
२. અફીણુ
३ નિંબપંચાંગ
४. આસત
५. તગરગંઠોડાં
६. એળીઓ, (ઘણા દિન ન વાપરવો)
७. હળદર
८. અંબર
९. પાનની જડ
१०. અતિવિષ કળી
११. ગોમૂત્ર
१२. ઉપલે
१३. જવખાર
१४. કરીયાતુ
१५. ગળો
१६. કસ્તુરી
१७. ગુગળ
१८. કડુ
१९. દાડમછાલ
२०. તમાકુ
२१. ચિત્રમૂળક
२२. કાથો અથવા ખેરસાર
२३. ત્રિફળા
२४. ફટકડી
२५. કુવારનાં મૂળ
२६. બહેડાંની છાલ
२७. બુચકણુ
२८. બીયો
२९ હીરાબોલ
३०. રીંગણી
३१. હીમજ અને હરડે
३२. સાજીખાર
३३. સુખડ

૩૪. સુરોખાર	૪૪ ગોમૂત્રની ત્રિફળા ગોળી
૩૫. અફીણ અને કેસરનો લેપ	૪૫. ધમાસો
૩૬. લોબાન	૪૬. મજીઠ
૩૭. દર્ભમૂળ	૪૭. અગરચૂર્ણ
૩૮. વખમો	૪૮. અગરલેપ
૩૯. રક્ષા (રખ્યા—રાખ)	૪૯. ટંકણખાર
૪૦. પુવાડીયાના બીજ	૫૦. આકડાનો ક્ષાર
૪૧. કસ્તુરી સાથે અંબર	૫૧. ફટકડીનો ભૂકો
૪૨. કેરચૂળ	૫૨. સુખડ – લાકડીયો
૪૩. બાવળછાલ	ગંધકલેપ

(ઉપરની ઔષધિ કયા રોગ ઉપર કામ આવે તેનો નંબર)

પેશાબ બંધ કરે,	૨	ભેદક	૧૮
ક્ષીણતા નાશક,	૮	મુખ શોધક	૨૨
કંપવાયુ ,,	૮	મસા નાશક	૧૩, ૧૫, ૪૭, ૪૬
અજીર્ણ ,,	૨૧	રક્તદોષ ,,	૩, ૧૧, ૨૨, ૪૬.
દંતરોગ ,,	૨૪	મસ્તકદુઃખ	૫, ૨, ૭, ૩૫,
મુખગરમી ,,	૨૪	ઝાડા બંધ કરે	૨, ૧૦, ૪૦,
બરોળ ,,	૨૫	આંખને હિતકારી	૨૩, ૩૧,
ઉંઘ લાવે ,,	૨	પરસેવો લાવે	૨, ૪, ૨૪, ૪૮
દમનાશક	૩૦	સ્ફૂર્તિદાયક	૪, ૮, ૧૬, ૨૩
શ્વાસ ,,	૧૩	ઠંડક માટે	૧,૩,૨૨,૨૫ ૩૩
વમરોગ નાશક	૧૩	કોઢનાશક	૩,૭,૧૧,૧૫,૧૮,
આંચકી ,,	૧૬	પાચક	૧૧,૧૯,૨૧,૩૦,૩૮

ઓળોનાશક ૨૫
રક્તપિત્ત ,, ૨૮
મૂર્ચ્છા ,, ૪૭
સૂતિકાદોષ નાશક ૩૦
પવનની છૂટ કરે ,, ૩૨
ગેસ નાશક ૩૨
કોલેરા ,, ૪૧
આર્તવશુદ્ધિ કરે ૮
વધુ આર્તવ બંધક. ૨૯
મગજને હીતકારી ૩૧
ધાતુલોહી અટકાવે ૫૧
શૂળનાશક ૧૩, ૨૧, ૨૯.
અતિસાર ૧૯, ૨૧, ૨૯.
પ્રમેહ ,, ૭,૧૫, ૧૮
તૃષાનાશક ૭,૧૨,૧૪,૨૭,૪૫
વૃદ્ધત્વ ,, ૧૫, ૧૬, ૧૭, ૨૩, ૩૧.
ખાંસી ,, ૧૯, ૨૨, ૨૩, ૨૬, ૪૨, ૪૩
પિત્ત નાશક ૩, ૯, ૧૪, ૧૫, ૧૮. ૨૩, ૨૫, ૩૩
શક્તિદાયક ૪, ૮, ૧૫, ૧૬, ૧૭, ૨૩, ૩૭,
મલશોધક ૬, ૧૧, ૧૩, ૧૮, ૨૩, ૨૫, ૪૪, ૪૯.
વાયુનાશક ૪, ૫, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૩, ૩૬, ૪૨, ૪૯,
કફનાશક ૭, ૯, ૧૧, ૧૩, થી ૧૬, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૩૨. ૪૯, ૫૦.
સોજા નાશક ૭, ૧૧.
પેટ દુખાવો ૩૮.
બેભાનપણું દૂર કરે ૮, ૪૭.
ચળ નાશક ૧૩, ૩૯
અરૂચિ ,, ૭, ૧૪.
મુખરોગ ,, ૩૨.
અસ્થિસંધાનક ૧૭
વાઈનાશક ૨, ૨૦, ૪૭
ગોળો ૧૧, ૧૩, ૩૨.
દાદર ૩, ૭, ૪૦, ૫૨.
દાહ ૧૪, ૧૫, ૪૫.
કમળો ૧૫, ૧૮, ૩૧.
પ્રદર ૧૪, ૧૫, ૩૭.
ચર્મરોગ ૭, ૨૫, ૪૬,

સંયમી-જીવનની નિર્મલતા માટે
જરૂરી ભાવશુદ્ધિ કેળવનાર.

માર્મિક-હિતશિક્ષા

(પૂ. શ્રી ત્રૈલોકયસાગરજી મ. ગણી સંકલિત સ્વાધ્યાય સાગર [વિભાગ ૨ પા. ૬૬ થી ૬૮] માંથી આ સામગ્રી સાભાર ઉદ્ધૃત કરી છે.)

(૧) असढा–इण्णणवज्जं
गीयऽत्थ–अवारियंति मज्झत्था ।
आयरणा वि हु आण–
त्ति विणयओ सुबहु मण्णंति ॥

દંભ-વિનાના-પુરુષોએ આચરેલું તથા શાસ્ત્ર-સાપેક્ષ તેમજ ગીતાર્થ-પુરુષોએ નિષેધ નહિ કરેલ એવી પ્રણાલિકા-ઓને પણ ભગવાનની આજ્ઞાતુલ્ય માની મધ્યસ્થ પુરુષો વિનયપૂર્વક તેનું બહુમાન કરે છે.

—શ્રી ચૈત્યવંદનભાષ્ય

(૨) સૂત્ર, ચૂર્ણિ, નિર્યુક્તિ, ભાષ્ય, વૃત્તિ, પરંપરા અને અનુભવ.

શાસ્ત્રનાં આ સાત અંગ કહ્યાં છે. માટે આ સાતથી સત્ય અર્થ પ્રાપ્ત થાય, આ સાતથી અવિરુદ્ધ માર્ગ તે જિનાજ્ઞા.

શ્રી સ્થાનાંગસૂત્ર

(૩) आणाई तवो आणाई संजमो, तहा दाणमाणाए ।
आणारहिओ धम्मो, पलाल-पुलव्व पडिहाइ ॥

જિનેશ્વરની આજ્ઞાપૂર્વક જે કંઇ કરવું તે-તપ, તે-સંયમ અને તે-દાન જાણવું.

જિનેશ્વરની આજ્ઞા-રહિત પોતાની બુદ્ધિથી સારામાં સારું કરવામાં આવે તો પણ તે સર્વ ઘાસની જેમ નિરર્થક છે.

સંબોધસત્તરી

(૪) वीतराग ! सपर्यातः, तवाज्ञापालनं परं ।
आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥

કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંત વીતરાગ સ્તોત્રમાં ફરમાવે છે કે :—

હે વીતરાગ ! તારી દ્રવ્યપૂજાથી પણ તારી આજ્ઞાનું પાલન કરવું તે વધારે શ્રેષ્ઠ છે.

કારણ કે આજ્ઞાનું પાલન કરવાથી સર્વ દુઃખથી મુક્ત થવાય છે. અને આજ્ઞાનું ખંડન કરવાથી સંસારમાં રખડપટ્ટી વધારાય છે.

—શ્રી વીતરાગસ્તોત્ર પ્ર. ૧૯

(५) आणाखंडणकारीं, जई वि तिकालं महाविभूइए ।
पूएइ वीयरायं, सव्वं पि णिरत्थयं तस्स ॥

ભગવાનની આજ્ઞાને ખંડન કરનારો સવાર બપોર અને સાંજ ત્રણે ટાઈમ ઘણા ધનનો ખર્ચ કરીને ભગવાનની પૂજા કરે, તો પણ તેને સર્વ નિષ્ફળ થાય છે.

અથવા સરવાળે આજ્ઞાખંડનનું પાપ વધી જતું હોવાથી દુર્ગતિમાં જઇ અનેક પ્રકારે દુઃખો ભોગવે છે.

—સંબોધસિત્તરી

(६) जिणाणाए कुणंताणं, णूणं णिव्वाणकारणं ।
सुंदरं पि स–बुद्धीए, सव्वं भव–णिबंधणं ॥

ભગવાનની આજ્ઞાપૂર્વક જે કંઇ પણ કરવામાં આવે તે મોક્ષનું કારણ બને છે. અને ભગવાનની આજ્ઞા વિના પોતાની બુદ્ધિથી સારામાં સારૂં કરે તો પણ, તે સર્વ સંસારની વૃદ્ધિ કરનાર છે.

(૧) પાપ નહિ કોઇ ઉત્સુત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો.
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે;
તેહનો શુદ્ધ ચારિત્ર પરખો-ધાર૦ ।૬।

અધ્યાત્મજ્ઞાની શ્રી આનંદઘનજી મહારાજ સાહેબે અનંતનાથ ભગવાનના સ્તવન (ગા. ૬)માં જણાવ્યું છે કે

આજ્ઞા વિરુદ્ધ જે કંઇ બોલવું, તે મોટામાં મોટું પાપ છે. અને શાસ્ત્રને અનુસારે જે કંઈ કરવું, તે મોટામાં મોટો ધર્મ છે.

માટે શાસ્ત્રને અનુસારે જે આત્માઓ ક્રિયા કરે છે, તેમનું જ શુદ્ધચારિત્ર છે એમ જાણવું.

(૮) વચન-નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન-સાપેક્ષ વ્યવહાર સાચો.
વચન-નિરપેક્ષ વ્યવહાર સંસાર-ફળ,
સાંભળી આદરી કાંઇ રાચો-ધાર૦ ॥૪॥

તે જ મહા પુરુષ ચોથી ગાથામાં જણાવે છે કેઃ—

પ્રભુની આજ્ઞાને ઠોકરે મારીને જે કંઈ વ્યવહાર કરવો તે સર્વ જૂઠો વ્યવહાર છે.

અને ભગવાનની આજ્ઞાને લક્ષ્યમાં રાખીને તેમની આજ્ઞાને અનુસરીને જે કંઈ વ્યવહાર કરવો તે સર્વ સાચો વ્યવહાર છે.

પ્રભુની આજ્ઞાની અપેક્ષા વિનાનો સર્વ વ્યવહાર સંસારની વૃદ્ધિ કરનાર છે.

માટે ભગવાનની આજ્ઞાની અપેક્ષા રાખ્યા વિના જે કંઈ વ્યવહાર થાય છે, તેમાં પ્રીતિ ધારણ કરવી નહીં.

(૯) मासे मासे उ जा अज्जा, एगसित्थेण पारए ।
कलहे गिहत्थ-भासाहिं, सव्वं तीइ णिरत्थयं ॥

ગચ્છાચાર૦માં જણાવ્યું છે કે :-માસખમણને પારણે માસખમણ૦, બે-માસીને પારણે બે-માસી, ત્રણ-માસીને

પારણે ત્રણ-માસી આદિ કરે, અને પારણામાં એક જ વખત ભાત-કુરી આદિ વાપરનારી પણ સાધ્વી, ભગવાનની આજ્ઞા વિરુદ્ધ થઈ કોઈના મર્મ ઉઘાડે, આળ આપે શાપ આપે, તેમજ ગાળો બોલીને ઝઘડો કરે, તો તેનું સર્વ તપ-જપ-ચારિત્ર નિષ્ફળ બને છે.

—શ્રી ગચ્છાચારપયન્નો ગા. ૧૩૪

(१०) जं अण्णाणी कम्मं खवेइ, बहुआहिं वासकोडीहिं।
तं णाणी तिहिं गुत्तो खवेई उसासमित्तेण ॥

ઉગ્ર તપ-જપ આદિ અનેક કષ્ટકારી-ક્રિયાઓ ક્રોડો વર્ષ સુધી કરીને અજ્ઞાની આત્મા જેટલાં કર્મોનો ક્ષય કરે છે, તેટલાં કર્મોને મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિને રોકનાર સર્વ વિરતિધારી જ્ઞાની આત્મા શ્વાસોશ્વાસમાં ક્ષય કરે છે.

—શ્રી આચારાંગ ટીકા

(११) किं बहुणा इह जह जह, राग-दूदोसा लहुं विलिज्जंति।
तह तह पयट्टियव्वं, एसा आणा जिणंदाणं ॥

ઉ૦ શ્રીમદ્યશોવિજયજી ગુરુતત્ત્વનિશ્ચયમાં આગમનું રહસ્ય અર્થાત્ ભગવાનની આજ્ઞા કોને કહેવાય બતાવે છે કે :— જેમ જેમ રાગ-દ્વેષ અને મોહ ઓછા થાય, તેમ તેમ વર્તવું એ જિનેશ્વર ભગવંતની આજ્ઞા છે.

卐

અશુચિ-સ્થાનોમાં ઉપજનારા

સંમૂર્છિમ-જીવો

સાધુ અને સાધ્વીને જયણા-પ્રધાન રીતે સંયમ-પંથે ચાલવા માટે ગૃહસ્થ કરતાં વધુ સાવધાની અને સાપેક્ષ ઉપયોગશીલ પ્રવૃત્તિઓ કરવાની શિક્ષા (આસેવન શિક્ષા) ગુરુનિશ્રાએ સંયમ-પાલન કરવા માટે મહત્ત્વનું અંગ છે.

તેથી વાપરવામાં, શરીરસંબંધી અનેકવિધ બાધાઓને નિવારવામાં, કપડાં ધોવામાં અને તે ઝાડો-પેશાબ વગેરે લૌકિક -કાર્યોમાં સાવધાનીપૂર્વક પ્રવૃત્તિ કરવી સંયમીઓનું મુખ્ય કર્તવ્ય છે. અન્યથા આપણા જરા અનુપયોગ કે બેદરકારીથી અસંખ્ય સંમૂર્છિમ-પંચેન્દ્રિય જીવોની અનર્થક હિંસાના ભાગીદાર થવું પડે છે.

માટે નીચેના ચૌદ-સ્થાનોની જાણકારી મેળવી તે તે પ્રવૃત્તિઓમાં અનુપયોગથી થતી હિંસા-અસંયમ—આદિથી બચવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે, અને ગુરુ-નિશ્રાએ યોગ્ય-જયણાનું પાલન કરવું હિતાવહ છે.

નીચેના ચૌદ સ્થાનોમાં સંમૂર્છિમ—પંચેન્દ્રિય જીવો શરીરથી છૂટા થયા પછી બે ઘડી બાદ સમયે સમયે અસંખ્ય ઉપજે અને ચ્યવે છે.

૧ વડીનીતિ(વિષ્ટા)માં	૮ રક્ત(લોહી)માં
૨ લઘુ ,, (પેશાબ)માં	૯ શુક્ર(વીર્ય) પુદ્‌ગલોમાં
૩ શ્લેષ્મમાં	૧૦ વીર્યમાં
૪ નાસિકાના મેલમાં	૧૧ મૃત-કલેવરમાં
૫ વમનમાં	૧૨ સ્ત્રી-પુરુષના સંયોગે.
૬ પિત્તમાં	૧૩ નગરના ખાળ-ગટરમાં
૭ પરૂમાં	૧૪ સર્વ અશુચિ-સ્થાનોમાં

શ્રી પ્રજ્ઞાપનાજી, જીવાભિગમઆદિ આગમ ગ્રંથોમાં આ વાતનું અત્યંત મહત્ત્વપૂર્ણ વર્ણન છે.

卐

વીર્ય ફોરવણીની જરૂર

तं आइत्तु ण णिहे, ण णिक्खिवे

—પ્રભુની વાણીને સાંભળીને રાખી ન મુકવી પણ વીર્યોલ્લાસપૂર્વક જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો.

—શ્રી આચારાંગ સૂત્ર અધ્ય ૪

પાંચ મહાવ્રત(રાત્રિભોજન વિરમણ સહિત)ના

૨૭૦ ભાંગા

સાધુ કે સાધ્વીએ સંયમ ગ્રહણ કર્યા પછી અવિરતપણે પોતાની સઘળી શક્તિઓને પ્રભુ-આજ્ઞાનુસાર મર્યાદાશીલ જીવન માટે વાપરવા માટે ઉપયોગવંત બની રહેવાય, તે અંગે પાંચ મહાવ્રતોનું નિરંતર ચિંતન-મનન કરવું ઘટે.

તેમાં પણ તે તે મહાવ્રતોની ગંભીરતા-તેના તે તે પેટા ભેદોની જાણકારીથી વધુ સમજવાની જરૂર છે,

૧ સર્વથા પ્રાણાતિપાત-વિરમણ મહાવ્રત-ભાંગા ૩૬

પ્રાણાતિપાત ૪ પ્રકારે –

સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર=૪

૪ × ૩ (મન-વચન-કાયાથી ત્યાગ)=૧૨

૧૨ × ૩ (કરણ-કરાવણ-અનુમતિનો ત્યાગ)=૩૬

૨ સર્વથા મૃષાવાદ-વિરમણ મહાવ્રત—ભાંગા ૩૬

મૃષાવાદ ૪ પ્રકારે—

ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી=૪

ત્રણ યોગથી ત્યાગ ૪ + ૩=૧૨

ત્રણ કરણાદિથી ત્યાગ ૧૨×૩=૩૬

૩ સર્વથા અદત્તાદાન-વિરમણ મહાવ્રત—ભાંગા ૮૧

અદત્તાદાન ૯ પ્રકારે—

ગામ, નગર કે અરણ્યમાં=૩

અલ્પ, બહુ, અણુ, સ્થૂલ=૪

સચિત્ત, અચિત્ત=૨

———

૯

ત્રણ યોગથી ત્યાગ ૯ × ૩=૨૭

ત્રણ કરણાદિથી ત્યાગ ૨૭ × ૩=૮૧

૪ સર્વથા મૈથુન-વિરમણ મહાવ્રત—ભાંગા ૨૭

મૈથુન ૩ પ્રકારે—

દેવ સંબંધી, મનુષ્ય સંબંધી, તિર્યંચ સંબંધી,

ત્રણ યોગથી ત્યાગ ૩ × ૩=૯

ત્રણ કરણાદિથી ત્યાગ ૯ × ૩=૨૭

૫ સર્વથા પરિગ્રહ-વિરમણ મહાવ્રત—ભાંગા ૫૪

પરિગ્રહ ૬ પ્રકારે—

અલ્પ, બહુ, અણુ, સ્થૂલ, સચિત્ત, અચિત્ત=૬

ત્રણ યોગથી ત્યાગ ૬ × ૩=૧૮

ત્રણ કરણાદિથી ત્યાગ ૧૮ × ૩=૫૪

૬ સર્વથા રાત્રિભોજન—વિરમણ વ્રત ભાંગા ૩૬

રાત્રિભોજન ૪ પ્રકારે—

અશન, પાન, ખાદિમ, સ્વાદિમ=૪

ત્રણ યોગથી ત્યાગ ૪ + ૩=૧૨

ત્રણ કરણાદિથી ત્યાગ ૧૨ + ૩=૩૬

આ પ્રમાણે—

પહેલા મહાવ્રતના-૩૬		ચોથા મહાવ્રતના-૨૭	
બીજા	,, ના-૩૬	પાંચમા	,, ના-૫૪
ત્રીજા	,, ના-૮૧	છઠ્ઠા	વ્રતના-૩૬

૨૭૦ ભાંગા થયા.

શુદ્ધ હૃદયથી આત્મ-સમર્પણપૂર્વક ગુરુ-નિશ્રાએ જીવન જીવવાની તત્પરતા સાથે ઉપર મુજબના ભાંગાઓ ગુરુગમથી સમજી-વિચારી યથાયોગ્ય જયણાપૂર્વક મહાવ્રતોનું અણીશુદ્ધ પાલન કરવા માટે જાગૃતિ કેળવવી તે આજના પડતા કાલમાં વિશુદ્ધ આરાધક-ભાવની કેળવણી માટે જરૂરી છે.

卐

સંયમીનું કર્ત્તવ્ય

सव्वं हासं परिच्चज्ज अल्लीणगुत्तो परिव्वए

—સર્વ પ્રકારે હાસ્યાદિ-કુતૂહલને છોડી અંગોપાંગનો સંયમ રાખી સાધુએ વર્તવું જોઈએ.

—: અસ્વાધ્યાય-કાળ :—

(એક જૂના પુસ્તકના આધારે)

૧ જ્યારે આકાશમાંથી સૂક્ષ્મ રજ પડે ત્યારે જેટલો કાળ પડે તેટલો કાળ અસ્વાધ્યાય જાણવો. તેમજ ધુંવર કે ધુંવાડ જેટલો કાળ પડે તેટલો અસ્વાધ્યાય કાળ જાણવો.

તેમાં વિશેષ એટલું કે ધુંઅર પડતો હોય તેટલો વખત મુનિએ અંગોપાંગની ચેષ્ટા કર્યા વિના મકાનમાં જ બેસી રહેવું.

૨ ગંધર્વ નગર (આકાશમાં નગર જેવું દેખાય છે તે), ઉલ્કાપાત, દિશાઓનો દાહ અને વિદ્યુત્પાત થાય ત્યારે તેટલા વખત ઉપરાંત એક પહોર સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૩ અકાળે (વર્ષાઋતુ વિના આર્દ્રા નક્ષત્ર પૂર્વે) વિદ્યુતનો ચમકારો થાય અથવા અકાળે મેઘની ગર્જના થાય તો એક પહોર સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૪ ફાગણ, આષાઢ અને કાર્તિકી ચોમાસી ચૌદશના બાર વાગ્યાથી પ્રતિપદા (એકમ=પડવા) સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૫ આસો તથા ચૈત્ર સુદિ પાંચમના મધ્યાહ્ન સમયથી આરંભીને કૃષ્ણ પક્ષની પ્રતિપદાની આખી રાત સુધી અસ્વાધ્યાય કાળ જાણવો. બીજના દિવસે સ્વાધ્યાય કરવો.

૬ રાજા અને સેનાપતિ વગેરેનું પરસ્પર યુદ્ધ જેટલો સમય ચાલુ હોય તો તે વખત અસ્વાધ્યાય કાળ જાણવો.

૭ હોળીના પર્વમાં જ્યાં સુધી રજ શાંત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૮ ગામનો રાજા મરણ પામે તો જ્યાં સુધી બીજા રાજાનો અભિષેક થાય નહિ ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૯ ઉપાશ્રયથી સાત ઘર સુધી કોઇ પ્રસિદ્ધ માણસ મૃત્યુ પામ્યો હોય તો એક અહોરાત્રનો અસ્વાધ્યાય કાળ જાણવો.

૧૦ ઉપાશ્રયથી સો હાથ સુધીમાં કોઇ અનાથ મૃત્યુ પામ્યો હોય તો તેનું શબ જ્યાં સુધી લઇ ન જાય ત્યાં સુધી અસ્વાધ્યાય કાળ જાણવો.

૧૧ સ્રીના રૂદનનો શબ્દ જ્યાં સુધી સંભળાતો હોય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહિ.

૧૨ જળચર તિર્યંચ પંચેન્દ્રિય મત્સ્ય વિગેરે (વિગલેન્દ્રિય નહિ) ના રૂધિર, માંસ કે હાડકાં ઉપાશ્રયથી સાઠ હાથ સુધીમાં પડ્યાં હોય તો તે તથા કોઇ પક્ષીનું ઈંડું પડ્યું હોય, પણ ભાંગ્યું ન હોય તો તે કાઢી નાખ્યા પછી સ્વાધ્યાય થઈ શકે, જો ઈંડું ફૂટી ગયું હોય તો ત્રણ પોરસી સુધી સ્વાધ્યાય કલ્પે નહિ. તેમાં પણ જો ઈંડું ફુટેલું હોય અને તેમાંથી રસનું

બિંદુ ભૂમિ ઉપર પડયું હોય તો તે સાઠ હાથની બહાર લઈ જઈને તે ભૂમિ ધોયા પછી સ્વાધ્યાય કલ્પે.

૧૩ માખીના પગ જેટલો પણ ઇંડાનો અથવા લોહીનું બિંદુ ભૂમિપર પડયું હોય, તો સ્વાધ્યાય કલ્પે નહિ.

૧૪ ગાય વિગેરેનું જરાયુ જ્યાં સુધી લાગેલું હોય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો, અને જરાયુ પડયા પછી ત્રણ પોરસી સુધી અસ્વાધ્યાય જાણવો.

૧૫ બિલાડી વિગેરેએ ઉંદર વિગેરે માર્યો હોય તો એક અહોરાત્ર અસ્વાધ્યાય જાણવો. લેટલો કાળ નંદિસૂત્ર વિગેરે પણ ભણવું નહિ.

૧૬ એજ પ્રમાણે મનુષ્યના સંબંધમાં પણ જાણવું, વિશેષ એટલું કે ઉપાશ્રયથી સો હાથ સુધીમાં મનુષ્યના અવયવો અથવા ચર્મ માંસ, રૂધિર હાડકું વિગેરે પડયાં હોય તો અસ્વાધ્યાય જાણવો પણ જો ઉપાશ્રય અને તે અવયવ વિગેરે પડેલા સ્થાનની વચ્ચે રાજમાર્ગ ધોરી રસ્તો હોય, તો સ્વાધ્યાય થઈ શકે.

૨૭ સ્ત્રીઓને ઋતુ આવે ત્યારે ત્રણ દિવસ સુધી સ્વાધ્યાય કલ્પે નહિ. પણ જો પ્રદરનો રોગ થયો હોય તો, તે રોગ હોઇ સ્વાધ્યાય કલ્પે નહિ.

૧૮ કોઇ ગર્ભવંતીને પુત્ર પ્રસવ થયો હોય, તો સાત દિવસ સુધી અસ્વાધ્યાય અને જો પુત્રી થઇ હોય તો,

અથવા રક્ત અધિક જતું હોય તો આઠ દિવસ સુધી અસ્વાધ્યાય જાણવો. નવમે દિવસે કલ્પે. આ વ્યવસ્થા સ્વાધ્યાય માટે જાણવી. બાકી ગોચરી આદિ માટે સુતકની વ્યવસ્થા જુદી જાણવી.

૧૯ સો હાથ સુધીમાં કોઈક બાળક વિગેરેનો દાંત પડયો હોય તો તે શોધવો. અને જો દાંત જોવામાં ન આવે તો "દંત ઓહડાવણિયં કરેમિ કાઉસગ્ગં" એમ કહીને એક નવકારનો કાર્યોત્સર્ગ કરવો. ત્યારપછી સ્વાધ્યાય કલ્પે.

૨૦ દાંત વિના બીજા કોઈ અંગ, અથવા ઉપાંગનું હાડકું સો હાથ સુધીમાં પડયું હોય, તો બાર વર્ષ સુધી વાચનાદિક સ્વાધ્યાય કલ્પે નહિં. તત્ત્વં બહુશ્રુત ગમ્યં.

卐

ભાવોનું સામર્થ્ય

ભાવો પરિણતિની મલાઈ છે, તેના બળે તે-તે વસ્તુની સારી નરસી અસર પ્રત્યાઘાતી બને છે-

માટે શુભ-ભાવોની કેળવણી કરવી.

અસ્વાધ્યાય કાળ

વિશેષ વિગત

પ્રવચન-સારોદ્ધાર ભા. ૨ ના આધારે-

અસ્વાધ્યાય બે જાતનો-આત્મસમુત્થ-પરસમુત્થ

પરસમુત્થ સ્વાધ્યાય પાંચ પ્રકારનો

૧ સંયમઘાતી	૪ વ્યુદ્ગ્રહ (લડાઇ)
૨ ઔત્પાતિક	૫ શરીર-સબંધી અશુચિ
૩ સદેવ (દેવકૃત)	

૧. સંયમઘાતી ૩ રીતે

મહિકા—સચિત્તરજ-વરસાદ.

મહિકા—કારતકથી માહ સુધીમાં જે વરસાદના ગર્ભરૂપ ધૂમસ પડે છે તે.

સચિત્તરજ—વંટોલ-મોટા વાયરા આદિથી ઉડેલી ઝીણી ધૂલ.

વરસાદ—આર્દ્રાનક્ષત્ર પૂર્વેનો વરસાદ આ સંયમઘાતી ભેદો થયે છતે અસ્વાધ્યાય જે ક્ષેત્રમાં જેટલા કાલ સુધી મહિકાદિ પડે તેટલા સમય સુધી.

શ્વાસ-પ્રક્રિયા અને આંખના પલકારા સિવાયની તમામ ચેષ્ટાઓ વર્જવી.

પડિલેહણાદિ આવશ્યક ક્રિયા પણ ન કરવી, ગ્લાનાદિ-કારણે યતનાથી હસ્તસંજ્ઞા કે આંખના ઇશારા આદિથી આવશ્યક કાર્ય કરે.

મુખ આગળ મુહપત્તિ વ્યવસ્થિત રીતે રાખી ટૂંકું અને જરૂરી હોય તેટલું બોલવું.

બરાબર કાંબલી ઓઢીને બહાર નીકળવા આદિનો પૂરતો ઉપયોગ રાખવો.

ઔત્પાતિક પાંચ ભેદે.

૧ ધૂલવૃષ્ટિ	૪ કેશવૃષ્ટિ
૨ માંસવૃષ્ટિ	૫ શિલાવૃષ્ટિ
૩ રૂધિરવૃષ્ટિ	

આમાં આવશ્યક ક્રિયાઓ થઈ શકે પણ સૂત્ર-વાંચનાદિ સ્વાધ્યાય ન થાય.

માંસ-લોહીના વરસાદની ૧ અહોરાત્રિ અસજ્ઝાય જાણવી.

બાકીમાં ધૂલ-આદિની વૃષ્ટિ જેટલો સમય થાય તેટલો સમય અસજ્ઝાય.

૩ સદૈવ-દેવકૃત ઉપદ્રવરૂપ ગંધર્વનગર.

દિગ્દાહ—જેવું ઉપર પ્રકાશ નીચે અંધકા.

ઉલ્કા—તારો ખરે તે.

ગર્જિત—આર્દ્રા પહેલાં મેઘગર્જના.

આવા બીજા પણ નિર્ઘાત ગુંજિત, યક્ષાદીપ્ત વગેરે પ્રકારો ગુરૂગમથી જાણી લેવા.

આમાં ગર્જતામાં ૨ પ્રહરનો અસ્વાધ્યાય બાકીમાં ૧ પ્રહર અસ્વાધ્યાય જાણવો.

અસ્વાધ્યાય સૂતક-વિચાર

(૧) માનસિક-સ્મરણનો નિષેધ કોઇપણ જગ્યાએ કર્યો નથી, તેથી અંતરાય-સુવાવડ આદિમાં મનમાં શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને પ્રભુનું ધ્યાન આદિ કરી શકાય.

(૨) અશુદ્ધિ અને આપણી વચ્ચે વહેતો રાજમાર્ગ હોય તો સ્વાધ્યાય થઇ શકે.

(૩) દરરોજ સવારે સૂર્યોદય પહેલા ૪૮ મિનિટ, બપોરે ૧૨ થી ૧ નો સમય, મતાંતરે મધ્યાહ્ન પહેલા અને પછી ૨૪-૨૪ મિનિટ. સાંજે સૂર્યાસ્ત પહેલાં અને પછી ૨૪-૨૪ મિનિટ અને મધ્ય રાત્રિએ ૧૨ થી ૧ નો સમય, મતાંતરે પહેલાં અને પછી ૨૪-૨૪ મિનિટ અસ્વાધ્યાય,

(૪) સુદ એકમ-બીજ અને ત્રીજની રાત્રે પ્રથમ પ્રહરે ઉત્તરાધ્યયન આદિનો અસ્વાધ્યાય.

(૫) અસ્વાધ્યાય સિવાય રાત્રિ અને દિવસના પ્રથમ અને છેલ્લે પ્રહરે ભણાય તે કાલિક.

અસ્વાધ્યાય તથા કાલ વેળા છોડીને જે ભણાય તે ઉત્કાલિક.

(૬) ત્રણ ચોમાસી ચૌદશની મધ્યાહ્ન (મતાંતરે-પ્રતિક્રમણ કર્યા પછી)થી એકમ (બીજના સૂર્યોદય) સુધી અને પાક્ષિક ચૌદશના મધ્યાહ્ન (મતાંતરે પક્ખી પ્રતિક્રમણ કર્યા પછી)થી આખી રાત્રિ સુધી અસ્વાધ્યાય (ઉ. પ્રા. વ્યા. ૨૫૭).

(૭) આસો અને ચૈત્ર સુ. ૫ ના મધ્યાહ્નથી વદ ૨ ના સૂર્યોદય સુધી અસ્વાધ્યાય,

(૮) ઉગતો ચંદ્ર ગ્રહણ થાય તો ૪-પ્રહર રાત્રિના અને ૪ પ્રહર બીજા દિવસના મળી આઠ પ્રહર અસ્વાધ્યાય.

(૯) પ્રભાત કાલે ચંદ્રમા ગ્રહણ સહિત આથમે તો પછીનો દિવસ અને રાત્રિના આઠ તથા બીજા દિવસના ૪ પ્રહર મળી ૧૨ પ્રહર અસ્વાધ્યાય.

(૧૦) સૂર્યગ્રહણ સહિત આથમે તો ૪ પ્રહર રાત્રિના અને આગામી દિવસ રાત્રિના ૮ પ્રહર મળી ૧૨ પ્રહર અસ્વાધ્યાય.

(૧૧) ઉગતો સૂર્ય ગ્રહણ થ.ય અને ગ્રહણ સહિત આથમે તો તે દિવસ અને રાત્રિ તથા બીજો દિવસ અને રાત્રિ મળી ૧૬ પ્રહર અસ્વાધ્યાય,

(૧૨) આર્દ્રાથી સ્વાતિ નક્ષત્ર સુધી મેઘગર્જના, વીજળી અને વર્ષાદની અસ્વાધ્યાય ગણાય નહિ.

(૧૩) અકાલે મેઘગર્જના ગંધર્વનગર, વીજળી, દિગ્દાહ, થાય તો ૨ પ્રહર અસ્વાધ્યાય,

(૧૪) બુદ્બુદાકારે (જે વર્ષાદથી પરપોટા થાય તે) નિરંતર ૮ મુહૂર્તથી વધારે જ્યાં સુધી વર્ષાદ વર્ષે ત્યાં સુધી અસ્વાધ્યાય,

(૧૫) ધુંવાર પડે ત્યાં સુધી અસ્વાધ્યાય,

(૧૬) ધરતીકંપ થાય તો ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૧૭) હોળી પર્વમાં જ્યાં સુધી રજ શાન્ત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય,

(૧૮) કરૂણ રૂદન અને ઝઘડો સંભળાય ત્યાં સુધી અસ્વાધ્યાય,

(૧૯) પશુવધ થાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૨૦) ઈંડુ ફુટે તો ૩ પ્રહર અસ્વાધ્યાય.

(૨૧) બીલાડીએ ઉંદરને માર્યો હોય તો ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૨૨) યુદ્ધ શાન્ત થયા પછી ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૨૩) પુત્ર-પુત્રી જન્મે ૧૧ દિવસ સૂતક જુદા જન્મતા હોય તો બાર દિવસ પછી બીજાના ઘરના પાણીથી પૂજા થાય,

(૨૪) જેટલા માસનો ગર્ભ પડે તેટલા દિવસનું સૂતક.

(૨૫) પ્રસવવાળી સ્ત્રી ૧ માસ દર્શન ન કરે અને ૪૦ દિવસ પૂજા ન કરે તથા સાધુને વહોરાવે નહિ. અને ૮ દિવસ અસ્વાધ્યાય.

(૨૬) પશુ જંગલમાં જન્મે તો ૧ દિવસ અને ઘેર જન્મે તો ૨-દિવસ સૂતક.

(૨૭) ભેંસનું ૧૫ દિવસ પછી, બકરીનું ૮ દિવસ પછી અને ગાય-ઉંટડીનું ૧૦ દિવસ પછી દૂધ કલ્પે.

(૨૮) જેને ઘેર મરણ થાય ત્યાં જમનારી ૧૨ દિવસ પૂજા ન કરે. અને સાધુ વહોરે નહિ. ગોત્રીયોને ૫ દિવસનું સુતક.

(૨૯) મૃતકને સ્પર્શ કરનાર ૩ દિવસ પૂજા ન કરે, વાચિક-સ્વાધ્યાય ૨ દિન ન કરે, ગોત્રીઓને ૫ દિવસનું સૂતક, પરસ્પર સ્પર્શ કરનાર-૨ દિવસ પૂજા ન કરે, પરસ્પર પણ ન અડાયુ હોય અને ગોત્રીય ન હોય તો સ્નાન કીધે પૂજા થાય.

(૩૦) જન્મે તે દિવસે મરે અથવા દેશાંતરે મરે તો ૧ દિવસનું સૂતક.

(૩૧) આઠ વર્ષ સુધીનું મરણ પામે તો ૮ દિવસનું સૂતક, ઢોરનું મૃતક જ્યાં સુધી પડયું હોય ત્યાં સુધી સૂતક, પરંતુ ગાયના મરણનું ૧ દિન સૂતક.

(૩૨) દાસ-દાસી જન્મે કે મરે તો ૩ દિવસનું સૂતક.

(૩૩) શય્યાતર, મુખી આદિ મરે તો ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૩૪) સ્ત્રીને ઋતુના ત્રણ દિવસ સુધી અસ્વાધ્યાય ચાર દિવસ પ્રતિક્રમણ ન કરે, પાંચ દિવસ પૂજા ન કરે, રોગાદિ કારણે પાંચ દિવસ પછી પણ રૂધિર આવે તો ફક્ત પૂજા ન કરે,

(૩૫) ૧૦૦ હાથની અંદર મનુષ્યનું કલેવર પડ્યું હોય ત્યાં સુધી અસ્વાધ્યાય,

જ્ઞાની કોણ?

आवट्टं तु पेहाए इत्थ विरमिज्ज वेयवी

સંસારના સ્વરૂપને જાણી તેનાથી વિરમે તે જ્ઞાની.

—શ્રી આચારાંગ સૂત્ર.

शूरः कः?

इन्द्रियविजेता.

શૂર કોણ?

ઇન્દ્રિયો ઉપર વિજય મેળવે તે.

આરાધનાનો પ્રાણ

પ્રાણુ વિનાના રૂપાળા દેહની જેમ લક્ષ્યના સ્પષ્ટ અને યથાર્થ ભાન વિના

મુક્તિમાર્ગની આરાધના

લગભગ નિષ્ફલ જાય છે.

તેથી જે મોહના સંસ્કારો વિવિધ કર્મની ઉપાધિદ્વારા જીવનને નષ્ટ-ભ્રષ્ટ કરી રહેલ છે,

તેને હઠાવવાના દૃઢ નિર્ધારરૂપ આરાધક ભાવની કેલવણી

સંયમી જીવનમાં

ચૈતન્ય લાવી

ઉત્તરોત્તર

" आणाए धम्मो " સૂત્રના આધારે

સ્વચ્છંદ વૃત્તિ અને પોતાના વિચારોના આગ્રહને હઠાવવા રૂપનો

સાચો સમર્પણુ-ભાવ ઉપજાવે છે.

श्री वर्धमान स्वामिने नमः

મુક્તિના પંથે

સમ્યક્-ચારિત્ર-વિભાગ

"जे भिक्खू--

एयं--किमिकुलणिलयं सउणगाणाइभच्चं सडण-पडणविद्धंसणधम्मं असुइं असासयं असारं-सरीरगं

आहारादिहिं णिच्चं चेट्ठेज्जा !

णो णं इणमो--

भवसय-सुलद्ध-णाण-दंसणाइ-समण्णिएणं

सरीरेणं--

अच्चंत-घोर-वीरुग्ग-कट्ठ-घोर-

तव-संजममणुचेट्ठेज्जा ! ! !

से णं चेट्ठाकुसीले ! !"

શ્રીમહાનિશીથસૂત્ર અધ્ય ૩ સૂ. ૩૮

(આ સૂત્રનો ભાવાર્થ પાછળ વાંચો)

સંયમની નિર્મલ આરાધના માટે
સદા યાદ રાખવા જેવો
સુદ્રાલેખ.

"જે સાધુ—

આ—

કીડાઓના સમૂહનું ઘર.

કૂતરાં-પંખીના ભક્ષ્યરૂપ સડણ-પડણ અને નાશઆદિના ધર્મવાળા—

શરીરને—

રોજ સારા-સારા આહારઆદિથી લાલન-પાલન-કરે.

પણ—

સેંકડો જન્મમાં પણ ન મળે તેવી દુર્લભ જ્ઞાનાદિ રત્નત્રયીની આરાધનાના અનન્ય સાધનરૂપ મુક્તિના સર્વોત્કૃષ્ટ અંગભૂત—માનવશરીરથી

કર્મોના તીવ્ર બંધનોને મૂળથી નષ્ટ કરનાર જિનાજ્ઞાની પરિપાલના ઉગ્ર તપ અને શુદ્ધ સંયમની આચરણા નથી કરતો—

—તે સાધુ "ચેષ્ટાકુશીલ જાણવો"

—મહાનિશીથ સૂત્ર અધ્ય ૩ સૂ. ૩૮

卐

સમ્યક્ચારિત્રની મહત્તા

જીવનની આદર્શ સારમયતા મેળવવા માટે વીતરાગ પરમાત્માએ જગતના અજ્ઞાનમૂઢ મોહગ્રસ્ત પ્રાણીઓના એકાંત-હિતાર્થે પ્રરૂપેલ કલ્યાણ-સાધનાના માર્ગને યથાવત્ સ્વરૂપે ઓળખી-સમજી તેને યથાશક્ય પ્રયત્ને આચરવાદ્વારા આત્મ-હિત સાધી લેવું જરૂરી છે.

ખરેખર કલ્યાણ-સાધનાના માર્ગને જાણ્યા-માન્યાની ખરી સફલતા જ ઓછે-વધતે અંશે પણ કલ્યાણ-માર્ગના અમલી આચરમાં જ છે,

તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ "आचारः प्रथमो धर्मः" "आयारे मुक्खमग्गो" આદિ વચનોદ્વારા ઉત્તમ પદાર્થોના જ્ઞાન કે શ્રદ્ધાનની સુભગતાનો આધાર યથાશક્ય રીતિએ જીવનને સદ્વર્તનના પંગે વાળવા ઉપર સૂચવેલ છે.

તેથી વિવેકી મુમુક્ષુ પ્રાણીએ અનાદિકાલના દૃઢમૂલ બનેલા રાગ-દ્વેષ કે મોહના સંસ્કારોને જડમૂલથી ઊખેડી નાંખનાર સંયમની આરાધનાના મહત્ત્વને સમ્યગદર્શન અને સમ્યગ-જ્ઞાનના બલે ઓળખ્યા-સમજ્યા પછી આરાધનાને જીવનમાં તદ્રુપ બનાવી ઉત્તમ ફળને હસ્તગત કરવા શું શું કરવું ઘટે? તે જાણવું-સમજવું જરૂરી છે.

તેથી આ વિભાગમાં શાસ્ત્રકાર-ભગવંતોના હિતકર વચનો, પૂર્વાચાર્ય મહર્ષિઓની સુંદર વ્યવસ્થાઓ અને જીવનને વિશુદ્ધ બનાવવાના આદર્શાનુસાર મહાપુરુષોએ પ્રણામનુચરો નિયત કરેલ આમાં પણ આદિના આધારે સાધુજીવનને ઉપયોગી તેમજ અમલમાં મૂકી શકાય તેવી કેટલીક બાબતો ટૂંકમાં સંગ્રહવામાં આવી છે.

જેને જીવનમાં ઊતારી વર્ત્તમાનકાલે મેળવી શકાય તેવા ચારિત્રના સુંદર પરિણામને મેળવવા મુમુક્ષુ પ્રાણીએ ઉદ્યમવંત થવું ઘટે.

સમ્યક્ચારિત્રનાં પોષક અંગો

સંયમની આરાધના કરનાર મુમુક્ષુ પ્રાણીને કેટલાક મહત્ત્વના દૈનિક કાર્યક્રમો શાસ્ત્રાનુસારે વ્યવસ્થિત રીતે કરવા ઘટે છે,

તેથી મુનિને રોજના કાર્યક્રમના કેટલાક અંગોની વિચારણા કરી, ત્યારબાદ સર્વ-સાધારણ તત્ત્વોની વિચારણા કરવામાં આવશે.

* પ્રતિક્રમણ
* પડિલેહણ
* સ્વાધ્યાય
* ચૈત્યવંદન
* ગોચરી (આહાર)
* સ્થંડિલભૂમિ

સહુપ્રથમ આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) અંગે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે.

૧ પ્રતિક્રમણની મહત્તા

૨ ખમાસમણાની સત્તર પ્રમાર્જના

૩ વાંદણાના પચ્ચીસ આવશ્યક

૪ મુહપત્તિના પચાસ બોલ

૧. પ્રતિક્રમણની મહત્તા

જ્ઞાની-ભગવંતોએ ધર્મારાધન કરનારા ભાવુક-આત્માઓને પોતાની જાણે કે અજાણે થતી પ્રવૃત્તિથી આવતા કર્મરૂપ મલથી આત્મા ખરડાય નહિં તે જાતના પૂર્ણ ઉપયોગને જાળવવા મકાનને સ્વચ્છ રાખવા માટે બે વખત કચરો કાઢવાની વ્યાવહારિક પ્રણાલિકાની જેમ બન્ને ટાઈમ પ્રતિક્રમણની ક્રિયા "આવશ્યક" શબ્દથી અવશ્ય (ફરજરૂપે) કરવા લાયક જણાવી છે.

માટે વિવેકી-આત્માએ આ ક્રિયા વખતે પૂર્ણ તન્મયતા કે એકાગ્રતા જાળવવા દત્તચિત્ત બની જવાનો ઉપયોગ રાખવો જોઈએ.

આંતર-નિરીક્ષણના રહસ્યને જ્ઞાની શાસ્ત્રકારોએ રોજની ચાલુ પ્રણાલિકામાં અજબ રીતે ગોઠવ્યું છે, કે જેનો લાભ ઓછું ભણેલ પણ પ્રાણી વૃત્તિઓને કેન્દ્રિત કર્યેથી સહજ મેળવી શકે છે.

આવી ઉત્તમ ક્રિયા કરતાં મહાપુરુષોની મર્યાદાને ધ્યાનમાં રાખી પૂર્ણ સ્વસ્થ-ચિત્ત આત્મિક-પરિણતિને જ્ઞાની-ભગવંતોના વચનોમાં ગોઠવી દેવી જોઈએ.

જેમ મંત્રસાધના કરનારો એકાગ્ર-ચિત્તે પોતાનું કાર્ય કરવા તત્પર બને છે. તેનાથી પણ વધુ તૈયારી આવશ્યક-ક્રિયાઓમાં ચિત્તને સ્થિર કરવા મુમુક્ષુની હોવી ઘટે.

આ ઉપરથી ટૂંકામાં સમજવાનું એટલું જ કે— આવશ્યક-ક્રિયા કરતાં પૂર્ણ સ્વસ્થ-ચિત્ત, વચન-કાયા ઉપર પૂર્ણ-સંયમ અને આંતરિક ભક્તિપૂર્ણ બહુમાન કેળવવાથી આરાધના સુંદર સ્વરૂપે ઝળકી ઉઠે છે.

૨. ખમાસમણની ૧૭ પ્રમાર્જના

પ્રથમ 'इच्छामि० णिसीहियाए' સુધી બે હાથ જોડી બોલવું,

ત્યારબાદ જમણા હાથે રજોહરણ(ઓઘા)ને વચ્ચેથી પકડી પાછળના ભાગે જમણો પગ આખો (કમરથી નીચે પાની સુધી) જમણા-ડાબા પગ વચ્ચેનો ભાગ. અને ડાબો પગ આખો (કમરથી નીચે પાની સુધી) એમ ત્રણ સ્થાનની પ્રમાર્જના કરવી.

આ જ મુજબ-આગળના ભાગે આ જ ત્રણ ભાગોની પ્રમાર્જના કરવી.

પછી નીચે ભૂમિ ઉપર જમણા પગની સામે, જમણા-ડાબા પગ વચ્ચેની સામે અને ડાબા પગની સામે એમ ત્રણ પ્રમાર્જના કરવી.

આ વિધિ ખમાસમણ દેતી વખતે જાણવી, પણ મેં વાંદણાં લેવાના હોય તો આડી પ્રમાર્જના ત્રણવાર કરવી.

પછી નીચે બેસી જમણા હાથમાં મુહપત્તિ લઈ તેનાથી જમણા લલાટથી સળંગ ડાબા હાથ (આખા) ઉપર થઈ ડાબા હાથના પાછલા ભાગે કોણી સુધી પ્રમાર્જના કરવી.

પછી ડાબા હાથમાં મુહપત્તિ લઈ તેનાથી ડાબા લલાટથી સળંગ જમણા હાથ (આખા) ઉપર થઈ જમણા હાથના પાછલા ભાગ કોની સુધી પ્રમાર્જના કરવી.

બાદ રજોહરણ (ઓઘા) ઉપર મુહપત્તિથી ત્રણ વાર (આડી) પ્રમાર્જના કરવી.

પછી બે હાથ જોડી માથું રજોહરણ પર મૂકી "मत्थएण वंदामि" બોલવું.

બાદ ઊભા થતી વખતે પગની પાછલની ભૂમિ (જ્યાં ઊભા રહેવાનું છે)ની રજોહરણ(ઓઘા)થી ત્રણ વાર પ્રમાર્જન કરવી.

આ રીતે ૩–પગની (પાછળના ભાગે) ૩–,, (આગળના ભાગે) ૩–ભૂમિની (પગ આગળની)	રજોહરણ. (ઓઘા)થી
૨–હાથની (મુહપત્તિથી) ૩–રજોહરણની (,, ,,)	
૩–પગની પાછળની ભૂમિની (ઊભા થતાં)	રજોહરણ. (ઓઘા)થી
૧૭	

આ સત્તર પ્રમાર્જનાઓ "સત્તર સંડાસા" શબ્દથી પણ સંબોધાય છે, કારણ કે આમાં તે–તે શરીરના સંડાસા સંદંશકો (સાંધાંઓ)–કે જેઓ ખમાસમણ દેતાં, વાંદણાં દેતાં સંકોચ–વિકાસને પામે છે–ની પ્રમાર્જના થાય છે.

સંસારની વિચિત્ર અવસ્થા

इत्थ खलु सुहो वि असुही, संतंपि असंतं
सुविणुव्व सव्वमालवाल ति।
ता अलमित्थ पडिबंधेणं ।

આ સંસારમાં સુખી પણ સુખી નથી, વસ્તુ છતી પણ અછતી છે. સ્વપ્નની જેમ બધું આલપંપાળ છે, માટે આના ઉપર પ્રેમ-આસક્તિ રાખવાથી સર્યું !!!

—શ્રી પંચસૂત્રમ્.

૩. વાંદણાંના ૨૫ આવશ્યક—

दोऽवणयमहाजायं, आवत्ता बार चउसिर तिगुत्तं ।
दु-पवेसि-णिक्खमणं, पणवीसावस्सय किइकम्मे ॥

—શ્રી ગુરુવંદન ભાષ્ય, ગા. ૧૮

ગુરુ મહારાજને ઉત્કૃષ્ટ-વંદનરૂપે દેવાતા બે વાંદણાંમાં બે અવનત, એક યથાજાત, બાર આવર્ત્ત, ચાર શિરોનમન, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ, અને એક નિષ્ક્રમણ મળી પચીસ આવશ્યકો સાચવવાના હોય છે.

પ્રથમ इच्छामि થી णिसिहियाए સુધી હાથ જોડી બોલી અર્ધું અંગ નમાવી अणुजाणह मे मिउग्गहं બોલી (ખમાસમણાની ૧૭ પ્રમાર્જનાની માફક) ત્રણ (પાછળના ભાગે) પગની, ત્રણ આગળના ભાગે પગની અને ત્રણ ભૂમિ ઉપર આથી પ્રમાર્જના કરી णिसीहि શબ્દ બોલી અવગ્રહમાં દાખલ થવું.

પછી ઉભડક બેસી મુહપત્તિથી લલાટ-હાથની બે પ્રમાર્જના (ખમાસમણાની પ્રમાર્જનાની જેમ) કરી મુહપત્તિ પુજીને ડાબા ઢીંચણ ઉપર મૂકવી.

અહિં પ્રાચીન-મર્યાદા પ્રમાણે સાધુઓને અવગ્રહમાં પ્રવેશ કરી (મુહપત્તીનો ઉપયોગ ન હોઇ) નાભિથી ઉંચે ઢીંચણ પર મુકી ગુરુ ચરણોમાં જ હાથ અડાડી બોલવાની કલ્પના કરવાની.

અને શ્રાવકોને તો અવગ્રહમાં પ્રવેશવાનો અધિકાર નથી, તેથી તેઓ માત્ર કટાસણાના પાછળના ભાગથી-આગળના ભાગે આવવા રૂપે णिसीहि બોલી અવગ્રહ-પ્રવેશની મર્યાદા જાળવે. અને आवस्सियाए બોલી પુનઃ કટાસણાના પાછળના ભાગે જાય.

આવી મર્યાદા હોઈ શ્રાવકોને અવગ્રહમાં પ્રવેશવાનું ન હોઇ ચરવલા ઉપર મુહપત્તીને સ્થાપી તેને ગુરૂચરણની કલ્પના કરી તેના પર આવર્ત્તવિધિથી વંદન કરવાનું છે.

વધારામાં વર્ત્તમાન-કાલીન સાધુઓની સમર્પિત ભાવ-પૂર્વકની ગુરૂ-વિનયની ભૂમિકા કાળ-બળે ઘટવા પામી છે, તેથી અતિ-પ્રાચીનકાળની ગુરૂ-ચરણે હાથ મુકી આવર્ત્તવિધિ પૂર્વક વાંદણાની પ્રથા વર્ત્તમાનમાં જીતકલ્પ-સામાચારી પ્રમાણે બંધ કરી ગુરૂની નજીક જવા રૂપે અવગ્રહમાં પ્રવેશ કરી દૂરથી જ રજોહરણ પર ગુરૂપાદુકાની સ્થાપના કલ્પી આવર્ત્ત-વિધિ જાળવી વંદનની પદ્ધતિ સુવિહિત પુરુષોએ નિયત કરી છે.

વળી ગુરૂ-ચરણે હાથ અડાડયા પછી ને ગુરૂચરણને તરત હાથ અવળા કરવા એટલે પીઠ બતાવવી. ઉચિત ન ગણાય.

તેથી જેમ દેરાસરમાંથી નિકળતાં પ્રભુજીને પીઠ ન પડે તે દોષ ટાળવા પાછા પગે અગર બાજુના દ્વારથી નિકળવાની મર્યાદા છે.

તે મુજબ ગુરૂ–ચરણની સ્થાપના રજોહરણ પર કે મુહપત્તી પર કર્યા પછી તેને અવળા હાથ રૂપી પીઠ ન લાગે તે માટે નીચે મુજબ બોલવાનો ઉપયોગ રાખવો.

अ........हो........१

का........यं........२

का........य........३

આ રીતે નીચે રજોહરણથી લલાટ સુધી.

સન્મુખ ગુરૂજીના જમણેથી આવર્ત્ત $\underline{\Delta}$ (ત્રિકોણાકારે હસ્ત ભ્રમણ) થાય.

પછી હાથ જોડી खमणिज्जो थी दिवसो वइक्कंतो સુધી નમ્રભાવે અને પ્રશ્નસૂચક રીતે બોલવું.

તેવી જ રીતે....

ज........त्ता........मे........१

ज........व........णि........२

ज्जं........च........मे......३

૩ × ૩=૬ એક વાંદણામાં કુલ છ આવર્ત્ત થાય....

આ જ રીતે બીજા વાંદણામાં પણ છ આવર્ત્ત થાય છે. તેથી બે વાંદણાના મળી કુલ બાર આવર્ત્ત થાય, એટલે વાંદણાનું બીજું નામ द्वादशावर्त्तवन्दन એવું પણ છે.

આ પછી संफास बोલતાં રજોહરણ પર પહોળા કરેલ બંને હાથના સવળા પંજામાં માથું મુકવું....

બાદ खामेमि થી वइक्कमं સુધી રજોહરણ પર બન્ને હાથ પહોળા કરી તેમાં માથું મૂકતાં બોલવું.

બાદ ઊભા થઈ અવગ્રહની બહાર (જ્યાં ઊભા રહી इच्छामि० વગેરે બોલેલ) રજોહરણથી ત્રણ વાર ભૂમિ પુંજી જતાં आवस्सियाए શબ્દ બોલવો.

પછી હાથ જોડીને બાકીનું બધું બોલી જવું.

બીજી વારના વાંદણામાં પણ આ જ રીતે કરવું, પણ તેમાં અવગ્રહની બહાર જવાનું ન હોઇ आवस्सियाए બોલવાનું નથી.

આ પ્રમાણે પ્રથમ વાંદણામાં—

૧—અવનત–(अणुजाणह० બોલતાં)

૬—આવર્ત–(अ–हो, कायं–का–य, અને ज–त्ता मे, ज–व–णि, ज्जं–च–भे)

૨ શિરોનમન–(संफासं અને खामेमि० वइक्कमं વખતે, વખતે)

૧ પ્રવેશ–(निसीहि કહી અવગ્રહમાં પ્રવેશ)

૧ નિષ્કમણ–(आवस्सियाए કહી બહાર નીકળવું)

૧૧ આવશ્યક થયા.

બીજા વાંદણામાં નિષ્ક્રમણને બાદ કરતાં ૧૦ દશ આવશ્યક થયા, એટલે બે વાંદણાના થઇ ૨૧ આવશ્યક થયા.

આ સિવાય વાંદણા વખતે સાચવવાની *યથાજાતમુદ્રા અને મન, વચન અને કાયાની ગુપ્તિ એ ચાર આવશ્યક ૨૧ માં મેળવતાં પચ્ચીસ આવશ્યક થાય.

ઉપર મુજબના પચ્ચીશ આવશ્યકો વાંદણાં દેતી વખતે શક્તિસંપન્ન આત્માએ સાચવવા જરૂર ધ્યાન રાખવું જોઇએ, કારણ કે છતી શક્તિએ આ આવશ્યકોને ન સાચવવાથી કરાતી વંદનાદિ ક્રિયાનું નિર્જરા ફલ ન મળવાની વાત ગુરુવંદન-ભાષ્યની ઓગણીશમી ગાથામાં છે.

માટે છતી શક્તિએ વાંદણામાં આવશ્યકોની સાચવણી રાખવા દરેક મુમુક્ષુએ ધ્યાન રાખવું જરૂરી છે.

---

* યથાજાતમુદ્રા—જન્મ સમયે જેમ બાલક નગ્ન જન્મે છે અને શરીર સંકુચિત હોય છે, તેમ દીક્ષારૂપ જન્મ વખતે સાધુ જેવી અવસ્થામાં હોય તે અવસ્થા વાંદણા વખતે સાચવવાની હોય છે. એટલે દીક્ષા વખતે ચોલપટ્ટો જ ફક્ત પહેરેલ હોય ઓઘો મુહપત્તિ હાથમાં લઇ નમ્રભાવે હાથ જોડી ઊભા રહેવાનું હોય છે, તે અવસ્થા વાંદણામાં સાચવવી તેનું નામ યથાજાત મુદ્રા છે.

卐

૪ મુહપત્તિના પચાશ બોલ.

મુહપત્તિનું પડિલેહણ કરવામાં બોલાતા પચાશ બોલના બે વિભાગ પડે છે.

મુહપત્તિની પડિલેહણાના પચીસ બોલ અને મુહપત્તિ-રજોહરણથી કરાતી દેહ પ્રમાર્જનાના પચીશ બોલ.

એમ બન્ને થઇ મુહપત્તિના પચાશ બોલ થાય છે.

મુહપત્તિની પડિલેહણાના પચીશ બોલ.

પ્રથમ મુહપત્તિના બન્ને છેડા સન્મુખ રાખી–"સૂત્ર" બોલી મુહપત્તિની એક બાજુનું દૃષ્ટિપડિલેહણ કરવું.

પછી ડાબા હાથ ઉપર મુહપત્તિ નાંખી ડાબા હાથે પકડેલ છેડો જમણા હાથે અને જમણા હાથે પકડેલ છેડો ડાબા હાથે પકડી મુહપત્તિ બીજી બાજુનું દૃષ્ટિપડિલેહણ કરવા સાથે "અર્થ તત્ત્વ કરી સદ્દહું" બોલી મુહપત્તીને હૃદય નજીક લાવવી.

પછી મુહપત્તિને ડાબા હાથ ઉપર નાંખી, તેના એક છેડાને જમણા હાથે પકડી, આખી મુહપત્તિને ત્રણ વાર ઊભી નચવવારૂપે પફોડવાની–ખંખેરવા જેવી ક્રિયા કરતી વખતે–

"સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ-મોહનીય પરિહરું"–બોલવું.

તે જ મુજબ મુહપત્તિને જમણા હાથ ઉપર નાંખી ડાબા હાથે છેડો પકડી આખી મુહપત્તિને ઊભી નચાવવારૂપે ત્રણ વાર પફોડતાં—

"કામરાગ સ્નેહરાગ દૃષ્ટિરાગ પરિહરું" બોલવું."

પછી મુહપત્તિને અર્ધી વાળી જમણા હાથે આંગળીઓની વચ્ચે મુહપત્તિને પકડી ડાબો હાથ સવળો રાખી મુહપત્તિથી ત્રણ અખોડા કરતાં (મુહપત્તિને ભુજા તરફ ત્રણ ટપ્પે લઇ જતાં)—

"સુદેવ સુગુરુ સુધર્મ આદરું."-બોલવું.

અને ભુજા તરફથી પંજા તરફ મુહપત્તિ જરા નીચી રાખી ત્રણ ટપ્પે ડાબા હાથની પ્રમાર્જનાપૂર્વક મુહપત્તિને લાવતાં—

"કુદેવ કુગુરુ કુધર્મ પરિહરું"-બોલવું.

આજ પ્રમાણે—

"જ્ઞાન દર્શન ચારિત્ર આદરું"

"જ્ઞાન-વિરાધના દર્શન-વિરાધના ચારિત્ર-વિરાધના પરિહરું"-અને

"મન-ગુપ્તિ વચન-ગુપ્તિ કાય-ગુપ્તિ આદરું"

"મન-દંડ વચન-દંડ કાય-દંડ પરિહરું"બોલવું.

આ પ્રમાણે મુહપત્તિની પડિલેહણાના પચીશ બોલ થયા.

૧ દૃષ્ટિપડિલેહણ—(સૂત્ર-અર્થ૦ સદ્દહું બોલતાં)

૩ ઊર્ધ્વપ્રસ્ફોટ—(જમણા હાથથી મુહપત્તિ) ઊભી નચાવવારૂપે)

૩ ઊર્ધ્વપ્રસ્ફોટ—(ડાબા હાથથી મુહપત્તિ ઊભી નચાવવારૂપે)

૯ અખોડા—(સુદેવ૦જ્ઞાન. મનગુપ્તિ૦ આદિ ત્રણ ત્રણ બોલથી પંજા તરફથી ભુજા તરફ મુહપત્તિથી કરાતા)

૯ પ્રમાર્જના-(કુદેવ૦ જ્ઞાન-વિરાધના૦ મન-દંડ૦ આદિ ત્રણ ત્રણ બોલથી ભુજા તરફથી પંજા તરફ લઈ જવાતી મુહપત્તિથી કરાતી).

૨૫

ઉપર મુજબ કર્યા પછી ડાબા હાથની બંને બાજુ અને વચ્ચે પ્રદક્ષિણાની જેમ મુહપત્તિને ફેરવી પ્રમાર્જતાં-

"હાસ્ય રતિ અરતિ પરિહરું" બોલવું.

પછી મુહપત્તિ ડાબા હાથે આંગળીઓ વચ્ચે પકડી જમણા હાથની બંને બાજુ અને વચ્ચે પ્રદક્ષિણાની જેમ મુહપત્તિને ફેરવી પ્રમાર્જતાં—

"ભય શોક દુગંછા પરિહરું" બોલવું.

બાદ મુહપત્તિના બે છેડા બે હાથે પકડી, લલાટના મધ્યભાગે, જમણી બાજુ અને ડાબી બાજુ (ક્રમશઃ)

"કૃષ્ણ-લેશ્યા નીલ-લેશ્યા કાપોત-લેશ્યા પરિહરું" બોલવું.

મુખના મધ્ય ભાગે-જમણી બાજુ અને ડાબી બાજુ-

"રસ-ગારવ ઋદ્ધિ-ગારવ સાતા ગારવ પરિહરું" બોલવું.

છાતીના મધ્યભાગે-જમણી બાજુ અને ડાબી બાજુ—

"માયા-શલ્ય નિયાણ-શલ્ય મિથ્યાત્વ-શલ્ય પરિહરું" બોલવું.

જમણા હાથમાં મુહપત્તિ પકડી જમણે ખભે પ્રમાર્જતાં "ક્રોધ પરિહરું" બોલવું.

તેમજ ડાબા હાથમાં મુહપત્તિ રાખી ડાબે ખભે પ્રમાર્જતાં "માન પરિહરું" બોલવું.

તથા ડાબા હાથમાં મુહપત્તિ રાખી જમણી કાંખ પ્રમાર્જતાં "માયા પરિહરું" બોલવું.

જમણા હાથમાં મુહપત્તિ લઈ ડાબી કાંખ પ્રમાર્જતાં "લોભ પરિહરું" બોલવું.

પછી મુહપત્તિ સરખી વાળી રજોહરણ(ઓઘા)ને જમણા હાથે પકડી જમણા પગે પ્રમાર્જતાં—

"પૃથ્વીકાય અપ્કાય તેઉકાયની રક્ષા કરું" બોલવું.

ડાબા પગે પ્રમાર્જતાં—

"વાયુકાય વનસ્પતિકાય ત્રસકાયની રક્ષા કરું" બોલવું.

આ પ્રમાણે શરીરપ્રમાર્જનના પચીશ બોલો થયા.

૩-ડાબા હાથે	૨-જમણા ખભે-કાંખે
૩-જમણા હાથે	૨-ડાબા ,, ,,
૩-લલાટે	૩-જમણા પગે
૩-મુખે	૩-ડાબા ,,
૩-છાતીએ	૨૫ પ્રમાર્જના શરીર સંબંધી થઈ.

* આ પ્રમાણે મુહપત્તિની પડિલેહણામાં બોલવાના પચાશ બોલો અને યોગ્ય પ્રમાર્જનાઓ સાચવવા દરેક વિવેકી આત્માએ યથાશક્તિ ઉપયોગવંત રહેવું જોઈએ,

આવશ્યક-ક્રિયામાં વારંવાર પડિલેહાતી મુહપત્તિની પાછળ આ ઉત્તમ બોલોની સૂક્ષ્મવિચારણા-મનનાદિ દ્વારા આત્મિક-વિચારોનું પડિલેહણ કરવાનો મુખ્ય આશય જ્ઞાની ભગવંતોએ ગોઠવ્યો છે,

માટે છતી શક્તિએ આવા ઉત્તમ આશયને ચરિતાર્થ ન થવા દેનારી બેદરકારીને વર્જવા પ્રયત્નશીલ થવું તે વિવેકીની ફરજ છે.

---

* આ પચાશ બોલમાંથી સાધ્વીઓને છાતીએ બોલાતા ત્રણ અને ખભે બોલાતા ૪ મળી ૭ બોલો બોલવાના નથી હોતા. એટલે તેઓને તેંતાલીશ બોલો હોય છે.

આ ઉપરાંત સ્ત્રીઓને મસ્તક સ્થાને બોલાતા ત્રણ બોલો બોલવાના નથી હોતા, એટલે તેમને ચાલીશ બોલો હોય છે.

આમાં તે તે શરીરાવયવોની મર્યાદા જાળવવાનો પ્રધાન આશય છે.

૫. પડિલેહણ.

યતના-પ્રધાન સંયમ-માર્ગે વિચારનાર મુમુક્ષુને હરઘડી પોતાના ઉપયોગમાં આવનાર પદાર્થોની સુવ્યવસ્થા રાખી, પોતાની બેદરકારીથી કોઈપણ જાતની જીવ-વિરાધના ન થવા અંગેની વિચારણા જ્ઞાની ભગવંતોના વચનાનુસાર કરવાની હોય છે.

તેથી પ્રતિક્રમણની જેમ પડિલેહણની પણ અગત્યતા સાધુ-જીવનમાં વધુ છે, માટે પડિલેહણ અંગે ટૂંકમાં શાસ્ત્રીય પદ્ધતિ યથાશક્ય ધ્યાનમાં રાખવા જેવી છે.

પ્રથમ પડિલેહણ શબ્દનો અર્થ સમજવો જરૂરી છે. પડિ=સામે લેહણ=લખેલું શાસ્ત્રાજ્ઞાઓ અર્થાત્ શાસ્ત્રીય આજ્ઞાઓને નજર સામે રાખી આપણા કર્તવ્ય માર્ગની વ્યવસ્થા ગોઠવવાના પ્રયત્નનું નામ પડિલેહણ.

બીજી રીતે વિચારીએ તો પડિલેહણના બે ભેદ દ્રવ્યપડિલેહણ, ભાવપડિલેહણ.

દ્રવ્યપડિલેહણ=વસ્ત્ર, પાત્ર, વસતિ આદિનું જીવ-વિરાધના ન થવા પામે તે રીતે પુંજવા-પ્રમાર્જવાની જયણા.

ભાવપડિલેહણ—આંતરિક રાગાદિ-ભાવોની અંતર્નિરીક્ષણ દ્વારા તપાસવાની આદર્શ પ્રતિજ્ઞા.

એટલે ભાવપડિલેહણથી આત્મશુદ્ધિનું તત્ત્વ વધુ હસ્તગત થાય તો તે માટે ભાવપડિલેહણ માટે અંતર્નિરીક્ષણમાં જરૂરી તત્ત્વોના સારાંશ રૂપ ૫૦ બોલ દ્વારા અંતરંગ શુદ્ધિ બળ મેળવવા ગત પ્રકરણમાં બતાવેલ રીતે બોલો બોલવા અને પ્રમાર્જના કરવા માટે ખૂબ પ્રયત્નશીલ થવું.

પણ આ ઉપરાંત પડિલેહણની ક્રિયામાં અસાવધાની પ્રમાદ અને નિરપેક્ષતાથી કેટલાક દોષો અજાણ્યે પણ થવા સંભવ છે.

તેના પરિહાર માટે નીચેની મર્યાદા વ્યવસ્થિત પણે સમજી અમલમાં મુકવો જરૂરી છે.

પડિલેહણ કરતાં વસ્ત્ર અને શરીર ઊર્ધ્વ-ટટાર રાખવું, એટલે કે ઉભડક-ઊભા પગે બેસી (ચંદનનું વિલેપન કર્યા બાદ કરાતી ક્રિયામાં પરસ્પર શરીરના અવયવો અડી ન જવાનો ઉપયોગ રખાય છે તેમ) શરીર કે વસ્ત્ર પરસ્પર અવયવોથી સંઘટ્ટિત ન થાય તેનું ધ્યાન રાખવુ,

પ્રથમ તો વસ્ત્રને મજબુતપણે પકડી ત્રણ ભાગ (આદિ-મધ્ય-અંત) બુદ્ધિથી કલ્પી દૃષ્ટિ-પડિલેહણ કરવું, ત્યારબાદ વસ્ત્રને ફેરવી બીજી બાજુ દૃષ્ટિપડિલેહણ કરી પફ્ફોડવા-ખંખેરવાની ક્રિયા કરવી, ત્રીજી વાર વસ્ત્રથી હાથ પર પ્રમાર્જના કરતા બોલો બોલવા.

卐

૬ પડિલેહણમાં વર્જ્ય દોષો.

૧ નર્ત્તન—શરીર કે વસ્રને પડિલેહણ વખતે ચંચલ રાખવું કે કરવું.

૨ વલન શરીર કે વસ્ર અ-વ્યવસ્થિત રાખવું.

૩ અનુબંધ—વારંવાર અખોડા-પ્રમાર્જનાદિ પ્રમાણ ઉપરાંત કરવા.

૪ મોસલિ—ખાંડણીમાં ધબાધબ કરતા સાંબેલાની જેમ પડિલેહણ કરતાં ઉપર-નીચે, આજુ-બાજુ ગમે ત્યાં વસ્ર કે શરીરાવયવને અ-વ્યવસ્થિત સંઘટ્ટિત કરવું.

૫ આરભટ — શાસ્રીય-મર્યાદાથી વિપરીત પડિલેહણ કરવું, અગર ઉતાવળે-ઉતાવળે એક વસ્રને પુરું પડિલેહ્યું ન પડિલેહ્યું અને ઝટ બીજું વસ્ત્ર પડિલેહવા લેવું,

૬ સંમર્દ—વસ્રને પુરું ખોલ્યા સિવાય જેમ તેમ અ-વ્યસ્થિતપણે પડિલેહવું.

૭ પ્રસ્ફોટન— ધૂલ ખંખેરવાની જેમ અજયણાથી વસ્રને ઝાપટવા આદિની પ્રવૃત્તિ

૮ વિક્ષેપ—વસ્રનું પડિલેહણ કરીને એક બાજુ ફેંકતા જવું, અગર કપડાનાં છેડાઓને અદ્ધર કરવા.

૯ વેદિકા—બે ઢીંચણ પર, બે ઢીંચણ નીચે કે પગના સાંધાઓ વચ્ચે હાથ રાખીને બે હાથ વચ્ચે ઢીંચણ રાખી કે એક ઢીંચણ મે બે હાથ વચ્ચે રાખી પડિલેહણ કરવું.

૧૦ પ્રશિથિલ—કપડું ઢીલું પકડવું.

૧૧ પ્રલંબ—કપડું લટકતું રાખવું.

૧૨ લોલ—જમીનને અડતું કપડું રાખવું.

૧૩ એકામર્શ—વસ્ત્રને એક બાજુથી પકડી અદ્ધર કરી આખુ કપડું હલાવી પડિલેહણ થઈ ગયાનું માનવું.

૧૪ અનેક-રૂપ-ધૂનન—અનેક કપડા ભેગાં કરી એકી સાથે ખંખેરી પડિલેહણ થઈ ગયાનું માનવું.

૧૫ શંકિત-ગણુના—અખોડા-પ્રમાર્જના કેટલા થયા તે યાદ ન રહેવાથી આંગળીના વેઢેથી ગણત્રી કરવી.

૧૬ વિતથ-કરણુ—પડિલેહણ કરતાં પરસ્પર વાતો કરવી, વિકથા કરવી પચ્ચકખાણ આપવું. વાચના આપવી કે લેવી વગેરે પ્રવૃત્તિઓ કરવી.

ઉપર મુજબના દોષોને વિવેકબુદ્ધિપૂર્વક સમજી યથાશક્ય પ્રયત્ને વર્જવા ઉદ્યમવંત થવું.

त्वरितं किं कर्तव्यं विदुषा ?
संसारविच्छेदः ।

જ્ઞાનીએ જલ્દી શું કરવું જોઇએ ?
સંસારનો ઉચ્છેદ !!!

૧. સ્વાધ્યાય

સંયમની વિશુદ્ધિ અને અધ્યવસાયોની નિર્મલતા આદિ ટકાવવા માટે વિવેકી આત્માએ જગત-વત્સલ ઉપકારી જ્ઞાની ભગવંતોએ પ્રરૂપેલ સુંદર-હિતકર વચનોને સ્વાધ્યાયાદિદ્વારા નિરંતર ઉપયોગમાં રાખવા જરૂરી છે.

કારણ કે આરાધનાનો આધાર આંતરિક-પરિણામની નિર્મલતા પર છે.

આ ઉપરથી ચાલુ બાહ્ય-ક્રિયાઓની અનાવશ્યકતા સમજવાની નથી. કારણ કે ક્રિયાઓ આંતરિક-પરિણામને મર્યાદિત રીતે ટકાવવા માટે કરવી જરૂરી છે, પણ ક્રિયાઓના આચરણ વખતે યથાશક્ય આશય-પરિણામની વિશુદ્ધિ ટકાવવાથી વધુ લાભ મળે છે, માટે મુમુક્ષુએ નિરંતર સ્વાધ્યાયાદિમાં તત્પર રહેવું જોઇએ

શાસ્ત્રોમાં સ્વાધ્યાયની મહત્તા એટલે સુધી વર્ણવી છે કે- સ્વાધ્યાય-જ્ઞાન-ધ્યાનાદિથી નિરપેક્ષ બની બાહ્ય-તપ ઉપર વધુ ઝોક આપી, કોઈ માસખમણ સુધી આચરે, પણ શક્તિના અભાવે રોજ આહાર વાપરનાર છતાં હૃદયમાં તપ પ્રત્યે અપૂર્વ બહુમાન અને પોતાની કાયરતાના અપાર પશ્ચાત્તાપપૂર્વક તેવા અંતરાયભૂત કર્મોની નિર્જરા માટે સ્વાધ્યાય-જ્ઞાન-ધ્યાનાદિમાં પ્રવૃત્તિ કરનારો પૂર્વોક્ત માસખમણ કરતાં જ્ઞાનીની દૃષ્ટિએ વધી જાય છે.

આ ઉપરથી તપસ્યાની વ્યર્થતા કે ખાઇ-પીને થોડોક સ્વાધ્યાય કરીને મન મનાવવાની વિચારણા કરવાની નથી, પણ સ્વાધ્યાય-નિરપેક્ષતા જેટલે અંશે હોય તેને દૂર કરવા આ સાપેક્ષ વચન છે.

આ વસ્તુ સાધુ સામાચારી-વર્ણનપ્રસંગે શાસ્ત્રકારોએ વર્ણવી છે કે-દરેક સાધુ-સાધ્વીએ દીક્ષા લીધી ત્યારથી રોજ અઢી હજારનો સ્વાધ્યાય કરવો, જે ભણેલ ન હોય અગર શક્તિ ન હોય તેણે પણ પચીસ બાંધી નવકારવાલી ગણીને શાસ્ત્રાજ્ઞાને નભાવવી, ગીતાર્થ આચાર્ય ભગવંતોએ વર્ત્તમાન કાલ માટે નીચે મુજબની વ્યવસ્થા નક્કી કરી છે.

શિયાલામાં ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય,

ઉનાળામાં ૫૦૦ ગાથાનો ,,

ચોમાસામાં ૭૦૦ ગાથાનો ,,

શક્તિ-સંપન્ન આત્માએ ઉપરની મર્યાદાને નભાવવા જરૂર ધ્યાન રાખવું જોઇએ.

છતી-શક્તિએ જ્ઞાની-ભગવંતોની સ્વાધ્યાય સંબંધી મર્યાદાને ન સાચવનાર જ્ઞાનકુશીલ કહેવાય છે.

સ્વાધ્યાયના જ્ઞાની-ભગવંતોએ પાંચ પ્રકાર વર્ણવ્યા છે.

વાચના-નવું ભણવું અગર ભણાવવું.

પૃચ્છના-વિનીતભાવે શાસ્ત્ર-સંબંધી જિજ્ઞાસાની તૃપ્તિ કરવી.

પરાવર્ત્તન-ભણેલું યાદ કરી જવું. અગર મનન-પૂર્વક શાસ્ત્ર-વચનોનો પાઠ કરવો.

અનુપ્રેક્ષા-શાસ્ત્ર-વચનોનું એકાગ્રપણે મનન કરવું.

ધર્મકથા-શાસ્ત્ર-સંબંધી વિચારણા અગર ઉપદેશાદિની યોગ્ય પ્રવૃત્તિ કરવી.

ઉપરના પાંચેનું યથાયોગ્ય પાલન કરી સંયમની આરાધનાને વધુ નિર્મળ બનાવી અધ્યવસાયોની પવિત્રતા કેળવવી જરૂરી છે.

卐

ભાવોની શુદ્ધિ આજ્ઞાનુસારીતાથી ઓળખાય.
વિચારોની શુદ્ધિ આત્મજાગૃતિથી ઓળખાય.
ક્રિયાની શુદ્ધિ વિધિના પાલનથી ઓળખાય.
તપની શુદ્ધિ વાસનાના ઘટાડાથી ઓળખાય.
દાનની શુદ્ધિ મમત્વના ઘટાડાથી ઓળખાય.
ધર્મની શુદ્ધિ ગુણાનુરાગથી ઓળખાય.

૭. ચૈત્યવંદન-દહેરે જવું.

વિવેક-બુદ્ધિની જાગૃતિ અને નિર્મલતાને ટકાવવા માટે પરમોપકારી વીતરાગ-પરમાત્માના અવલંબનની પ્રધાન આવશ્યકતા છે, તેથી છ આવશ્યકમાં પણ ચતુર્વિંશતિસ્તવની વિશિષ્ટ મહત્તા છે, માટે સંયમની આરાધના કરનાર મુમુક્ષુ આત્માઓ દેવ-દર્શન કરતી વખતે ઉચિત મર્યાદાઓનું વ્યવસ્થિત પાલન કરી શકે, તે હેતુથી અહીં ચૈત્યવંદન સંબંધી ટૂંક માહિતી આપી છે.

આ અંગેનું વિસ્તૃત વર્ણન શ્રી ચૈત્યવંદન-ભાષ્યમાં છે, પણ તેમાંથી સાધુને સાચવવા લાયક મર્યાદાનું વિધાન અહીં પ્રસ્તુત હોઈ તેનો વિચાર કરાય છે.

પ્રથમ તો ત્રણ વાર णिसीहि બોલી દહેરાસરમાં પ્રવેશ કરવો.

પછી પ્રભુને દૂરથી જોતાં જ બન્ને હાથે અંજલિ કરી णमो जिणाणं બોલી હાથ જોડી મસ્તક નમાવવા રૂપ નમસ્કાર કરવો.

પછી ત્રણ પ્રદક્ષિણા રત્નત્રયીની આરાધનાની નિર્મળતાના ઉદ્દેશ્યથી દેવી.

તેમાં ભમતીમાં જિનબિંબો હોય તો દરેકને णमो जिणाणं जिअ-भयाणं બોલવા પૂર્વક અંજલિ જોડી મસ્તક નમાવવા રૂપે પ્રણામ કરતાં જવું.

ભમતીમાં જિનબિંબો ન હોય તો પણ મૂળગર્ભગૃહ કે શિખરની દીવાલની ચોપાસ અંદર બિરાજમાન તરણ-તારણ-

હાર પ્રભુજીના માનસિક દર્શન કરવાપૂર્વક અત્યંત ભાવ ભરી રીતે णमो जिणाणं जिअभयाणं નો ધીર-ગંભીર પણે ઉચ્ચાર (ઇર્યાસમિતિના ઉપયોગ પૂર્વક) કરવા સાથે પ્રદક્ષિણા દેવી.

ભમતીમાં ફરતાં સ્તુતિ-સ્તોત્ર વિગેરે કંઈ પણ ન બોલાય કેમકે તેનાથી ઇર્યા-સમિતિના ભંગનો દોષ લાગે.

ફક્ત શ્રાવકો માટે તેઓને પ્રભુ-શાસનની વધુ સ્પષ્ટ ઓળખાણ થાય તે માટે "કાળ અનાદિ અનંતથી." વિગેરે બે-બે દુહા એકેક પ્રદક્ષિણામાં એવી ત્રણ પ્રદક્ષિણાના છ દુહા બોલવાનું વિધાન જ્ઞાનીઓએ નિયત કર્યું છે.

* બાદ પ્રભુ-સન્મુખ આવી પુરુષોએ પ્રભુની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઊભા રહી દર્શન કરવાની મર્યાદા હોવાથી સાધુઓએ પોતાના ડાબા હાથે અને સાધ્વીઓએ પોતાના જમણા હાથે ઊભા રહી કમર સુધી અર્ધું અંગ નમાવી વિનીતભાવે અર્ધાવનત નમસ્કાર કરવો.

* આ રીતે કમર સુધી ઝુકી બે હાથ જોડી મસ્તક નમાવવા-રૂપ અર્ધાવનત પ્રણામ કરી પ્રભુના ગુણોની વિચારણામાં તન્મય થવાપૂર્વક મધુર-સ્વરથી પ્રભુની સ્તુતિ કરવી, જેનાથી આત્મા પોતાના શુદ્ધ-સ્વરૂપની સંવેદના મેળવી શકે.

* પછી પ્રભુથી જઘન્ય નવ હાથ અને ઉત્કૃષ્ટ સાઠ હાથ દૂરના અવગ્રહે ઊભા રહી ડાબી અને જમણી બાજુ તથા પાછળ એમ ત્રણ દિશાનું જોવાનું બંધ કરી, ઊભા

રહેવાની ભૂમિને રજોહરણથી ત્રણ વાર પુંજી-પ્રમાર્જી ચૈત્યવંદન માટે ઇરિયાવહી પડિક્કમવી.

* ચૈત્યવંદનનાં સૂત્રો બોલતાં શબ્દ, અર્થ અને પ્રભુ-પ્રતિમાનું આલંબન ટકાવી રાખી તે તે સૂત્રોના ભાવાર્થની ગંભીરતાને નિરંતર ધ્યાનમાં રાખવી.

* ચૈત્યવંદનમાં નીચે મુજબની મુદ્રાઓ સાચવવી.

૧ યોગમુદ્રા- કમલના કોશ-ડોડાની જેમ પરસ્પર આંગલીઓના સંશ્લેષવાળી બંને હાથની અંજલિ કરવી અને પેટ ઉપર કોણીઓ રાખવી તે.

આ મુદ્રાથી ચૈત્યવંદન, जं किंचि णमुत्थुणं, સ્તવન (ઉવસગ્ગહરં) બોલવું.

૨ જિનમુદ્રા-તીર્થંકર પ્રભુ જે રીતે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહેતા, તે રીતે બે પગ વચ્ચે આગળ ચાર આંગલનું અને પાછળ કંઈક ઊણું ચાર આંગલનું આંતરું રાખી જમણા હાથમાં મુહપત્તી અને ડાબા હાથમાં ઓઘો રાખી બંને હાથ લટકતા રાખવા તે.

આ મુદ્રાથી કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૩ મુક્તાશુક્તિ મુદ્રા-બંને હાથની પોલી અંજલિ લલાટભાગે રાખવી તે.

આ મુદ્રાથી जावंत चेइयाइं, जावंत केवि साहु અને जय वीयराय આ ત્રણ સૂત્રો બોલવાં.

વળી ચૈત્યવંદન કરતી વખતે મન, વચન અને કાયાનું પ્રણિધાન (એકાગ્રતા) ટકાવવું જરૂરી છે.

આ પ્રમાણે ચૈત્યવંદન ભાષ્યમાં વર્ણવેલી દશ ત્રિકોમાંથી–

૧ નિસીહી	ત્રિક	૫ પદભૂમિ–પ્રમાર્જન	ત્રિક
૨ પ્રદક્ષિણા	,,	૬ વર્ણાદિ	,,
૩ પ્રણામ	,,	૭ મુદ્રા	,,
૪ દિશા–વર્જન	,,	૮ પ્રણિધાન	,,

આઠ ત્રિકો સાધુઓને ચૈત્યવંદન વખતે સાચવવામાં હોય છે.

વિધિની શુદ્ધિ જાળવવા ઉપયોગની જાગૃતિ ટકી રહે તે રીતે ઉપર મુજબની મર્યાદા સાચવી ચૈત્યવંદનની રહસ્યપૂર્ણ ક્રિયા આરાધવા દરેક મુમુક્ષુએ પ્રયત્નશીલ રહેવું ઘટે.

卐

* વિચારોમાં શાસનાનુસારીપણું વિકસાવવું જરૂરી છે, નહીં તો દુધના ઉભરાની જેમ દેખીતા ક્ષણિક લાભોની પાછળ શાસન વિસરાઇ જાય.

તેથી વીતરાગ–પરમાત્માએ પ્રરૂપેલી શાસનની મર્યાદા ગીતાર્થ મહાપુરુષો પાસેથી સમજી અમલમાં ઉતારવા પ્રયત્ન કરવો જરૂરી છે.

૮. ગોચરી–આહાર

ધર્મની સાધનાના અંગરૂપ શરીરના ટકાવ માટે શાસ્ત્રાનુસારી મર્યાદા મુજબ ગોચરીના [1]બેંતાલીસ દોષોનો યથાશક્ય ત્યાગપૂર્વક યથોચિત મેળવેલ આહાર રાગ–દ્વેષની વૃદ્ધિ ન થાય તે રીતે [2]માંડલીના પાંચ દોષમાં ઉપયોગ રાખી વાપરવો ઉચિત છે.

જ્ઞાની–ભગવંતોએ શરીરદ્વારા જ્ઞાન–ધ્યાન–સંયમાદી સાધનામાં ખામી આવતી હોય તે વખતે આપવાદીકરૂપે યોગ્ય–માત્રાએ આહાર લઈ અધ્યવસાયોની નિર્મલતાને વધારવા પૂરતો આહાર વાપરવાનું **શ્રીઓઘનિર્યુક્તિમાં** નિર્દેશ્યું છે.

આહાર વાપરવાના અંગેના હેય[1]–ઉપાદેય પ્રકારો જરૂર ધ્યાનમાં રાખવા જોઈએ. તેમજ આહાર વાપરવામાં સુરસુર કે ચબચબ જેવા શબ્દો કરવા, નીચે દાણા વેરવા–આદી [2]અ–જયણાનો પણ ત્યાગ કરવો ઘટે.

---

૧. જેનું વર્ણન આ જ પુસ્તકના બીજા વિભાગ (પા. ૭૫ ૭૭) માં આવી ગયેલ છે.

૨. જેનું વર્ણન આ જ પુસ્તકના બીજા વિભાગમાં આવી ગયેલ છે.

વળી આહાર વાપરવામાં જ્ઞાન-ધ્યાનાદિમાં સહાયક બને તે રીતે શરીરના ટકાવનું ધ્યેય ભૂલાવું ન જોઈએ. આ કારણે જ્ઞાની-ભગવંતોએ વિગઇઓ પણ જ્ઞાની-ગુરુની નિશ્રા-આજ્ઞા મુજબ વાપરવાનું વિધાન કર્યું છે, નહિં તો મારણના ઉપયોગને ન જાણનાર જેમ રસાયણના ઉપયોગથી અનર્થ ઉઠાવે છે, તેમ વિગઇઓનો સ્વતંત્ર ઉપયોગ પણ બ્રહ્મચર્યની ગુપ્તિમાં દૂષણ લગાડી સંયમ-માર્ગને અવ્યવસ્થિત બનાવી મૂકે છે.

માટે આત્મિક-જ્ઞાનાદિ-ગુણોને વિકસાવવા કરાતી સંયમારાધનામાં સહાયક બને તે રીતે ફક્ત શરીરના નિભાવ માટે જ (સ્વાદ વાસનાઓની પૂર્તિ માટે નહિં) શાસ્ત્રીય-મર્યાદા મુજબ આહાર વાપરવા ઉપયોગવંત બનવું જરૂરી છે.

卐

* ધર્મ આરાધનાની પ્રાથમિક અસરરૂપે આવેશોનું શમન, અશુભ નિમિત્તોની અસરનો ઘટાડો, આંતરિક શુદ્ધિની મંગલ કામના એ ત્રણ બાબતો છે.

૯. સ્થંડિલભૂમિ

વિવેકી આરાધક-આત્માને નિરંતર નવ દ્વારોથી અશુચિ-ઝરતા ઔદારિક-શરીરની કુદરતી—હાજતો અગર સંયમને અનુપયોગી વસ્તુને પરઠવવા માટેની યોગ્ય-ભૂમિનું જ્ઞાન હોવું જરૂરી છે, કારણ કે **સંયમનું રહસ્ય જ જયણાભરી પ્રવૃત્તિમાં છે.** બાકી તો કુદરતી હાજતો કે પોતાને અણગમતી ચીજોનો ત્યાગ જગતમાં બધા ય કરે છે, પરંતુ તેવી બાબતોમાં પણ સંયમની મહત્તા સમજતા પ્રાણીની પ્રવૃત્તિ જયણાપૂર્વકની હોઇ લોકોત્તર-આરાધનાના ફલને મેળવી દેનારી થાય છે.

સ્થંડિલ-શબ્દનો અર્થ "શાસ્ત્રીય મર્યાદાનુસાર-પરઠવવા માટે ઉપયોગી ભૂમિ"-એવો થાય છે.

તેના દશ ભેદો નીચે મુજબ થાય છે.

૧ **અનાપાત-અસંલોક**-કોઈ આવતું-જતું ન હોય અને કોઇ જોતું ન હોય.

૨ **અનુપઘાતિક**-સંયમ, શાસન અને પોતાને હીલનાદિ ઉપઘાતનું કારણ ન થાય.

૩ **સમ**-ઊંચી-નીચી (વિષમ) ન હોય.

૪ **અશુષિર**-છિદ્ર-બાકોરા વગેરેથી રહિત (પોલાણ-વાલી ન હોય.

૫ **અ-ચિર-કાલકૃત**-જે ભૂમિને અચિત્ત થયે બહુ

લાંબો કાળ ન વીત્યો હોય એટલે કે ઋતુ-પલટા આદિથી સચિત્ત હોવાનો સંભવ ન હોય તેવી.

૬ વિસ્તીર્ણ-જઘન્યથી સમ-ચોરસ હાથ-પ્રમાણ અને ઉત્કૃષ્ટથી બાર યોજન પ્રમાણ પહોળી.

૭ દૂરાવગાઢ-જે ભૂમિ ઉપરથી નહિં પણ ઓછામાં ઓછી ચાર આંગલ સુધી અંદરથી પણ અ-ચિત્ત થયેલ હોય.

૮ અનાસન્ન-કોઇપણ દેવમંદિર, મકાન, વાડી, દેવસ્થાનક, ખેતર આદિની નજીકમાં ન હોય તેવી.

આ ઉપરથી એમ સમજવું કે કુદરતી હાજતની શંકા થતાં જ યોગ્ય તૈયારી કરીને, સ્થંડિલભૂમિએ જવાની તૈયારી કરવી.

નહિં તો કુદરતી હાજતના વધુ પડતા દબાણથી અધવચ ક્યાંક અ-યોગ્ય ભૂમિએ શંકા ટાળવાથી પ્રવચન-હીલના આદિ ઘણા દોષો લાગે.

૯ બિલ-વર્જિત-સાપ-વીંછી-કીડી-મંકોડા વિગેરેના બિલો ન હોય.

૧૦ ત્રસ-પ્રાણુ-બીજરહિત-ત્રસ-જીવો તથા બીજોથી રહિત હોય.

ઉપરના દશ ભેદોમાં પ્રથમ ભેદમાં ચઉભંગી થાય છે.

૧ અનાપાત-અ-સંલોક-લોકોનો આવવા-જવાનો માર્ગ ન હોય અને દેખી શકતા ન હોય.

૨ **અનાપાત-સંલોક**-લોકોનો આવવા-જવાનો માર્ગ ન હોય, પણ છેટેથી દેખી શકાતું હોય.

૩ **આપાત-અ-સંલોક**-લોકોનો આવવા જવાનો માર્ગ હોય પણ ખાડા-આદિના કારણે દેખી શકાતું ન હોય.

૪ **આપાત-સંલોક**-લોકોનો આવવા-જવાનો માર્ગ હોય અને દેખી શકાતું હોય.

આ ચારેમાંથી પ્રથમ ભાંગો શુદ્ધ છે, બાકીના ભાંગા અપવાદ-પ્રસંગે ગુરુ-મહારાજની આજ્ઞા પ્રમાણે યથાયોગ્ય રીતિએ લેવાય છે.

ઉપર જણાવેલ દશ ભેદોના એક-સંયોગી દ્વિ-સંયોગી, ત્રિ-સંયોગી યાવત્ દશ-સંયોગી ભાંગાઓ **શ્રીઅનુયોગ દ્વારાદિ** સૂત્રોમાં જણાવેલ પદ્ધતિએ કરવાથી ૧૦૨૪ ભાંગા થાય છે. જેમાં ૧૦૨૩ અશુદ્ધ અને છેલ્લો ભાંગો સર્વથા શુદ્ધ છે.

આ ઉપરથી એમ સમજવાની જરૂર નથી કે-અહોહો! આટલા બધા ભાંગાની વિચારણા કેમ થાય? અને તેવી શુદ્ધ સ્થંડિલભૂમિ ક્યાં મળે? પણ જિનાજ્ઞા-પ્રધાન સંયમની ક્રિયામા જયણા-ઉપયોગની જાગૃતિ રહે, પરિણામમાં નિઃશૂકતા ન આવે તેટલા-પૂરતું પણ આ બધું ધ્યાનમાં રાખવાની જરૂર છે.

વળી સ્થંડિલ-ભૂમિએ ગયા પછી કુદરતી હાજત ટાળતી વખતે સંયમોચિત-મર્યાદા અવશ્ય ધ્યાનમાં રાખવા જેવી છે, તે આ પ્રમાણે—

વિવેકી-સાધુએ શાસ્ત્રીય-મર્યાદાનુસાર યથાશક્ય જયણા-પૂર્વક સ્થંડિલ-ભૂમિની તપાસ કરી, થોડાક ઈંટના ટુકડા-ઢેફાળાં કે કાંકરા વગેરે લેવા, જેના ઉપયોગથી પાણીનો વ્યય અલ્પ કરવો પડે, બાદ ઉત્તર અને પૂર્વદિશા, ગામ, સૂર્ય અને પવનને પીઠ કર્યા સીવાય કુદરતી-હાજત ટાળવા "अणुजाणह जस्सुग्गहो ।" કહી બેસવું. જીવાકુલ-મલની સંભાવનાએ છાયામાં બેસવા ઉપયોગ રાખવો. બાદ પાણી આદીથી શુદ્ધિ કરી ત્રણ વાર "वोसिरे" કહેવું.

ઉપર-મુજબની જન-સાધારણ કુદરતી-હાજત ટાળવાની પ્રવૃત્તિ પણ જયણાપૂર્વક કરવાથી સંયમીને વિશિષ્ટ રીતે કર્મ-નિર્જરાનું સાધન બની જાય છે, માટે તે અંગે યથા-શક્ય યતનામાં ઉપયોગવંત રહેવું જરૂરી છે.

卐

યાદ રાખો !!!

* શુભ વિચારોને કાર્યરૂપે પરિણત કરવામાં જરા પણ કાલક્ષેપ કરવો ઉચિત નથી, કાલક્ષેપ કરવાનું મન થાય એનો અર્થ તે શુભ-વિચારોની પક્કડ હજુ જામી નથી.

આ પ્રમાણે દૈનિક-ચર્યાના કેટલાક તત્ત્વોનો ટૂંકમાં વિચાર કર્યો, હવે સાધુના-સંયમને ઉપયોગી બીજા કેટલાક તત્ત્વોનો ટૂંકમાં વિચાર કરાય છે.

૧ વિહારની-સામાચારી

સંયમના વિશુદ્ધ-પાલનદ્વારા સ્વ-કલ્યાણની સાધના સાથે અજ્ઞાનાદિથી આથડતા સંસારી-પ્રાણીઓને તીર્થંકર ભગવંતના હિતકર-ઉપદેશના શ્રવણ કરાવવા આદિ દ્વારા યથાશક્ય રીતે પર-કલ્યાણ સાધવાની પણ સાધુઓની પવિત્ર ફરજ છે, તે અંગે ગ્રામાનુગ્રામ વિહાર પણ સાધુને આવશ્યક છે, જોકે એક-સ્થાને રહેવાથી સંયમાદિમાં ઘણા દૂષણ લાગવાનો સંભવ હોવાથી સાધુઓને માસકલ્પાદિ-મર્યાદાથી વિહાર કરણીય હોય છે, છતાં ઉપયોગવંત જયણાશીલ અને શાસ્ત્રીય-રહસ્યોને સમજનારાને તે દૂષણોનો પરિહાર સુ-શક્ય હોઇ સામાન્યથી જગતના જીવોના હિત માટે વિહાર છે, એમ સાપેક્ષ રીતે કહી શકાય, તેથી વિહાર પ્રસંગે કેટલીક શાસ્ત્રીય-મર્યાદાઓ ધ્યાનમાં રાખવા જેવી છે.

પ્રથમ તો વિહારમાં છએ કાયની વિરાધનાથી યોગ્ય રીતિએ જયણા-પૂર્વક બચવાનો ખાસ ઉપયોગ રાખવો.

પગ પૂંજવાની વિધિ :—

સ-ચિત્ત કે સ-જાતીય વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળી ભૂમિમાંથી વિજાતીય-ભૂમિએ જતી વખતે અને ગામમાં પેસતી કે નિકળતી વખતે, સ-જાતીય વિ-જાતીય શસ્ત્રથી

પૃથ્વીકાયની વિરાધના ન થવા પામે માટે પગની પ્રમાર્જના કરવી જોઇએ, તે પણ ગૃહસ્થના દેખતાં ન કરવી, ગૃહસ્થ જોતો હોય કે સાથે હોય તો ખબર ન પડે તેમ ધીમે ધીમે પાછા હઠી ખબર ન પડે તેમ પગ પુંજવાનો ઉપયોગ રાખવો. અગર તો તેવા પ્રસંગે રજોહરણથી ન પુંજતાં બીજા કોઇ વસ્રથી ગૃહસ્થનું ધ્યાન ન પડે તેમ પ્રમાર્જી જયણાપૂર્વક સંયમની મર્યાદા સાચવવી.

રસ્તો પૂછવાની વિધિ—

વિહાર-પ્રસંગે સાધુએ પ્રથમથી દરેક જાતની માહિતી મેળવી લેવી જોઇએ. છતાં કદાચ તેવા કોઇ પ્રસંગે બે રસ્તા આવે, ત્યારે માર્ગની માહિતી બરાબર ધ્યાનમાં ન હોય તો બીજા કોઇને પૂછવું, તે કઈ રીતે પુછવું ? તેની શાસ્રીય-મર્યાદા આ પ્રમાણે છે—

જેને રસ્તો પૂછવો હોય તે ત્રણ જાતના હોય. પુરુષ, સ્રી અને નપુંસક વળી તે એકેકના સ્થવિર, મધ્યમ અને તરુણ, એમ ત્રણ ભેદ થતા હોવાથી નવ ભેદ થાય. વળી તે નવ સાધર્મિક (જૈનધર્મી) અને અન્ય-ધાર્મિક (જૈનેતર) એમ બે જાતના હોઈ રસ્તાની માહિતી જેને પૂછી શકાય પૂછવા લાયકના તેના અઢાર ભેદો થાય છે.

રસ્તો પૂછવામાં પણ એકલા માણસને પૂછવું નહિં, બે જણાને જ પૂછવું. બે જણાએ કહેલી વસ્તુ પણ

પોતે પોતાની બુદ્ધિથી જે ગામથી આવેલ છે, જ્યાં જવું છે ત્યાંની દિશા વગેરેના ખ્યાલપૂર્વક વિચારવું.

તેમજ સામો માણસ નજીક હોય ત્યારે જ રસ્તો પૂછવો. કદાચ દૂર હોય તો જયણાપૂર્વક પાસે જઇને પૂછવું, સામા માણસને બૂમ મારી પોતાની પાસે ન બોલાવવો, તેમાં વિરાધનાદિ અનેક દોષો લાગે છે.

પૂછતી વખતે સામો માણસ હાથ જોડે તો ધર્મલાભાદિ આપી પૂછવું. કદાચ સામો માણસ હાથ ન જોડે તો પણ ધર્મલાભાદિ દ્વારા સામાનું ધ્યાન ખેંચ્યા પછી જ રસ્તો પૂછવો.

વળી ઉપર જણાવેલ અઢાર ભેદમાંથી કોને પૂછવું અને કોને ન પૂછવું. તેની વ્યવસ્થા નીચે મુજબ છે.

૧ સાધર્મિક બે પુરુષોને પૂછવું, તે ન મળે તો ૨ અન્ય ધાર્મિક મધ્યમ પુરુષને, તે ન મળે તો ૩ દૃઢ સ્મૃતિવાળા સ્થવિર-પુરુષને, તે ન મળે તો ૪ સરલ સ્વભાવી તરુણ પુરુષને પૂછવું.

આ જ વ્યવસ્થા સ્ત્રી-વર્ગ અને નપુંસક-વર્ગ માટે પણ જાણવી. આ ભાંગાઓઓને શાસ્ત્રીય-ગણિતની રીતિ પ્રમાણે ગણવાથી અન્ય-ધાર્મિકના નવ ભેદોના ૯૦ ભાંગા અને સાધર્મિક નવ ભેદોના ૮૧ ભાંગા થાય,

જે ગુરુગમથી ધારીને સમજવા જરૂરી છે.

ગામમાં પેસવાની વિધિ—

વળી વિહારમાં વચ્ચે આવતા-ગામમાં કે મુખ્ય-ગામમાં પેસતાં ચૌટે કે કૂવાકાંઠે લોકોને પૂછવું કે 'આ ગામમાં અમારો વર્ગ છે કે નહિ ?' એટલે સામા-લોકો પૂછે કે-'તમારો વર્ગ એટલે શું ?' એટલે ખુલાસો કરવો કે-'અમારો વર્ગ પાંચ જાતનો- દહેરાસર, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા 'આમાંથી આ ગામમાં શું શું છે ?' એટલે ગામના લોકો કહે કે-' અહીં તમારા વર્ગમાંની અમુક ચીજો છે.' આ વિધિપૃચ્છા કહેવાય છે, પણ ગામમાં પેસતાં 'વાણિયાના ઘર કયાં છે ? દહેરાસર કયાં છે ?' વગેરે પૂછવું તે સાધુઓને ઉચિત નથી. આના ગુણ-દોષ વિગતવાર શ્રીઓઘનિર્યુક્તિ આદિ ગ્રંથમાંથી ગુરુગમથી જાણી લેવા.

આવી અનેક બાબતો વિહાર-પ્રસંગે જયણાપૂર્વક વિચારવાની હોઈ શાસ્ત્રકાર-ભગવંતોએ ગીતાર્થને જ સ્વતંત્ર વિહાર કરવાની આજ્ઞા આપી છે.

જેઓ ગીતાર્થ ન હોય તેઓને ગીતાર્થની નિશ્રામાં રહીને વિચરવું એવું ભારપૂર્વક વિધાન જ્ઞાનીઓએ કર્યું છે.

આ કારણે એકાકી-વિહારને જ્ઞાની-ભગવંતોએ અ-કરણીય બતાવ્યો છે.

અહીં એકાકીવિહાર શબ્દથી એકલા વિચરવાના અર્થ સાથે "શાસ્ત્રાજ્ઞાવિરુદ્ધ રીતે સ્વતંત્ર-વિહાર

કરનારા અ-ગીતાર્થ ઘણા સાધુઓનો વિહારનો" અર્થ પણ સમજવો.

શ્રી ઓઘનિર્યુક્તિ, શ્રીમહાનિશીથ સૂત્ર આદિમાં જ્ઞાની-ભગવંતોએ નીચેના કારણોએ સમુદાયથી નિરપેક્ષ બની સ્વતંત્ર વિચરનારા સાધુઓનો વિહાર અ-યોગ્ય ઠરાવ્યો છે.

૧ ધર્મચક્ર, સ્તૂપ, જીવંતસ્વામીની પ્રતિમા આદિને જોવા માટે.

૨ તીર્થંકર-ભગવંતોના જન્મ, દીક્ષાદિ કલ્યાણક-ભૂમિને જોવા માટે.

૩ મોટા જમણવારના પ્રસંગે ગોચરી આદિ માટે.

૪ પગ છૂટો કરવા-વિહારની લાલસા માટે.

૫ સારા આહાર-ઉપધિ વગેરે મળતી હોય તેવા દેશ-ગામમાં જવા માટે.

આમાં ધર્મચક્ર સ્તૂપ, જીવંતસ્વામીની પ્રતિમા, આદિ તીર્થોના દર્શનને અ-યોગ્ય ઠરાવવાનો આશય એ છે કે-

સાધુઓને સંયમ-યાત્રાની પ્રધાનતા હોઇ જ્ઞાન, ધ્યાન અને સંયમ-આરાધનાની અનુકૂલતાએ વિહારના ક્રમે વચમાં આવી જતા તીર્થોની યાત્રા-સ્પર્શના કરવાની હોય છે, ખાસ યાત્રા માટે જ જવું, તે આરંભ-સમારંભમાં રહેલા ગૃહસ્થોને વિશિષ્ટ

રીતે વિરતિ-માર્ગ પર વધવાના અભ્યાસ માટે ઉપયોગી છે. સાધુઓને તે રીતે યાત્રાદિ માટે તીરની માફક વિહાર કરવામાં સંયમની અનેક મર્યાદાઓ અવ્યવસ્થિત થાય છે, તે ઉપરાંત સાધુઓના વિહારથી ઠેકાણે ઠેકાણે થતી ધર્મપ્રભાવનામાં પણ અલ્પતા આવે છે.

આ વાત **શ્રી મહાનિશીથ સૂત્ર** (અધ્ય. ૪, સૂ. ૧૧) માં ૪૯૯ **સાધુના દૃષ્ટાંતમાં** બહુ સ્પષ્ટપણે વર્ણવી છે.

સંયમારાધનની મુખ્યતાની અપેક્ષાએ તીર્થયાત્રાદિને અહીં સ્વતંત્ર વિહાર-તે અ-ગીતાર્થપણાના કારણ તરીકે જણાવી છે, બાકી આ ઉપરથી **"સાધુઓને તીર્થયાત્રાદિનું સર્વથા વિધાન નથી"** તેમ માનવાની જરૂર નથી.

વળી ઉપર બતાવેલ પાંચ કારણોમાં **તીર્થયાત્રાને** ન ગણાવતાં તે તીર્થોને જોવાની ઉત્કટ ઇચ્છાને મુખ્ય પણે જણાવી છે, તેથી કેવલ દેશ-વિદેશ ફરવાની કુતુહલ-વૃત્તિ કે નવું જાણવા-જોવાની જિજ્ઞાસાથી કરાતા સ્વતંત્ર-વિહારો શાસ્ત્રીય-મર્યાદાથી વિરુદ્ધ છે ! એમ જાણવું.

આ બધું **શ્રીઓઘનિર્યુક્તિ** ગ્રંથના આધારે આલેખ્યું છે.

આરાધનાનું માપકયંત્ર

વિષય-વાસનાનું જોર અને પૌદ્-ગલિક-પરાધીનતાનું લક્ષ્ય ઘટે ત્યારે ધર્મની આરાધના પરિણમી કહેવાય.

૨-ઉપધિ-પ્રમાણ

સંયમની આરાધના કરનાર મુમુક્ષુ-આત્માને છ કાયના જીવોની હિંસાથી સર્વથા અટકવારૂપના મહાવ્રતને ટકાવવા ઉપયોગી જયણાના પાલન સિવાય જરૂરી-પ્રવૃત્તિઓમાં થતા કર્મબંધનથી અલિપ્ત ન રહી શકાય માટે દરેક-પ્રવૃત્તિમાં જયણા-બુદ્ધિના યથાર્થ રક્ષણ માટે તે તે ઉપકરણો જ્ઞાની-ભગવંતોએ શાસ્ત્રીય મર્યાદા મુજબ રાખવા જરૂરી જણાવ્યાં છે.

તે ઉપકરણ-સંબંધી શાસ્ત્રીય આજ્ઞા ધ્યાનમાં રાખવાથી શરીર-સંહનનાદિ કે પરિસ્થિતિની વિષમતાએ આચરણની અ-વ્યવસ્થા થવા છતાં પરિણામોમાં (સશૂકતા) સાપેક્ષતા જળવાઈ રહે છે, અને સાપેક્ષ-બુદ્ધિએ કરાતી આચરણામાં શાસ્ત્રાજ્ઞાના બહુમાનની વ્યવસ્થિત જાળવણી રહેતી હોવાથી કર્મબંધનનું તારતમ્ય ઘણું રહેવા પામે છે; માટે અહીં ઉપકરણ સંબંધી ટૂંકો ખ્યાલ આપવામાં આવે છે.

ઉપકરણ—એટલે સંયમની આરાધનામાં ઉપકાર (મદદ) કરનાર થાય તે.

ઉપકરણના શાસ્ત્રમાં ઔઘિક અને ઔપગ્રહિક બે ભેદ બતાવ્યા છે.

તેમાં ઔઘિક-ઉપકરણના ચૌદ ભેદ નીચે મુજબ છે.

૩-કપડા=બે સૂતરાઉ અને એક ઉનનો એટલે કાંબલ, કાંબલનો કપડો અને પહેરવાનો કપડો. એમ ત્રણ કપડા.

૧-રજોહરણ (કર્મરૂપી ભાવરજ અને ધૂળ વગેરે દ્રવ્યરજની પ્રમાર્જનાનું સાધન.)

૧-મુખપોત્તિકા (મુહપત્તિ) બોલતી વખતે જીવ-વિરાધનાથી બચવા મોઢા આગળ રાખવા માટે.)

૧-માત્રક (સંયમની શુદ્ધિ, વડિલોની ભક્તિ આદિ માટે પ્રાચીન કાલમાં રખાતું પ્રમાણપૂર્વકનું પાત્ર.)

૧-*ચોલપટ્ટ (લજ્જા આદિને જીતવા માટે પહેરાતું અધોભાગનું વસ્ત્ર)

૧-પાત્ર (સંયમની જયણા આદિ માટે શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે ઉપયોગમાં આવતું લાકડાનું પાત્ર.)

૧-પાત્રબંધ (ઝોલી)

૧-પાત્રકેશરિકા (પાતરાં પુંજવાની મુહપત્તિ-ચરવલી)

૧-પડલા (ઝોલી પર પાત્રાં ઢાકવા રખાતા લાંબા ટુકડા પલ્લા)

૧-રજસ્ત્રાણ(પાત્રાં બાંધતી વખતે વચ્ચે રખાતું વસ્ત્ર.

૧-ગુચ્છક (પાત્રાં બાંધ્યા પછી ઉપર ચઢાવાતો ગુચ્છો)

૧-પાત્રસ્થાપન (પાત્રાં મૂકવાનું આસન-નીચેનો ગુચ્છો)

૧૪

ઉપર મુજબના ઉપકરણોમાં સાત ઉપકરણ પાતરાનાં છે, સાત બીજા છે.

---

* ચોલ શબ્દ પુરુષલિંગવાચી દેશ્ય શબ્દ છે, તેના આચ્છાદન માટેનું વસ્ત્ર ચોલપટ્ટ કહેવાય છે.

સાધ્વીઓએ આ ચૌદ ઉપકરણોમાં ચોલપટ્ટાને બદલે કમઢક (પ્રાચીનકાલનું પાત્રવિશેષ) જાણવું, તે ઉપરાંત નીચેના અગ્યાર ઉપકરણો વધારેના જાણવા.

૧-અવગ્રહાનંતક-(ગુપ્ત-પ્રદેશના રક્ષણ માટે નાવાકારે સચોટ લંગોટ જેવું પહેરાતું વસ્ત્ર.)

૧-પટ્ટ (અવગ્રહાનંતક ઉપર મલ્લના કચ્છની જેમ કેડ ઉપર પહેરાતું વસ્ત્ર.)

૧-અર્દ્ધોરુક-પટ્ટની ઉપર આખા કેડ વિભાગને ઢાંકી અર્ધી સાથળ સુધી પહેરાતું વસ્ત્ર.)

૧-ચલણી-અર્દ્ધોરુકની ઉપર ઢીંચણ સુધી પહેરાતું વસ્ત્ર.)

૧-અંતર્પરિધાનિકા-(ચલણી ઉપર અર્ધી જંઘા સુધી શરીર સાથે સંલગ્ન રહે તેમ પહેરાતું વસ્ત્ર.)

૧-બહિર્પરિધાનિકા-(દોરો પરોવેલ ઘાઘરા જેવું પગ સુધી પહેરાતું વસ્ત્ર, જે હાલ સાડો કહેવાય છે.)

૧-કંચુક-(છાતીના ભાગને ઢાંકવા માટેનું વગર સીવેલું વસ્ત્ર).

૧-ઔપકક્ષિક-(જમણી બાજુથી પહેરાતું છાતીના ભાગને ઢાંકવા માટેનું વસ્ત્ર.)

૧-વૈકક્ષિક-(કંચુક-ઔત્કક્ષિક બન્નેને ઢાંકી દે તેવું પહેરાતું વસ્ત્ર.)

૧-સંઘાડી-(કપડા તરીકે પહેરાતું વસ્ત્ર, તે ચાર પ્રકારે હોય, બે હાથનું (ઉપાશ્રયમાં પહેરવા માટે ૨-૩ ત્રણ હાથના બે (એક ગોચરી માટેનું, એક સ્થંડિલ ભૂમિએ જવા માટે) અને એક ચાર હાથનું (વ્યાખ્યાનાદિમાં જવા માટે.)

૧-સ્કંધકરણી-(પવનાદિથી શરીરના કપડાં આઘા-પાછા ન થાય તે માટે વસ્ત્રોની વ્યવસ્થા જાળવનારું વસ્ત્ર, અગર રૂપવતી સાધ્વીઓના દેખાવને અવ્યવસ્થિત કરવા જે વસ્ત્રનો ડુચો વાળી પીઠ ઉપર ખૂંધનો દેખાવ કરાય તે.)

૧૧

ઉપર મુજબના અગિયાર વસ્ત્રો મળી સાધ્વીને પચીસ ઉપકરણો ઔધિક-ઉપધિમાં જ્ઞાની-ભગવંતોએ બતાવ્યાં છે.

અગિયાર વસ્ત્રોની સંકલનામાં પુરુષ કરતાં સ્ત્રીઓના અંગોપાંગોની વ્યવસ્થા વધુ જાળવવાનો જ્ઞાની-ભગવંતોનો પ્રધાન આશય છે; કારણ કે આટલી બધી વ્યવસ્થા અંતર્ગત ગુપ્ત પ્રદેશોને જાળવવા કરી હોય એટલે કદાચ કોઈ બળાત્કાર આદિનો પ્રસંગ બને તો તે પ્રસંગે પણ શીલવ્યવસ્થાને ધક્કો ન પહોંચી શકે તેવી સુદીર્ઘ-દર્શિતા આમાંથી સૂચિત થાય છે.

ઔપગ્રહિક ઉપધિમાં નીચે મુજબની વસ્તુઓ છે.

૧ સંથારો

૧ ઉત્તરપટ્ટો

૧ રજોહરણની અંદરની નિષદ્યા (વસ્ત્ર)

૧ રજોહરણની બહાર નિષદ્યા (વસ્ત્ર)

૧ વર્ષાકલ્પ (ચોમાસામાં કારણ પ્રસંગે સામાન્ય વરસાદની ફરફરની વિરાધના આદિથી બચવા વપરાતી કાંબલવિશેષ, ભરવાડોની ધાબળી અને વર્ત્તમાન યુગના રેઈનકોટ જેવી વસ્તુ)

૧ ડાંડો.

આ ઉપરાંત જરૂર પડયે જ્ઞાની-ગુરુની આજ્ઞા મુજબ જેનાથી જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાના સંસ્કારોની પ્રોજ્જ્વલે-ખીલવણી થઈ શકે તેવા બધા સાધનોનો સમાવેશ ઔપગ્રહિક-ઉપધિમાં થાય છે.

* શુભ વિચારોને કાર્યરૂપે પરિણત કરવામાં જરા પણ કાલક્ષેપ કરવો ઉચિત નથી, કાલક્ષેપ કરવાનું મન થાય એનો અર્થ તે શુભ વિચારોની પક્કડ હજુ જામી નથી.

૩. ઉપધિનું-પ્રમાણ

પાતરાં—સામાન્યતઃ પાતરાંનું પ્રમાણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણ જાતનું, જે પાતરાનો ઘેરાવો ત્રણ વેંત અને ચાર આંગલ હોય તે મધ્યમ, તેથી હીન તે જઘન્ય, વધારે તે ઉત્કૃષ્ટ. અથવા પોતાની ગોચરી—આહારના પ્રમાણને અનુકૂળ જે હોય. તથા પાતરું ગોળ, સમચોરસ પડઘીવાળું. અશુભ-ચિહ્નોથી રહિત અને સારા વર્ણાદિવાળું હોવું જોઈએ.

તેમજ જેમાંથી વસ્તુ બહાર કાઢતાં કે ધોતાં હાથ ન ખરડાય તેટલા પહોળાં મોંઢાવાળા પાતરાં હોવા જોઇએ, સાંકડા મુખવાળા પાતરામાં જયણા પણ સાચવી શકાય નહિં, માટે પહોળાં મ્હોંવાળું પાતરું હોવું જોઇએ.

ઝોલી—પાત્રું મૂકયા પછી, ગાંઠ વાળ્યા બાદ ચારે છેડા ચાર આંગલના લટકતા રહી શકે તેટલા માપની.

ઉપર-નીચેનો ગુચ્છો—ચરવલી—આ ત્રણેનું માપ એક વેંત અને ચાર આંગળનું હોવું જોઇએ.

પડલા—ઉનાળામાં ત્રણ, ચોમાસામાં પાંચ અને શિયાળામાં ચાર હોય. જે પલ્લા ભેગા કર્યાથી સૂર્ય તેમાંથી ન દેખાય તેવા ઘન-વસ્ત્રના પલ્લા બનાવવા. વળી તે પલ્લા કોમલ સ્પર્શવાળા હોવા જોઇએ, જેથી જીવ-વિરાધનાનો સંભવ ન રહે.

તે પલ્લા અઢી હાથ લાંબા, છત્રીશ આંગળ પહોળા હોવા જોઇએ.

રજસ્રાણ–પાત્રાં બાંધતી વખતે પ્રદક્ષિણાકારે વચમાં ચાર–ચાર આંગલ જે વસ્ત્રનો ભાગ આવી રહે તેટલું માપ તેનું જાણવું.

કપડા–બે સૂતરાઉ અને એક ઉની ત્રણે કપડા અઢી હાથ પહોળા શરીર પ્રમાણે કપડા જાણવા.

રજોહરણ–ડાંડીમાં ઘનતા હોવી જોઇએ, જેથી જીવ-જંતુ ભરાય નહિ, દશીઓ કાંબલના ટુકડા છેડાઓને જ વ્યવસ્થિત કરીને બનાવેલ હોય, તે દશીઓ કોમલ સ્પર્શ-વાળી અને વગર ગંઠેલી હોવી જોઈએ.

તથા આખા ઓઘાની જાડાઇ અંગુઠાના પહેલા વેઢા પર તર્જની આંગલી વક્રાકારે મૂકવાથી જે ગોળાઇ થાય તેટલી હોવી જોઇએ, દશીઓ આઠ આંગલની અને ડાંડી ચોવીસ આંગલની મળી બત્રીસ આંગલનું માપ રજોહરણ હોવું ઘટે. કારણ પ્રસંગે એકના પ્રમાણની હીનતા કે અધિકતાએ બીજાનું પ્રમાણ વધારી કે ઘટાડી બત્રીસ આંગલનું માપ જાળવવું જોઇએ. તેની ઉપર (અભ્યંતર–બાહ્ય) હાથ પ્રમાણ પહોળી બે નિષદ્યાઓ (વસ્ત્ર) ચઢાવી ત્રણ આંટા દેવા.

મુહપત્તિ–એક વેંત ને ચાર આંગલનું માપ દરેકને પોતપોતાના હાથથી માપીને જાળવવું, અથવા કાજો કાઢતી

વખતે મુહપત્તિને તીચ્છીં રીતે મોંઢા આગલ કરી કંઠના પાછળના ભાગે ગાંઠ દઈ શકાય તેટલી મુહપત્તિ જાણવી.

ચોલપટ્ટો—સ્થવિરોને માટે પાતળો અને યુવાનોને માટે જાડો જાણવો. સ્થવિરોના ચોલપટ્ટાને બમણો કર્યાથી અને યુવાનોના ચોલપટ્ટાને ચારગણો કર્યાથી હાથપ્રમાણ સમચોરસ થાય તેટલું માપ જાણવું.

સંથારો-ઉત્તરપટ્ટો—અઢી હાથ લાંબા અને એક હાથ ને ચાર આંગલ પહોળા જાણવા.

ડાંડો—પોતાના શરીરની ઊંચાઈ પ્રમાણે એટલે કે કાન કે નાસિકાના છેડા સુધીનો હોવો જોઈએ.

ઉપર પ્રમાણે ઉપધિસંબંધી માહતીને જાણી-સમજી યથોચિત-વિવેકબુદ્ધિના ઉપયોગપૂર્વક શકય હોય તેટલી બિન-જરૂરિયાતી ચીજોનો ત્યાગ કરી બેદરકારીથી લાગતા અસંયમાદિ-દોષોના પરિહાર માટે ઉદ્યત થવું ઘટે.

* સંસ્કારોની ભૂમિ પલટાયા વિના સંસ્કારો નિષ્ક્રિય બનતાં નથી અને સંસ્કારોની નિષ્ક્રિયતા એ જીવન-શુદ્ધિનું પ્રથમ સોપાન છે.

૪ સમય-પરીક્ષા

સાધુ-જીવનમાં કરણીય તરીકે નિર્દિષ્ટ સ્વાધ્યાય, પ્રતિલેખના, પચ્ચક્ખાણુ પારવું વગેરે કામો નિયત-સમયે કરવાના હોય છે. તે અંગે શાસ્ત્રકાર-ભગવંતોએ ગૃહસ્થાદિ કોઈને પણુ આધીન રહ્યા વિના પોતાની શાસ્ત્રાનુસારી બુદ્ધિના બળે સ્વતઃ સમજી શકાય તેવી સુંદર વ્યવસ્થાઓ કરેલ છે.

એટલે કે સવારના પ્રતિક્રમણુ પછી પડિલેહણુ કરતાં સૂર્યોદય થાય તે રીતે કરવાનું છે, ત્યાર બાદ છ ઘડી દિવસ ચઢે ત્યાં સુધી સ્વાધ્યાય કરવાનો છે, બાદ ત્યાં પોરસી ભણુાવવાની છે, તે પોરસી ક્યારે ભણુાવવી ? તે અંગે વ્યવસ્થા નીચે મુજબ છે.

ઉત્તર-સન્મુખ ઉભડક બેસી જમણો પગ સીધો ઊભો રાખી તે ઢીંચણુની છાયાના માપે પોરસી ભણુાવવાનો સમય જાણુવો. ક્યા મહિનામાં કેટલા પગલે-આંગલે પોરસી આવે ? તેનું કોષ્ટક નીચે મુજબ છે.

પ્રાતઃપોરસી યંત્ર

૧	અસાડ	પૂનમે-૨	પગલે	
૨	શ્રાવણુ	,, -૨	,,	૪ આંગલે
૩	ભાદરવા	,, -૨	,,	૮ ,,
૪	આસો	,, -૩	,,	

૫ કારતક	,, –૩	પગલે	૪	આંગલે
૬ માગસર	,, –૩	,,	૮	,,
૭ પોષ	,, –૪	,,		
૮ માહ	,, –૩	,,	૮	આંગલે
૯ ફાગણ	,, –૩	,,	૪	,,
૧૦ ચૈત્ર	,, –૩	,,		
૧૧ વૈશાખ	,, –૨	,,	૮	આંગલે
૧૨ જેઠ	,, –૨	,,	૪	,,

ઉપરના કોષ્ટકથી સમજાશે કે દર મહિને ચાર આંગલની હાનિ-વૃદ્ધિ થાય છે, આ હિસાબે પંદર દિવસે બે આંગલ, સાત દિવસે એક આંગલ અને રોજ એક આંગલનો કંઈક ઊણા સાતમા ભાગની હાનિ-વૃદ્ધિ સમજવી.

વળી સ્વાધ્યાય માટે શાસ્ત્રકાર-ભગવંતોએ દિવસ-રાત્રિના પહેલા-છેલ્લા પહોર મળી ચાર પહોર (કાળવેલા છોડી) નિયત કરેલ છે, એટલે તે અંગે વિશિષ્ટ કોઈ વ્યવસ્થાની જરૂર નથી રહેતી. પહેલા-છેલ્લા પ્રહરનો ખ્યાલ સહજ આવી શકે તેમ છે.

તથા પચ્ચક્ખાણ પારવા માટે તે તે મહિનામાં અમુક પગલાં પ્રમાણ છાયાની વ્યવસ્થા નિયત કરી છે, તે ઉપરથી સહજ રીતે દરેક આરાધક-આત્મા કોઈપણ સાધનની અપેક્ષા રાખ્યા વિના પચ્ચક્ખાણનો સમય સમજી શકે છે.

પચ્ચક્ખાણ સમય-વ્યવસ્થા

નં. મહિનો	નવકારસી	પોરસી	સાઢપોરસી	પુરિમડ્ઢ	અવડ્ઢ
	પગલાં	પગલાં	પગલાં	પગલાં	
૧ કારતક	૪૦	૧૦	૭	૪	સૂર્યોદય
૨ માગશર	૩૯॥	૧૧	૮	૫	પછી
૩ પોષ	૩૯॥	૧૨	૯	૬	૨૪
૪ માહ	૩૯॥	૧૧	૮	૫	ઘડી=
૫ ફાગણ	૪૦	૧૦	૭	૪	૯॥
૬ ચૈત્ર	૪૨	૯	૬	૩	કલાક
૭ વૈશાખ	૪૩॥	૮	૫	૨	અને છ
૮ જેઠ	૪૪॥	૭	૪	૧	મિનિટે
૯ અસાડ	૪૫॥	૬	૩	૦	દર
૧૦ શ્રાવણ	૪૪॥	૭	૪	૧	માસમાં
૧૧ ભાદરવો	૪૩॥	૮	૫	૨	જાણવું.
૧૨ આસો	૪૨	૯	૬	૩	

આ યંત્ર ઉપરથી મહિના–મહિનાની વ્યવસ્થા સહેલાઇથી સમજાય છે, તેવી રીતે રોજ, અઠવાડિયે કે પખવાડિયે કેટલી ઘટ–વધ થાય ? તે ગુરુગમથી સમજી લેવું.

આ મુજબ સાંજનું પડિલેહણ પણ છેલ્લી પોરસીના નિયત સમયે કરવાનું. તે ચરમ-પોરસીનો નિયત સમય નીચેના કોષ્ટકથી જાણવો.

ચરમ-પોરસી યંત્ર

૧ જેઠ-અસાડ-શ્રાવણ	મહિને-	૬	આંગલની	છાયાએ.
૨ ભાદરવો-આસો-કારતક	,,	૮	,,	,,
૩ માગસર-પોષ-માહ	,,	૧૦	,,	,,
૪ ફાગણ-ચૈત્ર-વૈશાખ	,,	૮	,,	,,

અહીં પણ ઉત્તર સન્મુખ ઉભડક બેસી જમણા-પગને ઊભો રાખી ઢીંચણની છાયાનું માપ સમજવું.

ઉપર જે કોષ્ટકો બતાવ્યાં તે શ્રીઓઘનિર્યુક્તિ આદિ શાસ્ત્રોના આધારે બતાવ્યાં છે, તે ઉપરાંત બીજા પણ સામાન્યથી સમયને જણાવનારાં કોષ્ટકો શાસ્ત્રોમાં આવે છે,

તે ઉપરથી યોજેલી કેટલીક સમયની કૂંચીઓ હવે બતાવાય છે.

> * વિચાર અને આચાર વચ્ચેનું અંતર ઘટાડવા માટે વિચારોને નિષ્ઠાની ભૂમિકા પર સ્થિર કરવાની જરૂર છે.
>
> તેમજ આચારનું જોડાણ ફરજ અને કર્તવ્ય પાલન સાથે કરવું જરૂરી છે. આમ કરવાથી આચાર અને વિચાર વચ્ચેનું અંતર જલ્દી ઘટવા પામે છે.

૫ સમય જાણવાની-કુંચી

૧ પોતાના શરીરની છાયા પગલાંથી ગણી તેમાં ૭ ઉમેરતાં તૈયાર થયેલ રકમથી ૧૨૧ ને ભાગતાં જે જવાબ આવે તેટલી ઘડી અને વધેલી શેષ જેટલી પળો બાર વાગ્યા પહેલાં દિવસ ચઢચો જાણવો અને બાર વાગ્યા પછી દિવસ બાકી જાણવો.

૨ વેંતની છાયા આંગલથી માપી તેમાં સાત ઉમેરતાં તૈયાર થએલ રકમથી ૧૨૦ને ભાગતાં જવાબ જેટલી ઘડી અને જેટલી પલ આવે તેટલો દિવસ ચઢચો કે બાકી રહ્યો જાણવો.

૩ સાત આંગલની સળીની છાયા આંગલથી માપવી, તેમાં સાત ઉમેરતાં તૈયાર થએલ રકમથી નીચે બતાવેલ તે તે માસ ધ્રુવાંકોને ભાગતાં જવાબ જેટલી ઘડી અને શેષ જેટલી પળ દિવસ ચઢચો કે બાકી રહ્યો જાણવો.

૧ કારતક-૧૫૦	૫ ફાગણ-૧૫૦	૯ અસાડ-૧૨૫
૨ માગશર-૧૬૦	૬ ચૈત્ર-૧૪૪	૧૦ શ્રાવણ-૧૩૫
૩ પોષ-૧૭૦	૭ વૈશાખ-૧૩૫	૧૧ ભાદરવો-૧૩૫
૪ માહ-૧૬૦	૮ જેઠ-૧૩૦	૧૨ આસો-૧૪૪

૪ ત્રણ આંગળની સળીની છાયા આંગલથી માપી તેમાં ત્રણ ઉમેરતાં તૈયાર થયેલ રકમથી ૬૪ ને ભાગતાં જવાબ જેટલી ઘડી અને શેષ જેટલી પલ દિવસ ચઢયો કે બાકી રહ્યો જાણવો.

આ પ્રમાણે દિવસે સમય જાણવાની પદ્ધતિ જાણવી, એમાં ઘડી-પળ જે આવે તેને અઢીથી ભાગતાં કલાક આવે છે, કારણ કે અઢી ઘડીને। કલાક થાય છે.

આ મુજબ રાત્રે પણ સમય જાણવો હોય તો નીચે મુજબની પદ્ધતિ છે.

રાત્રે આકાશ નીચે મેદાનમાં ઊભા રહેતાં માથા પર જે નક્ષત્ર આવે, તેને દૈનિક (સૂર્યના) મહાનક્ષત્રથી ગણતાં જેટલામું આવે, તેમાંથી સાત બાદ કરતાં બાકી વધેલ સંખ્યાને વીશથી ગુણી નવથી ભાગવી. જવાબ જેટલી ઘડી શેષ જેટલી પલ સુર્યાસ્ત પછી થઇ એમ સમજવું

આમાં નક્ષત્રોની ઓળખાણ-પરિચય માટે ગુરુગમ-પૂર્વક થોડા અભ્યાસની જરૂર છે, પણ સાધુ—સાધ્વીને રાતના સમય જોવા-જાણવાની ખાસ જરૂર નથી હોતી પ્રતિ-ક્રમણ કરી સ્વાધ્યાય કરી સુઇ જવાનું છે. સમય-મર્યાદાની જરૂર દિવસે પચ્ચક્ખાણ પારવા આદિમાં જરૂરી હોય છે.

આ મુજબ તે તે સંયમની ક્રિયાઓ નિયત સમયે કરવાના ઉપયોગની જાગૃતિથી વિધિપૂર્વક સધાતા વિદ્યામંત્રાદિની જેમ ક્રિયાઓ નિબિડતર કર્મોના બંધનમાંથી મુક્ત કરાવનારી થાય છે.

સમય-વ્યવસ્થા જાણવા માટે ઉપર બતાવેલ શાસ્રીય કોષ્ટકનો વ્યવસ્થિત ઉપયોગ કરવાથી સંયમની મર્યાદાનો ભંગ અને મોહનીય-કર્મની વિચિત્ર પરિણતિની વિષમતાને ઉપજાવનારા ઘડીયાળ અને તેવા અદ્યતન સાધનોના ઉપયોગના અસદાચારમાંથી બચવાનો લાભ મળે છે.

જો કે ઉપરના શાસ્રીય-મર્યાદાનુસારી કોષ્ટકોના ઉપયોગમાં ચોમાસાના દિવસોમાં સૂર્યના તાપના અભાવે છાયા ન પામી શકવાથી કંઈક મુશ્કેલી પડે તેમ છે. પણ તે તો સંયમના ખપી મુમુક્ષુ-આત્માને તેટલી બાધાકર નથી નિવડતી.

કારણ કે રોજના ચાલુ અભ્યાસથી વગર-છાયાએ પણ યોગ્ય—સમયનું સાચું અનુમાન થઇ શકે છે.

વર્ત્તમાન-યુગના સાધનોના વિષમ ઉપયોગથી આપણી તેવી કલ્પના-શક્તિની યથાર્થતામાં હ્રાસ આવ્યો છે, પણ શાસ્રાનુસારી-જીવનના માર્ગ પર ચાલવા ઈચ્છનારને પુનઃ થોડાક અભ્યાસથી તે શક્તિ પ્રાપ્ત થઈ શકે છે.

તત્ત્વજ્ઞાન
એટલે ?

અઘાતી—કર્મ કરતાં ઘાતી—કર્મથી ડરતા રહેવું તે તત્ત્વજ્ઞાનનો સાર છે.

પૂર્વાચાર્ય ભગવંતોએ નિયત કરેલ
સંયમની મર્યાદા

સાધુપણું મેળવીને લોકોત્તર પરમ-સૌભાગ્યશાલી બનેલ મુમુક્ષુ-આત્માને સંયમની આરાધના પ્રતિદિન વધતા વીર્યોલ્લાસ-પૂર્વક કરવા માટે શાસ્ત્રકાર-ભગવંતોએ નિયત કરેલ મન-વચન-કાયાના સદ્વર્ત્તનોનું અવલંબન લેવાની ખાસ જરૂર છે;

તેથી પ્રાચીન કાલમાં શાસ્ત્રકાર-ભગવંતોએ નિયત કરેલ સદ્વર્ત્તનોની મર્યાદાને પહોંચી ન વળવાના બહાને મુગ્ધાત્માઓ મર્યાદાહીન-જીવન જીવવા તૈયાર ન થઈ જાય, માટે દીર્ઘદર્શી વિવેકી પૂર્વાચાર્ય ભગવંતો સમયે સમયે ગચ્છ-વ્યવસ્થાના યોગ્ય બંધારણને વ્યવસ્થિત કરી તે તે અલ્પ-શક્તિ કે વીર્યોલ્લાસવાળાને પણ સંયમની યોગ્ય મર્યાદામાં ટકી રહેવાની સુંદર વ્યવસ્થા કરતા હતા, તેની વ્યવસ્થા પ્રાચીન કાલમાં "સાધુ-મર્યાદા-પટ્ટક" નામે ઓળખાતી,

તેવા ચાર પટ્ટકોમાંથી વર્ત્તમાનકાલે અમલમાં મૂકી શકાય તેવી વ્યવસ્થાના કેટલાક નિયમો મુમુક્ષુ આત્માના ભાવ-વીર્યોલ્લાસની વૃદ્ધિ અર્થે ચૂંટી કાઢી અહીં આપવામાં આવે છે.

(૧) વિ. સં. ૧૬૪૬ પોષ વદ ૩ શુક્રવારે પાટણમાં જગદ્ગુરુ શ્રીવિજયહીરસૂરીશ્વરજી મહારાજે જણાવેલ પટ્ટકમાંથી

૧ રોજ (ઓછામાં ઓછી) એક નવકારવાલી (બાંધી) ગણવી.

૨ હંમેશાં મોટાની સેવા-ચાકરી કરવી.

૩ છતી શક્તિએ હંમેશાં દિવસમાં એક ગાથા અથવા છેવટે એક પદ પણ નવું ભણવું.

૪ પડિક્કમણું ઠાયા પછી "इच्छामो अणुसट्ठिं" સુધી અર્થાત્ છ આવશ્યક પૂરાં થતાં સુધી તેમજ આહાર કરતાં કે ઉપધિનું પડિલેહણ કરતાં અને માર્ગે ચાલતાં બોલવું નહિ.

૫ બિમારી અને વિહાર વગેરે કારણ વિના હંમેશાં ઓછામાં ઓછું બિયાસણું કરવું.

૬ મોટા કારણ સિવાય દિવસે સુવું નહિ કે રાત્રે પહેલી પોરસીમાં અર્થાત્ સંથારા-પોરસી ભણાવ્યા વિના સૂવું નહિ.

૭ ચોમાસીનો છટ્ઠ તથા સંવચ્છરીનો અટ્ઠમ મોટા કારણ વિના મૂકવો નહીં.

૮ ક્રિયા-સંબંધી અનુષ્ઠાન-વિધિ કરવાનો વિશેષે કરીને ખપ કરવો, અર્થાત ક્રિયારુચિ થઇને ક્રિયા કરવામાં તત્પર રહેવું.

૯ પડિલેહણ કર્યા વિનાનું વસ્ત્ર-કાંબલ ન વાપરવું.

૧૦ નીખારેલું (ખેળવાળું, ચમકવાળું કે રંગેલું) વસ્ત્ર હોય તો તેના રંગનું પરાવર્ત્તન કરીને વાપરવું અર્થાત્ પાણીમાં નાંખીને રંગ-ચમક-ભભકો ઓછો કરી નાંખીને વાપરવું.

૧૧ ગૃહસ્થો પાસેથી પાછા આપવાની શરતે ઉછીના વસ્ત્ર કે કાંબલ બિલકુલ લેવા નહીં.

(૨) સં. ૧૬૭૭ વૈશાખ સુદ ૭ બુધવારે પુષ્ય-નક્ષત્રે સાબલીનગરે શ્રીવિજયદેવસૂરિનિર્મિત મર્યાદાપટ્ટકમાંથી

૧ માસકલ્પની મર્યાદાએ ગીતાર્થે વિહાર કરવો.

૨ સમસ્ત-યતિએ માંડલે પ્રતિક્રમણ કરવા આવવું, બાધાનું કારણ હોય તો ગુરુને પૂછ્યા વિના સર્વથા ગેર-હાજર ન રહેવું.

૩ રાત્રિએ પૂંજ્યા વિના સર્વથા ન ચાલવું.

૪ ઉઘાડા મુખે (મુહપત્તિ રાખ્યા વિના) સર્વથા કોઈ મુનિએ ન બોલવું.

૫ પ્રતિક્રમણ કર્યા પછી ત્યાં જ જે ગણવું હોય તે ગણવું અને સંથારાપોરસી ભણાવ્યા પછી પોતાના સ્થાનકે જવું.

૬ પ્રતિક્રમણ ઠાયા પછી "इच्छामो अणुसट्ठिं" સુધી પ્રતિક્રમણમાં ન બોલવું.

૭ પાંચ-પર્વી કોઈએ વસ્ત્ર ન ધોવા.

૮ આહાર કરતાં કોઈએ ન બોલવું, બોલવાનું કામ પડે તો પાણી પીને બોલવું.

૯ સાબુએ શર્વથા વસ્ત્ર ન ધોવા.

(આ નિયમ જેમ બને તેમ ઓછો કે મોડો કાપ કાઢવો પડે તેવી જયણા રાખી અગર બહુ સ્વચ્છ બગલાની પાંખ જેવા ભપકાબંધ કપડા ન રાખવાનો ઉપયોગ રાખી પાળી શકાય તેમ છે.)

૧૦ દરરોજ એક ગાથાદિ કંઈ પણ નવું ભણવું.

૧૧ સર્વ મુનિઓએ બિયાસણું દરરોજ કરવું. શરીરાદિ બાધાને કારણે ગુરુ કહે તેમ કરવું.

૧૨ કોઈ સાધુ-સાધ્વીએ કોઇપણ સ્થલે એકલા ન જવું, મોટે કારણે વડા કહે તેમ કરવું.

૧૩ સાધ્વીએ વ્યાખ્યાનના વખત સિવાય મુનિ પાસે ન આવવું. યતિએ પણ સાધ્વી પાસે ન જવું.

૧૪ સર્વ-યતિએ સાધ્વી કે શ્રાવિકા સાથે આલાપ-સંલાપ ન કરવો.

૧૫ યતિએ અ-પવિત્રતાદિ કારણ વિના પગ ન ધોવા.

૧૬ ઉજળા વસ્ત્ર સર્વથા કોઇએ ન પહેરવાં.

૧૭ બાલ, ગ્લાન અને વૃદ્ધ સિવાય બીજા સર્વ યતિઓએ પાંચમ, આઠમ, ચૌદશ સર્વથા ઉપવાસ ન મૂકવો, કારણે મૂકવો પડે તો વિગય ન લેવી.

૧૮ ષટ્પર્વીએ સાધુ-સાધ્વીએ વિગય ન લેવી. ચૌદ વર્ષ ઉપરાંતની વયવાળા શિષ્યને પણ ન આપવી, ચૌદ વર્ષની અંદરનાને ભણતા હોય તો આપવી.

૧૯ દિવસે કારણ વિના સાધુ-સાધ્વીએ ન સૂવું.

૨૦ પ્રતિક્રમણમાં સ્તવન બોલાતું હોય ત્યારે માત્રું કરવા કારણ વિના ન જવું.

૨૧ યતિએ માંહોમાંહે કૂલેશ ન કરવો અને ગૃહસ્થ દેખતાં કોઇએ એ કૂલેશની વાત પણ ન કરવી.

૨૨ પડિહારુ (ગૃહસ્થ પાસેથી પાછા આપવાની શરતે ઉછીની લાવેલ ચીજ) સર્વથા મોટા કારણ વિના કોઈ સાધુએ ન લેવું.

૨૩ યતિએ કે સાધ્વીએ ઉપાશ્રયની બહાર ન બેસવું.

૨૪ યતિએ શ્રાવિકાને કે સાધ્વીને ગીત-રાસ વગેરે ભણાવવા નહીં અને સંભળાવવા નહીં.

૨૫ વિહાર કરતાં સર્વયતિએ-ઠાણા દીઠ ડંડાસણ રાખવા, પુંજવા--પ્રમાર્જવાનો ખપ વિશેષ રાખવો.

૨૬ સર્વયતિએ દિન પ્રત્યે ૧૦૦૦ સજ્ઝાય કરવી. તેટલી ન કરી શકે તો ૫૦૦ સજ્ઝાય કરવી, અર્થાત્ તેટલી ગાથાઓ સંભારી જવી.

જીવન-શુદ્ધિની-ચાવી

પોતાના ગુણોને છતા કે અ-છતા સ્વરૂપમાં ઓળખી-સમજીને જેટલો સંતોષ અનુભવાય છે, તેના સામા ભાગે પણ ઢગલાબંધ રહેલા પોતાના દોષોને ઓળખી તેની ચિંતા જો રખાય તો મોક્ષ-માર્ગની સિદ્ધિ હથેલીમાં જ છે. પરિણામે જીવન-શુદ્ધિની અદ્ભુત ચાવી આવે છે.

(૩) સં. ૧૭૧૧ માહ સુદ ૧૩ ગુરુવારે પુષ્ય-નક્ષત્રે પાટનગરે શ્રીવિજયસિંહસૂરિપ્રસાદીકૃત મર્યાદાપટ્ટકમાંથી

૧ સુવિહિત–ગીતાર્થની નિશ્રાએ સર્વ યતિઓએ વિહાર કરવો.

૨ યથ શક્તિ નિત્ય ભણવા–ભણાવવાનો, લખવા–લખી આપવાનો, અર્થ ધારવા–કહેવાનો ઉદ્યમ કરવો. જ્ઞાનાચારમાં છતી શક્તિ ગોપવવી નહિં.

૩ યોગ વહ્યા વિના કોઈએ સિદ્ધાંત વાંચવા નહિં.

૪ દિનપ્રત્યે આઠ થોઈએ ત્રિકાલે દેવ વાંદવા, જઘન્યપદે એક વાર વાંદવાં.

૫ વહોરવા જતાં કે સ્થંડિલ જતાં માર્ગમાં સર્વથા કોઇએ ન બોલવું, કદાચિત્ બોલવાનું કાર્ય પડે તો બાજુ પર ઊભા રહીને બોલવું.

૬ ઉઘાડે મોંઢે બોલવું નહિં તેમજ ક્રિયા કરતાં કે આહાર કરતા બોલવું નહિં.

૭ એષણાશુદ્ધિ યથાશક્તિ કરવી, તેમાં અસમંજસપણું ન કરવું.

૮ એકલા ગોચરી લેવા સર્વથા ન જવું.

૯ ઉપધિપ્રમુખ પુંજી–પડિલેહીને ઊંચે મૂકવી કે લેવી. ઉપકરણ, પાત્રાં ઉભય ટંક પડિલેહવા.

૧૦ તળિયા ઉપરાંત પગ ન ધોવા.

૧૧ વડાને દેખાડયા વિના આહાર ન લેવો.

૧૨ એકલી સ્ત્રી સાથે એકલા આલાપ ન કરવો.

૧૩ વસ્ત્ર આઘું-પાછું બાંધી ન મૂકવું, માર્ગે સુખે નિર્વાહ થાય (ઉપાડી શકાય), બે વાર પડિલેહણ થાય, અને પલિમંથ (વધુ પડતો સમયનો ભોગ જેની સાચવણી-પડિલેહણાદિમાં આપવો પડે) ન થાય તેટલું ને તેવું જ રાખવું.

૧૪ પુસ્તક ગૃહસ્થને ઘેર સીવીને ન મૂકવું, જ્ઞાનાદિક વૃદ્ધિને અર્થે છૂટું જ રાખવું, કે જેથી તેનો લાભ બીજા લઈ શકે. તેના પર મૂર્છા ન કરવી.

૧૫ દિવસના બે ઘડી પહેલી ને બે ઘડી પાછલી આહારપાણી આશ્રી જાળવવી, વિશેષ કારણે પણ સૂર્યોદયાસ્ત વેળા જોવી.

૧૬ દિનપ્રત્યે છતી શક્તિએ માર્ગાદિ કારણ વિના એકાસણાદિ તપ કરવો.

૧૭ પાંચપર્વી વિગય ન લેવી.

૧૮ હરરોજ કાંઈક પણ અભિગ્રહ કરવો.

૧૯ અનાચીર્ણ વસ્તુ ન વહોરવી. શીતકાલ વિના ખજુર, દ્રાક્ષ વગેરે ન લેવાં. આદ્રા પછી કાચી ખાંડ ન વહોરવી.

૨૦ દિનપ્રત્યે છતી શક્તિએ ૧૦-૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૨૧ દશવિધ-સામાચારી વિશેષ પ્રકારે પાળવી.

(૪) સં. ૧૭૭૩ માહ સુદ ૨ સોમવારે ભ. શ્રી વિજયક્ષમાસૂરીશ્વરકૃત મર્યાદાપટ્ટકમાંથી

૧ નિત્યપ્રતિ એકાસણાં કરવાં. કારણવિશેષે ઔષધાદિની જયણા.

૨ બીજા સાધુને સજઝાય કીધા વિના સ્થંડિલ ભૂમિકાએ જાવા ન દેવા, કદાપિ જરૂર બાધા હોઈ તો પણ તેમની આજ્ઞા માંગીને જાવું.

૩ પાટે ગીતાર્થ બેસે.

૪ કેટલાક ગીતાર્થો નગરપંડોલીયા — દેશપંડોલિયા (ઠેકેદાર) થઈ રહ્યા છે, તે સર્વ યતિઓને દેશ—પરાવર્ત્ત કરવા, ૩ તથા ૭ વર્ષ દેશમાં રાખવા. પછી વળી દેશ-પરાવર્ત્ત કરવા.

૫ સ્થાન-સ્થિરવાસની આજ્ઞા વૃદ્ધ હોય-વિહારશક્તિ ન હોય તેને આપવી.

૬ ગીતાર્થની સેવા અર્થે એક શિષ્ય પાસે રહે.

૭ સાધુ સમસ્તે સંધ્યાએ કે અસૂરે સવારે ન નીસરવું

ઉપર મુજબના ચારે પટ્ટકોમાંથી તારવી કાઢેલા ઉપયોગી મર્યાદાસૂત્રો વિવેકીએ અવશ્ય યથાશક્તિ ધ્યાનમાં રાખી જીવનને સંયમની પરિણિતિની રમણતાવાળું બનાવવા પ્રયત્નશીલ થવું જોઇએ.

卐

શું કરવાથી પ્રાયશ્ચિત આવે ?

વીતરાગ-પરમાત્માના શાસનમાં આરાધના કરનારાઓને સતત ઉપયોગપૂર્વક જાળવી રાખવા જેવા આરાધકભાવને ટકાવી રાખવા માટે જ્ઞાનાદિ-સાધક પ્રવૃત્તિમાં અનાભોગાદિ-કારણે થઇ જતા અ-સદ્વર્ત્તનોમાંથી પાછા હઠવાની જાગૃતિ પ્રધાનપણે જરૂરી વર્ણવી છે.

તે અંગે સાધુ-જીવનમાં જે જે પ્રવૃત્તિઓ અસદ્વર્ત્તન-રૂપે જ્ઞાની-ભગવંતોએ શાસ્ત્રોમાં વિસ્તારથી જણાવી છે, તેમાંની કેટલીક મુમુક્ષુ-આત્માને સાવધાની કેળવવા ઉપયોગી થઇ પડે, તે શુભ આશયથી જણાવાય છે.

અ-સદ્વર્ત્તનોની યાદી

૧ રોજ ત્રિકાલ ચૈત્યવંદન (દહેરાસર-દર્શનાદિ) ન કરે તો.

૨ અ-વિધિથી ચૈત્યવંદન કરે તો.

૩ પોતાની શોભા-પૂજા માટે ફલ-ફૂલ બીજાદિની વિરાધના કરે તો.

૪ ચૈત્યવંદન કે સ્વાધ્યાય કરતાં કે સ્તવન બોલતાં અંતરાય કરે તો.

૫ પ્રતિક્રમણ ન કરે તો.

૬ બેઠા પ્રતિક્રમણ કરે તો.

૭ અનુપયોગથી પ્રતિક્રમણ કરે તો

૮ પ્રતિક્રમણના સમયનું ઉલ્લંઘન કરે તો.

૯ સંથારામાં સૂતાં સૂતાં પ્રતિક્રમણ કરે તો.

૧૦ ,, બેસીને ,, ,,

૧૧ માંડલીમાં પ્રતિક્રમણ ન કરે તો.

૧૨ સર્વ શ્રમણ–સંઘની ત્રિવિધે–ત્રિવિધે ક્ષમાપના કર્યા વગર પ્રતિક્રમણ કરે તો એટલે કે કોઈની સાથે કષાયાદિ થયો હોય તો તેની શાંતિ કર્યા વિના પ્રતિક્રમણ કરે તો.

૧૩ પદે–પદની ઉચ્ચાર–શુદ્ધિના ઉપયોગ વિના પ્રતિક્રમણ કરે તો.

૧૪ પ્રતિક્રમણ કર્યા વિના સંથારામાં કે પાટ પર સુઈ જાય તો.

૧૫ દિવસ સુએ તો.

૧૬ અનુપયોગે કે અ–વિધિએ ઉપધિ–વસતિનું પડિલેહણ કરે તો.

૧૭ પડિલેહણ કર્યા વિનાની ઉપધિ વાપરે તો.

૧૮ પડિલેહણ કરી સંથારાભૂમિએ કાજો ન લે તો, અગર અ–જયણાએ કાજો પરઠવે તો.

૧૯ પડિલેહણ પછી થુંકવા આદિની કુંડીની ભસ્માદિને ન પરઠવે તો, અગર સૂર્યોદય–પહેલાં પરઠવે તો.

૨૦ વનસ્પતિ અને ત્રસ-જીવવાળી ભૂમિએ માત્રું આદિ પરઠવે તો.

૨૧ પરિષ્ઠાપનિકા-ભૂમિનું વિધિપૂર્વક પડિલેહણ ન કરે તો.

૨૨ વગર-મુહપત્તિએ ક્રિયા કરે કે બગાસું કે વાચનાદિ સ્વાધ્યાય કરે તો.

૨૩ સાવરણીથી કાજો કાઢે તો.

૨૪ સુર્યોદય પછી પહેલા પહોરમાં એક ઘડી બાકી રહે ત્યાં સુધી નવું ન ભણે તો અગર સ્વાધ્યાય ન કરે તો.

૨૫ દિવસના પહેલા પહોરે સ્વાધ્યાયને બદલે વિકથા કરે તો.

૨૬ સ્વાધ્યાયાદિની શક્તિ ન હોય તો દિવસના પહેલા પહોરે નવકારમંત્રનું સ્મરણ ન કરે તો.

૨૭ વ્યાખ્યાન ન સાંભળે તો અગર વાચનાદિ સ્વાધ્યાય કે અર્થ ગ્રહણ ન કરે તે.

૨૮ પ્રતિક્રમણ-વાચના કે સ્વાધ્યાય કરતાં, ચાલતાં કે ઊભાં રહેતાં કે તેઉકાયની ઉજેહી પડતાં શરીરાદિનો સંકોચ ન કરે તો.

૨૯ થઇ ગયેલ પાપોની આલોચના કરી ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત ન લે તો.

૩૦ પહેલી કે બીજી પોરસીમાં ફરવાની દૃષ્ટિએ ઉપાશ્રય બહાર જાય તો.

૩૧ ગૃહસ્થના ઘર પાસે અશુચિ કરે તો.

૩૨ રાત્રે ઠલ્લે જાય તો.

૩૩ દિવસે જોઈ ન રાખેલ (વગર પડિલેહેલી) ભૂમિએ રાત્રે ઠલ્લો-માત્રું પરઠવે તો.

૩૪ પહેલા કે બીજા પહોરમાં સ્વાધ્યાયાદિ પડતો મૂકીને વિકથા, અનુપયોગી વાતો કે આર્ત્તાદિધ્યાનને પોષક કથાઓ કરે કે ઉદીરે તો.

૩૫ ઉપાશ્રયમાંથી નિકળતાં "आवस्सही" ન બોલે તો.

૩૬ ઉપાશ્રયમાં પેસતાં "णिसिही" ન બોલે તો.

૩૭ વારંવાર ઉપાશ્રયમાંથી બહાર જાય તો.

૩૮ ગુરુ-આજ્ઞાથી ગોચરી આદિ માટે વસતિમાંથી બહાર ગયા પછી રસ્તા વચ્ચે ગમે ત્યાં કથા-વિકથાદિ કરે તો.

૩૯ (મોજાં આદિ) પગરખાનો ઉપયોગ કરે તો.

૪૦ વિચાર-પૂર્વક, મધુર, થોડું. કામ પૂરતું, ગર્વ-રહિત, તુચ્છકારરહિત, નિર્દોષ અને સ્વપર-હિતકારી ભાષા ન બોલે તો.

૪૧ સાવદ્ય ભાષા બોલે તો.

૪૨ વધારે બોલ બોલ કરે તો.

૪૩ 'જ'કારના પ્રયોગપૂર્વક બોલે તો.

૪૪ કષાય કરે કે ઉદીરે તો,

૪૫ કષાયની શાંતિ કર્યા વિના વાપરે કે રાતવાસી કષાય રાખે તો.

૪૬ મર્મભેદી પરુષ, કર્કશ, અનિષ્ટ નિષ્ઠુર વચનો બોલે તો.

૪૭ કચકચાટ, લડાઈ, ઝઘડો, ટંટો કરે તો.
અસભ્ય ભાષા કે અપશબ્દો બોલે તો.

૪૮ વડીલોની અવહેલના કરે તો.

૪૯ ગચ્છ–સંઘ કે માંડલીની મર્યાદાનું ઉલ્લંઘન કરે તો.

૫૦ અયોગ્યને સૂત્રાર્થ ભણાવે કે અવિધિથી સારણા–વારણાદિ કરે તો.

૫૧ બેસતાં કે ઊભા થતાં સંડાસા (સાંધા) ઓનું પ્રમાર્જન ન કરે તો.

૫૨ કોઇપણ ચીજને લેતાં–મૂકતાં પૂંજવા–પ્રમાર્જવાનો ઉપયોગ ન રાખે તો. જેમ તેમ લે–મૂકે તો.

૫૩ સંયમની સાધનાને અનુકૂલ ઉપધિ જરૂર કરતાં વધારે રાખે તો.

૫૪ ઓઘાને ખભા પર કુહાડાની જેમ રાખે તો.

૫૫ કપડાં ઓઘો કે દાંડાનો અવિધિથી ઉપયોગ કરે તો.

૫૬ અંગોપાંગ દબાવવા–આદિ શરીરશુશ્રૂષા કરાવે તો.

૫૭ બેકાળજીથી કંઈપણ સંયમોપકરણ ખોવાઈ જાય તો.

૫૮ જાણ્યે-અજાણ્યે વિજળી-વરસાદનો સંઘટ્ટો થાય તો.

૫૯ સ્ત્રીનો પરંપરાએ પણ સંઘટ્ટો થાય તો.

૬૦ અકલ્પ્ય વસ્તુનું ગ્રહણ કરે તો.

૬૧ ગોચરી ગયે છતે કથા-વિકથાદિ કરે તો.

૬૨ ગોચરી જે રીતે જે ક્રમથી વહોરી હોય તે રીતે ગુરુ પાસે ન આલોવે તો.

૬૩ પચ્ચક્ખાણ પાર્યા વિના ગોચરી વાપરે તો.

૬૪ સાધુઓની ભક્તિ કર્યા વિના ગોચરી વાપરે તો.

૬૫ વાપરતાં કે ગોચરી વહેંચતાં દાણા વેરે તો.

૬૬ વિવિધ પ્રકારોથી રસોના આસ્વાદપૂર્વક ગોચરી વાપરે તો.

૬૭ સ્વાદિષ્ટ-વસ્તુમાં રાગ કરે તો.

૬૮ કાઉસ્સગ્ગ કર્યા વિના (ગુરુની સંમતિ લીધા વિના) વિગય વાપરે તો.

૬૯ બે વિગયથી વધારે વાપરે તો.

૭૦ નિષ્પ્રયોજન (સ્વાદદ્રષ્ટિથી) વિગઈ વાપરે તો.

૭૧ ગ્લાન-નિમિત્તની ચીજ ગ્લાનને આપ્યા વિના વાપરી જાય તો.

૭૨ ગ્લાનની ભક્તિ કર્યા વિના વાપરે તો.

૭૩ પોતાના બધા કામ પડતાં મૂકી ગ્લાનની ભક્તિ ન કરે તો.

૭૪ ગ્લાનની ભક્તિના બહાને પોતાના સ્વાધ્યાયાદિમાં પ્રમાદ કરે તો.

૭૫ ગ્લાનાવસ્થામાં કારણે સેવવા પડેલ દોષોનું પ્રાયશ્ચિત ન લે તો.

૭૬ ગ્લાનનાં કહેતાંની સાથે જ તેનું કામ ન કરે તો.

૭૭ ગોચરીના *બેંતાલીસ-દોષોની યથાશક્ય જયણા ન રાખે તો.

૭૮ *છ કારણ સિવાય ગોચરી વાપરે તો.

૭૯ વાપરતી વખતે સારી-ખરાબ ચીજની કે તેના આપનારની પ્રશંસા-નિંદા કરે તો.

૮૦ રસ-લોલુપતાથી પદાર્થને વધુ સ્વાદિષ્ટ બનાવી વાપરે તો.

૮૧ છતી શક્તિએ આઠમ, ચોદશ કે જ્ઞાનપાંચમે ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ કે સંવચ્છરીનો અઠ્ઠમ ન કરે તો.

૮૨ સંયમના ઉપકરણો વ્યવસ્થિત સંભાળપૂર્વક ન રાખે તો.

૮૩ પાત્રાં બાંધતાં ઝોળીની ગાંઠ ન છોડે તો.

---

* આ કારણો આ જ પુસ્તકના પા. ૧૨૨ ઉપર વર્ણવેલા છે.

૮૪ ગોચરી વાપર્યા પછી માંડલીનો કાજો ન લે તો.

૮૫ સાંજના પ્રતિક્રમણ કર્યા પછી (પહેલો પહોર પૂરો ન થાય ત્યાં સુધી) વિધિપૂર્વક ઉપયોગ સાથે સ્વાધ્યાય ન કરે તો.

૮૬ પ્રથમ પોરસી પૂરી થયા વિના સંથારો પાથરે તો.

૮૭ સંથારો પાથર્યા વિના સૂઈ જાય તો

૮૮ વગર–પડિલેહેલી જગ્યાએ સંથારો કરે તો.

૮૯ અવિધિથી સંથારો કરે તો.

૯૦ ઉત્તરપટ્ટો ન પાથરે તો.

૯૧ બેવડો ઉત્તરપટ્ટો પાથરે તો.

૯૨ સર્વ જીવ–રાશિને સાચા દિલથી ક્ષમાપના કર્યા વિના સૂઇ જાય તો.

૯૨ આહાર, ઉપધિ અને શરીરને સાગારિક રીતે વોસિરાવ્યા વિના સૂઈ જાય તો.

૯૩ આહાર, ઉપધિ અને શરીરને સાગારિક રીતે વોસિરાવ્યા વિના સૂઈ જાય તો.

૯૪ કાનમાં રૂના કુંડલ નાંખ્યા વિના સૂઈ જાય તો.

૯૫ સંથારામાં સૂતી વખતે ગુરુપરંપરાગત–મંત્રાક્ષરોથી આત્મરક્ષા કર્યા વિના સૂએ તો.

૯૬ અનિત્યાદિ બાર ભાવનાઓ વિચાર્યા વિના સૂએ તો.

૯૭ રાત્રે છીંક, બગાસું કે ઉધરસ ખાય, અગર તેની યોગ્ય જયણા ન સાચવે તો.

૯૮ ઊંઘ પૂરી થયા પછી પણ પ્રમાદાદિથી મર્યાદા ઉપરાંત સંથારામાં પડયા રહે તો.

૯૯ સચિત્ત-પૃથિવી આદિ છ કાયનો જાણતાં-અજાણતાં સાક્ષાત્ કે પરંપરાએ સંઘટ્ટો થાય તો.

૧૦૦ વાપર્યા પછીનું ચૈત્યવંદન ન કરે તો.

૧૦૧ શાસ્ત્રીય મર્યાદાનુસાર સંયમી જીવન જીવવા માટે બેદરકારી સેવે તો.

આ મુજબ કેટલીક સંયમ-વિરુદ્ધ આચરણાઓ જાણવી, તેના આસેવનથી સંયમારાધના દૂષિત થાય છે. માટે સદ્ગુરુ પાસે તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત લઈ સંયમની આરાધના નિર્મલ કરવા માટે જાગૃત રહેવું જોઇએ.

આ નોંધ પરમપવિત્ર શ્રી મહાનિશીથસૂત્ર આદિ આગમિક આચારગ્રંથોના આધારે તૈયાર કરી છે.

"पमत्ते जे हु गुणट्टीए से हु दंडे"

પ્રમાદશીલતાથી પૌદ્ગલિક – પદાર્થોની આસક્તિ જન્મે છે અને કર્મોનો બોજો વધે છે.

— શ્રી આચારાંગસૂત્ર

પૂ૦ સાધુ-સાધ્વી ભગવંતોએ વર્જવાલાયક

૨૯. પ્રકારના પાપશ્રુત

પાપકર્મનો બંધ કરાવનારું શ્રુત તે પાપશ્રુત તેના ૨૯ પ્રકાર છે.

૧-૨-૩ દિવ્યનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૪-૫-૬ ઉત્પાતનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૭-૮-૯ અંતરીક્ષનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૧૦-૧૧-૧૨ ભૌમનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૧૩-૧૪-૧૫ અંગનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૧૬-૧૭-૧૮ સ્વરનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૧૯-૨૦-૨૧ લક્ષણનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૨૨-૨૩-૨૪ વ્યંજનનિમિત્તશાસ્ત્ર સૂત્ર વૃત્તિ અને વાર્તિક

૨૫ ગંધર્વ = સંગીતશાસ્ત્ર

૨૬ નટ = નાટકશાસ્ત્ર

૨૭ વાસ્તુ = શિલ્પશાસ્ત્ર

૨૮ આયુર્વેદ = ચિકિત્સાશાસ્ત્ર

૨૯ ધનુર્વેદ = શસ્ત્રાસ્ત્રશાસ્ત્ર.

પૂ૦ સાધુ-સાધ્વીજીઓએ ત્યાગવા લાયક
૩૦ મોહનીયના સ્થાનો

આત્માને મુંઝવે - વિવેકવિકલ બનાવે તે મોહનીયકર્મ અને ઉપલક્ષણથી જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મો.

તે મોહનીયકર્મ અથવા આઠે કર્મોના બંધના જે નિમિત્તો તે સ્થાનો.

આવા મોહનીયના ૩૦ સ્થાનો જિનાગમમાં કહ્યા છે.

૧ ત્રસ-જીવને પાણીમાં ડૂબાડીને મારે.

૨ ત્રસ-જીવને મોઢે ડુચો દઈને મારે.

૩ માથે ચામડું બાંધીને મારે.

૪ માથામાં મુદ્‍ગરનો માર મારે

૫ ઘણા જીવોના નાયક-રક્ષકને મારે.

૬ સમર્થ છતાં ગ્લાનાદિકની સેવા ન કરે.

૭ સાધુને સંયમ-માર્ગમાંથી ભ્રષ્ટ કરે.

૮ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગને દૂષિત કરે.

૯ અનંત-જ્ઞાની એવા જિનેશ્વરનો અવર્ણવાદ બોલે.

૧૦ આચાર્ય-ઉપાધ્યાયાદિનો અવર્ણવાદ બોલે.

૧૧ આચાર્યાદિની સેવા–ભક્તિ ન કરે.

૧૨ તીર્થનો ભેદ થાય તેવા અધિકરણનું વારંવાર સેવન કરે.

૧૩ વશીકરણ લક્ષણ મંત્ર–તંત્રાદિ કરે.

૧૪ વમેલા કામ–ભોગની પ્રાર્થના કરે.

૧૫ બહુશ્રુત ન હોવા છતાં કહે કે–હું બહુશ્રુત છું.

૧૬ તપસ્વી ન હોવા છતાં કહે કે-હું તપસ્વી છે.

૧૭ ઘણા લોકોને ઘરમાં પુરી ધૂમાડો કરી ગુંગળાવી મારે.

૧૮ પાપ કરીને બીજા માથે નાખે.

૧૯ માયા–કપટ કરે.

૨૦ મન–વચન–કાયાને સાવદ્ય માર્ગમાં પ્રવર્ત્તાવે.

૨૧ સભામાં બીજા–માણસની આબરૂ લે.

૨૨ સદાએ કલહ–ઝગડો કરે.

૨૩ માર્ગમાં પથિકને લુંટે–મારે.

૨૪ પુરુષને વિશ્વાસમાં લાવી તેની સ્ત્રીમાં આસક્ત થાય.

૨૫ કુમાર ન હોવા છતાં કહે કે—હું કુમાર છું.

૨૬ બાલબ્રહ્મચારી ન હોવા છતાં કહે કે હું બાલબ્રહ્મચારી છું

૨૭ જેઓએ શ્રુતજ્ઞાન–ધનથી સમૃદ્ધ કર્યો તેઓનું જ ભૂંડુ કરે.

૨૮ જેનાથી લોક–સંમતપણું પામ્યો તેને જ પ્રતિકૂલ વર્ત્તે.

૨૯ સેનાપતિ વિગેરે દેશના હિત–ચિંતકોને હણે.

૩૦ દેવોને ન જોતો હોવા છતાં કહે કે–હું દેવોને જોઉં છું.

પૂ૦ સાધુ-સાધ્વીજીઓએ અમલમાં
મુકવા જેવા.

૩૨. યોગસંગ્રહ-

મન-વચન-કાયાનો વ્યાપાર તે યોગ. અને અશુભ યોગના પ્રતિક્રમણ માટે શુભયોગનો સંગ્રહ કહેવામાં આવે છે તેના ૩૨ પ્રકાર છે.

૧ પ્રશસ્ત મોક્ષ-સાધક યોગના સંગ્રહ માટે શિષ્યે વિધિ-પૂર્વક આલોચના પૂ૦ ગુરૂદેવને આપવી.

૨ પૂ૦ ગુરૂદેવ પણ પ્રશસ્ત મોક્ષ-સાધક યોગના સંગ્રહ માટે શિષ્યને આલોચનાનુસાર આપેલ પ્રાયશ્ચિત્તાદિ બીજા કોઈને પણ કહે નહિં :

૩ શુભયોગના સંગ્રહ માટે સાધુએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ અને ભવના અનુસારે સાહજિકતા પૂર્વક આવેલી આપત્તિના સમયે દઢધર્મતા કેળવવી-દઢધર્મી બનવું.

૪ પ્રશસ્ત-યોગના સંગ્રહ માટે નિયાણા વિના તપશ્ચર્યા કરવી.

૫ પૂ૦ ગુરુદેવ પાસેથી ગ્રહણ અને આસેવન-શિક્ષા વિનય-પૂર્વક લેવી.

૬ શરીરને શણગારવું નહિં. ટાપટીપ ન કરવી.

૭ તપશ્ચર્યા ગુપ્ત રાખવી.

૮ નિર્લોભતા રાખવી.

૯ પરીષહોને જીતવા.

૧૦ સરળતા રાખવી.
૧૧ સંયમમય જીવન બનાવવું.
૧૨ સમ્યગ્દર્શનની શુદ્ધિ જાળવવી.
૧૩ ચિત્તને સ્વસ્થ રાખવું.
૧૪ પંચાચારની પાલનામાં દંભ ન કરવો.
૧૫ વડિલોનો વિનય કરવો.
૧૬ ધૃતિ-બુદ્ધિને સ્થિર રાખવી.
૧૭ સંવેગ ધારણ કરવો.
૧૮ માયાનો ત્યાગ કરવો.
૧૯ પ્રત્યેક આવશ્યક ધર્મક્રિયા વિધિપૂર્વક કરવી.
૨૦ સંવરભાવ કેળવવો.
૨૧ પોતાના દોષોને પ્રયત્નપૂર્વક અટકાવવા.
૨૨ વિષયસુખથી વૈરાગ્ય કેળવવો.
૨૩ મૂલગુણના પચ્ચક્ખાણ કરવા.
૨૪ ઉત્તરગુણના પચ્ચક્ખાણ કરવા.
૨૫ કાઉસ્સગ્ગ કરવા.
૨૬ પ્રમાદ ન કરવો.
૨૭ ક્ષણે ક્ષણે સામાચારી-પાલનમાં ઉદ્યત રહેવું.
૨૮ ધર્મધ્યાન-શુકલધ્યાન ધ્યાવવું.
૨૯ મરણાંત રોગાદિ-કષ્ટના સમયે ક્ષોભ ન પામવું.
૩૦ સર્વપ્રકારના સંગનો પરિત્યાગ કરવો.
૩૧ લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત કરવું.
૩૨ મરણસમયે સમ્યગ્ આરાધના કરવી.

સંયમોપયોગી અંતર્નિરીક્ષણ
માટે
જરૂરી કાર્યવ્યવસ્થા પત્રક

સંયમી આત્માની દરેક પ્રવૃત્તિ જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણેની હોય છે, પણ તેમાં સફળતાપૂર્વક પ્રયત્નની ભૂમિકા માટે આપણી શક્તિઓ મન-વચન—કાયા દ્વારા કયી બાજુ વહે છે! તેની સાચી જાણકારી માટે નીચે નાના પ્રમાણમાં રૂપરેખા આપી છે.

આ મુજબ ગુરૂગમથી કરવાથી વિવેકી—આરાધકને મનોબળ, વાણી-સંયમ અને શારીરિક સફળ પ્રવૃત્તિઓ આપોઆપ વિકસે છે.

જ્ઞાનની સફળતા

जेण मिंत्तिं पभावेज्ज, ते णाणं जिणसासणे ॥

જેના દ્વારા પ્રાણીમાત્ર સાથે મૈત્રીભાવ કેળવાય તે જ્ઞાન જિનશાસનમાં માન્ય છે.

સંયમીનું કાર્ય-વ્યવસ્થા-પત્રક

સવારે કેટલા વાગે ઉઠયા ?
કેટલો જાપ કર્યો ?
કેટલા શ્લોક વાંચ્યા ?
,, ,, કંઠસ્થ કર્યા ?
કેટલો વખત જ્ઞાનગોષ્ઠી કરી ?
,, ,, મૌન રહ્યા ?
,, ,, વિકારીભાવ ઉપજ્યા ?
બીજાનું કામ પરમાર્થ-વૃત્તિથી કર્યું કે નહિ ?
કેટલીવાર અસત્ય-ભાષણ ?
,, ,, માયા-પ્રયોગ ?
,, ,, ક્રોધ થયો ?
,, ,, ચીડાણા ?
કેટલો સમય ફોગટ ગુમાવ્યો ?
શાસ્ત્રોનું વાંચન-શ્રવણ કર્યું ?
આજે ખાસ રીતે કયા ગુણની કેળવણી કરી ?
આજે કયા દોષને ટાળવાનો પ્રયત્ન કર્યો ?
આજે કયી કુટેવને તજવા સક્રિયતા થઈ ?
આજે કુટેવને વર્જવાના પ્રયત્નમાં સફળ કે નિષ્ફળ ?
આજે કયી ઇન્દ્રિય સૌથી પ્રબળ ?

આજે ગુરૂવિનયમાં કયાં બેદરકારી ?
ક્રિયાની શુદ્ધિમાં માટે દરકાર રાખી ?
પ્રતિ૦ માં બોલ્યા ?
પડિ૦ માં ,,
વાંદણાં ખમા૦ની મર્યાદા સાચવી ?
દ્રવ્ય કેટલા વાપર્યા ?
નિદ્રા-પ્રમાદ થયો ?
વિકથા કરી ?
પચ્ચખ્ખાણ શું ?
સ્વાધ્યાય કેટલો ?
મુહપત્તીનો ઉપયોગ રહ્યો ?
ચાલવામાં ઇર્યાસમિતિ જળવાઈ ?
ગોચરીના ૪૨ દોષમાંથી કયા દોષ લાગ્યા ?
માંડળીના પાંચ દોષમાંથી કયો દોષ ?
પુંજવા-પ્રમાર્જવાનો બરાબર ઉપયોગ રહ્યો ?
ગૃહસ્થ અધર્મ પામે તેવું વર્તન કર્યું ?
અવિનય-ઉદ્ધતાઇનો પ્રસંગ ?

આ રીતે વ્યક્તિગત ગુણ-દોષોના પ્રશ્નો ઉભા કરી તેના ઉપર સૂક્ષ્મ ચિંતન કરવાથી સંયમ-માર્ગે સ્ફૂર્તિનું બળ વધે છે.

સાધુ-જીવનની રૂપરેખા

૧ રાતના કેટલા કલાક નિદ્રા લીધી ?

છ કલાકની નિદ્રા પૂરતી ગણાય. રાત્રે દશ વાગે સૂવું અને ચાર વાગે ઊઠવું જોઇએ.

જરૂર કરતાં વધારે સૂવાથી જડતા વધે છે. અને મગજ-શક્તિ નબળી પડે છે.

આરાધનામાં આગળ વધવા માટે નિદ્રાને ઘટાડતા જવું જોઈએ. નિદ્રા એ સર્વઘાતી પ્રકૃતિ છે, એ ભુલવું નહિ. ત્રણ ત્રણ માસે અડધો અડધો કલાક નિદ્રા ઘટાડવાથી બાર માસબાદ ચાર કલાકની નિદ્રા સુધી પહોંચી શકાય છે.

શ્રી ઋષભદેવ સ્વામીએ છદ્મસ્થકાળમાં ૧૦૮૦ વર્ષમાં અહોરાત્રિ અને વીર-પ્રભુએ સાડાબાર વર્ષનાં છદ્મસ્થ કાળમાં અન્તર્મુહૂર્ત્તની નિદ્રા હતી. આ વાત ખૂબ ચિંતવવી.

સુતી વખતે મનમાં અમુક સમયે ઉઠવાનો દૃઢ નિશ્ચય કરવાથી તેજ સમયે ઉઠી શકાય છે.

૨ સવારે કેટલા વાગે ઉઠયા ?

બ્રાહ્મ-મુહૂર્તમાં જાગૃત થઇ જવું જોઈએ.

શાસ્રોમાં સાધુ માટે બે પ્રહરની નિદ્રા કહેલી છે. તેમાં પદસ્થોને એક પ્રહરનિદ્રા કહી છે.

જાપ-ધ્યાન-સ્વાધ્યાદિ માટે બ્રાહ્મમુહૂર્ત્ત જ સર્વોત્તમ તે સમયે છે. વગર પ્રયત્ને શુભ ધ્યાનમાં મન જોડાઇ શકે

છે. તે સમયે શાંત વાતાવરણ હોવાથી શાશ્વત–જીવનને અનુભવવાનું સામર્થ્ય રહેલું હોય છે.

ઉચ્ચ વિચારો તથા સંયોગોને પોતાના તરફ આકર્ષવાનું ખાસ રહસ્ય અને બળ પ્રભાતના સમયમાં રહેલું છે.

૩ કેટલો જાપ કર્યો ?

આ કલિયુગમાં જાપ આત્મજ્ઞાન માટે સ્હેલામાં સ્હેલો ઉપાય છે.

જાપ સમાધિમાં પરિણમે છે.

વારંવાર નામ સ્મરણ એ જાપ છે. તેનાં ત્રણ પ્રકાર છે.

વૈખરી (સ્પષ્ટ ઉચ્ચારણરૂપ) ઉપાંશુ (અન્તર્જલ્પાકાર)

રહસ્ય (માનસિક)

જાપ માટે દરેકે ૧૦૮ પારાની માળા રાખવી જોઇએ.

મનને ઇશ્વર તરફ વાળવા માળા એ ચાબુક છે.

વૈખરી અને ઉપાંશુ–જાપ કરતાં માનસિક-જાપ દશ હજારગણું ફળ આપે છે.

રોજ ૧૦૮ વાર શ્રી નમસ્કાર–મહામંત્રનો જાપ કરવો જોઈએ. ભગવાનનું નામ લેવાથી વિકાસનો માર્ગ ખુલે છે. શરીર સાથેની એકતાથી છૂટા થવાય છે. શુદ્ધ ભાવ અને પ્રેમભક્તિથી ભગવાનનું નામ લેનાર પ્રભુ સાથે એકતા અનુભવે છે.

સૌથી શ્રેષ્ઠ માનસિક જાપ છે. જેમાં જીભ કે હોઠ હાલે નહિ.

૪ કેટલા શ્લોકનું વાંચન કર્યું ?

શાસ્ત્રના વાંચનથી આત્મા તત્ત્વનો જ્ઞાતા બને છે. લાંબા વાંચનથી બહુશ્રુત થવાય છે.

અતિશય—જ્ઞાનીઓના વિરહમાં શાસ્ત્ર—વાંચન એજ આત્મોદ્ધારનો પરમ માર્ગ છે.

શાસ્ત્રનું વાંચન પંક્તિઓ ભણાવવા પુરતું ન રહેવું જોઈએ. પણ જીવનમાં વણી લેવું જોઈએ.

રોજ ૫૦૦ શ્લોક—પ્રમાણ જરૂર વાંચવું.

૫ કેટલા શ્લોક કંઠસ્થ કર્યા ?

શાસ્ત્રના શ્લોક યા ગાથા કે ગદ્ય કંઠાગ્ર રાખવાથી વૈરાગ્ય શુદ્ધ થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે, છ મહિને પણ એક ગાથા થાય તો પણ ગોખવાનું જારી રાખવું.

રોજ ૧ શ્લોક તો ગોખવું.

બપ્પભટ્ટસુરિ રોજ ૭૦૦ શ્લોક ગોખતા હતા.

૬ કેટલો વખત સત્સંગ કર્યો ?

સત્સંગનો પ્રભાવ અચિંત્ય છે, જ્ઞાની, ધ્યાની, ત્યાગી કે યોગી એવા ગુણીજનનો સમાગમ મહાન લાભ આપે છે. પુણ્યવાનોને જ તેનો સમાગમ થાય છે. સંગ થયા પછી પણ તેનો લાભ થોડા જ આત્માઓ લઈ શકે છે. સત્સંગનો એક ક્ષણ પાપી—આત્માને ઉદ્ધારનારો થાય છે. તેમની સેવા, વચન, ઉપદેશશ્રવણ કષાયથી સળગતાને શાંત કરે છે. તેવા સત્સંગનો સાક્ષાત્ લાભ ન મળે ત્યારે તેમનાં પુસ્તકોનું વાંચન—મનન પણ લાભદાયી છે.

૭ કેટલો વખત સદુપદેશ સાંભળ્યો ?

સદુપદેશ એ આત્માની આધ્યાત્મિક—પ્રગતિમાં અસાધારણ કારણ છે.

હિતમાં પ્રવૃત્તિ અને અહિતમાં નિવૃત્તિ કરાવનાર સદુપદેશ છે.

આજે ઉપદેશ-શ્રવણનો રસ ઉડતો જાય છે. તે વ્યાજબી નથી.

સદુપદેશમાં અનેક ગ્રન્થોનું દોહન મળે છે જ્યારે વાંચી જવામાં એક જ ગ્રંથનું જ્ઞાન મળે છે.

૮ કેટલો વખત મૌન રહ્યા ?

નિરર્થક વાતો કરવાથી અને ગપ્પાં મારવાથી શક્તિનો દુર્વ્યય થાય છે.

મૌન રહેવાથી વિચારનું બળ વધે છે. તેમજ બોલ-બોલ કરવાની કુટેવ ઉપર કાબુ આવે છે. બહુ બોલનારથી અસત્ય કે સાવદ્ય પણ બોલાઇ જવાય છે.

મૌન એ સત્ય-વ્રતના પાલનમાં અને કષાયના નિગ્રહમાં ઘણી જ મદદ કરે છે.

રોજ ઓછામાં ઓછું એક કલાક મૌન રહેવું જ જોઈએ.

મૌન કરતી વખતે ઉચ્ચ વિચારો, જાપ, ધ્યાન કે સ્વાધ્યાય કરવો.

૯ કેટલો વખત માંડલીના કાર્યમાં ગાળ્યો ?

માંડલીનું કામ એ પ્રત્યેકની ફરજ છે, તે કામ વેઠની જેમ નહિ કરવું, પણ આત્મ-નિસ્તારનું કારણ સમજી કરવું જોઈએ.

૧૦ પચ્ચક્ખાણ શું કર્યું ?

તપ એ નિર્જરાનું પરમ અંગ છે. સ-શક્ત સાધુએ ઓછામાં ઓછું એકાસણું કરવું જોઈએ. એકાસણું કરવાથી સ્વાધ્યાયનો ટાઈમ બહુ મળે છે. આત્માનો સ્વભાવ અણાહારી છે, એ વાતનું સ્મરણ એકાસણા સિવાય સાનુબંધ ન ટકે.

૧૧ કેટલી વાર અસત્ય બોલાયું ?

સત્ય જગતમાં વિજયવંત છે. સત્યવાદીને કોઈ ચિંતા હોતી નથી, તેનું મન હંમેશાં શાંત અને પવિત્ર રહે છે. તેને બધા પૂજ્ય તરીકે જુએ છે.

બાર વરસ સતત સત્ય બોલવાથી વાગ્લબ્ધિ અને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ક્રોધથી, લોભથી ભયથી અને હાસ્યથી અસત્ય બોલી જવાય છે. માટે તેનાથી સદા દૂર ને દૂર રહેવું, મહારાજા કુમારપાળ ભૂલથી અસત્ય બોલવાનું પ્રાયશ્ચિત આયંબિલ કરતા હતા.

૧૧ કેટલી વાર ગુસ્સે થવાયું ?

શાંતિનો શત્રુ ગુસ્સો છે. હૃદયમાં રાખેલી કામના પૂર્ણ ન થાય ત્યારે ગુસ્સો આવે છે.

ક્ષમા, પ્રેમ, અહિંસા અને લઘુતાથી ગુસ્સો નાશ પામે છે.

ક્ષમાદિ ગુણો ઉશ્કેરાએલા જ્ઞાનતંતુઓને શાંત કરે છે.

ગુસ્સો હોય ત્યાં સુધી કાંઈ પણ ખાવું પીવું નહિ.

પરમેષ્ઠિનો જાપ કરવાથી ગુસ્સો શમી જાય છે.

તેમ છતાં ગુસ્સો ન શમાય તો એ સ્થાનનો થોડા સમય માટે ત્યાગ કરવો અને એકાંતમાં જઈ પ્રભુની પ્રાર્થના કરવી.

આથી ગુસ્સો જીતવાનું બળ પ્રાપ્ત થશે, ગુસ્સાથી પ્રીતિનો નાશ થાય છે. ક્રોડ પૂર્વ સુધી પાળેલ સંયમનું ફળ નષ્ટ થાય છે.

આ ઉપરાંત નીચેની બાબતોનું પણ ઉંડાણથી ચિંતન કરવું

૧૨ કેટલો વખત આત્મચિંતન કર્યું ?
૧૩ કેટલો વખત ધ્યાન કર્યું ?
૧૪ કેટલી વખત નવવાડનું ઉલ્લંઘન કર્યું ?
૧૫ કઈ ઇંદ્રિયને આધીન થવાયું ?
૧૬ કેટલી વાર ક્રિયામાં પ્રમાદ કર્યો ?
૧૭ કયો ગુણ મેળવવા પ્રયત્ન કર્યો ?
૧૮ કયો દુર્ગુણ છોડવા પ્રયાસ કર્યો ?
૧૯ કેટલી વાર એક-આસને બેઠા ?
૨૦ કેટલીવાર બીજાનું કામ કર્યું ?
૨૧ કેટલીવાર જ્ઞાનની ભક્તિ કરી ?
૨૨ કેટલો ટાઇમ વાતોમાં ગયો ?
૨૩ કેટલીવાર દેવવંદન કર્યું ?
૨૪ ગોચરી લાવવામાં કેટલા દોષ લાગ્યા ?
૨૫ ગોચરી વાપરવામાં કેટલા દોષ લાગ્યા ?
૨૬ ગોચરી આપવા-લેવામાં કેટલી માયા કરી ?
૨૭ કેટલા દ્રવ્યનો સંક્ષેપ કર્યો ?
૨૮ આહાર-પાણીની કેટલી ઉનોદરી કરી ?
૨૯ કેટલી વિગઈ ત્યાગ કરી ?
૩૦ જરૂર વગરની કેટલી વિગય વાપરી ?
૩૧ દ્રવ્યાદિ-અભિગ્રહો કયા લીધા ?
૩૨ જરૂરી વિગઈ વાપરતાં કેટલો રાગ કર્યો ?
૩૩ વિગઈ વાપરતાં વડીલોની આજ્ઞા લીધી કે નહિ ?
૩૪ પાત્રામાં આવ્યા પછી ભક્તિ કરી કે નહિ ?

આવી જાતની સદ્વિચારણાથી સાધુજીવન ઉચ્ચકોટિનું બને છે.

卐 સાધુની દિનચર્યા 卐

રાત્રિનો છેલ્લો પ્રહોર શરૂ થતાં નિદ્રા છોડી પંચ-પરમેષ્ઠિસ્મરણ, આત્મનિરીક્ષણુ તથા ગુરુચરણે નમસ્કાર કરવો, પછી કુસ્વપ્ન-શુદ્ધિનો કાયોત્સર્ગ કરવા પૂર્વક ચૈત્યવંદન અને સજઝાય કરી સ્વાધ્યાય—ધ્યાન કરવું.

પછી પ્રતિક્રમણ કરી વસ્ત્ર-રજોહરણાદિની પ્રતિલેખના કરવી, એટલે સૂર્યોદય થાય પછી સૂત્રપોરિસીમાં સૂત્રાધ્યયન કરી છ ઘડી દિન-ચઢયે પાત્ર પ્રતિલેખના કરવી.

પછી દહેરે દર્શન-ચૈત્યવંદન કરી અર્થ—પોરિસીમાં સૂત્રાર્થનું અધ્યયન કરવું. ગામમાં ભિક્ષાના અવસરે ગોચરી (ગાય કોઇને કિલામણા ન પહોંચાડતી ચરે એ રીતની ભિક્ષા) લેવા માટે જવું.

એમાં ૪૨ દોષ ત્યજી અનેક ફરતા-ફરતી ઘરોમાંથી ભિક્ષા લાવી ગુરુને દેખાડતાં ગોચરી લીધાની વિગત રજુ કરવી.

પછી પચ્ચક્ખાણુ પારી સજઝાય-ધ્યાન કરી આચાર્ય બાલ-ગ્લાન-તપસ્વી-મહેમાન વગેરેની ભક્તિ કરી રાગ-દ્વેષાદિરૂપ માંડલીના પાંચ દોષ ટાળીને આહાર વાપરવો,

પછી ગામ બહાર સ્થંડિલ (નિર્જીવ એકાંત ભૂમિએ) શૌચાર્થે જઈ આવી ત્રીજા પહોરના અંતે વસ્ત્ર–પાત્રાદિને વ્યવસ્થિત મુકવા.

પછી ચોથા પહોરે સ્વાધ્યાય કરી વસ્ત્ર–પાત્રાદિની પ્રતિલેખના, ગુરુવંદન, પચ્ચક્ખાણ કરીને રાત્રિના લઘુશંકાદિ અર્થે જવું પડે તેની જગ્યા જોઈ પ્રતિક્રમણ કરવું.

ત્યારબાદ ગુરુની ઉપાસના કરી રાત્રિના પ્રથમ પ્રહરે સ્વાધ્યાય કરીને સંથારાપોરિસી ભણાવી શયન કરવું. આ ઉપરાંત સાધુજીવનના મુખ્ય કર્તવ્યે નીચે મુજબ છે.

(૧) સાધુ જીવનમાં બધું જ ગુરુને પૂછીને કરવાનું હોય છે.

(૨) બિમાર મુનિની સેવા પર ખાસ લક્ષ્ય આપવાનું હોય છે.

(૩) આચાર્યાદિની સેવા તથા ગુર્વાદિકનો વિનય ભક્તિ આદિ અત્યંત જરૂરી છે.

(૪) દરેકે–દરેક સ્ખલનાઓનું ગુરુ આગળ બાળભાવે પ્રકાશનપૂર્વક પ્રાયશ્ચિત્ત લેવું.

(૫) શકયતાએ વિગઇઓનો ત્યાગ કરવો.

(૬) પર્વ–તિથિએ વિશેષ તપ કરવો.

(૭) વર્ષમાં ત્રણ યા બે વાર કેશનો હાથેથી લોચ કરવો.

(૮) શેષકાળમાં ગામોગામ વિહારની મર્યાદા જાળવવી.

(૯) સૂત્ર-અર્થનું ખૂબ ખૂબ પારાયણ-મનન વગેરે કરતાં રહેવું.

(૧૦) મનને આંતર-ભાવમાંથી બાહ્યભાવમાં લઇ જાય એવી કોઇ વાણી વિચાર કે વર્તાવ કરવાનો નહિ. માટે જ ગૃહસ્થ પુરુષોનો પણ ખાસ સંસર્ગ કરવો નહિ.

(૧૧) સાધુ-જીવનમાં ઇચ્છાકાર આદિ દશ પ્રકારની સામાચારી, બીજા અનેક પ્રકારનાં આચાર, અષ્ટ પ્રવચનમાતા (સમિતિગુપ્તિ), સંવર, નિર્જરા અને પંચાચારનું પાલન કરવાનું લક્ષ્ય રાખી ગુરુગમથી તેની જાણકારી મેળવવી.

ધર્મોપદેશની યોગ્યતા

इत्थ मग्गदेसणाए—

—अणभिंनिवेसो

—पडिवत्तिमित्तं

—किरिआरंभो

ભાવાર્થ-સન્માર્ગનો ઉપદેશ સાંભળવાના પરિણામે કદાગ્રહનો અભાવ, વિનયપૂર્વક સ્વીકાર અને યથાશક્ય સુધારણાની પ્રવૃત્તિ-આ ત્રણ તત્ત્વો જેનામાં દેખાય તે ધર્મોપદેશની સફલ યોગ્યતાવાળો છે, એમ જાણવું.

—શ્રી પંચસૂત્ર-સૂત્ર ૪

સંયમપાલનની
—* વિશિષ્ટ મર્યાદાઓ *—

૧ વિગઇ વાપરવી તે સાધુ માટે પાપ છે, કારણે ગુરૂ મહારાજની અનુજ્ઞા મેળવીને પ્રમાણસર વાપરવા ઉપયોગ રાખવો.

૨ દિવસે ઉંઘવું તે સાધુ માટે દૂષણ છે.

૩ દોડવું કે જલદી ચાલવું તથા રસ્તે ચાલતાં હસવું કે વાતો કરવી સાધુ માટે ઉચિત નથી.

૪ ભુલ થઈ જાય તો સરલ-ભાવે ગુરૂ મહારાજ આગળ નિખાલસથી ઇકરાર કરવો જોઇએ.

૫ કપડાનો કાપ બહુ મેલા થયા પહેલાં ન જ કાઢવો.

૧ વારંવાર વાપરવું કે વાસના પોષવા ખાતર વાપરવું ઉચિત નથી.

૭ સારી વસ્તુ આપણી પાસે આવી હોય તો બીજા સાધુની ભક્તિ કરવી જોઇએ.

૮ ગુરુ મહારાજ આવે ત્યારે "મત્થએણ વંદામિ" કહેતાં જ ઉભા થવું જોઇએ.

૯ પોતાની બુદ્ધિનો ઉપયોગ ગુરૂઆજ્ઞા થયા પછી કદી પણ ન કરવો.

"બહુવેલ સંદિસાઉં" આદેશના મર્મને સમજવાની જરૂર છે.

૧૦ કોઈપણ ચીજ મંગાવવી હોય કે કંઇપણ કામ કરવું હોય તો ગુરુ મહારાજને પૂછવું જોઇએ.

૧૧ બંને ટંકનું પ્રતિક્રમણ મર્યાદા પૂર્વક શુદ્ધ ઉચ્ચાર સાથે મનની એકાગ્રતા પુર્વક કરવું જોઇએ.

૧૨ મુહપત્તીનો ઉપયોગ બરાબર જાળવવો.

૧૩ શ્રાવકો-ગૃહસ્થોને 'આવો જાઓ' 'બેસો' 'આ કરો-તે કરો" એમ કહેવાય નહિં.

૧૪ રસ્તામાં ચાલતાં આડું અવળું જોવું નહિ, વાતો કરવી નહિં, ભણવું, ગોખવું કે આવૃત્તિ પુનરાવર્તનાદિ પણ ન કરવું.

૧૫ ઈર્યાસમિતિનો ઉપયોગ બરાબર જાળવવો.

૧૬ કોઇની પણ નિંદા સાંભળવી કે બોલવી નહિ.

૧૭ સ્રીને જાણી-જોઇને આંખથી ધારી જોવી નહિં.

૧૮ વાપરતાં પહેલાં પાતરામાં અને પડિલેહણ વખતે વસ્રાદિનું બરાબર દૃષ્ટિનું-પડિલેહણ કરવું જોઇએ.

૧૯ બીજા સાધુના પતરાં તરફ નજર ન કરવી કે— 'એને શું આપ્યું ?' કે 'એણે શું વાપર્યું' ' આદિ.

૨૦ સાધુએ શરીરને અનુપયોગી ચીજો વાપરવાની ટેવ છોડવી જોઇએ.

૨૧ ઓછું, સાદું અને વૃત્તિ-સંક્ષેપપૂર્વક વાપરવાથી સારી ભાવનાઓ આવે છે.

૨૨ કોઈપણ સાધુ કામ બતાવે તો હર્ષપૂર્વક તે કામ કરવા તૈયાર થવું જોઈએ.

૨૩ સંયમના ઉપકરણો સિવાયની ચીજોનો ઉપયોગ સાધુ માટે અનિષ્ટ છે.

૨૪ 'સારી વસ્તુ બીજાઓને ભલે મલો! મારે ગમે તેવી વસ્તુથી ચાલશે' આવી ભાવના હૈયામાં નિરંતર રાખવી.

૨૫ વાપરતાં પહેલાં ગુરુ મહારાજને પૂછવું જોઇએ કે 'આ ગોચરી....પાણી વાપરૂં ?'

૨૬ બિમારી આદિ આગાઢ કારણ વિના નવકારશીનું પચ્ચ૦ સાધુ માટે ઉચિત નથી.

૨૭ સવારમાં ઉઠતાં જ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરવું જોઈએ અને ગુરુમહારાજના ચરણોમાં મસ્તક ઝુકાવી આત્મ સમર્પણનો ભાવ કેળવવો જોઇએ.

૨૮ સવારમાં દશ વાગ્યા સુધી કંઇપણ નવું આગમિક પ્રાકરણિક કે સૈદ્ધાન્તિ ગોખવું જોઇએ.

૨૯ સ્તવન સજ્જાય આદિ સવારના દશ વાગ્યા પહેલાં ન ગોખાય.

૩૦ ક્રિયાઓમાં લોચા કે અવિધિ કરવાથી વિરાધનાનું ભયંકર પાપ બંધાય છે.

૩૧ સવારે રાઇપ્રતિ૦ સૂર્યોદયથી બે ઘડી પહેલાંની મર્યાદાએ કરવું—પણ ચાર વાગ્યે ઉઠી તો જવું, અને ચાર લોગસ્સ૦નો કાઉ–કરી ચૈત્યવંદન અને ભરહેસરની સજ્ઝાય સુધી કરી મંદસ્વરે સ્વાધ્યાય અથવા વિવિધ કાઉસ્સગ્ગ કરવા.

૩૨ સવારે ચાર વાગ્યા પછી સંથારામાં પડી રહેવું સાધુને શોભે નહિ.

૩૩ સંયમના ઉપકરણો, ભણવાના પુસ્તકો આદિ સાચવીતે વ્યવસ્થિત રાખવાં જોઈએ.

૩૪ સારાં કપડાં કે સારૂં વાપરવાનું મળે તેવો વિચાર પણ ન આવવા દેવો, સંયમોપયોગી શુદ્ધ યથા–સમયે જેવા મળે તેવા વસ્ત્ર આહારથી ચલાવી લેવાની વૃત્તિ કેળવવી.

૩૫ વાપરવું એ સંયમી માટે વેઠરૂપ છે, શરીરને નભાવવા માટે ન–છૂટકે કરવાની તે ક્રિયા છે, માટે તેમાં બે–ઘડીથી ઉપરાંત સમય ન થવા દેવો જોઇએ.

૩૬ આયંબિલનો તપ સાધુ માટે અમૃતરૂપ છે. વિગઈ-વાળો આહાર ઝેરરૂપ છે. આ વાત ધ્યાનમાં રાખી વગર કારણે મિષ્ટ પદાર્થો કે વિગઈઓનો વધુ પડતો પરિભોગ સાધુએ ન કરવો જોઈએ

૩૭ સંયમના સઘળા ઉપકરણો અને પુસ્તકો વગેરેનું સવાર–સાંજ જયણાપુર્વક પડિલેહણ કરવું જોઇએ. સાધુને કોઈપણ ચીજ પડિલેહણ કર્યા વિનાની વપરાય જ નહિં.

૩૮ સાધુની કોઈપણ ચીજ રસ્તામાં રખડતી કે જ્યાં ત્યાં પડી ન રહેવી જોઇએ, તેમ કરવાંથી સંયમના ઉપકરણની અવહેલના—આરાધના તેમજ અયતના અધિકરણનો દોષ લાગે છે.

૩૯ રસ્તામાં સામેથી કોઈપણ સાધુ સામે મળે તો વિનયપૂર્વક હાથ જોડી મુખ આગળ મુહપત્તિ રાખી 'મત્થએણ વંદામિ' કહેવું.

૪૦ સંયમની નાવમાં બેઠા પછી તેના કર્ણધાર-ખલાસીસમા ગુરૂમહારાજની આજ્ઞાઅનુસાર વર્તન રખાયતો ભવસમુદ્રથી પાર પમાય અન્યથા સંભવ નથી.

૪૧ સારૂં-સારૂં વાપરવાથી કે સારી ચીજોનો ઉપયોગ કરવાથી મારૂં પુણ્ય ખૂટે છે અને નવું પાપ બંધાય છે.

૪૨ પાંચ તિથિએ ચૈત્યપરિપાટી જરૂર કરવી.

૪૩ પર્વ તિથિ અને વિશિષ્ટ દિવસોએ ચાલુ દિવસ કરતાં કંઈક વધુ તપ કરવો.

૪૪ સાધુએ દુનિયાની સઘળી પંચાત મૂકી દઈ આપણા જીવનની શુદ્ધિનો ખ્યાલ બરાબર કેળવવો.

૪૫ બ્રહ્મચર્ય સંયમનો પ્રાણ છે, તે વિના સંયમ મુડદા જેવું છે, માટે બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન બરાબર કરવા માટે ઉપયોગવંત રહેવું.

૪૬ સાધુએ બોલવામાં કદી પણ 'જ' કારનો પ્રયોગ ન કરવો.

સંયમની સાધનારૂપ
— પગદંડીઓ —

૧ ગુરુ આજ્ઞા એ સંયમસાધનાને મુખ્ય પ્રાણ છે, તે વિના કદી પણ આત્મ-કલ્યાણના પંથે પ્રયાણ શક્ય નથી જ!

૨ ગુરુના ચરણોમાં આત્મ-સમર્પણ સંયમ સાધનાનું મુખ્ય અંગ છે.

૩ ગુરુ-મહારાજનો ઉપકાર રોજ સ્મરણ કરવો જોઇએ- કે મને ભવસમુદ્રમાં પડતો કેવો બચાવ્યો? અને બચાવવા હજી પણ નિષ્કારણ કરૂણા વરસાવી રહ્યા છે.

૪ ગુરુમહારાજ કાંઈપણ કહે-આજ્ઞા કરે, ભૂલ થતાં તે સંબંધી ઠપકો આપે કે કદાચ કઠોર-સ્વરે તર્જનાદિ પણ કરે, પણ આ બધું મારા આત્માના એકાંત હિતઅર્થે છે. મારા ભાવરોગને હઠાવવા તેની તીવ્રતા આદિની અપેક્ષાએ મૃદુ-મધ્ય-તીવ્ર કે કડવા ઔષધોના વિવિધ પ્રયોગોની પ્રક્રિયા પૂ૦ ગુરુદેવ અપનાવી રહ્યા છે!!! આ જાતની શુભ ચિંતના વિવેકબળે ટકાવવી જરૂરી છે.

૫ પૂજ્ય અને ઉપકારી ગુરુદેવ કે વડિલની સામે કદી પણ જેમ તેમ અસભ્ય ન બોલાય આ માટે પૂરતું ધ્યાન રાખવું.

૬ શરીરને જેટલું ઈચ્છાપૂર્વક કષ્ટ આપીએ તેટલી વધુ પાપોની નિર્જરા થાય છે.

૭ પાંચ મહાવ્રતોનું પાલન પોતાના વ્હાલા પ્રાણોની જેમ કરવું જોઇએ.

૮ કોઈપણ સાધુના દોષો આપણાથી જોવાય નહિં, બીજાના દોષો જોવાથી પોતાનો આત્મા દોષવાળો બને છે, કાળું જોવાથી મન કાળું બને છે, ઉજળું જોવાથી ઉજળું બને છે.

૯ બીજાના ગુણો જ આપણે જોવા જોઇએ.

૧૦ કોઈની પણ અદેખાઈ-ઈર્ષ્યા સાધુથી ન કરાય.

૧૧ બીજાની ચઢતી જોઈને રાજી થવું જોઈએ

૧૨ "દરેકનું ભલું થાઓ" આવી ભાવના નિરંતર રાખવી જોઇએ.

૧૩ પોતાના ઉપકારી ગુરુ મહારાજના દોષો કે ભૂલો તરફ કદી પણ નજર ન જવા દેવી.

૧૪ શરીરની જ સંભાળ કરનાર સંસારી કહેવાય. આત્માની જ સંભાળ માટે સાવધ રહે તેનું નામ સાધુ.

૧૫ શું ખાઇશ? ક્યારે ખાઇશ? શું મળશે? અમુક ચીજ નહિં મળે તો? આદિ આદિ ક્ષુદ્ર વિચારણાઓ કરવી ઉચિત નથી.

૧૬ ગમે તેવો કડવો બોલ (શબ્દ) સહન કરે તે સાધુ.

૧૭ 'હું' અને 'મ્હારૂં' ભૂલે તે સાધુ.

૧૮ "સારી વસ્તુઓ બીજાઓને ભલે મલો ! મ્હારે ગમે તેવી વસ્તુથી ચાલશે" આવી ભાવનાઓ વારંવાર કેળવવી.

૧૯ હસવું તે સાધુ માટે પાપ છે.

૨૦ કોઇની પણ મશ્કરી સાધુથી કરાયજ નહિં.

૨૧ ગમે તેવી કોઈની ખરાબ વાત સાંભળવી નહિં, કદાચ સંભળાઈ જાય તો પેટમાંજ રાખવી.

૨૨ કોઇની પણ નિંદા કરવી નહિં, તેમજ સાંભળવી પણ નહિં.

૨૩ સ્વભાવ શાંત રાખવો.

૨૪ "સંસાર દુઃખની ખાણ છે, અને સંયમ સુખની ખાણ છે" આ વાત બરાબર યાદ રાખવી.

૨૫ કોઇ પણ વાતનો કદાગ્રહ ન રાખવો.

૨૬ હંમેશાં સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો.

૨૭ કોઈ પણ વાતમાં 'જ'કારનો પ્રયોગ ન કરવો.

૨૮ ગુરુ મહારાજ વાતમાં હોય કે કામમાં હોય ત્યારે કંઈ પૂછવું નહિં.

૨૯ ગુરુ મહારાજની અનુકૂળતાઓ સાચવવી, એજ સંયમ-શુદ્ધિ માટે જરૂરી ગુરુવિનયની પ્રાથમિક ભૂમિકા છે.

૩૦ આપણા હિતની વાત કડવી હોય તો પણ હસતે મુખે સાંભળવી.

૩૧ ઓછી ચીજોથી ચલાવતાં શીખવું જોઈએ. જરૂરીયાતો ઘટાડવી એ સાધુતાની સફલતા છે.

૩૨ મરણ ક્યારે! તેનું કંઇ ધોરણ નથી, માટે શુભ વિચારોને અમલી બનાવવામાં પ્રમાદી ન રહેવું.

૩૩ આપણી પ્રશંસા-વખાણ સાંભળી ફુલાઇ ન જવું. તેમજ નિંદા સાંભળી ક્રોધ ન કરવો.

૩૪ 'આત્મામાં અનંત શક્તિ છે' એ વિચારીને તેને બરાબર દૃઢ રીતે કેળવી સંયમ જ્ઞાન ધ્યાન અને તપની પ્રવૃત્તિમાં વીર્યોત્સાહ પૂર્વક આગળ વધવા પ્રયત્નશીલ રહેવું

૩૫ સંયમાનુકૂલ કોઇપણ પ્રવૃત્તિમાં કાયર કદી ન બનવું. કદાચ પરિસ્થિતિવશ આચારથી કાયરતા આવે તો પણ વિચારોથી કાયર કદી ન બનવું.

૩૬ આંખ, કાન, જીભ વગેરે ઇન્દ્રિયો ડાકૂ છે, તે આત્માનું બધું પુણ્યધન લુંટી લે છે, માટે ઇન્દ્રિયો કહે તેમ ન કરવું-પણ જ્ઞાનીઓ જેમ કહે તેમ કરવું.

૩૭ મધુર ખાવાની સારી ચીજો કે જોવા લાયક સુંદર પદાર્થો ખરેખર ઝેર છે, તેનાથી આત્માને અનંત જન્મ-મરણ કરવા પડે છે માટે ઇન્દ્રિય-નિગ્રહ માટે સાવચેત રહેવું.

૩૮ પરસ્પૃહા એ મહાદુઃખ છે, તૃષ્ણાનો વિજય એ સુખની ચાવી છે, માટે જેમ બને તેમ મુનિએ નિઃસ્પૃહતા ખૂબ કેળવવી જોઇએ.

૩૯ વિનય વગરના મોટા તપની કે ભણવાની કંઇ કિંમત નથી.

૪૦ સાધુ જો સંયમની પાલના આરાધક ભાવથી કરે તો મોક્ષની કે દેવલોકની પ્રાપ્તિ કરે છે-પણ વિરાધક ભાવથી

સંયમ દૂષિત કરે તો નરક–તિર્યંચ આદિ દુર્ગતિ અવશ્ય મેળવે છે.

૪૧ ગુરુનો અવિનય કરનાર કદી કલ્યાણની સાધના કરી ન શકે.

૪૨ શરીરને સુકુમાલ ન બનાવવું. સંયમ–તપ અને સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિઓમાં યથા યોગ્ય રીતે પ્રવર્ત્તી શરીરનો કસ કાઢવા લક્ષ્ય રાખે તે સાધુ.

૪૩ દીક્ષા લીધા પછી મા–બાપનો કે સગા–વહાલાંનો મોહ ન રખાય, તેમની સાથે ગુરુઆજ્ઞા વિના ધર્મની પણ વાત ન થાય.

૪૪ સાપ કાંચલી ઉતારે તેમ સંસારથી અળગા થયા પછી સંયમીએ તપેલા લોઢાના ગોળાની જેવા તે ગૃહસ્થો સાથે નિરપેક્ષ રીતે કે સ્વચ્છંદ રીતે સંભાષણ પરિચય કે પત્ર–વ્યવહારાદિ સર્વથા ન કરવું જોઈએ.

૪૫ સાચા સંયમી માટે ગૃહસ્થો સાથેનો પરિચય પાપ છે.

૪૬ પાપનો બાપ લોભ છે, અને પાપની માતા માયા છે.

૪૭ નકામી વાતો કરવી નહિ તેજ સાંભળવી પણ નહિં.

૪૮ જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રયોજન વગરની કોઇ પણ પ્રવૃત્તિ સંયમીએ કરવી ન જોઇએ.

૪૯ વિચારોમાં ઉદારતા, સ્વાર્થરહિતપણું અને પરાર્થવૃત્તિ કેળવવાથી સંયમની આસેવના આત્માને ઉજ્જવલતર બનાવવામાં વધુ ચોક્કસ રીતે ફલવતી થાય છે.

૫૦ "હું જીવ માત્રને અભયદાન આપવાની વિશદ પદવીવાળા સંયમનો અધિકારી છું" આ જાતની જવાબદારી સતત જાગૃત રાખવી જોઈએ. જેથી હલકા વિચારો કે ક્ષુદ્ર સ્વાર્થમૂલક પ્રવૃત્તિઓ સ્વતઃ ક્ષીણ થઈ જાય.

૫૧ સાધુને ચિંતા હોય તો એક જ કે "ભવભ્રમણથી શી રીતે બચાય?" અને તે માટે જરૂરી સંયમની પાલના માટે ગુરુ ચરણે પૂર્ણપણે સમર્પિત થઈ જવાની તમન્ના સાધુના માનસમાં અહોનિશ જાગતી હોય છે. ૫૨ દીનતા સાધુનું મોટામાં મોટું દૂષણ છે.

૫૩ મોટા બેરિસ્ટરો કે વકીલો ગિની-સોનામહોરોના હિસાબે મિનિટની કિંમત વાત કરનાર અસીલ સાથે આંકતા હોય છે. તો તેના કરતાં પણ સંયમી જીવનનો એકેક ક્ષણ અમૂલ્ય છે તેથી નિષ્પ્રયોજન વાતો કે અનુપયોગી પ્રવૃત્તિઓમાં જરા પણ સમય વ્યર્થ ન ગુમાવવો જોઈએ.

૫૪ જે સાધુ ઇન્દ્રિયોના વિકારોને પોષવામાં કપડાં—શરીરની ટાપટીપ કે માનપાનમાં કુળાઈ જાય છે તેનું જીવન અધોગામી જ બને છે.

૫૫ સાધુએ ખાસ કામ વિના આસનેથી ઉઠવું ન જોઇએ. નિષ્પ્રયોજન જ્યાં ત્યાં ફરવાની ટેવ સાધુને છાજતી નથી.

૫૬ સાધુએ ચંચલતા છોડી દરેક ક્રિયામાં સ્થિરતા કેળવવી.

૫૭ ભણતી વખતે કે લખતી વખતે ટટાર બેસવું જોઈએ જેથી શરીરમાં રોગ ન થાય.

૫૮ સવારમાં ચાર વાગ્યા પછી સૂવું ન જોઈએ, કેમકે તે વેળાએ મન ધર્મધ્યાનમાં જલ્દી વળી શકે છે.

૫૯ સ્વાધ્યાય કે ખાસ જરૂરી કામ સિવાય મૌન રહેવા પ્રયત્ન કરવો.

૬૦ સાધુની ભાષા મીઠી–મધુર ન્યાયોપેત નિરવદ્ય અને પ્રભુની આજ્ઞાનુસારી હોવી જોઈએ.

૬૧ ગુરુ–મહારાજનો ઠપકો મિષ્ટાન્ન કરતા પણ વધારે મીઠો લાગવો જોઈએ.

૬૨ સારું બ્રહ્મચર્ય પાળનાર પ્રાયઃ રોગી બનતો નથી.

૬૩ બ્રહ્મચર્ય–ભંગથી બાકીના ચાર મહાવ્રતોનો પણ ભંગ થઈ જાય છે.

૬૪ સાધુને શરીર કરતાં આત્માની ચિંતા વધારે હોય આ લોક કરતાં પરલોકની ચિંતા વધુ હોય છે.

૬૫ સાધુ–સાધુ વચ્ચે ખટપટો કરાવે કે નારદ વિદ્યા કરી પોતાને હોંશિયાર માને તે સાધુ ન કહેવાય.

૬૬ દરેક ધર્મ ક્રિયાઓ કરતાં ભગવાનને યાદ કરવા જોઈએ કે–અહો નિષ્કારણ કરૂણાલુ પરમાત્માએ ભવોદધિ-તારક ક્રિયાઓ કેવી સરસ નિર્દેશી છે ?

૬૭ સવારમાં રોજ ઉઠતાં જ વિચારણા કરવી ઘટે કે– "હું સાધુ છું ! મારે પાંચ મહાવ્રતો પાળવાનાં છે ! મારૂં કર્તવ્ય હું શું નથી કરતો ? મ્હેં કેટલી સંયમની

સાધનામાં પ્રગતિ કરી ? તપમાં શક્તિ ગોપવું છું કે કેમ ?"
આદિ.

૬૮ ગુરુમહારાજની ઇચ્છાને અનુકુલ રહેવું તે સંયમીનું પ્રધાન કર્તવ્ય છે.

૬૯ ગુરુમહારાજની કોઇપણ આજ્ઞાને આત્મહિતકર માની હૃદયના ઉલ્લાસથી અમલી બનાવવા પ્રયત્ન કરવો.

૭૦ પોતાની મરજી મુજબ ચાલનાર સાધુ કદીપણ સંયમની મર્યાદાઓ જાળવી શકતો નથી.

૭૧ 'મને આમ લાગે છે માટે હું તો આમ જ કરીશ' એવો કદાગ્રહ ન રાખતાં પૂ૦ ગુરુદેવને જે યોગ્ય લાગે તે રીતે જ કામ કરવાનો આગ્રહ રાખવો.

૭૨ સ્ત્રી સાથે વાતચીત, બહુ કે વારંવાર વિગઇનો વપરાશ, શરીરની શોભા–ટાપટીપ આ ત્રણે સાધુ માટે તાલપુટ ઝેર સમાન ભયંકર છે.

૭૩ જે સંસારનો દુઃખથી અને પાપથી ભરેલો જાણી ત્યાગ કર્યો, હવે તે સંસારની ફુલામણીમાં ફરીથી ન ફુલાઈ જવાય તે માટે સાવધ રહેવું ઘટે.

૭૪ સાધુને જે સુખ સંયમના અનુભવથી મળે છે તે દેવેન્દ્ર કે ચક્રવર્તીને પણ નથી મળતું.

૭૫ સંયમમાં દુઃખ ઓછું સુખ વધારે–સંસારમાં સુખ ઓછું દુઃખ વધારે–આ એક નક્કર હકીકત છે! ભલે! બાહ્યદૃષ્ટિથી આપણને વિપરીત લાગતું હોય કે–"સંયમમાં દુઃખ વધારે છે અને સંસારમાં સુખ વધારે છે." ખરેખર આ ભ્રમાત્મક અનુભવ છે,

પૂ૦ સાધુ–સાધ્વીજી મ૦ ને સંયમી
જીવન માટે ખાસ ઉપયોગી

હિત–શિક્ષા–શતક

(પૂ૦ આ૦ શ્રી કીર્ત્તિસાગરસૂરીશ્વરજી મ૦ શિષ્ય પૂ૦ મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી મ૦ ગણી સંપાદિત "સ્વાધ્યાય–સાગર" (વિભાગ ૨ પૃ. ૭૫ થી ૧૧૦) માંથી સંકલિત કરીને ઉપયોગી ભાગ અહીં લીધો છે.)

(૧) એક પ્રહર બાકી રહે ત્યારે શ્રી નમસ્કાર–મહામંત્રનું સ્મરણ કરી જાગૃત થવું.

નિદ્રા એ આત્મગુણનો ઘાત કરનાર સર્વઘાતી પ્રકૃતિ છે. માટે નિદ્રાને ઘટાડતા જવું, આહાર ને ઉંઘ વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે, તેમજ આહાર વધારવાથી ઉંઘ પણ વધે છે.

(૨) જે જગ્યાએ ઉંઘ્યા હોઇએ કે રાઇ–પ્રતિક્રમણ કર્યું હોય તે જગ્યાનો સ્વામી શય્યાતર થાય, પરંતુ એક જગ્યાએ ઉંઘ્યા અને બીજી જગ્યાએ રાઇ–પ્રતિક્રમણ કર્યું હોય તો બન્ને જગ્યાઓના બંને સ્વામી શય્યાતર થાય.

(૩) દરેક ક્રિયા પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ કરવી.

(૪) ક્રિયા કરતાં સ્થાપનાજી મસ્તકથી ઉપર અને નાભિથી નીચાણમાં રાખવા નહિ.

(૫) સ્થાપનાજી માટે તેના ઉપર રેશમી રૂમાલો તેમજ આકર્ષણ ભરેલા સુતરાઉ રૂમાલો રાખવા તે અસંયમરૂપ છે.

(૬) કાઉસ્સગ્ગમાં જીભ અને હોઠ તેમજ આંગળી પણ હલાવવી જોઈએ નહિ

(૭) કાઉસ્સગ્ગમાં સંખ્યા ગણવા ભ્રુકુટિ અથવા આંગળી ફેરવવામાં આવે તો "ભમુહંગુલી" નામનો દોષ લાગે અને હું હું કરે તો "મૂક" નામનો દોષ લાગે, તથા વાંદરાની જેમ આડું અવળું જોયા કરે અને હોઠ હલાવે તો 'પ્રેક્ષ્ય' નામનો દોષ લાગે.

(૮) एवमाइएहि आगारेहि–આ વાક્યમાં आदि શબ્દથી બીજા પણ અગારો બતાવે છે.

૧ ઉજેહી–આગ વગેરે અગ્નિનો ઉપદ્રવ હોય.

૨ પંચેન્દ્રિય જીવોની આડ પડતી હોય તથા છેદન-ભેદન થતું હોય.

૩ રાજભય, ચોરભય કે ભીંત પડવાનો ભય હોય.

૪ સ્વ–પરને સર્પાદિ–દંશનો ભય હોય તેમજ દંશ દીધો હોય આદિ.

આ ઉપર બતાવેલ કારણો વડે કાઉસ્સગ્ગમાં (પાર્યા-વિના) એક સ્થાનથી બીજે સ્થાને જાય તો પણ કાઉસ્સગ્ગનો ભંગ થાય નહિ અને ત્યાં જઈ અધુરો રહેલો કાઉસ્સગ્ગ પૂર્ણ કરે.

(૯) કાઉસ્સગ્ગમાં છીંક, બગાસું, ઓડકાર કે ખાંસી આવે તો મુખ આડી મુહપત્તિ કે વસ્ત્ર રાખવું જોઇએ, અને તેમ કરતાં કાઉસ્સગ્ગનો ભંગ થાય નહિ.

(૧૦) દેરાસરમાં કાઉસ્સગ્ગ કરતાં પ્રભુ ઉપર દૃષ્ટિ રાખવી અને ઉપાશ્રયમાં કાઉસ્સગ્ગ કરતાં નાસિકા ઉપર અથવા સ્થાપનાજી ઉપર દૃષ્ટિ રાખવી.

(૧૧) ઇરિયાવહીથી ભરહેસર૦ની સજ્ઝાય સુધી કરી સ્વાધ્યાય અથવા ધ્યાન કરવું.

(૧૨) રાત્રિમાં શિયલભંગ સંબંધી સ્વપ્ન (કુસ્વપ્ન) આવેલ હોય તો सागरवरगंभीरा સુધી નહિ તો (અથવા દુઃસ્વપ્ન આવેલ હોય તો) चंदेसु निम्मलयरा સુધી ચાર લોગસ્સનો કુસુમિણ૦નો કાઉસ્સગ્ગ કરવો.

(૧૩) કુસ્વપ્ન–રાગથી (મોહ–માયા–લોભથી) આવે.

દુઃસ્વપ્ન–દ્વેષથી (ક્રોધ–માન–ઇર્ષ્યા–ખેદથી) આવે.

(૧૪) કુસુમિણ૦નો કાઉસ્સગ્ગ કર્યા પછી ઉંઘાય નહિ, જો ઉંઘે તો ફરીથી કુસુમિણ૦નો કાઉસ્સગ્ગ કરવો જોઇએ.

(૧૫) પચ્ચક્ખાણ લેતાં पच्चक्खामि અને वोसिरामि બોલવું. પચ્ચક્ખાણ આપતાં पच्चक्खाइ અને वोसिरइ બોલવું અને પચ્ચક્ખાણ બીજાને આપતાં અને સાથે પોતે લેતા હોય તો पच्चक्खाइ–पच्चक्खामि અને वोसिरइ-वोसिरामि એમ બંને બોલવું.

(૧૬) ચોવિહાર-ઉપવાસ સિવાય સવારના દરેક પચ્ચક્ખાણમાં સાથે મુટ્ઠિસહિયં પચ્ચ. લેવાનું ભૂલવું જોઈએ નહિ.

કારણ કે મુટ્ઠિસહિયં સાથે ન હોય તો પચ્ચક્ખાણનો ટાઇમ થઈ ગયા પછી વિરતિનો લાભ મળે નહિં અને મુટ્ઠિસહિયં સાથે લેતાં પચ્ચક્ખાણ ઉપરાંત ગમે તેટલો ટાઈમ થઈ જાય તો પણ વિરતિ (તપ)નો લાભ મળે.

(૧૭) દરેક પચ્ચક્ખાણ પારતાં મુઠી વાળીને પચ્ચક્ખાણ પારવું જોઈએ. મુઠી વાળ્યા વિના સીધો હાથનો પંજો રાખી પચ્ચક્ખાણ પારવામાં આવે તો પચ્ચક્ખાણનો ભંગ થાય.

(૧૮) જગતને દેખાડનારા ઘણા માણસો હોય છે, પરંતુ પોતાના આત્માને માટે જ્ઞાન-ધ્યાન અને ક્રિયામાં ઉદ્યમ કરનાર આ પૃથ્વી ઉપર ગણ્યા-ગાંઠયા જ હોય છે.

(૧૯) વિવેકી સંયમીએ સતત વિચારવું ઘટે કે—આયંબિલ છટ્ઠ-અટ્ઠમ-અટ્ઠાઈ આદિ ઘણા તપો કર્યા, પરંતુ લાલસા અને આધાકર્મી આદિ કેટલા દોષો છોડયા?

ઉપદેશ ઘણો આપ્યો! પણ પોતાના આત્માને કેટલો સમજાવ્યો?

ભણ્યા ઘણું! પણ જીવનમાં કેટલું ઉતાર્યું?

ઉગ્ર-વિહારી બન્યા! પણ ઈર્યાસમિતિનું પાલન કેટલું કર્યું?

ધ્યાન કરતાં શિખ્યા ! પણ પ્રતિકૂલ-સંયોગોમાં સમતા કેટલી રાખી ?

મિચ્છામિદુક્કડંનો પડકાર કરનારા ! આપણા આત્માને પુછ્યું કે તારૂં મિચ્છામિ દુક્કડં કુંભારવાળું છે ? કે શ્રીમૃગાવતીજી જેવું છે ?

(૨૦) પ્રભાત સમયે, પ્રભાત પછી પરસ્પર મુખ દેખાયે, હાથની રેખા દેખાય ત્યારે પડિલેહણ કરવું, આ બધા મતાંતરો ખોટા છે.

કારણ કે અંધારામાં ઉપાશ્રય હોય તો સૂર્યોદયે પણ ન દેખાય, તેથી ભદ્રબાહુસ્વામી જણાવે છે કે विशाल लोचन બોલતાં અને હાલમાં જીવ કર્મથી પ્રતિક્રમણ કરીને તરત મુહપત્તિ-રજોહરણ-નીસેથીયું - ઓઘારીયું - ચોલપટ્ટો-કપડો-કાંબળી-કાંબળીનો કપડો-સંથારો અને ઉત્તરપટ્ટો, આ દશ વસ્તુનું પડિલેહણ કર્યો પછી કાજો લેતાં સૂર્યોદય થાય તેવી રીતે પ્રતિક્રમણ અને પડિલેહણ શરૂ કરે.

અથવા સૂર્યોદય પહેલાં ૧૫ મિનિટે પ્રતિક્રમણ પુરૂં થઈ જાય તેવી રીતે इरियावहि-इच्छकारथी પ્રતિક્રમણ શરૂ કરે.

વળી સૂર્યોદય પહેલાં ૧૫ મિનિટે પડિલેહણ શરૂ કરે, પરંતુ ઉપાશ્રયમાં સૂર્યનો પ્રકાશ બરાબર ન આવતો હોય કીડી-માંકડ જું આદિ વસ્ત્રમાં દેખાય તેવું અજવાળું થાય ત્યારે પડિલેહણ કરવું.

પડિલેહણમાં જુ નીકળે તો કપડામાં અને માંકડ નિકળે તો લાકડામાં, અકાળે ન મરે તેવી રીતે સુરક્ષિત એકાન્ત અને છાયાવાળી જગ્યામાં મુકવા.

કામળીનો કપડો જુદો કરીને બન્નેનું જુદું જુદું પડિલેહણ કરવું જોઈએ.

(૨૧) દેવદર્શન, આહાર, નિહાર, વિહાર, માત્રુ અને ગુરૂઆજ્ઞા આ છ કારણે ઉપાશ્રય બહાર જવાય.

(૨૨) સૂર્યોદય પછી વિહાર કરવો તે હિતકારી છે. સૂર્યોદય પહેલાં વિહાર કરવામાં ઈર્યાસમિતિનું પાલન થાય નહિ. જ્યાં જયણા નથી ત્યાં ચારિત્ર નથી.

(૨૩) ગાઢ કારણે કાળ વખતે અને વર્ષાદ વખતે ખુલ્લા આકાશમાં લઈ ગયેલા કાંબળી–તરપણી –કાચલી વિગેરે એક બાજુ મુકી દેવા જોઈએ, અને પોતાની મેળે સુકાઈ જાય ત્યાર પછીજ તે ઉપયોગમાં લઈ શકાય, અને કાળ વખતે લઈ ગયેલ કાંબળીની ૪૮ મિનિટ પછી ઘડી વાળી શકાય. તેના પહેલા ઘડી વાળીએ તો અપકાય અને ત્રસકાયની વિરાધનાનો દોષ લાગે.

(૨૪) કાળ વખતે ખુલ્લા આકાશમાં કપડાં સુકવાય નહિ.

સૂકવેલા કપડાઓના છેડાઓથી વાયુ વડે ઝાપટ લાગે નહિં, તે ધ્યાનમાં રાખવું.

તડકામાં કપડા સુકાવાય નહિં.

(૨૫) છેલ્લી કોટિનો માર્ગ ખેતરનો, તે માર્ગે વધુમાં વધુ દોષ તેનાથી સારો માર્ગ કેડીનો, તે માર્ગે તેનાથી અલ્પ દોષ

,,	રેલ્વેનો	,,
,,	ગાડાનો	,,
,,	સડક વિનાનો મોટરનો	,,
,,	કાચી સડકનો	,,
,,	ડામરની સડકનો	,,

(૨૬)	ઈંટવાની	ભૂમિ	૧૦૨	આંગળ અચિત્ત
	નિભાડાની	,,	૭૨	,,
	ચૂલાની	,,	૩૨	,,
	ઢોર બાંધવાની	,,	૨૧	,,
	મળ–મૂત્રની	,,	૧૫	,,
	ઘરની	,,	૧૦	,,
	શેરીની	,,	૭	,,
	રાજમાર્ગની	,,	૫	,,

(૨૭) ચોમાસામાં પોરિસી ભણાવી કાજો લેવો જોઈએ.

(૨૮) ચોમાસા પછી પાંચ ગાઉમાં બે માસ સુધી કારણ વિના વસ્ત્ર–પાત્ર આદિ લેવા કલ્પે નહિ.

(નિ૰ ચૂ૰ ઉ૰ ૧૦)

(૨૯) વિહારમાં બનતા સુધી માણસ લેવો નહિ, પોતે જેટલી ઉપધિ ઉપાડી શકે તેટલી જ રાખવી જેથી માણસ લેવો પડે નહિ. માણસ લેવામાં ઘણા દોષોનો સંભવ છે.

(૩૦) સાધ્વીઓએ વિહારમાં સાથે પોટલા માટે પુરુષ-જાતિને ન રાખવી અને સાધુઓએ વિહારમાં સાથે પોટલા માટે સ્ત્રી જાતિને ન રાખવી. ના છૂટકે કોઈ ગામમાં તેમજ બન્યું તો સાથે ચાલવું નહીં.

(૩૧) પગ છૂટો કરવાને બ્હાને કે તીર્થ-યાત્રાના બ્હાને સમુદાયમાંથી છૂટા પડી અનેક પ્રકારના દોષોનું સેવન કરીને સ્વતંત્ર વિહાર કરવો તે યોગ્ય નથી.

કારણ કે:—સંયમયાત્રા તે મોટામાં મોટી યાત્રા છે.

(૩૨) રસ્તામાં વિહારમાં નદી કે ખાળ આવે તો તેને ઉપરના દંડાસણથી પગની પ્રમાર્જના પણ કરવી, નદી ઉતરતાં જો અર્ધી જાંઘથી નીચે પાણી હોય તો ધીમે ધીમે પગ જલમાં મૂકે, પછી એક પગ ઉપાડી પાણી ઉપર અદ્ધર રાખે, પાણી નિતરી ગયા પછી તે પગ ધીમે ધીમે જલમાં આગળ મૂકે, અને બીજો પગ ઉપાડી પાણી ઉપર અદ્ધર રાખે, પાણી નિતરી ગયા પછી તે પગ ધીમે-ધીમે જલમાં આગળ મૂકે, તેવી રીતે નદી ઉતરે, પરંતુ પાણી ડોળીને ઉતરે નહિં.

સામે કાંઠે જઇ નદી ઉતરતાં જે કાંઈ અવિધિ દોષ લાગ્યો હોય તે બદલ પ્રાયશ્ચિત્તમાં इरियावहिया કરવી.

નદી ઉપર પુલ હોય તો ફરીને પૂલમાર્ગે જવું તે હિતકારી છે.

(૩૩) સમશ્રેણિ રહિત, ધીમે ધીમે વાતો કર્યા વિના મૌન પણે સ્થંડિલ ભૂમિએ જઇને નીચે બેસી સ્થંડિલને

અનુરૂપ પત્થર, ઈંટ આદિના ટૂકડા લઈ ખંખેરી છાયામાં મળ ત્યાગ માટે બેસે, તડકો હોય અને છાયા ન હોય તો સ્થંડિલ ઉપર પોતાની છાયા કરી બે ઘડી સુધી પોતે ત્યાં બેસી રહે, જેથી કરમીયા હોય તો સ્વયં પરિણામ પામી જાય, નહીં તો તડકાને લઈને તરત મરી જાય. (ઓ. નિ.)

(૩૪) દિવસે પૂર્વ અને ઉત્તર દિશા સામે અને રાત્રે પૂર્વ ઉત્તર અને દક્ષિણ દિશા સામે તેમજ પવન, ગામ અને સૂર્ય ને પુંઠ કર્યા વિના છાયામાં ત્રણવાર ચક્ષુથી બરોબર જોઈને "अणुजाणह जस्सुग्गहो" (જેની જગ્યા છે તે, મને આજ્ઞા આપો) કહી મળત્યાગ કરી શુદ્ધિ કરી ત્રણવાર "वोसिरे" કહી ઉભો થાય.

(ઓ૦ નિ૦)

(૩૫) આહાર–નિહાર અને વિહાર વગેરેમાં રસ્તે ચાલતાં

દ્રવ્યથી ચક્ષુ વડે દેખે,

ક્ષેત્રથી સાડા ત્રણ હાથ સુધી દૃષ્ટિ રાખે,

કાળથી ચાલવાના સમયે આડું અવળું ન જોતાં સ્થિર દૃષ્ટિ રાખે,

ભાવથી નિરીક્ષણ કરવાના ઉપયોગમાં તત્પર બને,

ચાલતાં વાતો કરવી નહિ, સ્વાધ્યાય કરવો નહિ, તેમજ ઝડપથી ચાલવું નહિ, અને સમશ્રેણિએ ચાલવું નહિ,

(પ્ર૦)

(૩૬) કાગળ કપડું જે દિવસે પરઠવવાનું હોય, તે જ દિવસે કપડાના ટૂકડા કરવા અને કાગળનો ઢગલો કરવો પરંતુ પહેલેથી ટુકડા કે ઢગલો કરી બે-ચાર દિવસ પડી રાખવા નહિ; કારણ કે તેમાં જીવો પેસી જવાનો સંભવ છે.

(૩૭) ગીતાર્થ મહાપુરુષોની મર્યાદા મુજબ લખેલા કાગળો-ટપાલ વગેરે ફડાય નહીં. જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

(૩૮) ભીની જગ્યા ઉપર માત્રું-પાણી પરઠવતાં જીવોની ઉત્પત્તિ થાય, માટે એક જ જગ્યાએ ઢોળવું નહિ, તેમજ પરઠવતાં અવાજ ન થાય તેવી રીતે નીચા નમીને જીવ-જંતુ ન હોય ત્યાં ધીમે ધીમે પરઠવવું, પરંતુ દૂર ઉભા-ઉભા કે માળ ઉપરથી કે બારીમાંથી કે ઓટલા ઉપરથી ફેંકવું નહિ, તેમજ રસ્તા વચ્ચે પણ ન પરઠવવું.

(૩૯) જગતમાં નિરર્થક વસ્તુનો ત્યાગ તો બધાય કરે છે, પરંતુ સંયમી-આત્માની પ્રવૃત્તિ જયણાવાળી હોવાથી લોકોત્તર ફળ આપે છે, અર્થાત્ કર્મની નિર્જરા થાય છે.

(૪૦) બનતાં સુધી વધારે ઉપધિ રાખવી નહિં. અને હોય તેમાં પણ મૂર્છા રાખવી નહિ, છતાં જો ઉપધિ વધી ગઈ હોય તો પોતાની વસ્તુ આઠ માસથી વધારે વખત તો એક જગ્યાએ રાખવી નહિં,

(૪૧) મેઘની ગર્જના, ઘોડાના પેટમાં રહેલ વાયુ, અને વીજળીની માફક દુર્ગ્રાહ્ય અને ગૂઢ હૃદયવાળી સાધ્વીઓ પોતાની ઈચ્છા પ્રમાણે જે ગચ્છમાં આવ-જા કરે, છતાં

કોઈ પણ સાધુ નિષેધ ન કરી શકે તો તે ગચ્છ નહિં. પણ સ્ત્રી-રાજ્ય જાણવું.

ભોજન મંડળીના સમયે જે ગચ્છમાં સાધ્વીઓ આવ-જા કરે તો તે ગચ્છ નહિ, સ્ત્રી રાજ્ય જાણવું (ગચ્છા.)

(૪૨) શકય હોય ત્યાં સુધી એક વખત વાપરવાથી ચાલે તો બે વખત વાપરવું નહિ. એક વખત વાપરવાથી ન ચાલે તો બે વખત વાપરવું. બે વખત વાપરવાથી ચાલે તો ત્રણ વખત વાપરવું નહિ.

(૪૩) સવારથી સાંજ સુધી ઢોરની જેમ મોકળે-મોઢે ખાવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે. પાણી પણ ઠાંસી ઠાંસીને પીવું નહિં. (ભોજન કરતાં પ્રથમ પાણી પીતાં અગ્નિ મંદ થાય, વચ્ચે પાણી પીતાં રસાયન જેમ પુષ્ટિ કરે, અને અંતે ઘણું પાણી પીતાં વિષની જેમ નુકશાન કરે.)

(૪૪) પારણા અને અત્તરવાયણામાં અજ્ઞાનીની જેમ મન લલચાવવું જોઈએ નહિં. તો જ ખરા તપસ્વી બનાય, તેમજ પારણા અને અત્તરવાયણાની ખબર ગૃહસ્થને ન પડવા દેવી, જો ખબર પડે તો અનેક દોષો ઉપજે.

ખરા તપસ્વીને પારણામાં અને અત્તરવાયણામાં આનંદ (તાલાવેલી) ન હોય. તેને મન તો બન્નેમાં વિભાવદશા (પરાધીનતા) હોય, તે બન્નેમાં વિચાર સરખો પણ પોતાને ન આવે.

(૪૫) ત્રણ ટાઇમ વાપરવાનો રિવાજ સાધુનો નથી, પરંતુ સાધુને તો છ કારણે ભોજન કરવાનું જ્ઞાની-પુરૂષોએ ફરમાવ્યું છે.

(૧) ક્ષુધા સહન ન થાય ત્યારે

(૨) વૈયાવચ્ચ કરવા માટે.

(૩) ઈર્યાસમિતિનું પાલન કરવા માટે.

(૪) સંયમનું પાલન કરવા માટે.

(૫) દ્રવ્ય-પ્રાણ ટકાવવા માટે.

(૬) સંકલ્પ-વિકલ્પ દૂર કરી શુભવિચાર કરવા માટે.

આ છ કારણોમાંથી કોઇ પણ કારણે ભોજન કરવું કલ્પે.
(પિંડ નિર્યુક્તિ)

(૪૬) નીચેના છ કારણે ભોજન કરવાનો નિષેધ કરેલ છે. (૧) તાવ આદિ રોગ થાય ત્યારે.

(૨) રાજા, સ્વજન, દેવ, મનુષ્ય, તિર્યંચે કરેલ ઉપસર્ગ સહન કરવા,

(૩) શીયલનું પાલન કરવા.

(૪) વર્ષા-ધુમ્મસ અને જીવોના ઉપદ્રવ વખતે જીવ-રક્ષા માટે.

(૫) તપ કરવા માટે.

(૬) અન્ત સમયે શરીર છોડવા માટે.
(પિંડ વિશુદ્ધિ)

(૪૭) સુર સુર કે ચબચબ જેવા શબ્દો ભોજન કરતાં ન થાય તે ધ્યાનમાં રાખવું, તેમજ પ્રવાહી વસ્તુના સબડકા પણ લેવા નહિં.

(૪૮) આયંબિલ, નીવી, એકાસણું અને બેઆસણું વિ. ૪૮ મિનિટમાં પતાવી દેવું જોઇએ. આ શાસ્રીય નિયમ છે.

આ નિયમનું પાલન થાય તો દરરોજ એકાસણું કરનારને મહિને ૨૯ ઉપવાસનું ફળ મળે અને દરરોજ બેઆસણું કરનારને મહિને ૨૮ ઉપવાસનું ફળ મળે.

બીજું કારણઃ—એંઠી કરેલી વસ્તુ અગર પાણી એક જ જગ્યાએ ૪૮ મિનિટથી વધારે ટાઈમ હલાવ્યા વિના પડી રહે તો સંમૂચ્છિંમ મનુષ્યાદિ જીવોની ઉત્પત્તિ થઈ જાય.

માટે ૪૮ મિનિટમાં પતાવી દેવું જોઈએ.

(૪૯) જે પાત્રથી પાણી પીધું હોય તે પાત્રને લુંછ્યા વિના ફરી તેમાં પાણી લેવામાં આવે તો આખા ઘડાનું પાણી એંઠુ થવાનો સંભવ છે. તેથી બે ઘડી પછી સચિત્ત થઈ જાય.

કારણ કે:—એંઠા પાત્રમાં પાણી લેતાં કોઇ વખત પાત્રમાંથી છાંટા ઉછળી ફરી પાછા એ ઘડામાં જાય. તેથી આખા ઘડાનું પાણી એંઠુ થઇ જાય. (આ અનુભવની વાત છે.)

માટે એક વખત પાણી પીધા પછી તે જ પાત્રમાં ફરી પાણી લેવું હોય તો તે પાત્રને વસ્ત્રથી બરોબર લુંછીને કોરૂ કરી દેવું જોઇએ અને પછી તેમાં ફરી પાણી લેવું જોઈએ.

(૫૦) એંઠા મુખે બોલવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

(૫૧) સાધુઓએ સૂચના આપી હોય કે ન આપી હોય પરંતુ ગૃહસ્થો સાધુઓના માટે સ્પેશિયલ જે કંઈ બનાવે તે આધાકર્મી કહેવાય.

(૫૨) અણાહારી વસ્તુ પણ ખાસ કારણ વિના લેવી નહિ.

(૫૩) ચા તમાકુ છીંકણી આદિનું વ્યસન રાખવું નહિ.

(૫૪) સૂર્યાસ્ત પહેલાંની બે ઘડી (૪૮ મિનિટ) માં ભોજન પાણી વાપરનારને રાત્રિ-ભોજનનો દોષ (અતિચાર) લાગે છે. માટે પેથડ શા. મંત્રીની માફક સાંજે બે ઘડી પહેલાં આહાર-પાણી વાપરવાનું બંધ કરી પચ્ચક્ખાણ કરી લેવું

"રાત્રિ-ભોજનના દોષને જાણનારો જે આત્મા દિવસની આદિમાં અને અંતમાં બે-બે ઘડીમાં ખાતો-પીતો નથી તે પુણ્યશાળી બને છે.

(યોગશાસ્ત્ર)

આજે દરેક તપસ્વી આત્માઓ દિવસના આરંભમાં બે ઘડીનો ત્યાગ કરે છે, પરંતુ દિવસના અંતમાં બે ઘડીનો ત્યાગ કરનારા ભાગ્યે જ જોવા મળશે. કેટલાકને આ વચનનો ખ્યાલ પણ નહીં હોય. માટે દિવસના અંતે બે ઘડીમાં વાપરવાનું બંધ કરવા લક્ષ રાખવું.

૫૫ અંધારામાં અને સાંકડા-મુખવાળા પાત્રમાં ભોજન કરવામાં કે પાણી પીવામાં આવે તો પણ રાત્રિ-ભોજનનો દોષ લાગે. (ઉપ પ્રાસાદ)

(૫૬) ગરમ પાણી ઠંડું કરતાં વરાળ નિકળે ત્યારે વાયુ કાય આદિના જીવો મરણ પામે છે. તે ધ્યાનમાં રાખવું.

(૫૭) વસ્ત્ર, ભોજન, પાણી વિ. હોવા છતાં તેમજ પોતે નજરે દેખવા છતાં ગૃહસ્થો ન આપે તો તેમના ઉપર ક્રોધ કરવો નહિ. તથા તેમની નિન્દા પણ કરવી નહીં, પરંતુ પોતાને લાભાંતરાય કર્મનો ઉદય છે. તેમ માનવું. તથા તપોવૃદ્ધિ થશે એમ માની મનને સમભાવમાં રાખવું.

(૫૮) ગોચરી-પાણી દૂર લેવા જવાથી તથા જ્યાં સાધુ-સાધ્વી ઓછા જતા હોય ત્યાં જવાથી ઘણા કર્મોની નિર્જરા થાય છે.

(૫૯) કોઈ પણ વસ્તુનો આગમથી અથવા અનુભવથી નિર્જીવનો નિશ્ચય ન થાય ત્યાં સુધી તે વસ્તુનો ઉપયોગ સંયમીએ થાય નહિં.

(૬૦) તૈયાર ખડીયાની સહી સચિત્તનો સંભવ હોવાથી અને અચિત્તની ખાત્રી ન હોવાથી સ્પર્શ પણ થાય નહિ, તો પછી વાપરવાનું તો પૂછવું જ શું ? બોલપેનમાં પણ વિચારવા જેવું છે.

(૬૧) કેવલીની દૃષ્ટિએ શુદ્ધ રહેલી વસ્તુમાં પણ અ-માયાવી છદ્મસ્થ-સાધુએ શ્રુત-અનુસારે વિચાર કરતાં અશુદ્ધની શંકા આવે તો તે વ્યવહારમાં અ-શુદ્ધ ગણાય.

અને કેવલીની દૃષ્ટિએ અશુદ્ધ રહેલી વસ્તુ પણ શ્રુત-અનુસારે વિચાર કરતાં શુદ્ધ જણાય તો તે વ્યવહારમાં શુદ્ધ જ કહેવાય.

કેવલી સ્વયં ગોચરી જાય તો અશુદ્ધ લાવે નહિ, પરંતુ અમાયાવી છદ્મસ્થ-શિષ્યોએ ઉપયોગ પૂર્વક શ્રુતને અનુસારે શુદ્ધ જાણીને લાવેલી ગોચરી ને કેવલીઓ કેવલજ્ઞાન વડે અશુદ્ધ દેખે તો પણ વાપરે જો ન વાપરે તો શાસ્ત્રો અપ્રમાણ થાય, અને વ્યવહાર નષ્ટ થાય.

(૬૨) સંયમી સાધુ ઉત્સર્ગ માર્ગે દવા કરાવે નહિ, પરંતુ મન સમાધિમાં ન રહે અને આવશ્યક-અનુષ્ઠાનોમાં શિથિલતા આવે તો અપવાદ માર્ગે અનિચ્છાએ દવા કરાવે. (ઉત્ત૦)

(૬૩) કોઈપણ કાર્યમાં આવીશ કે નહિં આવું, આવીશ કે નહિં આવું, જઈશ કે નહિં જાઉં, વિ. જકાર પૂર્વક (નિશ્ચયવાણી) બોલવું નહિં.

કારણ કે આયુષ્યનો ભરોસો નથી, ક્ષણે ક્ષણે વિચારો બદલ્યા કરે છે. અને કાર્યો પણ ઘણા વિઘ્નવાળાં છે, માટે સાધુઓએ "વર્તમાન યોગ" (જેવો સમય) એમ બોલી વ્યવહાર ચલાવવો.

(૬૪) ગૃહસ્થને આવો ! જાઓ ! બેસો ! એમ કહેવાય નહિં. પક્ષીને ઉડાડાય નહિં. જાનવરને કઢાય નહિં. (દ. વૈ.)

(૬૫) દેશાટન, વ્યાપાર, ઉદ્ઘાટન આદિ સંસારી બાબતો માટે સાધુઓએ મુહૂર્ત જોવાં નહિ.

(૬૬) ગુરુપૂજન વર્તમાનકાલે કોઇએ પણ કરાવવું ઉચિત નથી.

(૯૬) જ્ઞાનપૂજા કરવાના રિવાજના બદલે ગુરુપૂજા કરાવવાથી જ્ઞાનની પૂજા કરવામાં નિષેધ જેવું થવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

(૯૭) સાધુ-સાધ્વીએ પોતાની પાસે રહેલ બામ, ઓઘાની જુની દશી વિ. કોઇપણ વસ્તુ ગૃહસ્થને આપવાનો વ્યવહાર રાખવો નહિ.

કેમકે ધર્મલાભ આપેલી વસ્તુ ગૃહસ્થને ન અપાય, તે લક્ષમાં રાખવું, અન્યથા આપનાર અને લેનાર બંને દોષના ભાગી બને.

(૯૮) દેરાસરમાં ભમતી હોય તો ત્રણ પ્રદક્ષિણા આપ્યા પછી ચૈત્યવંદન કરવું. ચૈત્યવંદન કરતાં વચ્ચે કોઈને પચ્ચક્ખાણ આપવું નહિં અને પોતે પણ ચૈત્યવંદન કરતાં વચ્ચે પચ્ચક્ખાણ લેવું નહિં.

(૯૯) કોઈ આડ ન પડે તેવી રીતે આપણે સ્તુતિ-ચૈત્યવંદન કરવું જોઇએ. પરંતુ આપણે સ્તુતિ-ચૈત્યવંદન કરતાં હોઈએ ત્યારે બીજો કોઈ આપણને આડ પાડે તો આપણે કંઈપણ બોલવું નહિં અને મનથી જરાપણ દુર્ભાવ ન થવા દેવો અને આડ પડે તે વખતે આંખો બંધ કરી હૃદયમાં ભગવાનને ધારણ કરી સ્તુતિ-ચૈત્યવંદનમાં લીન જ બની રહેવું, પણ ધ્યાન તોડવું નહિ.

(૭૦) દેરાસરમાં મેલ ઉતારાય નહિ, ખણાય નહિ. પરસેવો લુંછાય નહિ, કપડાની ટાપટીપ થાય નહિ, આડું-અવળું જોવાય નહિ અને કાંબળોની ગડી પણ કરાય નહિ.

(૭૧) પૂજાઓ ભણાવવી કે પૂજામાં વાજાં સાથે સ્પેશીયલ બોલવું આદિ યોગ્ય નથી. કેમકે તેમાં વાયુકાય આદિની વિરાધના અને મોહનીય કર્મનો બંધ આદિ ઘણા દોષો છે.

(૭૨) દાંડી અને દશીઓ મળીને રજોહરણ બત્રીસ આંગળનો જોઈએ, અને મુહપત્તિ એક બાજુ કીનારીવાળી તથા એક વેંત અને ચાર આંગળ સમચોરસ જોઈએ.

(૭૩) કોઈપણ વસ્તુ લેતાં અને મુકતાં ચક્ષુથી દેખી ઓઘો અથવા ચરવળીથી પૂંજીને પછી લેવી અને મુકવી.

(૭૪) ભગવાન મહાવીર ગૌતમ સ્વામીને કહે છે કે " હે ગૌતમ ! જે સાધુ-સાધ્વી મુંજ કે ખજુરીની સાવરણીથી ઉપાશ્રયમાં કાજો લે છે તે સાધુ-સાધ્વીઓને જીવો ઉપર દયા નથી ! એમ તું જાણ ! "

(૭૫) માત્રાની કુંડી પૂંજવા ઉનનીજ ચરવળી ખાસ જુદી રાખવી, છાંટની ચરવલી કડક હોવાથી જીવહિંસા થવાનો સંભવ છે.

(૭૬) માત્રાની કૂંડી વાપરવામાં ઉપયોગ રાખવો, કારણ કે :- વારંવાર વપરાતી કુંડી સુકાતી ન હોવાથી સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય.

તેમજ વર્ષાદ આદિના ટાઇમમાં કુંડી બે ઘડીમાં સંપૂર્ણ સુકાતી નથી, માટે બરાબર નોતારવાનો ઉપયોગ રાખવો.

(૭૭) હવે કુંડી મુકવાની જગ્યા પણ પથ્થરવાળી હોય તો ત્યાં ઈંટ મુકી અથવા રેતીનો ઢગલો કરી તેના ઉપર કુંડી મુકવી, નહિ તો કીનારી ન સુકાવાથી તેમજ પથ્થર ઉપર માત્રાનો છાંટો પડચો રહેવાથી જીવોની ઉત્પત્તિ થાય.

કુંડી નીચે વસ્ત્ર ન મુકવું, કારણ કે :–વસ્ત્રની નીચે જીવો પેસી જાય અને કુંડી મુકતાં મરી પણ જાય.

(૭૮) પગ-લુંછણીયા ઉપર પગ ઘસાય નહિ તથા તેના ઉપર ચલાય પણ નહિં. તેમજ ચટ્ટાઇનો પણ ઉપયોગ કરાય નહિં.

(૭૯) ખાંસી, છીંક, બગાસું આદિ આવે ત્યારે મુખ આગળ મુહપત્તિ કે વસ્ત્ર રાખવું જોઈએ, જેથી વાયુકાય અને ત્રસકાય આદિ જીવોની વિરાધના થતી અટકી જાય.

(૮૦) ચકલીઓ જીવડાં ખાય અને પછી પાણીમાં ચાંચ નાખી પાણી પીએ, તેથી પાણી અકલ્પ્ય બનવાનો સંભવ છે, માટે ઠંડુ કરવામાં આવતાં પાણી ઉપર વસ્ત્ર ઢાંકવું યોગ્ય છે.

(૮૧) બપોરે પડિલેહણ કર્યા પછી પાણી ગળવું જોઈએ, પાણી ગળીને તરત જ ગલણું નીચોવવું નહીં, પરંતુ છાયામાં સુકવી દેવું (ચુનો નાખવાનું પાણી પણ ગળવું જ જોઈએ.)

(૮૨) બહુ મ્હોટા અવાજે હસવું અને દાંતથી ચાવીને નખ તોડવા આ કુટેવ છે. તેથી તે કુટેવને છોડી દેવી.

(૮૩) રાત્રે દોરી બાંધી રાખવી નહિં. ગૃહસ્થોએ બાંધેલી હોય તો તે દોરી ઉપર રાત્રે કપડાં નાખવાં નહિ, કદાચ નાંખ્યા હોય ને ભૂલી ગયા તેમ જ તેના ઉપરથી લેવાં પણ નહિં, કેમકે માખીઓની હિંસા થાય.

(૮૪) સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી દહેરાસર જવાય નહીં.

(૮૫) સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં તથા વાડામાં સ્થંડિલ બનતાં સુધી જવું નહિ (જવાય તો મોટું પ્રાયશ્ચિત્ત આવે)

(૮૬) સ્થંડિલ અને માત્રું પરઠવવા માટે ચોવીસ ભૂમિ અને કાલ-ગ્રહણની ત્રણ ભૂમિનું પડિલેહણ સૂર્યાસ્ત સુધીમાં કરી લેવું.

હવે સૂર્યાસ્ત પછીનું કર્તવ્ય બતાવતાં કહે છે કે :—

ગુરુ મહારાજ વ્યાઘાત વિનાના હોય તો સર્વ જણ માંડલીમાં પ્રતિક્રમણ કરે, પરંતુ શ્રાવકને ધર્મનું કથન કરવા વડે ગુરુ મહારાજ વ્યાઘાતવાળા હોય તો ગુરુ મહારાજ પાછળથી

માંડલીમાં આવી ભળે ત્યાં સુધી બધાએ માંડલીમાં જ બેસી સ્વાધ્યાય કરવો.

(બો૦ નિ૦)

(૮૭) ચાલુ પ્રતિક્રમણમાં માત્રું કરવા જનારે અતિચાર, પક્ખીસૂત્ર સ્તવન વિ. જે કોઈ પણ સૂત્ર અધુરાં રહ્યાં હોય તે બધાય સૂત્રો મનમાં બોલી જવાં જોઈએ, ન બોલવામાં આવે તો પ્રતિક્રમણ અધુરું રહે.

(૮૮) પ્રતિક્રમણ ઠાયા પછીથી ત્રણ સ્તુતિ (નમોસ્તુ. વિશાલલોચન.) સુધી માત્રું કરવા ન જવું, જવું પડે તેમે ઉપયોગ રાખી માત્રાની શંકાનું નિવારણ પ્રથમથી જ કરી લેવું અથવા પાણી ઓછું પીવું.

(૮૯) શરીરના કારણે માત્રું કરવા જવું જ પડે તેમ હોય તો તુર્ત જઈ આવવું અગર શ્રમણસૂત્ર પછી આવશ્યક પરભર સુધી આગળ કરીને જવું.

(૯૦) સાધુઓએ શ્રાવિકાઓને અને સાધ્વીઓએ શ્રાવકોને પ્રતિક્રમણ કરાવવું તે વ્યવહારનું ઉલ્લંઘન કરનાર છે. ભવિષ્યમાં અનર્થ કરનાર છે, આત્મ-ગુણ-ઘાતક છે. ઉન્માર્ગ-પ્રવર્તક છે. માટે તેનાથી દૂર રહેવું.

(૯૧) સાંજે પ્રતિક્રમણ કર્યાં પછી સ્વાધ્યાય અથવા ધ્યાન કરવું.

(૯૨) સૂર્યની ગેરહાજરી જ્યાં સુધી હોય ત્યાં સુધી તો અવશ્ય દંડાસણથી ભૂમિ બરોબર પૂંજીને જ પગલાં મૂકવાં જોઈએ.

સૂર્યની હાજરીમાં પણ જ્યાં સુધી અંધારૂં હોય ત્યાં સુધી દંડાસણથી ભૂમિ પુંજીને જ ચાલવું જોઈએ.

(૯૩) દંડાસણની સોટી નરમ રાખવાથી કાજો લેતાં દંડાસણ વળી જાય, તેથી કાજો બરાબર લઈ શકાય નહિ. ચાલતાં પણ સારી રીતે ભૂમિ પુજાય નહિં માટે સોટી કડક રાખવી.

(૯૪) છ ઘડી રાત્રિ ગયા બાદ સંથારા પોરિસી ભણાવવી અને એક પહોર રાત્રિ ગયા પછી શ્રી નમસ્કાર-મહામંત્રનું સ્મરણ કરી નિદ્રા લેવી.

(૯૫) રાત્રે દીવો રાખવાથી ત્રસ તથા સ્થાવર જીવોનો કચ્ચરઘાણ નીકળે છે. માટે ડંડાસણ રૂપી દીવાનો ઉપયોગ કરી ધીમે ધીમે ચાલવામાં આવે તો દીવાની જરૂર પડે નહિ.

(૯૬) અંધ માણસો વગર-દીવે વગર-આંખે ગામમાં ફરે છે, તે કેવી રીતે ફરતા હશે ?

આપણને પણ ચારિત્ર પ્રત્યે સાચો પ્રેમ જાગે તો દીવા વિના પણ કામ ચલાવી શકાય.

(૯૭) ઉપાશ્રયમાં વધુ અંધારૂં હોય તો સંથારાની જગ્યા બદલી નાખવી (સંથારો દ્વાર પાસે રાખવો) જેથી

થાંભલા આડા આવે નહિં અને દરવાજો શોધવા માટે ફાંફાં પણ મારવાં પડે નહિં.

(૯૮) જૈન-શાસનમાં કેટલું કર્યું? તેની કિંમત ઓછી છે; પરંતુ કેવી રીતે કર્યું? તેની કિંમત વધારે છે, તેથી આગળ વધતાં કેવી રીતે કર્યું તેની જેટલી કિંમત છે તેના કરતાં સરવાળે કેટલા રાગદ્વેષ વધ્યા? તેની કિંમત વધારે છે.

(૯૯) પોતાની દ્રવ્ય-ક્રિયા વખાણવી નહિં-પરંતુ ભાવ-ક્રિયાનું લક્ષ્ય રાખવું.

બીજાની દ્રવ્ય ક્રિયા વખોડવી નહિં. પરંતુ અંતરમાં વખાણવી અને તેને આગળ વધારવા ભાવક્રિયા સમજાવવી.

(૧૦૦) બીજા ધર્મ ન પામે તેનો વાંધો નહિ, પરંતુ આપણા નિમિત્તે દેવ-ગુરુ અને ધર્મની હીલના (નિન્દા) થાય કે બીજા લોકો અધર્મ પામે, તેવું વર્તન તો મન-વચન અને કાયાથી ન જ કરવું.

જીવન-શુદ્ધિ એટલે—

આપણી વૃત્તિઓની નિર્મળતા

તેમજ

લક્ષ્યની જાગૃતિને અનુરૂપ

વૃત્તિઓનું ઘડતર !!!

સંયમી-જીવન નિર્મળ રાખવા
મહાપુરુષોએ સ્વાનુભવમાંથી
તૈયાર કરેલ.

સચોટ નિયમાવલી

—: હિત-શિક્ષા :

* ફક્ત વેશ પહેરવાથી આપણું કામ સમાપ્ત થતું નથી, પરંતુ અંતરંગ-જીવનને સંયમના સંસ્કારોથી સુશોભિત બનાવવાનું છે.

* ગુરુની આજ્ઞાનું પાલન કરવું, કેમકે—

ચારિત્રદાતા ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોટાકોટી કરી, કરતાં કોટી ઉપાય (૧)

छठअठम दसम दुवालसेहिं, मासद्ध–मासखमणेहिं;
अ-करंता गुरु-वयणं, अणंतसंसारिया भणिया (२)

અર્થાત્-જેઓ છઠ-અઠમ આદિ યાવત્ માસખમણ સુધીની તપસ્યા કરે પણ ગુરુનિશ્રાએ ન વર્તે તેઓ અનંત સંસારી થાય છે.

* ગુરુ મહારાજનો ઠપકો મળે એવું કાર્ય મન-વચન અને કાયાથી કરવું નહિં.

* વડીલોનો વિનય સાચવવો અને સામું બોલવું નહીં,

* કોઈ વખત લઘુ (સાધુ-સાધ્વી) બોલી જાય તો પણ સહન કરતાં શીખી લેવું.

* આગંતુક (મહેમાન) સાધુ-સાધ્વી સાથે લેવા-દેવાનો તથા ભક્તિ અને વંદનનો વ્યવહાર ગુરૂની આજ્ઞા પૂર્વક કરવો.

* ઉન્માર્ગે જતાં શિષ્યને ગુરુ અટકાવે અને હિતવચન કહે, ઉન્માર્ગે જતા ગુરુને શિષ્ય અટકાવે અને હિતવચન એકાંતમાં વિનયપૂર્વક કહે, તેવી રીતે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકામાં પરસ્પર જાણવું, જેમકે એક શ્રાવિકા પણ ઉન્માર્ગે જતા ધુરંધર આચાર્યને પણ હિતવચન કહી શકે છે.

* પરસ્પર સંપ રાખવો, અને હળીમળીને રહેવું, સ્વભાવ ચીડીયો રાખવો નહીં, ઈર્ષ્યા અને નિન્દાનો સદંતર ત્યાગ કરવો.

* इच्छामि खमासमणो वंदिउं સૂત્રથી-

હે ક્ષમાશ્રમણ ! હું આપને વંદન કરવાને ઇચ્છું છું. આમાં "ખમા" એટલે "ક્ષમા" રાખવી એ સાધુનું મુખ્ય કર્તવ્ય બતાવ્યું છે.

* વૈયાવચ્ચ કરવામાં કાયર ન બનવું, કારણ કે મહાન પુણ્યનો ઉદય હોય તો જ ભક્તિનો લાભ મળે, અભ્યંતર ભક્તિ તેજ કહેવાય કે જે ગુરુનું ચિત્ત પ્રસન્ન રાખવું અથવા ગુરુની આજ્ઞાનું પાલન કરવું.

* નવરા બેસી રહેવું નહીં, પરંતુ ભણવું, અર્થ વિચારવા, વાંચવું. સ્વાધ્યાય કરવો, જાપ જપવો, ધ્યાન કરવું. અગર સેવા–ભક્તિ કરવી.

* જ્ઞાનાવરણીયના ઉદયે જ્ઞાન ઓછું હશે તો ચાલશે, શરીરની શક્તિના અભાવે તપશ્ચર્યા ઓછી કરશો તો પણ ચાલશે, બેઠા બેઠા ક્રિયા કરશો તો પણ ચાલશે, પરંતુ "વ્યવહાર–શુદ્ધિ" પહેલી જોઇશે. કારણ કે એક વખત પણ ફક્ત વ્યવહાર બગાડયો તો પણ લોકો સદાયને માટે શંકાની દૃષ્ટિએ જોશે–આંગળી કરશે, અને દેવ–ગુરુ-ધર્મની નિન્દા કરી પાપના ભાગી બનશે, તેમાં નિમિત્ત આપણે બનીશું.

* પ્રથમ વ્યવહાર બગડે પછી મન બગડે, પછી કાયા બગડે, પરંતુ વ્યવહાર બગડતો અટકાવીને વ્યવહાર–શુદ્ધિ રાખવામાં આવે તો મન બગડે નહિ, તથા મન બગડયું હોય તો પણ બગડતું અટકી જાય, અને કાયાથી તો સચોટ બચી જવાય.

* વ્યાખ્યાન ચાલતું હોય તો બનતા સુધી વ્યાખ્યાન વખતે જ વંદન કરવા સાધ્વી ભગવંતોએ જવું. વ્યાખ્યાન ન હોય તો પણ ૯ થી ૧૦ માં પુરુષોની હાજરીમાં જવું. એકલા સાધ્વીજીઓએ સાધુના ઉપાશ્રયમાં કે એકલા શ્રાવકે પૂ૦ સાધ્વીજીના ઉપાશ્રયમાં જવું નહીં.

* સાધુઓએ રસ્તામાં બહેનો અને સાધ્વીઓ સાથે વાતચીત કરવી નહીં, તેમજ પચ્ચક્‌ખાણ પણ આપવું નહીં. સાધ્વીઓએ રસ્તામાં પુરુષો અને સાધુઓ સાથે વાતચીત કરવી નહીં, તેમજ પચ્ચક્‌ખાણ આપવું કે લેવું નહીં.

* સાધુઓ સાથે સાધુઓએ અને સાધ્વીઓએ-સાધુઓ સાથે વસ્તુઓ લેવા-દેવા તથા વાતો કરવામાં ઉચિત વ્યવહાર રાખવો.

* સાધુઓએ જ્યારે સાધુઓને કાગળ લખવો હોય ત્યારે તેમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓના સુખ-શાતાના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિં.

* સાધ્વી કાગળ લખે ત્યારે તેમાં સાધુઓ તથા શ્રાવકોના સુખશાતાના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિ.

* અમે સાધુઓએ કાગળ લખવો હોય ત્યારે તેમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિં.

* મલિન-વ્યવહારવાળા સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓમાં ઘણો પરિચય રાખવો નહીં, ઉચિત જાળવવું. ત્યાંથી ખસી જવું. છેવટે ગામ છોડી દેવું.

* આપણા નિમિત્તે કોઈ અધર્મ પામે-પાપકર્મ બાંધે કે પતિત થતું હોય તો આપણી પ્રવૃત્તિ બદલવી જોઈએ, જેમ કે ગામ છોડવું, તેવા સ્થાને જવું નહીં. સંસર્ગમાં ન આવવું. દૂર ખસી જવું.

* દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રી સંયમની શુદ્ધિ અને આત્મગુણ (દર્શન-જ્ઞાન અને ચારિત્ર)ની વૃદ્ધિ થાય તે પ્રમાણે વર્તવું.

સંયમી આત્માઓએ સંયમમાં રમણતા-સ્થિરતા પ્રાપ્ત કરવા યોગ્ય

જરૂરી આરાધના

જિનશાસનમાં સર્વવિરતિના આરાધક પુણ્યવાન્ આત્માઓએ જે ચઢતા ભાવોલ્લાસથી સંયમના પંથે ધપવા પ્રયત્ન શરૂ કર્યો છે.

તે પ્રયત્ન ઉત્તરોત્તર સફળતાની કક્ષાને વરે તે માટે ચઢતા ભાવોલ્લાસને વધારનારી પ્રભુ–શાસનની જરૂરી નીચેની બાબતોને જીવનમાં સક્રિય–પણે ઉતારવા પ્રયત્નશીલ રહેવું જરૂરી છે.

૧. પાંચ જ્ઞાનનો વિનય અને તેની આશાતનાનો ત્યાગ

૨ લીધેલા પાંચ મહાવ્રતોને અણીશુદ્ધ પાળવા ઉપયોગની જાગૃતિ.

૩ સિદ્ધ–પદના લક્ષ્યની જાગૃતિ અને આઠ કર્મોના બંધનમાંથી છૂટવાના દૃઢ પરિણામ.

૪. સંયમ–શરીરની અપૂર્વ વાત્સલ્યભરી માતા સમાન આઠ પ્રવચનમાતા (પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ)ના પાલન માટે દૃઢ આગ્રહ.

૫. નવપદની આરાધનાના રહસ્યને સમજી આરાધક ભાવની કેળવણી.

૬. શ્રી નવકાર–મહામંત્રની આરાધનામાં તન્મયતા.

૭. નવવાડે કરી નિર્મળ બ્રહ્મચર્યની પાલના.

૮. સંયમના ૧૭ પ્રકારોની જીવનમાં સક્રિયતા.

ઉપરની આઠ બાબતોની સુમર્યાદિત પાલનથી લીધેલું સંયમ ખૂબ જ નિર્દોષ–શુદ્ધ અતિચાર–રહિત અને ચઢતા ભાવોલ્લાસને વધારી નિર્જરાનું કારણ બને છે.

આ માટે રોજ સવારે ૪ વાગે ઉઠો કુસુમિણ–દુસુમિણનો કાઉસ્સગ્ગ કરી જગ–ચિંતામણિનું ચૈત્યવંદન કરીને ભરહેસરની સજ્ઝાય કર્યો પછી નિયમિત રીતે નીચે મુજબની આરાધના કરવી.

આ આરાધના એકધારી છ મહિના કરવાથી સંયમની પ્રવૃત્તિઓમાં દિવ્ય ઉત્સાહ મળે છે.

સંયમમાં સ્થિરતા મેળવવા
વિશિષ્ટ આરાધના

સવારે ચાર વાગે ઉઠી શંકા ટાળી ઇરિયા૦ કરી કુસુમિણ–દુસુમિણનો (૪ લો. નો) કાઉ. કરી જગચિંતામણિનું ચૈત્ય-વંદન જયવીયરાય૦ સુધી કરી ભરહેસર૦ની સજ્ઝાય સુધી કરવું.

પછી નીચેની આરાધના કરવી.

૧. પ્રથમ इरिया० કરવા, પછી इच्छाकारेण० मतिज्ञान-श्रुतज्ञान—अवधिज्ञान—मनःपर्यवज्ञान—केवलज्ञान ए पञ्चज्ञान आराधनार्थं करेमि काउ० वंदणवत्तियाए० अण्णत्थ કહી પાંચ લોગસ્સ (સંપૂર્ણ)નો કાઉ. કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૨. इच्छाकारेण० पञ्चमहाव्रत-आराधनार्थ काउ० करु ? इच्छं पञ्च महाव्रत० वंदण० अण्णत्थ० કહી ૫ લોગસ્સ (સંપૂર્ણ) નો કાઉ૦ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૩, इच्छाकारेण, श्री सिद्धपद—आराधनार्थं ज्ञानावरणीय-दर्शनावरणीय-वेदनीय-मोहनीय-आयुष्य-नाम - गोत्र-अंतराय ए अष्टकर्म-क्षयार्थ काउ० करु ? इच्छं. श्री सिद्ध० वंदण० अण्णत्थ કહી ૮ લોગસ્સ० (સંપૂર્ણ) નો કાઉ કરી પ્રગટ લોગસ્સ કહેવો,

૪. इच्छाकारेण० अष्ट प्रवचनमाता आराधनार्थं काउ० करुं ? इच्छं अष्ट-प्रवचन वंदण० अण्णत्थ કહી ૮ લોગસ્સ. (સંપૂર્ણ) નો કાઉ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૫, इच्छाकारेण० अरिहंतपद सिद्धपद-आचार्यपद उपाध्याय-पद-साधुपद-दर्शनपद-ज्ञानपद-चारित्रपद-तपपद ए नवपद आराधनार्थं काउ० करु ? इच्छं श्री नवपद-आराधनार्थ-वंदण० अण्णत्थ કહી ૯ લોગસ્સ (સંપૂર્ણ) નો કાઉ૦ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૬. इच्छाकारेण-पञ्च परमेष्ठि श्री नमस्कार–महामन्त्र–आराधनार्थं काउस्सग्ग करुं ? इच्छं० श्री पञ्चपरमेष्ठि० वंदण० अण्णत्थ० કહી ૯ લોગસ્સ૦ (સંપૂર્ણ) કાઉ૦ કરી પ્રગટ લોગસ્સ૦ કહેવો.

૭. इच्छाकारेण० श्रीब्रह्मचर्य-गुप्तिनवक आराधनार्थं काउ० करुं ? इच्छं श्री ब्रह्मचर्य० वंदण० अण्णत्थ० કહી નવ લોગસ્સ૦ (સંપૂર્ણ)નો કાઉ૦ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૮ इच्छाकारेण० संयम सप्तदश भेद आराधनार्थं काउ० करुं ? इच्छं० संयम० वंदण० अण्णत्थ० કહી ૧૭ લોગસ્સ (સંપૂર્ણ)નો કાઉ૦ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

卐

શરણાગતિભાવની કેળવણી વિના આરાધના પ્રાણ-શૂન્ય બની રહે છે !

વિચારોની આંટીઘુંટી ભલભલાને ભરમાવી મુકે છે.

તેમ છતાં આચારમાં દંભના મિશ્રણથી બનનારા આટાપાટાની રમતમાં તો ભલભલા મહાજ્ઞાની સાધકો પણ ગુંચાઈ જાય છે.

ગીતાર્થ-મહાપુરુષોની નિશ્રા અને
આગમોના ગંભીર વાંચન-મનન
દ્વારા મેળવેલી સંયમશુદ્ધિ
માટે જરૂરી મહત્ત્વની

વિ..ચા..ર-કં..ડિ..કા..ઓ

૧ કોઈપણ નાની-મોટી ધર્મક્રિયા છતી જાણકારીએ-છતી શક્તિએ વિધિ-મુદ્રાના ઉપયોગ વિના વેઠ રૂપે કરવી ઉચિત નથી.

૨ પ્રભુ શાસનની મર્યાદા પ્રમાણે સાધુ જીવન જઘન્ય કક્ષાએ પણ આરંભ-સમારંભમાં સ્વતઃ પ્રવૃત્તિવાળું ન હોવું જોઈએ તેનો ખૂબ આગ્રહ હોવો જોઈએ,

તેથી કાચું પાણી તેઉકાય, ઉજેહી, નિગોદ, લીલોતરીની વિરાધના, ત્રસ જીવોની વિરાધના અને સ્વચ્છંદ રીતે આરંભ-સમારંભની પ્રવૃત્તિની અનુમતિવાળા પ્રયત્નો ઉચિત નથી.

૩ ઘડિયાળ, ઈંડીપેન, ફોટાઓ, શોખની ચીજો, ફેશનેબલ ચીજો, વસ્ત્રની ટાપટીપ, સાધુઓને ઉચિત નહી.

૪ વ્યક્તિગત નિંદા બોલવી-સાંભળવી ઉચિત નહી.

૫ ગમે તેવા ધર્મ-વિરોધી નાસ્તિક કે અનાચારીની પણ હલકા અસભ્ય શબ્દોથી નવાજવાની રીત ઉચિત નથી.

૬ સાધુઓ સવારે ૧૦ વાગ્યા સુધી નવું ભણે નહીં-પુનરાવર્તન ન કરે તે ઉચિત નથી.

૭ સાધુઓ રોજ ઓછામાં ઓછી પાંચ બાંધી માળા ન ગણે તે ઉચિત નથી.

૮ સાધુઓ દેરાસરમાં ચૈત્યવંદન વિધિ મુદ્રા જાળવવા સાથે ઓછામાં ૨૦ મિનિટ ગાળવા સાથે ન કરે તે ઉચિત નથી.

૯ ચૈત્યવંદન પછી પ્રભુજી સમક્ષ આત્મ-જાગૃતિ માટે સાધુઓ ન બેસે તે ઉચિત નથી.

૧૦ સાધુઓ છાપાં વાંચે, નવલકથાઓ વાંચે તે ઉચિત નથી.

૧૧ સાધુઓ ગૃહસ્થો સાથે વાતો, હસીને બોલવાની ટેવ, શરીર-સ્પર્શની ટેવ ગૃહસ્થોચિત મશ્કરીઓ વગેરે કરે તે ઉચિત નથી.

૧૨ સવારે અજવાળું થવાની દરકાર રાખ્યા વિના-બારી વગેરે ખોલવાની જયણા વિના પડિલેહણ કરે તે ઉચિત નથી.

૧૩ ઓઘો બાંધવા વગેરેમાં અ-જયણા ઉચિત નથી.

૧૪ પડિલેહણની વિધિ-મર્યાદા આરભડા આદિ ૧૬ દોષોની માહિતી વગેરે ન જાણે તે ઉચિત નથી.

૧૫ સૂર્યોદયથી બે ઘડીથી વહેલું પ્રતિક્રમણ ઉચિત નથી.

૧૬ સવારે ચાર પછી સાધુઓ સૂઈ રહે તે ઉચિત નથી.

૧૭ પ્રતિક્રમણ પછી સાધુઓ સૂઈ જાય તે ઉચિત નથી.

૧૮ સાધુઓ રાત્રે ઠલ્લે જાય તે ઉચિત નથી.

૧૯ સાધુઓ સંગીતના શોખીન–રસીયા બને તે ઉચિત નથી.

૨૦ સાધુઓ સંગીતમાં ઘેલા બને તે ઉચિત નથી.

૨૧ સાધુઓ લોકરંજન માટે સ્તવન–સજ્ઝાયો બોલે તે ઉચિત નથી.

૨૨ સાધુઓ પૂજાઓ ગવૈયાની જેમ ભણાવે તે ઉચિત નથી.

૨૩ સાધુઓ ગવૈયાના પ્રોગ્રામ જુએ કે સાંભળે તે ઉચિત નથી.

૨૪ તીરની જેમ ધડાધડ વિહાર ઉચિત નથી.

૨૫ સાધુઓ વાડામાં ઠલ્લે જાય તે ઉચિત નથી.

૨૬ ગ્રામાનુગ્રામ વિહારની પરિપાટી ભૂલાય છે તે ઉચિત નથી.

૨૭ ઓચ્છવ–મહોચ્છવ–પ્રતિષ્ઠા સંઘ આદિ કંઇ કામ વિના વિહાર ન થાય તો તે ઉચિત નથી.

૨૮ તીર્થયાત્રા માટે વિહાર ઉચિત નથી.

૨૯ ડોળીથી વિહાર ઉચિત નથી.

૩૦ દવાની પરાધીનતા ઉચિત નથી.

૩૧ ડૉક્ટર–વૈદ્યોની સાધુ–જીવનમાં મહત્તા ઉચિત નથી.

૩૨ સાધુ-જીવનમાં દવાનું સેવન ઉચિત નથી.

૩૩ કુદરતી આહાર ચર્યાના અજ્ઞાનથી થનારા રોગો માટે ગૃહસ્થ જેવું વર્તન ઉચિત નથી.

૩૪ વિષમ રસ્તાના કારણ વિના માણસ લેવો ઉચિત નથી.

૩૫ ખાસ તેવા આગાઢ કારણ વિના ફાનસ રાત્રે મૂકાવવું ઉચિત નથી.

૩૬ પોટલાં બાંધીને ગૃહસ્થના ઘરે રાખવા તે ઉચિત નથી.

૩૭ છાપેલ પુસ્તકોનો સંગ્રહ કરવો ઉચિત નથી,

૩૮ જે માટે દીક્ષા લીધી છે, તે વૈરાગ્યની કેળવણીનો પાયો મૂળથી ઢીલો કરનારી દિનચર્યા કે રહેણી કરણી ઉચિત નથી.

૩૯ વર્તમાન સાધુ-જીવનમાં વિકસી રહેલ સુખ-શીલતા ઉચિત નથી.

૪૦ રોજ ત્રણ ગાથા નવી અને ૫૦૦નો સ્વાધ્યાય ન કરે તે ઉચિત નથી.

૪૧ સાધુઓ પાલીની ખડબચડી કાંબળ સિવાય બીજી કાંબળ-આસન કે ઓઘારીયાં વાપરે તે ઉચિત નથી.

૪૨ સાધુઓ પ્લાસ્ટીક, સનમાઇકા-કચકડું-રબ્બર આદિના મોહક સાધનો રાખે-વાપરે તે ઉચિત નથી.

૪૩ સાધુઓ બાર તિથિ કાપ કાઢે કે લીલોતરી વાપરે તે ઉચિત નથી.

૪૪ સાધુઓ બાર તિથિ નવકારશી કરે તે ઉચિત નથી.

૪૫ સાધુઓ છતી શક્તિએ એકાસણું ન કરે તે ઉચિત નથી.

૪૬ સાધુઓ ચ્હા, ફરસાણ, ચટણી, મસાલા વિગેરે વાપરે તે ઉચિત નથી.

૪૭ સાધુઓ બપોરે સુએ તે ઉચિત નથી.

૪૮ સાધુઓ જ્ઞાન-ધ્યાનની પ્રવૃતિ સિવાય છોકરાં ભેગા કરવા આદિ પ્રવૃતિ કરે તે ઉચિત નથી.

૪૯ સાધુઓ પ્રૌઢ થયા પૂર્વે ગીતાર્થની સંમતિ વિના પેઇન્ટીંગ, લેખન, કવિતા, આદિની પ્રવૃત્તિ કરે તે ઉચિત નથી.

૫૦ શક્તિ-સંપન્ન સાધુઓ આગમિક-અભ્યાસ ન કરે તે ઉચિત નથી.

૫૧ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પાંચ કર્મગ્રંથ, સંગ્રહણી, ક્ષેત્ર સમાસ, તત્ત્વાર્થ સૂત્ર આદિનો પ્રાથમિક-પાયાનો અભ્યાસ છતી શક્તિએ સાધુઓ ન કરે તે ઉચિત નથી.

૫૨ તાત્વિક-અભ્યાસની શક્તિ ન હોય તો નવા નવા સ્તવન-સજઝાય-ચૈત્યવંદન થોયો ન કરે તે ઉચિત નથી.

૫૩ સાધુઓ વર્ધમાન તપ ૨૫ સુધી વર્ષમાં ૩, ૫૧

સુધી વર્ષમાં ૨, પછી વર્ષમાં ૧ ઓળી ન કરે તે ઉચિત નથી.

૫૪ સાધુઓ નવપદજીની ઓળી ન કરે તે ઉચિત નથી.

૫૫ છતી શક્તિએ પક્ખીનો ઉપવાસ, ચોમાસીનો છટ્ઠ, પર્યુષણનો અઠ્ઠમ, દિવાળીનો છટ્ઠ ન કરે તે ઉચિત નથી.

૫૬ સાધુઓ આવશ્યક-ક્રિયાના સૂત્રો, શ્રમણ સૂત્ર-પક્ખી સૂત્રના અર્થો, દશવૈ૦ સૂત્ર આખું અર્થ સાથે ન ધારે કે તૈયાર ન કરે તે ઉચિત નથી.

૫૭ સાધુઓ દીક્ષાના ત્રણ વર્ષના પર્યાય પૂર્વે વ્યાકરણાદિ ભણવાની શરૂઆત કરે તે ઉચિત નથી.

૫૮ સાધુઓ દૈનિક-આલોચનાનું પ્રાયશ્ચિત્ત ન લે તે ઉચિત નથી.

૫૯ પાંચ મહાવ્રત, ૮ પ્રવચન-માતા, ૧૭ અસંયમ, ૪૨ ગોચરીના દોષની શબ્દથી પણ માહિતી મેળવી રોજ તે અંગે ગવેષણા ન કરે તો તે ઉચિત નથી.

૬૦ સાધુઓ આપવાદિક-કારણે સાબુ વાપરે તે ક્ષમ્ય, પણ પાવડર-સર્ફ ટીનોપલ-નીલ, બ્રશ વગેરે વાપરે તે ઉચિત નથી.

૬૧ સાધુઓ ધાતુના વાસણ કાપ કે ઉનાળામાં પાણી ઠારવા સિવાય વાપરે તે ઉચિત નથી.

૬૨ સાધુઓ સૂર્યાસ્ત પછી દર્શન કરવા જાય તે ઉચિત નથી.

૬૩ દેરાસરમાં લાઇટ-રોશની થાય પછી સાંજે દર્શન કરવા જાય તે ઉચિત નથી.

૬૪ સાધુઓ તીર્થસ્થાનમાં એક કે બે દિવસથી વધુ રહે તે ઉચિત નથી.

૬૫ ભોજનશાળાની ગોચરી અને આયંબીલ ખાતાનું પાણી વાપરે તે ઉચિત નથી.

૬૬ સાધુઓ સાધ્વી કે સ્રીઓનો પરિચય થોડો પણ કરે તે ઉચિત નથી.

૬૭ સાધુઓ પોતાના સગા-વહાલા સાથે એકલાં બેસે ઠઠ્ઠા મશ્કરી વાતો કરે તે ઉચિત નથી.

૬૮ સાધુઓ દીક્ષિત માતા કે બહેન કે સબંધી સાથે વંદનાદિ-સુખસાતા સામાન્ય વ્યવહારથી વધુ વાતચીત કે પરિચય કરે તે ઉચિત નથી.

૬૯ ગુરુને પૂછ્યા વિના પરબારી ગૃહસ્થો સાથે કોઇ પણ ચીજની લેવડ-દેવડ કરે તે ઉચિત નથી.

૭૦ સાધુઓ ગૃહસ્થો સાથે આર્થિક સંબંધ કરે તે ઉચિત નથી.

૭૧ ગમે તેવી પણ શોભા-મોહ ઉપજાવે તેવી ચીજ ફેશન તરીકે સાધુઓ રાખે તે ઉચિત નથી.

૭૨ સાધુઓ જિન મંદિર-ઉપાશ્રયો મંદિર બનાવવાની યોજનાનું દફતર રાખે ચલાવે તે ઉચિત નથી.

૭૩ સાધુઓ ઉપધાન-ઉજમણા આદિ ધોંચ-પરોણા કરી ઉભા કરે તે ઉચિત નથી.

૭૪ સાધુઓ પોતાનું કામ ગૃહસ્થો પાસે કરાવે તે ઉચિત નથી.

૭૫ સાધ્વીઓ પાસે કાપ, પાત્રા રંગવાનું કામ વગેરે કરાવે તે ઉચિત નથી.

૭૬ સાધુઓ પાઠશાળાઓમાં જઈ ભણે તે ઉચિત નથી.

૭૭ આપવાદિક કારણ સિવાય સાધુઓ ગૃહસ્થ પાસે ભણે તે ઉચિત નથી.

૭૮ સાધુઓ શરીર-વસ્ત્ર પાત્રાની ટાપટીપમાં પ્રવર્તે તે ઉચિત નથી.

૭૯ સંયમીઓ પોતાના ગૃહસ્થ-કાળના ગામ-માતાપિતા-પતિનું આખ્યાન કરે તે ઉચિત નથી.

૮૦ ગુરુ-પૂજન થાય છે, તે ઉચિત નથી.

૮૧ સંઘ-પૂજન થાય છે, તે ઉચિત નથી.

૮૨ બસથી કરાવાતી તીર્થયાત્રાને સંઘનું રૂપક અપાય છે, તે ઉચિત નથી.

૮૩ આવી બસથી કરાવાતી તીર્થયાત્રાઓને સંઘમાળ પહેરાવવા દ્વારા ઉત્તેજન અપાય છે, તે ઉચિત નથી,

૮૪ વિચારણારૂપ કે પ્રેરણારૂપ ઔપદેશિક વ્યાખ્યાન પદ્ધતિના બદલે ભાષણ-પદ્ધતિ અને કટાક્ષ કે ફટકા મારવા રૂપની જોસીલી વ્યાખ્યાન-પદ્ધતિ ઉચિત નથી.

૮૫ પરોપદેશે પાંડિત્યના નાટકરૂપ વ્યાખ્યાનો ઉચિત નથી.

૮૬ પ્રાચીન સ્તવન-સજ્ઝાયો પડતા મૂકી નવા જમાનાના ફિલ્મી તર્જના સ્તવનો ઉચિત નથી.

૮૭ જુના સ્તવનોની પણ દેશી ઢાળ બદલી મોહકરૂપે નવા રાગમાં ગાવાની પદ્ધતિ ઉચિત નથી.

૮૮ શાંતિસ્નાત્ર કે અષ્ટોત્તરી માટે આઠ દિવસથી ઓછો કાર્યક્રમ ઉચિત નથી.

૮૯ આપવાદિક સિદ્ધચક્ર-પૂજન સિવાય કોઈપણ પૂજન ઉચિત નથી.

૯૦ વર્તમાન કાળે ઓચ્છવોમાં વધી રહેલ ભૌતિકવાદી વલણ ઉચિત નથી.

૯૧ લાઈટ-માઈકનો સદંતર ઉપયોગ ઉચિત નથી.

૯૨ બહેનોની પૂજા ઉચિત નથી.

૯૩ કોઈપણ મંડળ કે મંડળીના કાર્યક્રમો ઉચિત નથી.

૯૪ કોઈપણ મેળાવડા-સભા કે ઉજવણી ફંકશનો જાહેર વ્યાખ્યાન વગેરેની પ્રવૃત્તિ ઉચિત નથી.

૯૫ બહેનોના-છોકરીઓના સ્વચ્છંદ વેષ પરિધાન ઉચિત નથી.

૯૬ બહેનો ઉઘાડા માથે ધર્મસ્થાનમાં આવે-રહે તે ઉચિત નથી.

૯૭ ધર્મસ્થાનોમાં પુરુષો પણ કડક પેન્ટ કે ચુસ્ત વસ્ત્ર પરિધાન કરે તે ઉચિત નથી.

૯૮ બહેનોમાં પેન્ટ-શર્ટ વગેરે વેષ સાડી વગર એકલા ચણિયાનો વેષ ઉચિત નથી.

૯૯ પ્રભુજીને વિકૃત અંગ-રચનાઓ થાય છે, તે ઉચિત નથી.

૧૦૦ પ્રભુજીના અંગોને ઢાંકી પાટીયા પદ્ધતિ કે ખોખા પર વિકૃત ડિઝાઈનો ચીતરી પ્રભુની વીતરાગતા ઢાંકનારી આંગીઓ ઉચિત નથી.

૧૦૧ પ્રભુજીની અંગ રચનામાં પૂતળાં-રમકડાં-પાટીયાં-લાઈટ-સર્ચલાઈટ વગેરે ઉચિત નથી.

૧૦૨ પ્રભુજીની પદ્માસન મુદ્રા ઢંકાય તેવી આંગી ઉચિત નથી.

૧૦૩ સાધુઓ વય, દેશ, કાળની અપેક્ષા વિના સ્વચ્છંદ પણે વિજાતીયનો સાધ્વી કે સ્ત્રીઓનો પરિચય કરે તે ઉચિત નથી.

૧૦૪ ઉપધાન કે યોગ-વહનમાં કાળ-મર્યાદા લોક વ્યવહારના અતિક્રમે બ્રહ્મચર્ય ગુપ્તિનું પાલન ન થાય તે ઉચિત નથી.

૧૦૫ શાસ્ત્રોમાં અતિવૃદ્ધ થયેલ ગીતાર્થોને પણ વિજાતીય સાથે નજર મેળવી વાત કરવાની તથા હસીને બોલવાની સખત મનાઈ છે. આજે આ મર્યાદા ચઢતી જુવાનીવાળા સાધુ–સાધ્વીઓ પણ પાળતા નથી, તે ઉચિત નથી.

૧૦૬ કપડાની ટાપટીપ મુહપત્તી કપડામાં દોરા નાખવાની પદ્ધતિ પરંપરાએ ચોથા વ્રતને ધક્કો પહોંચાડનાર હોય આવું બધું સાધુઓ કરે તે ઉચિત નથી.

૧૦૭ વયોવૃદ્ધ ઠરેલ અને ગીતાર્થ સાધુ સિવાય કોઈપણ સાધુ–સાધ્વીઓ કે શ્રાવિકાઓ સાથે સીધો સંપર્ક સ્થાપિત કરે કે રાખે તે ઉચિત નથી.

૧૦૮ લોકોપચારની જેમ દીક્ષિત કુટુંબ જનો સાથે લૌકિક રીતે વાર્તાલાપની ટેવ સાધુઓ રાખે તે ઉચિત નથી.

ભાવનાનું મૂળ મનમાં હોય છે ભાવો આત્માના ઉંડાણને સ્પર્શે છે. તેથી ભાવનાની અસર કૃત્રિમ રીતે સામાના મન ઉપર ઉપસાવી શકાય. પણ ભાવોની અસરનો સહજ રીતે વિરોધીના પણ માનસમાં સફળ રીતે ઉપસી આવે છે.

સંયમમાં શિથિલતા લાવનારી

૧૨૫ બાબતો

(શ્રમણ ભગવંત શ્રી મહાવીર-પ્રભુના સ્વ-હસ્ત-દીક્ષિત શિષ્ય પૂજ્ય શ્રી ધર્મદાસ ગણી મહારાજ રચિત શ્રી ઉપદેશ માલા (ગાથા ૫૪૪) ગ્રંથ (ગાથા ૩૫૪ થી ૩૯૧)માંથી મુમુક્ષુ સંયમપ્રેમી પુણ્યાત્માઓના હિતાર્થે ઉધ્ધૃત કરી ગુજરાતીમાં અહીં રજુ કરી છે.

જે વાંચી-વિચારી જ્ઞાની-ગુરુની નિશ્રાએ સંયમને શિથિલ બનાવનારા વિકૃત-તત્ત્વોથી અળગા રહી સંયમની સ્વપર હિતકારી સાધના માટે સુયોગ્ય પ્રયત્ન કરવો હિતાવહ છે સં.)

(ગા. ૩૫૪) ૧ એષણાના ૪૨ દોષનો ઉપયોગ ન કરે.

૨ ધાત્રી શૈયાતર પિંડની રક્ષા ન કરે.

૩ વારંવાર આહારને ગ્રહણ કરે.

૪ દૂધ-ઘી આદિ વિગઈઓ ઘણી વાપરે.

૫ ગોળ વિ. સન્નિધિ રાખી વાપરે.

(ગા. ૩૫૫) ૬ સૂર્યાસ્ત સુધી વાપરે.

૭ માંડલીમાં સાધુઓની સાથે ન વાપરે.

૮ ગોચરી ફરવામાં પ્રમાદ કરે.

(ગા. ૩૫૬) ૯ હીન-સત્વ બની લોચ ન કરાવે.

૧૦ મુદ્રાપૂર્વક કાઉસગ્ગમાં શરમ રાખે.

૧૧ શરીરનો મેલ ઉતારે.

૧૨ માર્ગમાં ચાલતાં પગરખાં પહેરે.

૧૩ કારણ વિના ચોલપટ્ટો પહેરે.

(ગા. ૩૫૭) ૧૪ ગામ-દેશ કુલનું મમત્વ રાખે.

૧૫ શેષકાળમાં પાટ-પાટલા વાપરનાર હોય.

૧૬ પૂર્વેના ગૃહ-ભુવન-સામગ્રીને સ્મરણ કર્યે છતે અત્યારે હું તેના દ્વારા ખાલી છું એમ વિચારી નિરાશ બને.

(ગા. ૩૫૮) ૧૭ નખ—દાંત—કેશ—રોમ ઉતારી શરીરની વિભૂષા કરે.

૧૮ હાથ-પગ ધોવામાં ઘણા પાણીનો ઉપયોગ કરે.

૧૯ પાટ-પલંગ ખુરશીનો ઉપયોગ કરે.

૨૦ સંથારા-ઉત્તરપટ્ટા વધારે ઉપકરણ વાપરે.

(ગા. ૩૫૯) ૨૧ કાષ્ટની જેમ આખી રાત ઉંઘે.

૨૨ સ્વાધ્યાય ન કરે.

૨૩ ઉપાશ્રયમાં-અંધકારમાં રજોહરણથી પ્રમાર્જ્યા વિના પ્રવેશ કરે.

૨૪ નિસીહિ-આવસ્સહી ન બોલે.

(ગા. ૩૯૦) ૨૫ વિજાતીય પૃથ્વી બદલાતાં સચિત્ત રજથી ખરડાયેલા પગનું પ્રમાર્જન ન કરે.

૨૬ યુગ પ્રમાણ ઈર્યા સમિતિનું પાલન ન કરે.

૨૭ પૃથ્વ્યાદિનું નિરપેક્ષપણે—નિઃશંક પણે ઉપમર્દન કરે.

(ગા. ૩૯૧) ૨૮ ઉપધિનું સંપૂર્ણ પડિ. ન કરે.

૨૯ દિવસે સ્વાધ્યાય ન કરે.

૩૦ રાત્રિએ મોટા અવાજે બોલે.

૩૧ કલહ-પ્રિય હોય.

૩૩ તુચ્છતા-લઘુતાવાળો હોય.

૩૩ ગચ્છના સાધુના ચિત્તનો વિક્ષેપકરી ગચ્છ ભેદ કરવા તત્પર હોય.

(ગા. ૩૯૨) ૩૪ ક્ષેત્રાતીત ભોજનાદિક કરે.

૩૫ કાલાતીત ભોજનાદિક કરે.

૩૬ ક્ષેત્રાતીત-કાલાતીત થાય તેવી ગોચરી આદિ કરે.

૩૭ જિનાજ્ઞા-વિરુદ્ધ સૂર્યોદય પૂર્વે આહારાદિ ગ્રહણ કરે.

૩૮ જિનાજ્ઞા-વિરુદ્ધ વસ્ત્રાદિ ગ્રહણ કરે.

(ગા, ૩૬૩) ૩૯ ખાસ કારણવાળા સ્થાપના કુલના ગૃહો સ્થાપે નહિ.

૪૦ કારણ વિના સ્થાપના કુલ ગૃહોમાં પ્રવેશ કરે.

૪૧ પાર્શ્વસ્થા. સાથે સંગતિ મૈત્રી રાખે.

૪૨ નિત્ય આર્તધ્યાનમાં રક્ત રહે.

૪૩ સદા દુષ્ટ ચિત્તવાળો પ્રમાદથી પ્રેક્ષાપ્રમાર્જના ના કરે.

(ગા. ૩૬૪) ૪૪ જલ્દી ધબધબ ચાલે.

૪૫ ભોળાનો તિરસ્કાર કરે.

૪૬ રત્નાધિકનો તિરસ્કાર કરે.

૪૭ ટીકા-નિંદા કરવાવાળો હોય.

૪૮ પરનિંદામાં રસ લેનાર હોય.

૪૯ કર્કશ વચન બોલનાર હોય.

૫૦ વિકથા કરનાર હોય.

૫૧ સ્ત્રીઆદિ કથામાં તત્પર રહે.

(ગા. ૩૬૫) ૫૨ વિદ્યાઓની સાધનાની ખટપટ કરે.

૫૩ મંત્રની સાધના કરે.

૫૪ વનસ્પતિ ચૂર્ણ વગેરેના ચમત્કારો કરે.

૫૫ ગૃહસ્થોની રોગના પ્રતિકાર રૂપ ચિકિત્સા કરે.

૫૬ ગૃહસ્થોની આબાદી અર્થે કામણ–દુમણ કરે.

૫૭ અક્ષર–જ્યોતિષ આદિ દ્વારા ગૃહસ્થોનું ભાવી જુએ.

૫૮ પૃથ્વીઆદિની હિંસા કરી આરંભ–પરિગ્રહ-ધારી બને.

(ગા. ૫૯) ૫૯ કારણ વિના નિષ્પ્રયોજન અવગ્રહ રાખનારો

૬૦ દિવસે નિદ્રા લે.

૬૧ સાધ્વીએ લાવેલી ગોચરી વાપરે.

૬૨ સ્ત્રીઓના સ્થાનમાં રહે.

(ગા. ૩૬૩) ૬૩ અનુપયોગે સ્થંડીલ (અજયણાએ) ત્યાગ કરે.

૬૪ અનુપયોગે માત્રુ (અજયણાએ) ત્યાગ કરે.

૬૫ અનુપયોગે કફ (અજયણાએ) ત્યાગ કરે.

૬૬ અનુપયોગે મેલ અજયણાએ ત્યાગ કરે.

૬૭ સંથારામાં બેસીને પ્રતિ. કરે.

૬૮ ઉપધિ પર બેસીને પ્રતિ. કરે.

૬૯ કપડું ઓઢીને પ્રતિ. કરે.

(ગા. ૩૬૮) ૭૦ પ્રાસુક–પાણીની ગવેષણા ન કરે.

૭૧ વગર કારણે પગમાં મોજાંનો ઉપયોગ કરે.

૭૨ ચાલુ વરસાદે બહાર ફરે.

૭૩ ઘણા સાધુઓ સુખશીલતાએ રહે.

૭૪ મોજશોખના સાધનોવાળા ક્ષેત્રમાં આશક્તિ પૂર્વક રહે.

(ગા. ૩૬૯) ૭૫ આસક્તિથી દૂધ-ખાંડ વિગેરેની સંયોજના કરે

૭૬ પ્રમાણાતિરિક્ત આહાર વાપરે

૭૭ સારા આહારના વખાણ કરી વાપરે.

૭૮ ખરાબ આહારની નિંદા કરી વાપરે.

૭૯ શરીરના સૌંદર્ય-પુષ્ટિ માટે વાપરે.

૮૦ દંડાસણનો ઉપયોગ ન કરે.

(ગા. ૩૭૦) ૮૧ સંવત્સરીનો અઠ્ઠમ, ચોમાસીનો છઠ્ઠ અને પક્ખીનો ઉપવાસ છતી શક્તિએ ન કરે.

૮૨ માસકલ્પ પૂર્ણ થયે પણ સુખશીલતાથી રહે.

(ગા. ૩૭૧) ૮૩ હંમેશા એક ઘરની ગોચરી વાપરે.

૮૪ એકલ વિહારી બને.

૮૫ ગૃહસ્થનો પરિચય અધિક રાખે.

૮૬ નિમિત્ત શાસ્ત્ર, જ્યોતિષ, સંગીત આદિ પાપ શ્રુત, કે તેમાં રસ ધરાવે અને અભ્યાસ કરે.

૮૭ સંયમાનુષ્ઠાનમાં રક્ત ન રહેતાં લોકના ચિત્તનું રંજન કરવા મહેનત કરે.

(ગા. ૩૭૨) ૮૮ ઉદ્યત-વિહારી સાધુનો તિરસ્કાર કરે.

૮૯ જ્ઞાનાદિ શુદ્ધ-માર્ગને છૂપાવે.

૯૦ સંયમની જયણા ભૂલી સુખશીલતામાં રાચ્યો રહે.

૯૧ સુસાધુને છોડીને દોષયુક્ત ક્ષેત્રોમાં રહે.

(ગા. ૩૭૩) ૯૨ મોટા અવાજથી સંગીતમાં મગ્ન બને.

૯૩ મુખ વિકૃત કરીને હસે.

૯૪ કામચેષ્ટાવાળો ચેષ્ટા મોકલે.

૯૫ કામ-ચેષ્ટાના વચનોથી બીજાને હસાવે.

૯૬ ગૃહસ્થના કાર્યની ચિંતા કરે.

૯૭ શિથિલાચારીને વસ્ત્રાદિક આપે.

૮૯ શિથિલાચારીના વસ્ત્રાદિક ગ્રહણ કરે.

(ગા. ૩૭૪) ૯૯ આજીવિકા માટે ધર્મકથાઓ ભણે.

૧૦૦ ઘેર ઘેર વાતોના ગપાટા મારતો ફરે.

૧૦૧ ગણના-પ્રમાણથી અધિક ઉપકરણ રાખે.

(ગા. ૩૭૫) ૧૦૨ લઘુનીતિના, વડીનીતિના તથા કાળગ્રહણના માંડલા બરાબર ન કરે.

(ગા. ૩૭૬) ૧૦૩ આગમ-જ્ઞાતા ગીતાર્થનો ત્યાગ કરીને જાય.

૧૦૪ મોક્ષાભિલાષી ગીતાર્થને છોડીને જાય.

૧૦૫ પોતાના ગુરુભગવંત-આચાર્યને છોડીને જાય.

૧૦૬ ગુરુભગવંતને અણપૂછે બીજાને વસ્ત્રાદિ આપે

૧૦૭ ગુરુ-ભગવંતને અણપૂછે બીજા પાસેથી વસ્ત્રાદિ ગ્રહણ કરે.

(ગા. ૩૭૭) ૧૦૮ ગુરુ સબંધી શૈયા-સંથારો ગુરુએ ભોગવ્યા પછી પોતે ભોગવે "ગુરુ-ઉપધિ વંદનીય છે" એ વાત ભૂલી જાય.

૧૦૯ ગુરુ બોલાવ્યેથી 'કેમ'-શું ? શબ્દનો પ્રયોગ કરે.

૧૧૦ ગુરુને ટુંકારાથી બોલાવે.

૧૧૧ ગુરુનો અવિનય કરે.

૧૧૨ મોટાઈનું અભિમાન કરે.

૧૧૩ વિષયાદિમાં આસક્ત બને.

(ગા. ૩૭૮) ૧૧૪ ગુરુ-તપસ્વી-બાલ-ગ્લાન-ગચ્છનું કાર્ય પૂછે નહિ અને કરે નહિ.

૧૧૫ આચાર-રહિત માત્ર વેષથી આજીવિકા ચલાવે

(ગા. ૩૭૯) ૧૧૬ આગમોક્ત રીતે માર્ગ, ગમન, વસતિ, આહાર, સ્વપન, સ્થંડીલ, પરિષ્ઠાપન આદિની વિધિને જાણવા છતાં પણ યોગ્ય ન આચરે.

૧૧૭ અથવા વિધિની જાણકારી ન મેળવે.

૧૧૮ સાધ્વીની સામાચારી જાણવા છતાં પણ ન આચરે અથવા જાણે નહિ.

(ગા. ૩૮૦) ૧૧૯ ગુર્વાજ્ઞા વિના સ્વચ્છંદ-ગમનાદિ પ્રવૃત્તિ કરે.

૧૨૦ સ્વબુદ્ધિ-કલ્પનાએ આચરણ કરતો ફરે.

૧૨૧ શ્રમણના જ્ઞાનાદિ પ્રવૃત્તિને છોડી લોકોની અન્ય પ્રવૃત્તિઓ કરે.

૧૨૨ ઘણાં જીવોનો આરંભ કરતો ફરે.

(ગા. ૩૮૧) ૧૨૩ અતિ અભિમાનમાં રખડ્યા કરે. જિન-વચનને નથી છાણતો.

૧૨૪ જ્ઞાન રહિત છતાં શરીરથી પણ અક્કડ રહે.

૧૨૫ સ્વતુલ્ય જગતને ન દેખે ન્યૂન માને.

卐

* આજ્ઞા માનવાની જેટલી આપણી તૈયારી તેટલી આપણામાં બીજાને આજ્ઞા મનાવવાની શક્તિ વિકસે.

* આપણે કોઈને સમર્પિત ન થયા હોઈએ તો આપણને કોઈ સમર્પિત ન થાય.

સંયમી જીવનના વિકાસ માટે
અમલમાં મુકવા જેવી
૫૧ બાબતો

૧ ઉઘાડે મુખે બોલવું નહિ.

૨ ઠઠ્ઠા મશ્કરી ફોગટની વાતો છાપા વિ. નો ત્યાગ.

૩ રોજ ત્રણ બાંધી માળા ગણવી. ઉનાળામાં ૩૦૦ શિયાળામાં ૧૦૦૦ ચોમાસામાં ૫૦૦ માર્ગમાં કોઈ સ્વાધ્યાય ન થાય.

૪ દહેરાસરોમાં મુદ્રા સાચવવા પૂર્વક ચૈત્યવ૦ કરવું.

૫ પડિલેહણમાં બોલવું નહિ.

૬ નમુક્કારસી પહેલાં ગોચરી ન જવું.

૭ ૧૨ તિથિ કાપ ન કાઢવો.

૮ ૧૨ તિથિ લીલોતરી ન વાપરવી.

૯ ફ્રુટ મોટી માંદગી સિવાય ન વાપરવું.

૧૦ હાથ, પગ ધોવા, ટાપટીપ રાખવી એ સાધુપણું ડોળનાર છે, માટે ન કરાય.

૧૧ દોષિત ગોચરી ન વાપરવી.

૧૨ પાણીની ગવેષણા બરાબર કરવી.

૧૩ સ્તવનોમાં દેશી રાગોનો ઉપયોગ મર્યાદાસર કરવો.

૧૪ નાટકીયા ઢબે મોહોત્પાદક પદ્ધત્તિ સ્તવનાદિમાં ન આદરવી.

૧૫ સંગીત ચારિત્ર મોહની ઉદીરણા કરનાર છે.

૧૬ કાય દ્વારા સ્વચ્છતા—ચોખલીયા વૃત્તિ સાધુ જીવનમાં મહાદૂષણ લગાડનારી છે.

૧૭ સોડા—સાબુનું પાણી ક્ષાર વાળું હોય તેને પરઠવવા ખૂબ કાળુ રાખવો.

૧૮ સોડાથી ચાલતું હોય તો સાબુ વપરાય તો પ્રાયશ્ચિત આવે.

૧૯ સાબુ સિવાય ટીનોપોલ–સર્ફ વિ. પાવડરોનો ઉપયોગ સર્વથા વર્જ્ય છે.

૨૦ બાંધેલા વાડામાં ઠલ્લે ન જવું.

૨૧ પોટકું બાંધીને ક્યાંય સામાન ન રાખવો.

૨૨ સાધુને વેશ સામાચારીને યોગ્ય હોવો ઘટે.

૨૩ પ્રતિક્રમણના સૂત્રો અર્થના ઉપયોગ સાથે સંહિતા પ્રમાણે નાખવા.

૨૪ સાધુએ ગોચરી પાણી કે સ્થંડિલ ભૂમિ કે દેરાસર એકલા ન જવું.

૨૫ દશવૈ૦ સૂત્ર સંક્ષેપથી પણ જ્ઞાની ગુરુ પાસે ધારવું સંયમ શુદ્ધિ માટે જરૂરી છે.

૨૬ આખું ન ધરાયતો અધ્ય. ૬-૮-૧૦ બીજી ચૂ. દર મહીને દીક્ષા દિને ધારવા.

૨૭ દિવસે સૂવું નહિ.

૨૮ શોખીન ચીજો અથાણું, ચેવડો, દહીંવડા, વિ. વાપરવા સાધુને ઉચિત નથી.

૨૯ વિગઇઓ ઔષધની જેમ વાપરવી ખોરાકની જેમ નહિ.

૩૦ દૂધ, ગળપણ, ઘી, ત્રણમાંથી એક વિગઇનો ત્યાગ જરૂર રાખવો.

૩૧ તેલ-કડા૦ દહીં એમાંથી બે વિગઇનો જરૂર ત્યાગ કરવો.

૩૨ ઓઘો શરીરથી અળગો ન રાખવો.

૩૩ માત્રું પરઠવવા સિવાય કામળી, દાંડા, વગર ઉપાશ્રય ના અવગ્રહ બહાર ન જવું.

૩૪ સાધુ-સાધ્વીને લાઈટ કે તેની પ્રભામાં લખવું કે વાંચવું ઉચિત નથી.

૩૫ સ્થાપનાચાર્યના બહુમાનાર્થે સ્વ-આસન છોડી સર્વ ક્રિયા તેની પાસે જઈ કરવા આગ્રહ રાખવો.

૩૬ છતી શક્તિએ કોઈપણ નાની–મોટી ક્રિયા બેઠા બેઠા ન કરવી.

૩૭ દેરાસરમાં ખમાસમણા મુખ્ય ગુરુને વંદન ૧૭ સંડાસા-પુર્વક દેવાનો પ્રયત્ન કરવો.

૩૮ હંમેશા ૫૦૦ સ્વાધ્યાય ઓછામાં ઓછો કરવો જરૂરી છે.

૩૯ શ્રાવકના ઘરે કદાપિ વાતો કરવા ઉભા ન રહેવું.

૪૦ સંયમની શુદ્ધિ માટે પક્ખીના દિવસે આલોચના લેવી ખાસ જરૂરી છે.

૪૧ વૃદ્ધ–ગ્લાન સિવાય દરેક સાધુ-સાધ્વીએ ૧૨ તીથીઓ નવકારશી ન કરવાનો પુરો આગ્રહ રાખવો.

૪૨ રોજ ઓછામાં ઓછું બે ઘડી પહેલા પાણી ચૂકાવવું.

૪૩ ખાસ કારણ સિવાય કદાપિ એકલા પ્રતિક્રમણ ન કરવું.

૪૪ કાંબળના કાળમાં અને કાંબળીના કાળની બાદ મુકામ પર આવ્યા પછી બે ઘડી સુધી ઘડી વાળવી નહિં.

૪૫ ઠલ્લાની તરપણીમાં વધેલું પાણી પાછું ન લાવવું અને તરપણી લાવીને લુંછી નાંખવાનો ઉપયોગ રાખવો.

૪૬ આગાઢ કારણ સિવાય હંમેશા જ્ઞાનનો તથા પાંચ-મહાવ્રતનો પાંચલો૦ નો, કર્મક્ષય નિમિત્તે ૯ લો૦ નો, નવપદ

અને શ્રી નવકારનો ૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ અવશ્ય કરવો.

૪૭ નિદ્રા સિવાય હંમેશા ઓછામાં ઓછું ાા કલાક મૌન રાખવાની ટેવ પાડવી.

૪૮ ઘડા, પાતરા, વિ. ખુલ્લા ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૪૯ ચાલુ ક્રિયામાં ત્રણ ડગલાંથી અધિક દંડાસણથી પૂંજી ચાલવાનો ઉપયોગ રાખવો.

૫૦ યાત્રાર્થે સાધુ-સાધ્વીઓએ અભિગ્રહ રાખવો તે ઉચિત નથી.

૫૧ સાધુ જીવનમાં હંમેશા માટે આગમિક વાંચનનો ઉપયોગ સૂત્રના વાંચન કંઠસ્થ માટે અભિગ્રહ રાખવો જરૂરી છે.

ઉપરની બાબતોનું સંકલન નીચેના ગ્રંથોમાંથી કરવા પ્રયત્ન કર્યો છે.

૧ શ્રી આવશ્યક સૂત્ર	૧ શ્રી પંચવસ્તુ
૨ શ્રી દશવૈકાલિકસૂત્ર	૨ શ્રી ધર્મસંગ્રહ
૩ શ્રી ઓઘનિર્યુક્તિ	૩ શ્રી લલિતવિસ્તરા
૪ શ્રી પિંડનિર્યુક્તિ	૪ શ્રી ચૈત્યવંદનભાષ્ય
૫ શ્રી આચારાંગ ચૂર્ણિ	૫ શ્રી પચ્ચક્ખાણ ભાષ્ય

૬ આવશ્યક ચૂર્ણિ,

૭ શ્રી બૃહત્કલ્પસૂત્ર,

૮ શ્રી વ્યવહાર સૂત્ર,

૯ શ્રી જીતકલ્પ,

૧૦ શ્રી મહાનિશીથ સૂત્ર.

જ્ઞાની સદ્ગુરુના ચરણોમાં બેસી યથાશક્ય ઉપયોગની જાગૃતિ રાખી સંયમ–શુદ્ધિ માટે ઉપરની બાબતોને અમલી બનાવવા પ્રયત્ન કરવાની જરૂર છે.

卐

* આજ્ઞા અને સ્વચ્છંદવાદ બેનો મેળ ખવડાવવાની વૃત્તિમાંથી અવિધિનો જન્મ થાય છે.

* વિચારોની શક્તિ ઉપર ભરોસો રાખી માનવ પોતામાં વિકાસ થવાનો ખોટો ભ્રમ ધરાવે છે.

* હકીકતમાં આચારમાં પરિણત નહિ થનારા વિચારો બકરીના ગળે લટકતા સ્તન જેવા નકામા છે.

પરમાત્માના શાસનની આજ્ઞાને વફાદાર રહેવા માટે સંયમી-આત્માઓ માટે

જરૂરી હિતકર સુચનો

(જિનશાસનના આરાધક આત્માર્થી એક સંયમી મહા મુનિની અંતરંગ ખાસ સ્વાધ્યાય-પોથીમાંથી મુમુક્ષુઓના હિતાર્થે આ બાબતો રજુ કરી છે. सं.)

૧ આગમિક સ્વાધ્યાય કરવા-કરાવવા વૃતિઓને કેંદ્રિત કરવાનું નિર્ધારું છું. ઓચ્છવ-મહોચ્છવની પ્રવૃતિ ગૌણ રાખી લોકોમાં ધર્મપ્રેમ-ધર્મક્રિયા સાથે આજ્ઞાનું બહુમાન અને ગીતાર્થ પુરુષોની પરંપરાને અનુસરતી ઇચ્છા-પૂર્વક સંયમી તરીકેના જીવનનો આગ્રહ વધુ રાખવો.

૨ શુદ્ધ શાસ્રીય સંયમ જીવન કાયમી જયણાવાળું આરંભ-સમારંભના કરાવણ આદિ દોષ રહિત જીવતર છે. માટે સતત ઉપયોગ રાખવો. સાથેના સાધુઓ સંયમી મર્યાદાશીલ અને અજયણા-અસદારંભની શૂન્યતાવાળા બને

તેવી વિશિષ્ટ જીવનચર્યાવાળા બને તેનો સતત ઉપયોગ રાખવો.

૩ હરેક સાધુને દશવૈ. ઓઘનિર્યુક્તિ, ધર્મસંગ્રહ ભા. ૨ યતિદિનચર્યા, પંચવસ્તુ, ઉત્તરાધ્યયન (અમુક અધ્યયનો) "મુક્તિના પંથે"નો ચારિત્ર વિભાગ આટલું તો ચોક્કસપણે વંચાવી દેવું.

૪ ગોચરીની અનેષણા સંબંધી ખૂબ જ ઉપયોગ રાખવો.

૫ કારણ વિના કે નજીવા કારણે આધાકર્મ–નિત્યપિંડ કે ભકતપિંડ, ઓળખાણ પિંડ, સહંતર ગ્રહણ ન કરવા આ અંગે સાધુઓને સજાગ રાખવા.

૬ સાધુઓને રોજ બપોરે ૨ થી ૩ એક કલાક વાંચના જરૂર આપવી.

૭ પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ, વૈરાગ્યશતક–જ્ઞાનસાર, શાંત–સુધારસ અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, આદિ વૈરાગ્ય પોષક ગ્રંથોનું વાંચન સાધુઓને જરૂર કરાવવું.

૮ પાંચ તિથિએ આયંબિલથી ઓછું પચ્ચ. તથા બાકીની તિથિએ એકાસણાથી ઓછું પચ્ચ. તથા અન્ય દિવસોમાં બેયાસણાથી ઓછું પચ્ચક્ખાણ ઉચિત નથી, પર્વાધિરાજ આદિ વિશિષ્ટ દિવસોએ નવકારશીનો ત્યાગ ઉચિત છે.

૯ વિગઇઓનો અનર્ગલ–અમર્યાદિત ઉપયોગ તથા રસોડું ટોળી–ભોજનશાળા–આદિનો આહાર સંયમ ટકાવવા માટે ખૂબ જ ખતરનાક છે અને આયંબિલ ખાતાનું પાણી સંયમને દૂષિત કરે છે.

૧૦ વ્યાખ્યાન સિવાય સાધ્વીઓ કે શ્રાવિકાઓ ઉપાશ્રયમાં સદંતર ન આવે તે આજે સાધુઓ માટે ચારિત્ર-શુદ્ધિ અંગે ખાસ જરૂરી છે.

૧૧ બહારગામથી વંદનાર્થે આવેલ શ્રાવકો સાથે વાત કરવા અન્ય સાધુને પડખે રાખી વ્યાખ્યાન પછીના એક કલાકમાં મળવું.

૧૨ ગ્રહણ શિક્ષા-આસેવનશિક્ષા અને સામાચારીનું પાલન આ ત્રણ બાબતો આજના સાધુ–જીવનમાં ખૂબ જ અત્યંત અગત્યની જરૂરી છે.

૧૩ યોગ્ય સંયમી–જીવનના ઘડતર વિના વૈરાગ્ય વૃત્તિને ટકાવવા–વધારવાના સત્પ્રયત્ન વિના દેવાતી દીક્ષા શાસનની દૃષ્ટિએ સ્વ–પર અહિતકારી નિવડે એવો અનુભવીઓનો નિચોડ છે.

૧૪ રહેણી–કરણી–સોબત–દશ્યો–ઉપકરણો પ્રદૂષક તત્ત્વો આદિથી ચોમેર ઝેરી વાતાવરણ ફેલાઈ રહ્યું છે જેમાં વિશિષ્ટ વય સંપન્ન વ્યક્તિને પણ બ્રહ્મચર્ય નભાવવું મુશ્કેલ થઈ રહ્યું છે તેમાં નાના બાળકોના બ્રહ્મચર્યની સુરક્ષા ખૂબ જ ભયપૂર્ણ છે.

૧૫ આજે ભૌતિકવાદનો જબ્બર ઝપાટો આખા વિશ્વ પર છે, તેમાંય હોય તેનું જાય એ ન્યાયે ભારતીય-સંસ્કૃતિને મૂળમાં ઘા થાય તેવી કૂટ નીતિથી આજે આહાર-વિહાર મકાનો-શહેરોના બાંધકામો – પહેરવેશ-દિનચર્યા-જીવનચર્યા આદિમાં ભૌતિકવાદ જબ્બર રીતે પગપેસારો કરી રહેલ છે.

૧૬ ધર્મ-સ્થાનકો પણ તેના અડ્ડા બની રહ્યા છે સાધુ-સંસ્થા પણ તેનો શિકાર બની રહી છે. શાસ્ત્રીય મર્યાદા સુવિહિત પુરુષોની આચરણા-સામાચારી જેવી ચીજ આજે ભૌતિકવાદી માનસના કારણે ઉપહાસ પાત્ર અને વેદિયાવેડાની ચીજ બની રહી છે.

૧૭ સાધુ-સાધ્વીના જીવનમાં ઉપકરણો અને તેની રીત-ભાતમાં ભૌતિકવાદે જબ્બર વર્ચસ્વ જમાવ્યું છે, પ્લાસ્ટિક-સનમાઈકા-તૈયાર રંગના ડબ્બા, સાંધવાની સોલ્યુશનની ટયુબ આદિ ખતરનાક ભયંકર ચીજો આજે રાજમાર્ગ રૂપે ધરખમ રૂપે વપરાઈ રહી છે.

* આરાધક ભાવ એટલે—

જીવન-શક્તિઓને આરાધ્યતત્વોના ચરણોમાં જાત સમર્પિત કરવી.

* આરાધક-ભાવનો વિકાસ થાય એટલે અહંભાવ અને સ્વચ્છંદવાદ કાબૂમાં આવી જાય અને આરાધનામાં ઓજસ આવે !!!

સંયમોપયોગી સોનેરી સુચનો

૧ સંથારામાં અધિકોપગરણ વાપરવું નહિ.

૨ નિદ્રા-પ્રમાદ પ્રહરથી વધુ સેવવો નહિ.

૩ પ્રમાર્જનાનો સતત ઉપયોગ રાખવો.

૪ પરિષ્ઠાપના ભૂમિએ માત્રું વિધિપૂર્વક પરઠવું.

૫ ઈરિયાવહી-કુસુમિણું. કાઉ. વ્યવસ્થિત કરવો.

૬ પ્રતિક્રમણ સૂત્રો પદ્ધતિસર બોલવા.

૭ પ્રતિક્રમણમાં સ્થાને સ્થાને આસન, વસ્ત્ર આદિની મર્યાદા સાચવવી.

૮ પ્રતિક્રમણમાં બોલવું નહિ.

૯ પ્રતિક્રમણ ઉચિત સમયે કરવું.

૧૦ પ્રતિક્રમણ મંદ સ્વરે કરવું.

૧૧ પડિલેહણ વ્યવસ્થિત કરવું.

૧૨ પડિલેહણમાં બોલવું નહિ.

૧૩ મુહપત્તિનો સતત ઉપયોગ રાખવો.

૧૪ શરીરનો સંયમ જાળવવો.

૧૫ સમયસર પ્રતિલેખના પોરસિ ભણાવવી.

૧૬ ઉપધિ મર્યાદાસર રાખવી.

૧૭ પાત્ર પ્રતિલેખના વ્યવસ્થિત કરવી.

૧૮ સંયમોપકરણોનું બહુમાન જાળવવું.

૧૯ ગોચરી માંડળીની જયણા સાચવવી.

૨૦ પાણીના ઘડા પાત્રાં–તરપણી વગેરે ઉઘાડા ન રાખવા.

૨૧ વાપરતાં એંઠા મોંઢે ન બોલવું.

૨૨ વાપરતાં પગ ઉભો રાખવો નહિ.

૨૩ વાપરતાં ડાબો હાથ બગાડવો નહિ.

૨૪ દાણા વેરવા, છાંટા પાડવા આદિ અજયણા ન કરવી.

૨૫ ચબ ચબ આદિ અવાજ ન થવા દેવો.

૨૬ કોઇ ચીજ વડીલને છંદના કર્યા વિના વાપરવી નહિ.

૨૭ કોઈ ચીજ નાનાને નિમંત્રણ કર્યા વિના વાપરવી નહિ.

૨૮ દહેરાસરમાં દશત્રિકનું યથાસંભવ પાલન કરવું.

૨૯ દહેરાસરમાં ઉપયોગ પૂર્વક મુદ્રાઓ સાચવવી.

૩૦ દહેરાસરમાં ચૈત્યવંદનના સૂત્રો સ્તવન સ્તુતિ વિગેરે પદ્ધતિસર બોલવા.

૩૧ દહેરાસરમાં થોડીકવાર અંતર્નિરીક્ષણ કરવું.

૩૨ દહેરાસરમાં થોડીકવાર આત્મચિંતન કરવું.

૩૩ ભૂલનો સ્વીકાર કરવો.

૩૪ ક્રોધની ક્ષમાપના કરવી.

૩૫ ગોચરીના દોષ સંબંધી જયણા રાખવી.

૩૬ આધાકર્મી–ઔદ્દેશિક–નિત્યપિંડ–સંસ્તવપિંડ આદિ મહત્વનો કોઇ દોષ લગાડવો નહિ.

૩૭ ઓઘો મુહપત્તી શરીરથી અળગા નહિ રાખવા.

૩૮ ઓઘો મુહપત્તિ ચોલપટ્ટો ઉત્સંઘટયા.

૩૯ લૂણાં–ગરણાં–કાછલા–કાછલી–પાટલુંછણું કે દંડાસણ વગેરે ઠેએ ન ચઢાવવાં.

૪૦ બપોરે નિદ્રા ન લેવી.

૪૧ માંડલીનું કાર્ય પોતાને ફાળે આવેલું બરાબર સમયસર કરવું.

૪૨ વડીલનું વચન ન ઉત્થાપવું.

૪૩ વડીલના પ્રત્યે બેદરકાર ન થવું.

૪૪ ધાતુના વાસણોનો ઉપયોગ ન કરવો.

૪૫ કાળના સમયે આગાઢ કારણ સિવાય બહાર ન નીકળવું.

૪૬ કાળના સમયે બહાર લઈ ગયેલ વસ્ત્ર પાત્રની જયણા સાચવવી.

૪૭ કાળના સમયે ઓઢેલ કાંબળીને જયણા પૂર્વક રાખવી.

૪૮ રોજ ત્રણથી વધારે વિગઈ ન વાપરવી.

૪૯ દુધ, ઘી, ગળપણમાંથી એકનો ત્યાગ કરવો.

૫૦ લૂણાં સ્થંડિલભૂમિની તરપણીની વ્યવસ્થા જાળવવી.

૫૧ મુહપત્તીની અવહેલના ચુંથણી ન કરવી.

૫૨ ઓઘાનું બહુમાન જાળવવું.

૫૩ જ્ઞાન ધ્યાનની પ્રવૃત્તિમાં પ્રેરણા મેળવવા પૂ૦ ગુરુદેવ પાસે જવું.

૫૪ સંયમની મર્યાદાઓની ઉચિત પરિપાલના કરવા માટે જયણા રાખવી.

સાધુની અવશ્ય કરણી
(જુના ગ્રંથના આધારે)
(પંદર બોલ)

૧ પડિક્કમણું ન કરે તો ઉઠામણું.

૨ બેઠાં પડિક્કમણું કરે તો ઉપવાસ.

૩ કાળવેળાએ પડિક્કમણું ન કરે તો ચોથભક્ત.

૪ સંથારા ઉપર પડિક્કમણું કરે તો ઉપવાસ.

૫ માંડલે પડિક્કમણું ન કરે તો ઉઠામણું.

૬ કુશીલીયાને પડિક્કમે તો ઉપવાસ.

૭ સંઘને ખમાવ્યા વિના પડિક્કમે તો ઉઠામણું.

૮ પોરસી ભણાવ્યા વિના સૂએ તો ઉપવાસ.

૯ દિવસે સૂએ તો ઉપવાસ.

૧૦ વસ્તિ અણુપવેએ આદેશ માંગ્યા વિના સ્વાધ્યાય કરે તો ચોથભક્ત.

૧૧ અવિધિએ પડિલેહણ કરે તો ઉપવાસ.

૧૨ નિત્ય પડિલેહણ ન કરે તો ઉપવાસ.

૧૩ અણુપડિલેહ્યા વસ્ત્ર વાપરે તો ઉપવાસ.

૧૪ કાજા અણઉદ્ધર્યા પડિક્કમણું કરે તો ઉઠામણું.

૧૫ ઈરિયાવહી આવ્યે છતે પડિક્કમ્યા વિના બેસે તો ચોથભક્ત.

ઉપરના ૧૫ બોલ શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યા છે.

તા. ક. ઉઠમાણું શબ્દની પ્રાયશ્ચિતના ગ્રંથોમાં પરિભાષા પ્રાયઃ નથી, સમજવા ખાતર મળેલુ વૃદ્ધ પુરુષોએ નિર્દેશ્ય માંડલી બહાર કરવાની મર્યાદાને જણાવનાર ઉત્થાપન શબ્દનું રૂપાંતર રુપ આ શબ્દ દેખાય છે. વિશેષ જ્ઞાની ગુરુભગવંતો જે કહે તે ખરૂં !

સંયમોપયોગી જરૂરી
મહત્વની હિતશિક્ષાઓ

卐

પ્રતિક્રમણ

૦ પાપોની આલોચના રૂપ આ ક્રિયામાં પૂર્ણ ઉપયોગ જાળવવો જરૂરી છે,

તેનાથી મોહનીય કર્મ મંદ પડે છે, માટે પ્રતિ૦ના સૂત્રો શુદ્ધ સંહિતાની જાળવણી સાથે સ્પષ્ટપણે બોલવા.

તેમાં જ્યાં જ્યાં જે જે મુદ્રા છે તેનો ઉપયોગ બરાબર રાખવો.

૦ ઓઘો નાભિથી ઉપરના ભાગે અડવો ન જોઇએ તેનું પૂર્ણ ધ્યાન રાખવું જોઇએ.

ઓઘો મુહપત્તિ ચાલુ ક્રિયામાં શરીરને અડકીને જ રાખવાં.

શરીરથી સહેજ પણ અળગા પડે તો તુર્ત ઇરિયાવહી કરવા.

૦ ઉજેહીની જયણા પૂર્ણપણે સાચવવી, કાંબલ આદિના ઉપયોગ માટે બેદરકારી ન રાખવી.

૦ કાઉસ્સગ્ગમાં જિનમુદ્રા

ચૈત્યવંદન–નમુત્થુણં. સ્તવનાદિમાં યોગમુદ્રા

જાવંતિ, જાવંત કેવિ૦ જયવીયરાય૦ માં મુક્તા-શુક્તિમુદ્રા

સજ્ઝાયમાં ઉત્કટિકાસાન.

છ આવશ્યકમાં યથાજાતમુદ્રા.

શ્રમણ સુત્ર બોલતાં વીરાસન અથવા તેની મુદ્રા "करेमि भंते० आयरिय–उवज्झाए०" માં અંજલિ મુદ્રાનો તે ઉપયોગ રાખવો.

૦ પ્રતિ૦ માં ગણ બીજાથી બોલાતાં સૂત્રો મનમાં ધારવા અવ્યક્ત પણે બોલવા.

૦ પ્રતિ૦માં સૂત્રો બોલતી વખતે મુહપત્તિનો ઉપયોગ બરાબર જાળવવો.

૦ ખમાસમણાની ૧૭ પ્રમાર્જન, વાંદણાના ૨૫ આવ-શ્યક જાળવવા ઉપયોગ રાખવો.

૦ પદ્ય રૂપ સૂત્રો તે તે ગાથા આદિ છંદની પદ્ધતિથી બોલવાં અને ગદ્યરૂપ સૂત્રો સંહિતાની પદ્ધતિથી બોલવાં.

૦ ઓઘો ચરવળાની જેમ છેડા ભાગથી ન પકડવો અર્થાત્ દોરીના ઉપરના ભાગે ન પકડવો, પણ વચલી દોરી અને નીચલી દોરીના વચ્ચે પકડવો અને મુહપત્તિ અંગુઠાની આગળના ભાગે ઓઘા સાથે પકડવી.

૦ પ્રતિ૦માં આવતા દરેક આદેશ માગવા ઉપયોગ રાખવો.

० તે-તે બોલાતા સૂત્રો યથાશક્ય ઉપયોગની જાગૃતિ સાથે શુદ્ધ ઉચ્ચાર-સંહિતાની જાળવણી મુદ્રાની મર્યાદા આદિ સાથે બોલવાં.

० પ્રતિ૦માં સંપૂર્ણ મૌન જાળવવું, તેમાં પણ છ આવશ્યકમાં તો ખાસ.

० પ્રતિ૦ માં સ્થાપનાચાર્યની વિનય-મર્યાદા બરાબર જાળવવી.

० પ્રતિ૦માં સ્થાપનાચાર્ય હાલી ન જાય.

કોઈની આડ ન પડે તેનો પૂર્ણ ઉપયોગ રાખવો.

છ આવશ્યકમાં વિશેષ કરીને ધ્યાન રાખવું.

સહસા કદાચ થઇ જાય તો ઇરિયા૦ પડિક્કમવા.

० રાઇ પ્રતિ૦માં મંદ સ્વરે અત્યંત ધીમા શાંત સ્વરે સૂત્રો બોલવાં.

० સકલતીર્થ કે તપચિંતવણી કાઉ૦ વખતે મ્હોં ઝાંખણીયું અજવાળું થાય તેનું ધ્યાન રાખવું.

પડિલેહણ :—

० પડિલેહણ કરતાં પહેલાં આપણી તમામ ઉપાધિ એકત્રિત કરી લેવી.

० ચાલુ પડિલેહણમાં જરાક પણ આઘા-પાછા થવું નહિં, થવું પડે તો પુંજવાનો ખૂબ જ ઉપયોગ રાખવો.

ત્રણ ડગલાથી વધુ જવાના અવસરે દંડાસણથી પુંજવાની જયણા કરવી.

○ પડિલેહણ કરાતી દરેક ચીજને લેતાં-મૂકતાં દૃષ્ટિ પડિલેહણ અને ઓઘો-દંડાસણ કે મુહપત્તીથી પ્રમાર્જનાનો ઉપયોગ રાખવો.

○ અત્યંત નાની ચીજ અથવા પવિત્ર સંયમ કે જ્ઞાનના ઉપકરણો તથા દોરા-દોરી-હાંડી ઓઘાનો પાટો પોથીની પટ્ટી વગેરેને મુહપત્તીથી પ્રમાર્જવા.

આસન કે સંથારીયું પાથરવાની ભૂમિ, વીંટિયો, બાંધેલ પોટકી કે પોથી, પાટ-પાટલા, દાંડો, દંડાસણ આદિની પ્રમાર્જના ઓઘાથી કરવી.

સ્વાધ્યાય ભૂમિ, પ્રતિક્રમણ ભૂમિ, પડિલેહણ ભૂમિ સંસ્તારક ભૂમિ આદિની પ્રમાર્જના ડંડાસણથી કરવી.

આમાં વ્યત્યાસ-વિપર્યાસ ન થાય તેનું પૂર્ણ ધ્યાન રાખવું.

○ પડિલેહણ કરેલ વસ્ત્રાદિ પડિલેહણા નહિં કરેલ વસ્ત્રાદિ સાથે મિશ્ર ન થાય તેનું પુરતું ધ્યાન રાખવું.

○ સૌથી પહેલાં ભૂમિ પ્રમાર્જી આસન પડિલેહી પાથરી તેના ઉપર પડિલેહેલ વસ્ત્રાદિ મૂકવાં.

○ વસ્ત્રોની પડિલેહણામાં વસ્ત્ર નીચે જમીનને ન અડે આપણા શરીરને ન અડે તે રીતે ઉભડક પગે બેસી અદ્ધર પડિલેહવું.

પડિલેહણ કરાતા વસ્ત્રાદિના ત્રણ ભાગ કરી ચક્ષુથી પડિલેહી (એક બાજુ) ફેરી બીજી બાજુ પણ તે જ રીતે ત્રણ ભાગ કરી દૃષ્ટિપડિલેહણ કરી "સૂત્ર૦" પહેલી બાજુ-દૃષ્ટિ પડિલેહણ.

પછી "અર્થ તત્વ કરી સદહુ" બીજી બાજુ દૃષ્ટિ પડિ૦ કરીને બોલવું તેમજ પ્રથમ પ્રસ્ફોટક કરવો. પછી બીજો પ્રસ્ફોટક જમણા હાથ ઉપર કરતાં "સમ્યકત્વ મોહનીય." બોલવું.

ડાબા હાથ ઉપર પ્રસ્ફોટક કરતાં "કામરાગ૦" બોલવું

પછી વસ્ત્ર અર્ધા ભાગે વાળી ભેગું કરી ડાબા હાથ ઉપર પ્રમાર્જતાં "સુદેવ૦" આદિ મનદંડ૦ સુધી બોલ બોલવા.

૦ દરેક આદેશ ઈચ્છાકારેણ૦ થી ઉચ્ચસ્વરે આજ્ઞા માગવાના ભાવપૂર્વક માંગવો.

* પડિલેહણ નીચેના ક્રમથી કરવું.

૧ કાંબલ ૨ કાંબલનો કપડો ૩ ઓઢવાનો કપડો ૪ સંથારીયું ૫ ઉત્તરપટ્ટો	પછી યથાયોગ્ય બાકીની ઉપધિ (સંયમ સાધક હોય તે) પછી સંયમને ઉપગ્રહ કરનાર અન્ય ઉપકરણોની પ્રતિલેખના-છેલ્લે દાંડાનું પડિ૦ કરી કાજો લેવો.

૦ આદેશ મલ્યા પછી-ઈચ્છં કહેવું.

૦ પડિલેહણમાં કરાતી ઇરિયાવહી વગેરે બધા વ્યક્ત સ્વરે જ બોલવા.

૦ લોગસ્સ૦ આદિ ગાથાબદ્ધ બોલવાં.

૦ પડિલેહણ શરૂ કર્યા પછી કાજો લઈને સૂપડીમાં લઈ વોસિરાવી ઇરિયા૦ ન કરાય ત્યાં સુધી—

—આસન પર ન બેસાય, કપડું ઓઢાય નહિં, તેમજ વચ્ચે બીજી કોઈ ક્રિયા-(કામ-કાજ) ન થાય.

૦ લેવાતો કાજો ઓળંગવો નહિ.

૦ એક સાથે બે જણાએ કાજો ન લેવો.

૦ સાંજના પડિલેહણમાં કાજો વોસિરાવી પાણી ગાળી મુઠ્ઠસી૦ પચ્ચ૦ પાર્યા પછી પાણી વપરાય. વચ્ચે પાણી ન વપરાય.

૦ સવારના પડિલેહણમાં ઓઘો સૌ પ્રથમ પડિલેહવો સાંજે બધી પડિલેહણા પૂર્ણ થયા પછી (કાજા પહેલાં) ઓઘો પડિલેહવો.

—: ઓઘાના પડિલેહણનો ક્રમ :—

સવારે	સાંજે
૧ નિષદ્યા (સૂતરાઉ)	૧ ઓઘારીયું (ઉની)
૨ ઓઘારીયું (ઉની)	૨ નિષદ્યા (સુતરાઉ)
૩ દાંડી	૩ દાંડી
૪ વચલી દોરી	૪ વચલી દોરી
૫ પાટાની પ્રમાર્જના	૫ પાટાની પ્રમાર્જના
૬ નીચલી દોરી	૬ નીચલી દોરી
૭ દશીઓનું પડિલેહણ	૭ દશીઓનું પડિલેહણ

૦ કાજો લેતી વખતે દાંડાની પડિલેહણા, માત્રકની પડિલેહણા, સંસ્તારક-ભૂમિ, પાટ-પાટલી વગેરેની પડિલેહણા કરવી.

૦ કાજો લીધા પછી સૂપડીમાં ભેગો કરી તપાસી પરઠવી જ્યાં ભેગો (કાજો) કર્યો હોય તે સ્થાને ઊભા રહી ઇરિયા૦ પડિક્કમ્યા પછી સૂપડી-દંડાસણ યથાસ્થાને મૂકવાં.

૦ સાંજના પડિ૦માં કાજો વોસિરાવી ઇરિયા૦ પડિક્કમી પાણી ગાળવા માટે ઘડો-ગરણું કાછલી આદિ એકત્રિત કરી ઇરિયા૦ પડિક્કમી પડિલેહી પાણી ગાળવું.

૦ છ ઘડી દિન ચઢયે "બહુપડિપુણ્ણા પોરસી" ભણાવતી વખતે બધાં પાતરાં, દોરા, તરપણી, લુણાં ગળણું વગેરે ભેગું કરી પછી ઇરિયા૦ પડિક્કમવા,

ઝોલી વગેરેની ગાંઠ-દોરાની આંટી ખોલવી વગેરે બધું પ્રથમ કરી લેવું.

પછી નીચેના ક્રમ પ્રમાણે પડિલેહણ કરવું :-

૧ ઉપરનો ગુચ્છક (કાંણાવાળો)

૨ ચરવળી (પાય કેસરીયા)

૩ ઝોલી ૬ પાત્ર સ્થાપનક (નીચેનો ગુચ્છો કરવો)

૪ પલ્લા ૭ પાતરાં

૫ રજસ્રાણ

પાત્રાનું પડિલેહણ આ રીતે :—

પ્રથમ પાતરાંની ઉપરની ફરતી લાલ કિનારી ઉપર ચરવલી ફેરવવી (પ્રમાર્જના કરવી) પછી પાતરાંને તે પડિલેહેલી કિનારીથી બરાબર પકડી-(જમીનથી ૪ આંગલથી વધારે અદ્ધર નહિં) અંદર ચરવલીથી પ્રમાર્જના કરી બહાર પ્રમાર્જના કરી નીચે ચરવલીથી પ્રમાર્જના કરવી.

૦ પછી તરપણી–ચેતનો–કાછલો–કાછલીનું પડિ૦ કરી દોરાઓનું પડિલેહણ કરવું–પછી લૂણાનું.

૦ પડિલેહણ કરેલ પાતરાં, પાતરાનો સામાન–લૂણાં ગળણું વગેરે વ્યવસ્થિત ગોઠવીને મુકવું (પાથરેલા આસન ઉપર) (આસન પાથરીને જ આ બધી વસ્તુઓ મૂકવી.)

૦ ગોચરી વાપર્યા પછી પાતરાં વગેરે ઠેકાણે વ્યવસ્થિત (માખી કે અન્ય કોઈ સંપાતિમ જીવની વિરાધના ન થાય તે રીતે બધા પાત્રોને) ઝોલીમાં વીંટાળી મૂકવા, તેમ શકય ન હોય તો છેવટે ઉપર કપડું ઢાંકી જયણા સાચવવી.

૦ બાહ્ય માંડલીનો કાજો લઈ દાણા હોય તેની વ્યવસ્થા કરીને જ બીજું કામ કરવું.

૦ લૂણાનું પાણી તડકે ન પરઠવું તેમજ લૂણું તડકે ન સૂકવવું.

૦ દંડાસણ ઊંભું ન મૂકવું. એક સાથે બે કે અધિક દંડાસણ ભેગાં ટીંગાડવાં નહિં.

૦ પાટલો ઉભો મૂકવો નહિ.

૦ બળવણુ–સોય–કાતર વગેરેની હાથો હાથ લેવડ દેવડ કરવી નહિ.

૦ કાજો લીધા વગરની સંથારા માટે કે ગોચરી માટે, સ્વાધ્યાય કરવા કે બેસવા માટે ભૂમિ કામ ન લાગે. ઈરિયા૦ કરી કાજો લીધા પછી વપરાય.

૦ અપડિલેહેલ વસ્ત્ર–પાત્રાદિ ઉપયોગમાં ન લેવાં.

૦ વાપરતાં. પ્રતિક્રમણ-પડિલેહણ આદિ આવશ્યક ક્રિયા કરતાં, માત્રક હાથમાં હોય ત્યારે, લઘુનીતિ-વડીનીતિ કરતાં બોલાય જ નહિ.

૦ વાપરતાં બોલવાની જરૂર પડે તો મુખ-શુદ્ધિ કરીને જ બોલવું.

૦ ગોચરી-પાણી દૂર જવાથી, તથા જ્યાં સાધુ-સાધ્વી ઓછા જતાં હોય તેવા ઘરોએ જનારને ઘણી નિર્જરા થાય છે.

૦ જ્યાં ઘણા સાધુ-સાધ્વીઓ જતાં હોય તેવા ઘરોમાં આગાઢ કારણ વિના ન જવું.

૦ એક ઘરે એકથી વધુ વાર ગોચરી માટે ન જવું જોઈએ.

૦ સમુદાયમાં રહેનાર સાધુએ સ્વ-કુટુંબ માફક સર્વ સાથે સાપેક્ષપણે દરેક કાર્ય પોતાનું સમજીને હરખભેર કરવું જોઇએ.

૦ સ્વામી-જીવ-તીર્થંકર-ગુરૂઅદત્તના પ્રકારોનું રહસ્ય ગુરૂગમથી સમજી ત્રીજું વ્રત દૂષિત ન થાય તેની કાળજી રાખવી.

૦ સાધુ-જીવન સાદાઇથી બિન-જરૂરી વસ્તુના ઉપયોગ સિવાય ઓછામાં ઓછી ચીજથી નભાવી શકાય તેવું હોવું જોઇએ.

૦ શોખની વસ્તુઓથી નવગજ દૂર રહેવું.

૦ કોઇ વખત ઓછી કે અણગમતી ચીજ આવી મળે તો મનમાં દુઃખ ન લાવવું.

૦ ગૃહસ્થો આવા કપરા કાળમાં પોતાનું જીવન કેવી રીતે નભાવે છે, તે વિચારી "जे अ कंते भोए पिए"ના મર્મને સમજી સ્વેચ્છાથી ત્યાગબુદ્ધિ કે વિરાગ બુદ્ધિ કેળવવી.

૦ દશવૈકાલિકનું સાર્થ વાચન નવદીક્ષિતાવસ્થા દીક્ષા પછી ૧૮ માસ સુધી લગભગ અવારનવાર રોજ થોડું થોડું કરવું (૮ મું અધ્ય૦ ૧૦ મું અધ્ય૦ ખાસ) પછી મહિનામાં એકવાર દીક્ષાના બીજા ૧૮ માસ સુધી, પછી વર્ષમાં એક વાર આખું અખંડ દીક્ષા-તિથિના આગલા ૭ દિવસ અને પાછલા ૭ અને ૧ દીક્ષા તિથિ એમ પંદર દિવસમાં પૂરૂં કરવું.

૦ રત્નાધિક-સાધુની પડિલેહણ આદિ ભક્તિ બાહ્ય વિનય પ્રતિપત્તિ કરવામાં જરાપણ ઉપેક્ષા ન કરવી.

૦ વડિલ-ગુરુની ભક્તિ કે બહુમાનની પ્રવૃત્તિમાં ભણવાના બહાને કે બીજા કારણે ઓછાશ ન થવા દેવી.

૦ મોટા બોલાવે કે તુર્ત ગમે તે કામ પડતું મૂકી "જી સાહેબ" કરી ઉભા થવું.

૦ નાના કે મોટા કોઈપણ ગ્લાન-મુનિની સેવા ભક્તિ વૈયાવચ્ચના કામમાં પ્રથમ લાભ મને કેમ મળે ? એવો ભાવ રાખવો ! અને ગમે તે કામ પડતું મૂકી ગ્લાનની સેવા ખડે પગે પ્રથમ કરવી.

કેમ કે-તેમાં મહાલાભ-કર્મનિર્જરાનો છે.

૦ દહેરાસરમાં શાંત-ચિત્તે શુભ ભાવના ઉલ્લાસ સાથે ચૈત્યવંદન કરવું.

ત્યાં બિલકુલ ઉતાવળ ન કરવી.

ઓછામાં ઓછી ૨૦ મિનિટ તો દહેરાસરમાં ગાળવી જોઇએ.

૦ બારી બારણાં બંધ કરતી વખતે ઓઘા કે ડંડાસણથી તેને સાંધા અને તેવા મિજાગરાઓને પુંજવા–આદ ઉપયોગથી જયણા કરવી.

કેમકે–જયણા એ ધર્મની માતા છે.

સામાન્યતઃ પંદર દિવસ પહેલાં કાપ ન કાઢવો.

જરા જરા મેલા કપડાં ને ચોખલીઆવૃત્તિ કે ટાપટીપ કરવાની વૃત્તિથી કે વારંવાર ધોવાની ગૃહસ્થાપણાની ટેવને તિલાંજલી આપવી ઘટે

૦ પાણી એક તો પીવા માટે પણ વર્ત્તમાનકાલે બહુ વિચારણીય થઈ પડેલ છે. પ્રાસુક અચિત્ત નિર્દોષ બહુ દુર્લભ થઇ પડ્યું છે. પણ જીવન નિર્વાહ અર્થે ન છૂટકે લેવું પડે, પણ શોખ ખાતર કાપ માટે પાણીનો ઉપયોગ તેમજ સાબુ–સોડા આદિ ક્ષારવાળા પાણીને પરઠવવામાં પણ બહુ વિરાધનાનો સંભવ છે.

માટે કાપ માટે પુરતી જયણા રાખવી જરૂરી છે તે માટે જેમ બને તેમ ઉપયોગ રાખી કપડાં ઓછાં મેલા થાય કે અવારનવાર એકલા કયારેક સ્વાભાવિક વધુ પડતાં પાણીના સંયોગે પાણીથી સાફ કરતા રહેવાથી બહુ વિરાધનાનો પ્રસંગ નહિ આવે

૦ સાધુએ વચન પણ બહુ વિવેક પૂર્વક સંયમને પોષણ જાણ્યે–અજાણ્યે પણ સાક્ષાત્ કે પરંપરાએ સીધી યા આડકતરી રીતે સંયમને પોષણ આપનાર ન બને તેવું બહુ ઉપયોગ પૂર્વક બોલવાનું હોય છે.

તેથી અગીતાર્થને તો મૌનમાં જ વધુ લાભ નિર્દેશ્યો છે.

૦ ચાલુ ધોરણ પ્રમાણે કામ કરવામાં કંઈપણ અડચણ હોય તો પૂછીને ફેરફાર કરવો–પણ પોતાની મેળે ફેરફાર ન કરવો કે કામ પડતું મુકવું નહિ.

૦ ચાલુ અભ્યાસ સિવાય બીજું કંઈપણ વાંચતાં પહેલાં બતાવીને સંમતિ મળે તો જ વાંચવું.

૦ પોતાની ઉપધિ–પુસ્તક વગેરે ચીજ સંયમના ઉપકરણ તરીકેના બહુમાન સાથે વ્યવસ્થિત રાખવી, તેમ ન કરવાથી સંયમના ઉપકરણોની અવલેહના કરવારૂપ આશાતના લાગે.

૦ શ્રમણ–સૂત્રમાં 'घोसहीणं' નામની શ્રુતની આશાતના જણાવી છે. માટે તે તે સૂત્રો મનમાં બોલવાં કે ગોખવા અગર મન–મરજી પ્રમાણેની શૈલીથી બોલવા તે શ્રુતજ્ઞાનની આશાતના રૂપ છે માટે મુહપત્તી રાખી બહુ ઉચ્ચ સ્વરે નહિ પણ સ્પષ્ટ ઉચ્ચાર અને તે તે મર્યાદા પૂર્વક બોલવા જરૂરી છે.

૦ દૈનિક આલોયણા નોંધવામાં પ્રમાદ ન કરવો.

૦ સંયમને પોષક વૈરાગ્ય–ભાવનાને સમર્થક થોડું પણ વાંચન વડિલને પૂછીને તેઓ જણાવે તે પ્રમાણે જરૂર કરવું.

૦ ગોચરીના ૪૨ દોષો વગેરે જરૂરી સંયમ સાધક મહત્વની બાબતો વિગતવાર રોજ જાગૃતિ કાયમ રહે તે રીતે સમજી લેવી જરૂરી છે તેમાં બેદરકારી ન રાખવી.

ગોચરી

ગોચરી-માંડલીના નિયમોનું પાલન બરાબર કરવા માટે તત્પર રહેવું જેમકે—

૦ વડિલના આવ્યા વિના કે તેઓની આજ્ઞા વિના વાપરવું નહિં.

૦ કોઈપણ ચીજ માંગવી નહિ, માંગીને લેવું નહિ. શરીરાદિની અનુકૂળતા ન હોય તો ગોચરી પહેલાં અગર અન્ય સમયે ગુરુને વાત કરી દેવી.

૦ આપણાથી પર્યાયે વડિલ હોય તેમના જ હાથે કોઈ પણ ચીજ લેવી.

૦ સ્વતંત્ર આપણા હાથે કોઈ પણ ચીજ ન લેવી.

૦ માંડલીના નિયમાનુસાર ગોચરીની વધ-ઘટ પ્રસંગે સહકારી ભાવથી વર્તવું.

૦ ઉણોદરીના લક્ષ્યપૂર્વક વાપરવાના ધ્યેયને પ્રસંગે માંડલીની વ્યવસ્થા-બંધારણને અનુકૂલ રહી જાળવવા પ્રયત્નશીલ રહેવું.

૦ થોડું ઓછું હોય તો ચલવી લેવાની અને થોડું વધુ હોય તો કચવાટ કર્યા વિના નભાવી લેવાની ટેવ કેળવવી.

દાણા વેરવા, એંઠા હાથથી લેવડ-દેવડ, એંઠા મોઢે બોલવું, પગ ઉભો કરવો, ભીંતનો કે હાથનો ટેકો લેવો, ચબચબ અવાજ કે સબડકા મારવા આદિ જયણા તેમ જ સ્વાદ વૃત્તિઓથી ઘણા પાત્રાંનો ઉપયોગ-આદિ માંડલીના દૂષણો યથાશક્ય પ્રયત્ને વર્જવા ઉપયોગવંત રહેવું.

વૃદ્ધોના કથનાનુસાર

સાધુ હિતશિક્ષા

૧ લુણાનું પાણી તડકામાં ન પરઠવવું તેમજ લુણું તડકે ન સુકવવું.

૨ દંડાસણ ઉભું ન મુકવું, એક સાથે બે કે અધિક દંડાસણ ન ટાંગવા. પાટલો ઉભો ન મુકવો. બલવણ હાથોહાથ લેવું કે દેવું નહિ.

૩ કાજો લીધા વગરની ભૂમિ સંથારા કે ગોચરી માટે સ્વાધ્યાય કરવા કે બેસવા માટે કામ ન લાગે. ઈરિયાવહી પડિક્કમી કાજો લેવો જોઈએ, તેમજ વસ્ત્ર–પાત્ર પણ પડિલેહણ કર્યાં હોય તેજ વાપરવાં.

૪ વાપરતાં, પ્રતિક્રમણ–પડિલેહણાદિ આવશ્યક ક્રિયા કરતાં બોલવું નહિ. વાપરતાં જરૂર પડે તો મુખ શુદ્ધ કરી બોલવું.

૫ પ્રતિક્રમણ કરતાં છ આવશ્યક સુધી લઘુનીતિ કરવા ન જવું કે કંઈ પણ અન્ય કાર્ય કરવું નહિ.

૬ ગોચરી–પાણી દૂર જનાર સાધુને તેમજ અજાણ્યા ઘરે–જ્યાં બહુ સાધુ–સાધ્વી ન જતાં હોય ત્યાં–જનારને ઘણી નિર્જરા થાય, દાન-સંસ્કાર ટકે–વૃદ્ધિ પામે છે. ઘણા સાધુ–સાધ્વી જયાં જતા હોય તે ઘરે વગર કારણે ન જવું. આખા દિવસમાં એક ઘરે એકથી વધારે વાર ન જવું જોઈએ.

૭ સમુદાયમાં રહેનાર સાધુએ સ્વ–કુટુંબ માફક સર્વ સાથે સાપેક્ષ–પણે દરેક કાર્યને પોતાનું સમજી કરવું જોઈએ.

૮ સ્વામી–જીવ–તીર્થંકર–ગુરૂ–અદત્તના પ્રકારો ગુરૂગમથી સમજી ત્રીજું વ્રત દૂષિત ન થાય તેમ વર્તવું.

૯ સાધુ–જીવનની કેળવણી સાદી રીતે બીન જરૂરી વસ્તુના મમત્વ સિવાય ઓછી વસ્તુથી નભાવી શકવાની ટેવ હવેથી કરવી.

શોખની વસ્તુનો કે ઉપયોગી ચીજનો પણ નિરર્થક સંગ્રહ ન કરવો. કોઇ વખત ઓછી કે અણગમતી ચીજ મળે તો મનમાં દુઃખ ન લાવવું.

ગૃહસ્થો આવા કપરા–કાળમાં પોતાનું જીવન કેવી રીતે નભાવે છે તેમ આપણે સાધુએ "जे य कंते पिए भोए" એ કથનાનુસાર છતા સાધનો મળે તેનો સ્વેચ્છાએ ત્યાગ–બુદ્ધિથી ત્યાગ કરીએ તો સાચા ત્યાગી કહેવાઇએ. ન મળે ને ન વાપરે તેમાં ત્યાગીપણું પરમાર્થથી નથી.

૧૦ દશવૈકાલિકના અર્થ દર વર્ષે એક વાંચવા જોઇએ.

૧૧ એક દિવસના રત્નાધિક સાધુનો ગમે તે પ્રકારે પડિલેહણ અગર બીજા કાર્યથી ભક્તિ–વૈયાવચ્ચ કરવી. માંદાની વૈયાવચ્ચ કોઈપણ ભોગે મ્હને પ્રથમ લાભ કેમ મળે? એમ અંહપૂર્વિકા રત્નવણિક્ દૃષ્ટાન્તે કરવી તેથી મહાલાભ–કર્મ-નિર્જરાનો છે.

૧૨ ગમે તેવા સંયમીની સેવા કરવામાં લાભ જ છે.

કોઈ પણ પરમેષ્ઠી પૈકીનું મન-વચન-કાયાથી અશુભ ચિંતન નિંદન અને ગર્હણ, આશાતના-અપવાદ કે અભ્યાખ્યાન સાચા કે ખોટા, ભૂલેચૂકે ન થઈ જાય, તેની બહુ કાળજી રાખવી, કારણ કે જીવ કર્મ બાંધતી વખતે વિચાર કરતો નથી, પણ તેનાં વિપાક ઘણાં ખરાબ અનુભવવા પડે છે. જેવા તેવા ક્રિયા-હીન મુનિનો પણ અવર્ણવાદ બોધિ દુર્લભ બનાવે છે અને સાપેક્ષ રીતે કરાતી તેવી ભક્તિ પણ લાભ આપે છે.

૧૩ દહેરાસરમાં શાંત-ચિત્તે શુદ્ધ ઉચ્ચારણપૂર્વક ચૈત્ય-વંદન કરવું ત્યાં બીલકુલ ઉતાવળ ન કરવી.

૧૪ પંદર દિવસ પહેલાં કાપ ન કાઢવો. કાપનું પાણી પરઠવવામાં જીવવિરાધના છે. ક્ષારવાળું પાણી ઘણી વિરાધના કરનાર છે. મેલા કપડાં ન હોય તેવો બીનજરૂરી કાપ ન કાઢવો. કાપની આલોચના કે પ્રાયશ્ચિત્ત આપણે કરતા નથી, તેથી જીવ નિષ્ઠુર થઈ ગયો છે. સાબુનો ટુકડો પણ રખડતો ન રાખવો.

૧૫ આપણા કપડાનો ટુકડો અસંયતના હાથમાં ન જવો જોઈએ.

૧૬ બારી-બારણાં બંધ કરતી વખતે ઓઘા કે ડંડાસણથી પ્રમાર્જી બંધ કરવાં કે ઉઘાડવાં. જયણા એ ધર્મની માતા છે.

૧૭ વચન પણ વિવેકથી એવી રીતે ઉચ્ચારવાં કે જેમા આડકતરી રીતે પાપનું અનુમોદન ભૂલેચૂકે ન થાય તેથી અનિવાર્ય કારણ સિવાય બોલવાનો પણ સામાન્યતઃ નિષેધ છે.

સાધુ–જીવનની સારમયતા

મુમુક્ષુ આત્માને વ્યક્તિગત કલ્યાણની સાધના પ્રધાન હોય છે, તેની સાચવણી–ખીલવણીને સાપેક્ષ રહીને સર્વ કાર્યો કરવાનાં હોય છે, માટે મુમુક્ષુ આત્મા અનંત–પુણ્યરાશિના અતિપ્રકર્ષના પરિણામે મેળવેલ પ્રભુશાસનના લોકોત્તર સંયમની આરાધનાના અનુકૂળ સાધનોની સફલતા યથાયોગ્ય શી રીતે મેળવી શકાય? તે અંગે શ્રી આચારાંગ આદિ શાસ્ત્રોમાં નાના–પ્રકારનું વર્ણન છે, જેમાંનું કંઈક આ ગ્રંથમાં વર્ણવવા અલ્પ પ્રયાસ કર્યો છે, પણ આ બધું માર્ગદર્શન મુમુક્ષુ–આત્માને સહજ રીતે મળી રહે તેવું કંઈક અહીં બતાવાય છે.

૧ પ્રથમ તો સાધુ–સાધ્વીએ દીક્ષાનો પરમાર્થ સમજી, બાહ્ય–જીવનમાંથી આંતરિક–જીવન જીવવા માટેની પૂર્ણ તૈયારીવાળા જીવન જીવવા માટેની પોતાની જવાબદારી ધ્યાનમાં રાખીને, પરમ–હિતકર જ્ઞાની–ભગવંતોના વચનોને પૂર્ણ વફાદાર રહેવું ઘટે, તે વચનો પણ પોતાની બુદ્ધિની તુચ્છતાના કારણે સંપૂર્ણ–યથાર્થ ન સમજાય તેવા પ્રસંગે પણ સાક્ષાત્ ઉપકારી પોતાના ગુરુભગવંતો પ્રતિ પૂર્ણ વિનયભાવે નમ્રતા દાખવી પોતાના આત્મિક વિકાસ માટે પૂર્ણ જાગૃત રહેવું ઘટે.

૨ દીક્ષા લીધા પછી રોજની ઉપયોગી ક્રિયાઓની શુદ્ધિ અને જયણાપૂર્વક પાલન થાય, તે માટે વિધિનું સંપૂર્ણ જ્ઞાન મેળવી યથાશક્ય પ્રયત્ન કરી વિધિપૂર્વક પાલન માટે નિરંતર ધ્યાન રાખવું.

૩ આવશ્યક–સૂત્રોના અર્થો, સામાચારીની નિર્મલતા, આવશ્યક–ક્રિયાની સમયાદિવ્યવસ્થાપૂર્વક નિયત વ્યવસ્થા અને આચારપ્રધાન સાધુજીવન જીવવા આદિની તત્પરતા માટે શક્તિસંપન્ન આત્માએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

૪ દીક્ષા લીધા પછી પહેલી તકે નીચે જણાવ્યા મુજબ પ્રાથમિક અભ્યાસ કરવો જરૂરી છે, કે જેનાથી આત્મા સંયમ–વિવેકની મહત્તા સમજી વ્યક્તિગત આત્મિક કલ્યાણની સાધનાને સાધવા ઉદ્યત થઈ શકે.

૧. આવશ્યક–ક્રિયાના સૂત્રો (અર્થસાથે)

શક્ય હોય તો સંહિતા, પદસંધિ. સંપદા અને ઉચ્ચારશુદ્ધિની યોગ્ય કેળવણી મેળવવી જરૂરી છે.

૨. શ્રીદશવૈકાલિક સૂત્ર (અર્થ સાથે)

સંસ્કૃત ન જાણનારે પણ ગુરુમુખે આખા ગ્રંથનો અર્થ ધારી, તેમાંથી ધ્યાન રાખવા લાયક નોંધ કરી, રોજ તે સંબંધી યોગ્ય–ઉપયોગની જાગૃતિ રાખવા પ્રયત્ન સેવવો.

આખા દશવૈકાલિક સૂત્રનો યોગ ન બને તેમ હોય તો પણ પહેલા પાંચ અધ્યયનો, આઠમું, દશમું અને છેલ્લી બે ચૂલિકાઓ ખાસ ગુરુગમથી અર્થ સહિત

ધારવી, તેમજ દશવૈકાલિક સૂત્રના દશ અધ્યયનોની સજઝાયો ગુરુગમથી ધારવી અને બને તો ગોખવી.

૩. શ્રી ઓઘનિર્યુક્તિ ગ્રંથની વાચના ગુરુમુખે લેવી અને તેમાંથી વિહાર, ગોચરી, પડિલેહણ, સ્વાધ્યાય, સ્થંડિલ ભૂમિ, રોગચિકિત્સા, પાત્રલેપ આદિ સંબંધી યોગ્ય જયણા આદિની નોંધ કરવી.

૪. વૈરાગ્યવાહી–ગ્રંથોનું વાંચન–મનનાદિ.

જેમકે શ્રીઅધ્યાત્મ–કલ્પદ્રુમનો બીજો, પાંચમો, આઠમો, નવમો, અગિયારમો, તેરમો, અને પંદરમો અધિકાર, શ્રીપ્રશમરતિ, શ્રીજ્ઞાનસાર, શ્રીઅધ્યાત્મ-સાર, શ્રી ઉપદેશમાલા, શ્રી શાંતસુધારસગ્રંથ, શ્રી રત્નાકરપચ્ચીશી, શ્રી હૃદયપ્રદીપ–છત્રીશી, શ્રી કુમારપાલ ભૂપાલ રચિત સાધારણજિન સ્તવન વગેરે ગ્રંથો.

૫. દ્રવ્યાનુયોગનો પ્રાથમિક અભ્યાસ—

ચારે અનુયોગમાં પ્રધાન ચરણ–કરણાનુયોગની મહત્તા-સફલતા દ્રવ્યાનુયોગની સાપેક્ષ વિચારણા પર અવલંબે છે, માટે પ્રાથમિક–કક્ષામાં વર્ત્તતા બાલ–જીવોને માટે ચરણકરણાનુ-યોગ અમુક ક્રિયાઓના શુભ આસેવનના બલે આત્મિક સંસ્કારોના ઘડતરની ભૂમિકા તૈયાર કરે છે, પણ સાધુ-જીવનમાં તો તે તૈયાર થયેલ પ્રાથમિક ભૂમિકા ઉપર યોગ્ય સંસ્કારોનું મજબૂત મંડાણ કરવાનું હોય છે, તેથી દ્રવ્યોનુયોગની સાપેક્ષ પ્રધાનતા (પોતાના માટે) જરૂરી છે.

માટે ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ચાર કર્મગ્રંથ (શક્તિ-ક્ષયોપશમ આદિની અનુકૂળતા હોય તો છ કર્મ-ગ્રંથ, નહિ તો ચારથી સામાન્ય ખ્યાલ આવી રહે છે) શ્રી તત્ત્વાર્થ સૂત્ર, શ્રી નયકર્ણિકા, શ્રી પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર અને શ્રી દ્રવ્યગુણપર્યાયનો રાસ, સમકિતના ૬૭ બોલની સજઝાય, યોગદૃષ્ટિની સજઝાય વગેરે તાત્ત્વિક વિચારના પ્રાથમિક ગ્રંથોનું અધ્યયન જરૂરી છે.

આમાંના કેટલાક ગ્રંથો સંસ્કૃત ભાષા અને શાસ્ત્રીય જ્ઞાનની પ્રૌઢતા માંગે તેવા છે, છતા સંસ્કારરૂપે યતકિંચિત્ અંશે પણ ગુરુગમથી બુદ્ધિનું પરિકર્મણ કરવા ઉપયોગી હોવાથી તેવા ગ્રંથો પણ આમાં જણાવ્યા છે.

૬ ઉપર મુજબનું પાયાનું તાત્ત્વિક-શિક્ષણ મળ્યા બાદ શક્તિ-સંપન્ન આત્માએ સ્વકલ્યાણની સાધનાને અનુકૂલ સર્વ સાધનોનો સંપૂર્ણ વ્યવસ્થિત ઉપયોગ જયણા પ્રધાન જીવન જીવવારૂપે કર્યા બાદ વધેલી શક્તિનો પર-કલ્યાણમાં ઉપયોગ કરી કર્મનિર્જરાના માર્ગે જલ્દી આગળ વધી શકાય, તે માટે સંસ્કૃતભાષાનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ થવું ઉચિત છે, નહિં તો દીક્ષા લીધી અને દીક્ષાના વાસ્તવિક ભાવાર્થને જીવનમાં ઉતારવારૂપે સ્વકલ્યાણને અનુકૂલ અધ્યવસાયશુદ્ધિના સાધનો તાત્ત્વિક શિક્ષણદ્વારા મેળવ્યા ન હોય અને પર-કલ્યાણની ભાવનામાં સંસ્કૃત ભાષા આદિના અભ્યાસથી પડી જવાય, તો જીવનમાં પડેલા અનાદિ કાલના સંસ્કારો માન-અભિમાન, જનરંજન, બહિર્ભાવની વૃત્તિ આદિ સ્વરૂપે

આત્માને સંયમના મૂલ ધ્યેયથી ખસેડી મૂકે તેમ પણ બનવા સંભવ છે.

આમ છતાં ઉપર જણાવેલ બાબતોમાં યોગ્ય ગીતાર્થ-જ્ઞાની ગુરુ ઔચિત્યાનૌચિત્યનો વિચાર કરી યોગ્ય રીતે પ્રવર્તી શકે છે, પણ સામાન્યતઃ સ્વેચ્છાથી પ્રવર્ત્તનારા આત્માઓ શુભ ભાવના હોવા છતાં કેટલીક વાર વિપરીત અવસ્થામાં મૂકાઈ જાય છે.

માટે ઉપર જણાવ્યા મુજબ સાધુપણાના સારરૂપે સ્વકલ્યાણની સાથે અન્ય આત્માઓના હિતને સાધવારૂપનો લાભ મેળવવા પ્રાથમિક ઘડતર માટે ઉપયોગવંત થવાની જરૂર છે.

卐

વિચારો કે સમજણની ખામી જ્ઞાનીની નિશ્રાથી પૂરાઈ જાય પણ આચાર-નિષ્ઠાની ખામી કોઈનાથી ન પૂરાય!

પરિણામે જીવન-વિકાસના પંથે જઈ ન શકે!

ઉપસંહાર

આ પ્રમાણે પરમપવિત્ર સર્વોત્તમ શ્રમણ-સંસ્થામાં રહેલ અદ્વિતીય ગૌરવને ઓળખાવનારા સનાતન તત્ત્વોના પરિચય કરાવવારૂપે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રરૂપ ત્રણ વિભાગોની નાનાવિધ સામગ્રી આચારધર્મને પ્રતિપાદન કરનારા અનેક ગ્રંથોમાંથી યથામતિ યથાશક્તિ સંગ્રહીને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓની સેવામાં સાદર ઉપસ્થિત કરી છે.

આમા વર્ણવાયેલ તમામ સામગ્રી વ્યક્તિગત દરેકને લાભ કરનારી ન હોય, છતાં રુચિવૈચિત્ર્યના કારણે સમષ્ટિગત લાભની સંભાવનાએ શાસ્ત્રોમાથી સંગ્રહેલી આ બધી માહિતીઓ અને ચીજોનો યથાયોગ્ય સહુ મુમુક્ષુ લાભ ઉઠાવે એ શુભાભિલાષા છે.

આ સંગ્રહમાં યથામતિ શક્ય ઉપયોગની જાગૃતિ રાખીને વસ્તુતત્ત્વનું નિર્વચન કર્યું છે, છતાં તેમાં ક્યાંય શાસ્ત્ર-મર્યાદાવિરુદ્ધ કંઈ વર્ણવાયું હોય, તે બદલ ત્રિવિધે મિથ્યા-દુષ્કૃત દઉં છું. અને આમાં સૂચવેલ લોકોત્તર હિતકર માર્ગો પર સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક ચાલવાનું બલ મને પ્રાપ્ત થાઓ. એ અંતિમ શુભેચ્છા છે.

॥ भद्रं भवतु श्रीश्रमणसंघस्य ॥

卐

વિચારણીય સુભાષિતો

* उवसमसारं खु सामण्णं

* सोही खलु उज्जुभूअस्स

* ण पेमरागा परमत्थि बंधो

* अप्पा खलु सययं रक्खियव्वो

* अप्पा अरी होइ अणवट्ठियस्स

* धम्मो अ ताणं सरणं गई अ

* रागादओ भावसत्तू

* कम्मोदया वाहिणो

* असारा विसया णियमगामिणो, विरसावसाणा,

* भावकिरियमाराहेइ, पसमसुहमणुहवइ,
  अपीडिए संजमतवकिरियाए
  अव्वहिए परीसहोवसग्गेहिं.

★

સંયમી જીવનના

આધાર સ્તંભો

વિવેકી પુણ્યવાન-મુમુક્ષુઓએ મહાપુણ્યયોગે સર્વ
વિરતિના પંથે દેવ-ગુરુકૃપાએ આગળ ધપવા
નીચેના ગ્રંથોનું વાંચન જ્ઞાની ગુરુ-ભગવંતના
ચરણોમાં વિનય-સદ્ભાવ પૂર્વક બેસી
જિજ્ઞાસુ વૃત્તિએ કરવું જરૂરી છે.

૧ શ્રી પંચસૂત્રનું પ્રથમ અને ચતુર્થ સૂત્ર
૨ શ્રી ધર્મ સંગ્રહ ભાગ-૨
૩ શ્રી પંચવસ્તુ પ્રકરણ
૪ શ્રી શ્રમણ સૂત્ર વિવેચન
૫ શ્રી પાક્ષિક સૂત્ર વિવેચન
૬ શ્રી ઓઘ નિર્યુક્તિ
૭ શ્રી પિંડ નિર્યુક્તિ
૮ શ્રી દશવૈકાલિક સૂત્ર
૯ શ્રી દૈનિક ક્રિયા વિધિના સૂત્રોનાં અર્થો.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦૦૦૧